# विंशति-विंशिका

(સાર્થ)

VINSHATI VINSHIKA

વિજય હેમભૂષણસૂરિ સ્મૃતિ ગ્રંથમાલા-૭

# વિંશતિ-વિંશિકા સાર્થ

(મૂળ પ્રાકૃત, સંસ્કૃત છાયા-અર્થ)

**ગ્રંથકાર**

યાકિનીમહત્તરાસૂનુ પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

**સંયોજક**

પરમ તપસ્વી વિદ્વદ્વર્ય પંન્યાસપ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવર્ય

**સંગ્રાહક**

પરમ શ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

**સંપાદક**

કુશળ પ્રવચનકાર પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય ચન્દ્રભૂષણસૂરીશ્વરજી મહારાજા

**પ્રકાશક**

પરમશ્રદ્ધેય પ્રકાશન

અમદાવાદ.

**પુસ્તકનું નામ** : વિશંતિ-વિંશિકા સાર્થ

**સંયોજક** : દીક્ષાયુગપ્રવર્તક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન વિદ્ધદ્ધર્ય પૂ. પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર.

**સંગ્રાહક** : પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમહોદય સૂરીશ્વરજી મહારાજાનાં એકમાત્ર પટ્ટધર અને વીરવિભુની ૭૯મી પાટનું એકલે હાથે સફળ સંચાલન કરનારા પરમ શ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા.

**સંપાદક** : 'સૂરિરામ' શિષ્યરત્ન આગમવાચનાવિશારદ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતમૃગાઁકસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયચન્દ્રભૂષણસૂરીશ્વરજી મહારાજા.

**પ્રકાશન વર્ષ** : વિ. સં. ૨૦૭૦

**કિંમત** : [redacted] રૂપિયા૯૦૦

**નકલ** : ૫૦૦

જ્ઞાન ખાતામાંથી આ પુસ્તક છપાયેલ હોઈ શ્રાવકોએ પૂરી કિંમત જ્ઞાન ખાતે ચૂકવીને પુસ્તકની માલિકી કરવી અને જ્ઞાન ખાતે યોગ્ય નકરો આપીને વાંચવું.

**પ્રાપ્તિ સ્થાન :**

પરમ શ્રદ્ધેય પ્રકાશન
C/o મહેન્દ્રભાઈ બી. શાહ લોદ્રાવાળા
૨, આનંદ એપાર્ટમેન્ટ
૯, રાજનગર સોસાયટી,
એન.આઈ.ડી.ના ખાંચામાં, પાલડી
અમદાવાદ-૭ (મો.) ૯૪૨૭૩ ૦૩૪૪૦

તેજસ જીતેન્દ્રભાઈ શાહ
C/o શાહ ટ્રેડર્સ, સુફી બજાર,
સ્ટેશન સામે, મુ. સુરત-૩
(મો.) ૯૩૭૪૭ ૨૧૧૪૮

**મુદ્રક** : રાજીવ ટ્રેડિંગ કું.
૧૪, સુજીત એપાર્ટમેન્ટ, અજીત સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
(મો.) ૯૯૭૯૮ ૫૬૦૬૩

# પ્રકાશકીય

દીક્ષાયુગપ્રવર્તક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન આગમવાચનાવિશારદ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતમૃગાઁકસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન તથા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં પટ્ટધરરત્ન જ્યોતિર્મહોદય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાનાં એક માત્ર પટ્ટધર અને વીરવિભુની ૭૯મી પાટનું એકલે હાથે સફળ સંચાલન કરનારા ૧૩૦૦થી અધિક શ્રમણ-શ્રમણીગણનાં પરમ શ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાની સ્મૃતિ ચિરંજીવ રહે તે માટે પરમ શ્રદ્ધેય પ્રકાશનની સ્થાપના થઈ છે.

પરમ શ્રદ્ધેય પ્રકાશન દ્વારા વિજય હેમભૂષણસૂરિ સ્મૃતિગ્રંથમાલાનાં ૭માં પુષ્પ તરીકે (૭માં ગ્રંથ તરીકે) વિંશતિ-વિંશિકા સાર્થ પ્રકાશિત કરતા અનુપમ આનંદ થાય છે.

શ્રી જિનાજ્ઞા આરાધક શ્વે. મૂ. સંઘ મીઠાખળીએ ગ્રંથ પ્રકાશનનો લાભ લઈ ઉત્તમ કાર્ય કર્યું છે તો રાજીવ ટ્રેડીંગ કાં. વાળા મુદ્રક રાજીવભાઈ ચાલીસહજારે ખૂબ કાળજીપૂર્વક ધીરજ રાખી સુંદર પ્રિન્ટીંગ કરેલ છે. તેમનો પણ આભાર માનીએ છીએ.

આ રીતે ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે એવી ભાવના રાખીએ છીએ.

લિ. પરમ શ્રદ્ધેય પ્રકાશન

વતી

મહેન્દ્રભાઈ લોદ્રાવાળા

# સંપાદકીય

ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા મહાવીર દેવનાં પાંચમાં ગણધર સુધર્મા-સ્વામીએ ભવ્ય જીવોના ઉપકારાર્થે દ્વાદશાંગીની રચના કરી. તેમાં જે બારમું અંગ હતું તેમાં અત્યંત વિશિષ્ટ કોટિનાં ૧૪ પૂર્વો હતાં. પૂર્વોની અંદર ઘણા મહત્ત્વના પદાર્થો હતા. દુષમકાળના પ્રભાવે પૂર્વોનું જ્ઞાન વિચ્છેદ પામ્યું. તે સમયે આપણા પૂન્યોદયે યાકિનીમહાત્તરાસૂનુ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયહરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજા થયા. જેઓ પૂર્વધર નિકટવર્તી કાળમાં થયા હતા. તેને કારણે તેઓ વિશિષ્ટ જ્ઞાની હતા. તેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી પણ દુ:કાળ, વૈદિક ધર્મીઓના તથા મુસલમાનોના આક્રમણ આદિ કારણે ઘણા ગ્રંથો નાશ પામ્યા. ચૌદસો ચુમ્માલીસ ગ્રંથમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેટલા ગ્રંથો રહ્યાં છે. તેમાંનો એક ગ્રંથ એટલે વિશંતિ વિંશિકા.

તે મહાપુરુષની રચના એટલે ગાગરમાં સાગર. શાસ્ત્રના સારને ગ્રહણ કરી જુદા જુદા વિષયોનું વર્ણન ફક્ત ૨૦ શ્લોકમાં કરેલ છે.

મૂળ પ્રાકૃતમાં નિર્મિત આ ગ્રંથની સંસ્કૃત છાયા વિદ્વાન પંડિતે કરેલ છે અને અનુવાદ પણ એક મહાત્મા દ્વારા થયેલ છે.

દીક્ષાપ્રવર્તક સંઘસન્માર્ગદર્શક વિદ્વદ્વર્ય પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના તપસ્વી અને પરમ વિદ્વાન્ શિષ્યરત્ન પંન્યાસ પ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવરે સ્વસ્વાધ્યાય અર્થે આનું સંયોજન કરી સ્વહસ્તે લખી રાખેલ.

તે લખાણ – પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાનાં સંગ્રહમાં સુરક્ષિત હતું.

તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન આગમ વાચના વિશારદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયજિતમૃગાઁકસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન તથા 'સૂરીરામ' પટ્ટધર જ્યોતિર્મહોદય પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજાનાં એક માત્ર પટ્ટધર અને વીરવિભુની ૭૯મી પાટનું એકલે હાથે સફળ સંચાલન કરનારા, ૧૩૦૦થી અધિક શ્રમણ–શ્રમણી ગણનાં પરમ શ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજા – એક વિશિષ્ટ મહાપુરુષ હતા.

મુનિ અવસ્થાથી પ્રારંભી ગચ્છાધિપતિ અવસ્થા દરમ્યાન તેઓએ દરેક વિષયના સાહિત્યને સંગૃહીત કર્યું. સુરક્ષિત રાખ્યું. જેનાં પ્રભાવે તેઓશ્રીની વિદ્યમાનતામાં અને તે પછી પણ અનેક ગ્રંથોનાં પ્રકાશન થયા, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ થશે.

પરમ ગુરુદેવનાં પ્રવચનોનો સંગ્રહ – સંરક્ષણના પ્રભાવે પૂજ્યશ્રીનાં પ્રવચનનાં અનેક પુસ્તકો પ્રકાશિત થયા. તે જ રીતે આ ગ્રંથ જે પ્રગટ થઈ રહ્યો છે તે પણ તેમનો પ્રભાવ છે. જો કે કાળ પાક્યા વિના કાર્ય થતું નથી. સંગૃહીત આ ગ્રંથને પ્રકાશિત કરવા માટે પ્રેરક બન્યા તેઓશ્રીજીનાં શિષ્યરત્ન મુનિરાજશ્રી વિનયભૂષણ વિજય.

અનામી રહીને આ ગ્રંથના પ્રુફ જોવામાં સાધ્વીજી ભગવંતોએ પણ સમયનો ભોગ આપેલ છે – તો પ્રુફ સંશોધનમાં મુનિરાજશ્રી વિનયભૂષણવિજયનો સહકાર મળેલ છે. પ્રાકૃત – સંસ્કૃત ગાથાની શુદ્ધિમાં મુનિરાજશ્રી રૈવતભૂષણવિજય તથા મુનિરાજશ્રી મોક્ષભૂષણવિજયનો સહકાર મળેલ છે. જ્યારે અન્ય કાર્યોમાં મુનિરાજશ્રી જ્ઞાનભૂષણવિજય તથા મુનિરાજશ્રી શ્રીચરણભૂષણવિજય અને મુનિરાજશ્રી સંયમભૂષણવિજયનો સહકાર મળેલ છે.

આ ગ્રંથરત્ન પ્રકાશનમાં પૂર્વભારતકલ્યાણક ભૂમિ તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમજ્ વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાનું અમૂલ્ય માર્ગદર્શન મળેલ છે. દીર્ઘસંયમી પૂ. મુનિરાજશ્રી દિવ્યભૂષણવિજયજી મહારાજની શુભ ભાવના ભળેલી છે. જિનાજ્ઞા આરાધક શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘે (મીઠાખળી – અમદાવાદ) જ્ઞાનદ્રવ્યના સદુપયોગ માટે આનો લાભ લીધો છે.

મુદ્રક રાજીવભાઈએ સુંદર પ્રિન્ટીંગ કરેલ છે અને સુ. મહેન્દ્રભાઈએ પરમ શ્રદ્ધેય પ્રકાશન વતી આનું પ્રકાશન કરેલ છે. આમ ઝાઝા હાથ રળિયામણાંના પ્રભાવે કાર્ય સંપન્ન થયેલ છે.

સંપાદન કાર્યનો અનુભવ ન હોવા છતાં શુભમાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ એ ન્યાયે પ્રયત્ન કરેલ છે. આના સંપાદનમાં શિહોર જૈન સંઘ પ્રકાશિત પુસ્તક, ગીતાર્થ ગંગા પ્રકાશિત પુસ્તક અને સન્માર્ગ પ્રકાશિત પુસ્તક ઉપયોગી બન્યા છે.

આ ગ્રંથરત્ન એટલો વિશિષ્ટ છે કે સંપાદન કરતી વખતે અનુપમ આનંદ થયેલ છે અને સુંદર બોધની પ્રાપ્તિ સાથે સ્વાધ્યાયની અપૂર્વ તક પ્રાપ્ત થઈ.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સમદર્શી તરીકે પ્રસિદ્ધ છે પરંતુ આ ગ્રંથમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે વૈદિક ધર્મ મોક્ષ અપાવવા સમર્થ નથી અને સ્ત્રીઓને મોક્ષ ન મળે તેમ માનનારા દિગંબર મતનું યુક્તિપૂર્વક નિરસન કરી – પરમાત્મા શ્રી મહાવીરદેવે પ્રરૂપિત શુદ્ધ મોક્ષમાર્ગપ્રરૂપક શ્વેતામ્બર આમ્નાય સિદ્ધ કરેલ છે.

પરમાત્મા મહાવીરદેવની ૮૦મી પાટે બિરાજમાન પ્રવચનપ્રદીપ, વર્તમાન ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પૂન્યપાલસૂરીશ્વરજી મહારાજનાં સામ્રાજ્યમાં આ વિશિષ્ટ ગ્રંથરત્નનું પ્રકાશન થાય છે તે આનંદનો વિષય છે.

આ ગ્રંથના પઠન-પાઠન દ્વારા સૌ કર્મરહિત બનો એ જ અભિલાષાય

વિ. સં. ૨૦૭૦ ચૈત્ર વદ-૨ – કરાડ — લિ. આચાર્ય ચન્દ્રભૂષણસૂરિ

(પૂ.આ.ભ. મહોદય સૂ.મ. સ્વર્ગતિથિ દિન)

# ‘વિંશતિ-વિંશિકાનું પ્રવેશ-દ્વાર

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

સૂરિપુરંદર પૂ. આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા અઢળક શાસ્ત્રસર્જક તરીકે જૈનશાસનમાં આજે અમર નામના-કામના ધરાવે છે. આગમના અર્કને તર્કબદ્ધ રીતે રજૂ કરવાની અજબ-ગજબની પ્રજ્ઞાપ્રતિભાના ધારક તેઓશ્રીએ ૧૪૪૪ ગ્રંથો રચ્યા હતા, એમાંનો જ એક ગ્રંથ છે : વિંશતિવિંશિકા ! આમાં ૨૦ વિષયો ૨૦/૨૦ શ્લોક પ્રમાણ વિવેચન દ્વારા વિવેચાય છે. પ્રાકૃત ભાષામાં આની રચના થવા પામી છે. આની પર પ્રાચીન કોઈ ટીકા-ટિપ્પણ-અવચૂર્ણી ઉપલબ્ધ થતી નથી. અનેક ગ્રંથકારોએ આના શ્લોકો સાક્ષી તરીકે પોત-પોતાના ગ્રંથોમાં ટાંકીને ‘વિંશતિ-વિંશિકા’ને અનેરું ગૌરવપ્રદાન કર્યું છે. આની પર પૂર્વાચાર્યો દ્વારા સંસ્કૃત-ટીકા આદિની રચના થવા પામી હોય, તોય આજે એ ઉપલબ્ધ નથી. એથી સામાન્ય રીતે આ પ્રકરણમાં વિવેચિત વિષયનો બોધ થઈ શકે, એવી ગુર્જર-વિવેચના જરૂરી હતી, એની પૂર્તિ આ પ્રકાશન દ્વારા સંતોષાયાની અનુભૂતિ જરૂર થવા પામશે.

પરમતપસ્વી પૂ. પંન્યાસપ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવરે પ્રસ્તુત ‘વિંશતિ-વિંશિકા’નું સંકલન-સંયોજન કરેલ, આચાર્ય વિજય હેમભૂષણસૂરિજી મહારાજે પોતાના સંગ્રહમાં એ સંકલન વર્ષોથી સાચવી રાખ્યું હતું. આચાર્ય વિજય મુક્તિપ્રભસૂરિજી મહારાજ તરફથી મળેલ માર્ગદર્શનાનુસાર તથા મુનિરાજ શ્રી વિનયભૂષણવિજયજી મહારાજની પ્રેરણા પૂર્વક આચાર્ય વિજય ચન્દ્રભૂષણસૂરિજી મહારાજનાં સંપાદન પૂર્વક આજે એ ગ્રંથ મૂળ-પ્રાકૃત ગાથા, એની સંસ્કૃત છાયા, ગુજરાતી ભાવાર્થ સહિત ‘પરમ શ્રદ્ધેય પ્રકાશન’ તરફથી પ્રકાશિત થઈ રહ્યું છે. આમ, આજથી ૫૫ વર્ષો પૂર્વે પૂ. પંન્યાસજી મહારાજના હાથે રોપાયેલું એક જ્ઞાન-બીજ આજે ફલિત-ફુલિત થઈ રહ્યાની પરમ પ્રસન્નતા અનુભવાય, એ સહજ છે.

આ પ્રકરણ પર વર્તમાનકાળમાં થયેલું સંસ્કૃત-ગુજરાતી ખેડાણ આલ્હાદજનક ગણી શકાય એવું છે. આની પર સંસ્કૃત ટીકાનું સર્જન આચાર્ય વિજય કુલચન્દ્રસૂરિજી મહારાજ (સિદ્ધાંત મહોદધિ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન) દ્વારા થવા પામ્યું છે. તેમજ ગીતાર્થગંગા-અમદાવાદ દ્વારા પણ વિવેચન પ્રકાશિત થયેલ છે.

પ્રસ્તુત પ્રકાશન-સંપાદનમાં સંપાદક મુનિવરે મૂળ પાઠ શુદ્ધિ, સંસ્કૃત છાયા શુદ્ધિ પર સવિશેષ ધ્યાન આપેલ છે. તેમજ ગુજરાતી ભાવાર્થના મુદ્રણને વધુ સુંદર સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. એથી આ પુસ્તક 'વિંશતિ-વિંશિકા'ના પઠનપાઠન માટે અત્યુપયોગી અને અત્યુપકારક બની રહેશે.

વિંશતિવિંશિકામાં જેમ વિદ્વદ્ભોગ્ય અનેક વિષયો વિવેચિત છે, એમ સામાન્ય જિજ્ઞાસુઓને માટેય ઉપકારક બની શકે, એવા પણ ઠીકઠીક વિષયો આવરી લેવાયા છે, એની પર એક વિહંગવલોકન કરી લઈએ.

સાતમી વિંશિકામાં દાનધર્મ વિષયક વિવેચનમાં જ્ઞાનદાન, અભયદાન, સુપાત્રદાનનું સ્વરૂપ શું ? અને આના અધિકારી કોણ ? એની વિવેચના ઉપરાંત અનુકંપાદાનની કર્તવ્યતા પણ સમજાવવામાં આવી છે.

આઠમી વિંશિકામાં જિનપૂજા વિવેચિત છે. સમંતભદ્રા - સર્વમંગલા - સર્વસિદ્ધિફલા પૂજાનું આમૂલચૂલ સ્વરૂપ દર્શન કરાવાયું છે.

નવમી વિંશિકામાં શ્રાવકધર્મ દર્શાવીને દશમી વિશિંકામાં શ્રાવકની ૧૧ પ્રતિમાઓ વિસ્તારથી વિવેચિત છે.

અગિયારથી ચૌદમી વિંશિકાઓ સાધુ જીવન, ગોચરી સંબંધિત દોષો, ભિક્ષા શુદ્ધિના ઉપાયો સંબંધિત છે.

૧૫ અને ૧૬મી વિંશિકા આલોચના અને પ્રાયશ્ચિત પર પ્રકાશ પાથરનારી છે.


૧૭મી વિંશિકામાં યોગ, યોગના પાંચ ભેદ વગેરે વિષયોની વિસ્તૃત વિચારણા કરાઈ છે.

૧૮મી વિંશિકામાં કેવલ જ્ઞાનનો વિષય વિવેચિત છે. ૧૯ અને ૨૦મી વિંશિકામાં સિદ્ધના ૧૫ ભેદો તથા સ્ત્રીને કેવળજ્ઞાન અને મુક્તિ તેમજ સિદ્ધિ-સુખની તર્કથી અકાટ્ય સિદ્ધિ કરવા પૂર્વક પ્રકરણ ગ્રંથની સમાપ્તિ કરવામાં આવી છે.

વિવિધ વિષયોથી સમૃદ્ધ અને સભર 'વિંશતિ-વિંશિકા' પ્રકરણ ખરેખર એક પઠનીય પ્રકરણ છે. પાઠકો માટે આ ગ્રંથ - દ્વારના પ્રવેશક તરીકે પ્રસ્તુત પ્રકાશન જરૂર ઉપયોગી અને ઉપકારી નીવડશે.

મહા સુદ એકમ
૩૧-૧-૨૦૧૪

આચાર્ય વિજય પૂર્ણચંદ્ર સૂરિ
પ્રવચન શ્રુત-તીર્થ-શંખેશ્વર



યથાર્થ ભીમ-કાંત ગુણોપેત પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને કોટિશઃ વંદન !



મહાગચ્છનાં નાયક હતા, સ્વામી હતા મહાયોગના
તપગચ્છમાં ગૂંજી રહી'તી, જેહની યશનામના
નિજપક્ષ કે પરપક્ષ સહુનાં, હૃદયમાં સદ્ભાવના
કરું ગચ્છનાયક હેમભૂષણસૂરિ ચરણમાં વંદના

પરમશ્રદ્ધેય પ્રકાશનના કોટી કોટી વંદન...

# સુકૃતનું નિમિત્ત

દીક્ષાયુગપ્રવર્તક પરમારાધ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજનાં અનુપમ સમર્પિત શિષ્યરત્ન આગમવાચના વિશારદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન તાત્ત્વિક પ્રવચનકાર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયચન્દ્રભૂષણસૂરિશ્વરજી મહારાજાનું તથા પરમ શ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ, વીરવિભુના ૭૯માં પટ્ટધર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન દીર્ઘસંયમી પૂજ્ય મુનિરાજશ્રી દિવ્યભૂષણવિજયજી મહારાજ સાહેબ આદિ ઠાણાનું વિ. સ. ૨૦૬૮નું ચાતુર્માસ અમારે આંગણે થયું.

પ્રવેશ દિવસથી પૂજ્યોનાં પ્રવચને પૂન્યાત્માઓ આકર્ષાયા. તેમાંય સમ્યકત્વ સપ્તતિકા આધારે - સમ્યકત્વનું સ્વરૂપ, મિથ્યાત્વની ભયંકરતા, મિથ્યાત્વનાં કારણે થતી આત્માની દુર્દશા, મિથ્યાત્વનાં ૧, ૫, ૧૦, ૨૧ પ્રકારોનું વિશદ વર્ણન, સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે કઈ રીતે પુરુષાર્થ કરવો, અનાદિકાલીન ગ્રંથિનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું. ગ્રંથિભેદ વગર સમક્તિની પ્રાપ્તિ થતી નથી. તે માટે ગ્રંથિને ઓળખવી પડે છે. આજનાં ઘણા વિદ્વાનો જડરાગ અને જીવદ્વેષ સ્વરૂપે ગ્રંથિ માને છે. પરંતુ શુદ્ધમોક્ષમાર્ગ પ્રરૂપક પરમ ગુરુદેવે સમજાવ્યું કે - અનુકુળતાનો ગાઢ રાગ અને પ્રતિકુળતાનો ગાઢ દ્વેષ એનું નામ ગ્રંથિ. પૂજ્ય આચાર્ય ભગવંતે ગ્રંથિનાં આ વાસ્તવિક સ્વરૂપને યુક્તિ-હેતુપૂર્વક સુંદર રીતે સમજાવ્યું છે. ત્રણ કરણોનું કાર્ય, સમ્યક્ત્વ પ્રાપ્તિનો આનંદ તથા સમ્યક્ત્વનાં ૬૭ ભેદોનું વર્ણન વગેરે તત્ત્વ ભરપુર પ્રવચનોએ જનતાને મંત્રમુગ્ધ કરી.

દર રવિવારે ભીમસેન ચરિત્ર ગ્રંથાધારે 'કર્મ નચાવે નાચ' નામે પ્રવચનોએ કમાલ કરી. તે પ્રવચનો દ્વારા જગતમાં બનતા બનાવોનું કારણ, કર્મ એટલે શું ? કર્મ કઈ રીતે કાર્ય કરે છે ? અને ભીમસેન રાજાના જીવનમાં ભૂતકાલીન કર્મ કેવી કેવી વિકટ પરિસ્થિતિઓ જન્માવે છે. ધર્મપ્રાપ્ત ભીમસેન રાજાનો પરિવાર આપત્તિ વખતે કેવા વિચાર કરે છે. પૂન્યોદય પ્રગટ થયા પછી પણ અભિમાનને આધીન ન થનાર ભીમસેન પરિવારનું જીવનદર્શન એવી લાક્ષણિક સ્વરૂપે થયું કે નાસ્તિકને પણ કર્મની શ્રદ્ધા થાય.

પર્યૂષણ પર્વ દરમ્યાન પણ વિશિષ્ટ શૈલીનાં પ્રવચનોએ આરાધનામાં વેગ આવ્યો તો સહવર્તિ પરિવારે પણ બાળકોમાં સંસ્કાર સિંચનનું અદ્‌ભુત કાર્ય કર્યું. જેના પ્રભાવે ૭ થી ૧૨ વર્ષની વયના ૧૧ બાળકોએ તે જ દિવાળીમાં અઢારીયાની આરાધના કરી.

સૌથી મહત્ત્વનું કાર્ય – આ ચાતુર્માસમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતે સૂરિમંત્રની પાંચે પ્રસ્થાનની અપ્રમત્તપણે આરાધના કરી. પૂજ્ય આચાર્ય ભગવંતે તપ-જાપ સહિત પ્રવચનની જવાબદારી સંભાળી. પંચ પ્રસ્થાન પૂર્ણાહુતિ ઉજવણીનો પણ સુંદર લાભ મળ્યો.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતે કરેલી સૂરિમંત્ર પંચપ્રસ્થાનની આરાધનાની તથા ચાતુર્માસમાં થયેલ અનુપમ આરાધનાની અનુમોદનાર્થે પૂજ્ય આચાર્ય ભગવંતનાં માર્ગદર્શનાનુસાર તે જ ચાતુર્માસમાં ઉત્પન્ન થયેલ જ્ઞાનદ્રવ્યની રાશિમાંથી આ ગ્રંથ પ્રકાશનનો લાભ લીધેલ છે.

આ ગ્રંથમાં પઠન-પાઠન દ્વારા સૌ જ્ઞાનાવરણીય કર્મ ખપાવે એ જ શુભેચ્છા.

લિ. શ્રી જિનાજ્ઞા આરાધક શ્વે. મૂ. જૈન સંઘ
મીઠાખળી, નવપંગપુરા,
અમદાવાદ-૬

પરમ શ્રદ્ધેય પ્રકાશન દ્વારા

પ્રકાશિત ગ્રંથોની યાદી

વિજય જિતમૃગાંકસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા-૧

શ્રાદ્ધવિધિ પ્રવચનો

**પ્રવચનકાર :**

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

વિજય હેમભૂષણસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા

૧. પરમ શ્રદ્ધેય સૂરિદેવ - ગુજરાતી

પરમ શ્રદ્ધેય સૂરિદેવ - હિન્દી

(પૂ. આ. ભ. વિજયહેમભૂષણસૂરીશ્વરજીનું સંક્ષિપ્ત જીવન)

૨. LAMHE - અંગ્રેજી

(પૂ. આ. ભ. વિજયહેમભૂષણસૂરીશ્વરજીનું સંક્ષિપ્ત જીવન)

૬. નવપદમય બનવાના ઉપાયો

પ્રવચનકાર :

પૂ. આ. ભ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૭. વિંશતિ વિંશિકા સાર્થ

**ભવિષ્યમાં પ્રકાશિત થનારા ગ્રંથો**

૮. હૈમચંદ્રીયા અર્હદ્ દેશના પ્રત

સંસ્કૃત - ગુજરાતી

૯. વ્યાપ્તિ પંચક વિવરણ

વિવરણકાર :

પૂજ્ય મુનિરાજ શ્રી હેમભૂષણ વિજયજી મહારાજા

૧૦. બારસા સૂત્ર -સચિત્ર - પ્રત

**શ્રી જીનવાણી પ્રચારક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત**

હેમસંકિર્તન ભાગ-૧

હેમસંકિર્તન ભાગ-૨

(સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરિ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | અધિકાર-વિંશિકા | 1 |
| 2. | લોકઅનાદિત્વવિંશિકા | 7 |
| 3. | કુલનીતિ અને લોકધર્મ વિંશિકા | 15 |
| 4. | ચરમપુદ્ગલપરાવર્ત્ત વિંશિકા | 21 |
| 5. | સમ્યકત્વ - બીજાદિવિંશિકા | 29 |
| 6. | સમ્યકત્વ - ધર્મવિંશિકા | 37 |
| 7. | દાન ધર્મ | 45 |
| 8. | પૂજા ધર્મ | 53 |
| 9. | શ્રાવક ધર્મવિંશિકા | 63 |
| 10. | શ્રાવકની પ્રતિમાઓ | 71 |
| 11. | યતિ ધર્મ | 79 |
| 12. | યતિ શિક્ષા | 87 |
| 13. | ભિક્ષાવિધિ વિંશિકા | 95 |
| 14. | ભિક્ષાન્તરાયશુદ્ધિવિંશિકા | 103 |
| 15. | આલોચનાવિંશિકા | 107 |
| 16. | પ્રાયશ્ચિતવિંશિકા | 113 |
| 17. | યોગ વિંશિકા | 121 |
| 18. | કેવલજ્ઞાન | 139 |
| 19. | સિદ્ધવિભક્તિ વિંશિકા | 147 |
| 20. | સિદ્ધસુખ વિંશિકગ | 153 |

# 1. અધિકાર-વિંશિકા

नमिऊण [1]वीयरायं सव्वन्नुं तियसनाह[2]कयपूयं ।
जहनायवत्थुवाइं सिद्धं सिद्धालयं वीरं ॥ १ ॥
नत्वा वीतरागं सर्वज्ञं त्रिदशनाथकृतपूजम् ।
यथाज्ञातवस्तुवादिनं सिद्धं सिद्धालयं वीरम् ॥ १ ॥
वुच्छं केइ पयत्थे लोगिगलोगुत्तरे समासेण
[3]लोगागमाणुसारा मंदमईविबोहणट्ठाए ॥ २ ॥
वक्ष्यामि कांश्चित्पदार्थाल्लौकिकलोकोत्तरान्समासेन ।
लोकागमानुसारान्मन्दमतिविबोधनार्थाय ॥ २ ॥

શ્લોક ૧/૨ – વીતરાગ, સર્વજ્ઞ, દેવેન્દ્ર–પૂજિત (કેવલજ્ઞાન દ્વારા) યથાજ્ઞાત – પદાર્થોના નિરૂપક, સિદ્ધ = કૃતકૃત્ય, સિદ્ધશિલા ઉપર વસનારા એવા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને (૧) મન્દબુદ્ધિ જીવોના બોધને માટે, કેટલાક લૌકિક અને લોકોત્તર પદાર્થોને લોક અને આગમાનુસારે સંક્ષેપમાં હું કહીશ. (૨)

सुंदरमिइ अन्नेहि वि भणियं च कयं च [4]किंचि वत्थुं ति ।
अन्नेहि वि भणियव्वं कायव्वं चेति मग्गोऽयं ॥ ३ ॥
सुन्दरमित्यन्यैरपि भणितं च कृतं च किंचिद्वस्त्विति ।
अन्यैरपि भणितव्यं कर्तव्यं चेति मार्गोयम् ॥ ३ ॥

પૂર્વના મહાપુરુષોએ જે કાંઈ હિતકર કહ્યું હોય અને આચર્યું હોય, તે આપણે પણ આચરવું જોઈએ અને બીજાઓને કહેવું જોઈએ. આ જ (સનાતન) માર્ગ છે.

इहरा उ कुसलभणिईण चिट्ठियाणं च इत्थ वुच्छेओ ।
एवं खलु धम्मो वि हि सव्वेण कओ ण कायव्वो ॥ ४ ॥
इतरथा तु कुशलभणितीनां चेष्टितानां चात्र व्युच्छेदः ।
एवं खलु धर्मोपि हि सर्वेण कृतो न कर्तव्यः ॥ ४ ॥

જો એમ ન થાય તો, સદુપદેશો અને સદાચારોનો લોપ થઈ જાય. "પૂર્વે ઘણા લોકોએ કર્યું છે માટે આપણે ન કરવું" એવી દલીલ બરાબર નથી – કારણ કે ધર્મ પણ પૂર્વ પૂર્વ પુરુષોએ ઘણો કર્યો છે માટે આપણે તે ન આચરવો, એવી આપત્તિ આવશે.

---

१ ग वीरनाहं २ घ कयं पूयं ३ च लोगागमाणुसारो ४ घ किंचि वुच्छं ति

अन्ने आसायणाओ महाणुभावाण पुरिससीहाण ।
तम्हा सत्तणुरूवं पुरिसेण हिए पयंइयव्वं ॥ ५ ॥
अन्ये आशातना महानुभावानां पुरुषसिंहानाम् ।
तस्माच्छक्त्यनुरूपं पुरुषेण हिते प्रयतितव्यम् ॥ ५ ॥

અંતે મહાપ્રભાવશાળી અને પુરુષોમાં સિંહ સમાન શ્રીતીર્થંકરોની આશાતના (માર્ગવિચ્છેદ રૂપ) ન થાય તે માટે પણ આપણે શક્તિ અનુસાર હિતમાં ધર્મારાધનમાં પ્રયત્નશીલ થવું જોઈએ.

(ટી.) બીજાઓ ધર્મ કરે છે, આપણે કરવાની શી જરૂર છે ? એમ ન માનવું. જો એક માણસ ધર્મ કરે તો તેની અસર તેના સહવાસમાં આવતા સેંકડો મનુષ્યો ઉપર પડે છે. તેઓ પણ ધર્મમાં જોડાય છે અને તે લોકો પણ બીજાઓને ધર્મમાં જોડે છે, એ રીતે ધર્મ ચાલુ રહે છે અને વધતો જાય છે. જો એક પણ માણસ ધર્મ કરતો બંધ થઈ જાય, તો તેના નિમિત્તે થતો ધર્મ બંધ પડી જાય અને પરિણામે ધર્મનો વિચ્છેદ પણ થઈ જાય. એ રીતે ધર્મમાં અપ્રવૃત્તિ એ અંતે માર્ગ–વિચ્છેદરૂપ આશાતનામાં પરિણમે.

अन्ने – પાઠાંતર

तेसिं बहुमाणाओ ससत्तिओ कुसलसेवणाओ य ।
जुत्तमिणं आसेविय गुरुकुलपरिदीहसमयाणं ॥ ६ ॥
तेषां बहुमानात्स्वशक्तितः कुशलसेवनायाश्च ।
युक्तमिदमासेवितं गुरुकुलपरिदीर्घसमयानाम् ॥ ६ ॥

ગુરુકુલવાસમાં રહીને જેમણે સિદ્ધાંતોનું સર્વાંગીણ અવલોકન કર્યું છે, એવા સત્પુરુષોએ તીર્થંકરો પ્રત્યેના બહુમાનથી પ્રેરાઈને, ગીતાર્થની સેવામાં રહીને, ધર્મના ઉપદેશ અને આચરણમાં સ્વશક્તિ અનુસાર પ્રવર્તવું એ યુક્ત છે. કારણ કે ધર્મમાં પ્રવૃત્તિ એ તીર્થંકરોનું બહુમાન છે. (ટી.) આ શ્લોકમાં ગુરુકુલ વિશેષણ એટલા માટે મૂક્યું છે કે આવો પુરુષ જ સદાચારના લાભ અને સદાચાર ન સેવવાના નુકશાનને સમજી શકે છે.

जत्तो उद्धारो खलु अहिगाराणं सुयाओ ण उ तस्स ।
इय वुच्छेओ तद्देसदंसणा कोउगपवित्ती ॥ ७ ॥
यत उद्धारः खलु अधिकाराणां श्रुतान्न तु तस्य ।
इति व्युच्छेदस्तद्देशदर्शनात्कौतुकप्रवृत्तिः ॥ ७ ॥

१ ग च ज पयइसव्वं २ अ परिदिट्ठ ३ ज केउग

આ ગ્રંથમાં આવતા અધિકારો આગમમાંથી ઉદ્ધરેલા હોવાથી આગમોનો વ્યુચ્છેદ થશે નહિ. કારણ કે – આગમોના એક દેશરૂપ આ ગ્રન્થને જોઈને વિદ્વાનોને પ્રવૃત્તિ કરવાનું કૌતુક થશે – મન થશે.

इक्को उण इह दोसो जं जायइ खलजणस्स पीड त्ति ।
तह वि पयट्टो इत्थं दट्ठुं सुयणाण मइतोसं ॥ ८ ॥

एकः पुनरिह दोषो यज्जायते खलजनस्य पीडेति ।
तथापि प्रवृत्तोत्र दृष्ट्वा सुजनानां मतितोषम् ॥ ८ ॥

પરંતુ આમાં એક દોષ છે કે દુર્જનોને એથી પીડા થશે, આમ છતાં સજ્જનોનાં મનને સંતોષ થશે, માટે હું આ રચનામાં પ્રવર્તું છું.

तत्तो वि य जं कुसलं तत्तो तेसिं पि होहिइ ण पीडा ।
सुद्धासया पवित्ती सत्थे निद्दोसिया भणिया ॥ ९ ॥

ततोऽपि यत्कुशलं ततस्तेषामपि भविष्यति न पीडा ।
शुद्धाशया प्रवृत्तिः शास्त्रे निर्दोषिका भणिता ॥ ९ ॥

આ ગ્રન્થ રચનાથી જે કુશલ (પુણ્ય) થશે, તેથી (અથવા આ રચનાથી થયેલ લાભ તરફ જ્યારે તે દુર્જનોનું લક્ષ ખેંચાશે ત્યારે) તેમને પણ પીડા નહિં થાય. શુદ્ધાશયવાળી પ્રવૃત્તિને શાસ્ત્રે નિર્દોષ કહેલી છે.

इहरा छउमत्थेणं पढमं न कयाइ कुसलमग्गम्मि ।
इत्थं पयट्टियव्वं सम्मं ति कयं पसंगेण ॥ १० ॥

इतरथा छद्मस्थेन प्रथमं न कदाचित्कुशलमार्गे ।
इत्थं प्रवर्तितव्यं सम्यगिति कृतं प्रसङ्गेन ॥ १० ॥

જો એમ ન હોય તો, છદ્મસ્થને ધર્મ-માર્ગમાં પ્રથમ સદાશયપૂર્વક પ્રયત્ન કરવાનો અધિકાર જ ન રહે. આ વાતને વધુ લંબાવવાથી સર્યું.

अहिगारसूयणा खलु – लोगाणादित्तमेव बोद्धव्वं ।
कुलनीइलोग[1]धम्मा, सुद्धो वि य च[2]रमपरियट्टो ॥ ११ ॥

---

१ घ लोगधम्मो २ च – घ चरिमपरियट्टो

अधिकारसूचनाः खलु - लोकानादित्वमेव बोद्धव्यम् ।
कुलनीतिलोकधर्माः शुद्धोपि च चरमपरिवर्तः ॥ ११ ॥
तब्बीजाइकमो वि य, जंसु[1] पुण सम्मत्तमेव विन्नेओ ।
दाणविही च तओ खलु, परमो पूयाविही चेव ॥ १२ ॥
तद्बीजादिक्रमोपि च, येषु पुनः सम्यक्त्वमेव विज्ञेयः ।
दानविधिश्च ततः खलु, परमः पूजाविधिश्चैव ॥ १२ ॥
सावगधम्मो य तओ तप्पडिमाओ य हुंति बोद्धव्वा[2] ।
जइधम्मो इत्तो पुण, दुविहा सिक्खा य एयस्स ॥ १३ ॥
श्रावकधर्मश्च ततस्तत्प्रतिमाश्च भवन्ति बोद्धव्याः ।
यतिधर्म इतः पुनर्द्विविधा शिक्षा चैतस्य ॥ १३ ॥
भिक्खाइ विही सुद्धो[3], तयंतराया असुद्धिलिंगंता ।
आलोयणाविहाणं, पच्छित्ता सुद्धिभावो य ॥ १४ ॥
भिक्षाया विधिः शुद्धस्तदन्तराया अशुद्धिलिङ्गान्ताः ।
आलोचनाविधानं, प्रायश्चित्ताच्छुद्धिभावश्च ॥ १४ ॥
तत्तो जोगविहाणं, केवलनाणं[4] च सुपरिसुद्धं ति ।
सिद्धविभत्ती[5] य तहा, तेसिं परमं सुहं चेव ॥ १५ ॥
ततो योगविधानं, केवलज्ञानं च सुपरिशुद्धमिति ।
सिद्धविभक्तिच तथा, तेषां परमं सुखं चैव ॥ १५ ॥

૧૧ થી ૧૫ મી ગાથા સુધીમાં વીશવિંશિકાઓના અધિકારના નામો જણાવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | અધિકાર સૂચના | ૪. | ચરમપુદ્ગલપરાવર્ત |
| ૨. | લોકઅનાદિત્વ | ૫. | સમ્યક્ત્વ-બીજાદિ |
| ૩. | કુલનીતિ અને લોકધર્મો | ૬. | સમ્યક્ત્વ |

१ अ तं पुण २ घ च बुद्धव्वा ३ घ सुद्धो इभयंतराया ४ घ च नाणं सुपरिसुद्धं ५ च विभत्तीह

| | | | |
|---|---|---|---|
| ૭. | દાન-વિધિ | ૧૪. | ભિક્ષા-અંતરાય |
| ૮. | પૂજા-વિધિ | ૧૫. | આલોચના |
| ૯. | શ્રાવક ધર્મ | ૧૬. | પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ |
| ૧૦. | શ્રાવક પ્રતિમા | ૧૭. | યોગ-વિધાન |
| ૧૧. | યતિ ધર્મ | ૧૮. | કેવળજ્ઞાન |
| ૧૨. | ગ્રહણ-આસવેન શિક્ષા | ૧૯. | સિદ્ધવિભક્તિ |
| ૧૩. | ભિક્ષા-વિધિ | ૨૦. | સિદ્ધસુખ |

एए इहाहिगारा वीसं वीसाहि चेव गाहाहिं ।
फुडवियडपायडत्था नेया पत्तेयपत्तेयं ॥ १६ ॥
एते इहाधिकारा विंशतिर्विंशत्या चैव गाथाभिः ।
स्फुटविकटप्रकटार्था ज्ञेयाः प्रत्येकप्रत्येकम् ॥ १६ ॥

સ્પષ્ટ, પ્રકટ અને ગંભીર અર્થવાળા આ વીશ અધિકારો અહીં પ્રત્યેક ૨૦-૨૦ ગાથાથી કહ્યાં છે.

एए सोऊण बुहो परिभावंतो उ तंतजुत्तीए ।
पाएण सुद्धबुद्धि जायइ सुत्तस्स जोग्ग[१] त्ति ॥ १७ ॥
एताञ्श्रुत्वा बुधः परिभावयंस्तु तन्त्रयुक्त्या
प्रायेण शुद्धबुद्धिर्जायते सूत्रस्य योग्य इति ॥ १७ ॥

આ અધિકારોને સાંભળીને આગમાનુસારે એ અધિકારોથી પોતાના અન્તઃકરણને પરિભાવિત કરતો શુદ્ધ બુદ્ધિવાળો બુધ પુરુષ આગમોના અધ્યયનનો અધિકારી બને છે.

मज्झत्थयाइ नियमा सुबुद्धिजोएण अत्थियाए य ।
नज्जइ तत्तविविसो न अन्नहा इत्थ जइयव्वं ॥ १८ ॥
मध्यस्थतया नियमात्सुबुद्धियोगेनार्थितया च ।
ज्ञायते तत्त्वविशेषो नान्यथात्र यतितव्यम् ॥ १८ ॥

---

१ अ क जोग त्ती

મધ્યસ્થતા, સદ્બુદ્ધિ અને અર્થીપણાવડે અવશ્ય વિશિષ્ટ કોટિના તત્ત્વોનું જ્ઞાન થાય છે, આ ત્રણ ગુણ વિના તત્ત્વજ્ઞાન થતું નથી, માટે એ ત્રણ ગુણો મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

गुणगुरुसेवा सम्मं विणओ तेसिं तदत्थकरणं च ।
साहूणमणाहाण य सत्तणुरूवं निओगेणं ॥ १९ ॥
गुणगुरुसेवा सम्यग्विनयस्तेषां तदर्थकरणं च ।
साधूनामनाथानां च शक्त्यनुरूपं नियोगेन ॥ १९ ॥

એ ત્રણ ગુણ ઉપરાંત ગુણગરિષ્ઠ પુરુષોની સેવા, તેમનો વિનય, તેમના કાર્યો કરવા-આજ્ઞા પાલન અને શક્તિમુજબ સાધુ પુરુષો અને અનાથજનોની સેવા પણ અવશ્ય કરવી જોઈએ.

भव्वस्स चरमपरियट्टवत्तिणो पायणं परं एयं ।
एसो वि य लक्खिज्जइ भवविरहफलो इमेणं तु ॥ २० ॥
भव्यस्य चरमपरिवर्तवर्तिनः प्रायणं परमेतत् ।
एषोपि च लक्ष्यते भवविरहफलोऽनेन तु ॥ २० ॥

ચરમાવર્તમાં રહેલા ભવ્ય જીવમાં આ ગુણો હોય છે અથવા એ ગુણોની પ્રાપ્તિ એ એનું પરમ લક્ષ્ય હોય છે. આ ગુણોથી ભવાંત રૂપ ફળવાળા ચરમાવર્તને ઓળખી શકાય છે.

इति प्रथमा अधिकारविंशिका समाप्ता ।

# 2. લોકઅનાદિત્વવિંશિકા

पंचत्थिकायमइओ अणाइमं वट्टए इमो लोगो ।
न परमपुरिसाइकओ पमाणमित्थं च वयणं तु ॥ १ ॥
पञ्चास्तिकायमयकोऽनादिमान्वर्ततेऽयं लोकः ।
न परमपुरुषादिकृतः प्रमाणमत्र च वचनं तु ॥ १ ॥

પંચાસ્તિકાયમય આ લોક અનાદિ છે. પરમપુરુષ (ઈશ્વર) આદિનો બનાવેલો નથી. આ વિષયમાં વચન જ પ્રમાણભૂત સમજવું. (આ શ્લોકમાં 'पमाणमित्थं पवयणं तु' આ પ્રમાણે પાઠાંતર છે.)

धम्माधम्मागासा गइठिइअवगाहलक्खणा एए ।
जीवा उवओगजुया मुत्ता पुण पुग्गला[1] णेया ॥ २ ॥
धर्माधर्माकाशा गतिस्थित्यवगाहलक्षणा एते ।
जीवा उपयोगयुता मूर्ताः पुनः पुद्गला ज्ञेयाः ॥ २ ॥

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ પાંચ અસ્તિકાયો છે. ( अस्तयः = प्रदेशाः, तेषां कायाः इति अस्तिकायाः ) ધર્માસ્તિકાય જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાયક છે, અધર્માસ્તિકાય સ્થિતિમાં સહાયક છે અને આકાશ અવગાહ – જગ્યા આપે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે અને પુદ્ગલો મૂર્ત છે – રૂપી છે.

एए अणाइनिहणा तहा तहा नियसहावओ नवरं ।
वट्टंति कज्जकारणभावेण भवे ण परसरुवे ॥ ३ ॥
एते अनादिनिधनास्तथा तथा निजस्वभावतः केवलम् ।
वर्तन्ते कार्यकारणभावेन भवे न परस्वरूपे ॥ ३ ॥

આ પંચાસ્તિકાયો અનાદિ–અનિધન (અનંત) છે. પોત–પોતાના તેવા તેવા સ્વભાવથી જ તેઓ કાર્યકારણ ભાવે (પરસ્પર) પરિણમે છે. તેઓ પોતાના સ્વભાવને છોડીને પરરૂપે કદી પણ થતા નથી. પરસ્પર કાર્ય–કારણ ભાવે પરિણમે છે તેવી રીતે

---

१ ग पोग्गला

પોતાના પર્યાયમાં પણ ઉપાદાન કારણ બને છે. પરરૂપે થતા નથી એટલે કે – જીવ કદી પણ પુદ્ગલ ન બને કે પુદ્ગલ કદી પણ જીવ ન બને.

ण वि य अभावो जायइ तस्संत्ताए[1] य नियमविरहाओ ।
एवमणाई[2] एए तहा तहा परिणइसहावा ॥ ४ ॥
नापि चाभावो जायते तत्सत्तायाश्च नियमविरहात् ।
एवमनादय एते तथा तथा परिणतिस्वभावाः ॥ ४ ॥

કોઈ પણ અસ્તિકાયની સત્તાનો કદી પણ અભાવ થતો નથી. જો તેમ થતું હોય તો તેમની સત્તામાં કોઈ નિયમ ન રહે. અર્થાત્ એમનો અભાવ થતો હોય તો એમની સત્તા ક્યારે હોય એમાં કોઈ નિયમ ન રહે. આથી તેઓ અનાદિ છે, અને તે તે પ્રકારે પરિણમવું એ તેમનો સ્વભાવ છે. જેમ સોનું હાર, કુંડલ વગેરે પરિણામોને (પર્યાયોને) પામે છે છતાં તે સુવર્ણ તરીકે અન્વયી રહે છે, તેમ આત્માદિ દ્રવ્યો મનુષ્ય-તિર્યંચ આદિ પર્યાયોને ધારણ કરે છે. છતાં દ્રવ્ય તરીકે તેઓ સદા અન્વયી રહે છે.

इत्तो उ आइमत्तं तहा सहावत्तकप्पणाए वि ।
एसिमजुत्तं पुव्विं अभावओ भावियव्वमिणं ॥ ५ ॥
इतश्चादिमत्वं तथास्वभावत्वकल्पनयापि ।
एषामयुक्तं पूर्वमभावतो भावयितव्यमिदम् ॥ ५ ॥

'તથાસ્વભાવથી જ તે દ્રવ્યો સાદિ છે' – એવી કલ્પના અયુક્ત છે. કેમકે – તો પૂર્વ અભાવમાંથી એ (આદિપણું) માનવું પડશે. અર્થાત્ અસત્માંથી સત્ની ઉત્પત્તિ માનવાની આપત્તિ આવશે.

नो परमपुरिसपहवा पओयणाभावओ दलाभावा ।
तत्तस्सहावयाए[3] तस्स व तेसिं अणाइत्तं ॥ ६ ॥
नो परमपुरुषप्रभवाः प्रयोजनाभावतो दलाभावात् ।
तत्तत्स्वभावतायां तस्येव तेषामनादित्वम् ॥ ६ ॥

(જેમ તથાસ્વભાવે તે દ્રવ્યો સાદિ નથી તેમ) ઈશ્વર-નિર્મિત પણ તે નથી. કેમકે શા માટે તે ઈશ્વર આ બધું બનાવે ? અને શામાંથી બનાવે ? ઈશ્વર પાસે કઈ સામગ્રી હતી ? (જેમ મકાન બનાવનારને ચૂનો-ઈંટ વગેરે સામગ્રી હોય છે,

---

१ अ क ग तस्संतीए २ घ एव्वमणाई ३ घ तत्तस्समावयाए

તેમ આ લોક બનાવવા ઈશ્વર પાસે કઈ સામગ્રી હતી ? વળી એ ઈશ્વર ક્યારે થયો ? તથા સ્વભાવે તેને અનાદિ કહો છો ? તો પ્રયોજન અને ઉપાદાન કારણ વિના પણ એ દ્રવ્યો ઈશ્વરે બનાવ્યા એમ કહેવા કરતા તે દ્રવ્યો જ તેવા તેવા પોતાના સ્વભાવે જ અનાદિ છે એમ માનવામાં શું વાંધો છે ?

न सदेव यऽस्स भावो को इह हेऊ ? तहासहावत्तं ।
हंताभावगयमिणं को दोसो तस्सहावत्तं ॥ ७ ॥
न सदैव चास्य भावः क इह हेतुस्तथास्वभावत्वम् ।
हन्ताभावगतमिदं को दोषस्तत्स्वभावत्वम् ॥ ७ ॥

'હંમેશા તે દ્રવ્યો કેમ નથી ?' એ પ્રશ્નના ઉત્તરમાં સ્વભાવથી એમ કહેવામાં આવે તો, સદાય એ દ્રવ્યોનો અભાવ કેમ નથી ? અર્થાત્ સદાય એ દ્રવ્યો છે, એમાં શો હેતુ ? એ પ્રશ્નના ઉત્તરમાં અમે પણ કહીએ છીએ કે – તથા સ્વભાવે એમને સદા માનો, એમાં શો દોષ છે ? અર્થાત્ તથા સ્વભાવે એ દ્રવ્યો અનાદિ છે.

सो भावऽभावकारणसहाव भयवं हविज्ज नेयं पि ।
सव्वाहिलसियसिद्धीओ[१] अन्नहा भत्तिमत्तं[२] तु ॥ ८ ॥
स भावाभावकारणस्वभावो भगवान्भवेन्नैतदपि ।
सर्वाभिलषितसिद्ध्योऽन्यथा भक्तिमात्रं तु ॥ ८ ॥

'પદાર્થોના ભાવ કે અભાવમાં ઈશ્વર કારણ છે' – એ વાત પણ સાચી નથી. જો તેનો તેવો (કારણ બનવાનો) સ્વભાવ માનવામાં આવે તો સર્વ જીવોના સર્વ (ઘટિત કે અઘટિત) અભિલષિતોની સિદ્ધિ થવી જોઈએ. અન્યથા ઈશ્વર ભાવ અને અભાવનું કારણ છે. એ વચન માત્ર ભક્તિથી બોલાયેલું છે એમ જ મનાય.

धम्माधम्मनिमित्तं नवरमिहं हंत होई एसो वि ।
इहरा उ थयक्कोसाइ सव्वमेयम्मि विहलं तु ॥ ९ ॥
धर्माधर्मनिमित्तं केवलमिह हन्त भवति एषोपि ।
इतरथा तु स्तवाक्रोशादि सर्वमेतस्मिन्विफलं तु ॥ ९ ॥

તે ભગવાન ધર્મ અને અધર્મમાં, પુણ્ય અને પાપમાં કેવલ નિમિત્તમાત્ર છે. અન્યથા એમની સ્તુતિ–ભક્તિ, નિન્દા–આક્રોશ બધું નિષ્ફલ ઠરે.

---

१ क च घ सव्वाहिलिसिय २ घ च भत्तिमंतं तु

न य तस्स वि गुणदोसा [1]अणासयनिमित्तभावओ हुंति ।
[2]तम्मयचेयणकप्पो तहासहावो खु सो भयवं ॥ १० ॥

न च तस्यापि गुणदोषा अनाशयनिमित्तभावतो भवन्ति ।
तन्मयचेतनकल्पस्तथास्वभावः खलु स भगवान् ॥ १० ॥

આશયરહિતપણે તેઓ પુણ્ય-પાપમાં નિમિત્ત બને છે, માટે એમને તેથી કંઈ ગુણ (પુણ્ય, લાભ વગેરે) કે દોષ (પાપ, હાનિ વગેરે) નથી થતો. કારણ કે તે ભગવાન કેવળ ચેતન સ્વરૂપ (રાગદ્વેષાદિ રહિત) અને તથાસ્વભાવે આશય રહિતપણે નિમિત્ત બનવાના સ્વભાવવાળા છે. અર્થાત્ રાગ-દ્વેષાદિ રહિતપણે નિમિત્ત બનવાના સ્વભાવવાળા હોવાથી તેમને ગુણ કે દોષ થતાં નથી.

रयणाई सुहरहिया [3]सुहाइहेऊ जहेव जीवाणं ।
तह धम्माइनिमित्तं एसो धम्माइरहिओ वि ॥ ११ ॥

रत्नादयः सुखरहिताः सुखादिहेतवो यथैव जीवानाम् ।
तथा धर्मादिनिमित्तं एष धर्मादिरहितोपि ॥ ११ ॥

જેમ રત્નાદિ સુખ રહિત હોવા છતાં જીવોને સુખાદિનો હેતુ બને છે, તેમ તે ભગવાન પોતે ધર્માદિરહિત હોવા છતાં ધર્માદિમાં નિમિત્ત બને છે.

एसो अणाइमं चिय सुद्धो य तओ अणाइसुद्धुत्ति ।
जुत्तो य पवाहेणं, न अन्नहा सुद्धया सम्मं ॥ १२ ॥

एषोनादिमानेव शुद्धश्च ततोनादिशुद्ध इति ।
युक्तश्च प्रवाहेण नान्यथा शुद्धता सम्यक् ॥ १२ ॥

તે પરમાત્મા અનાદિ છે ને શુદ્ધ છે, તેથી તેમને અનાદિશુદ્ધ કહ્યા. તે અનાદિશુદ્ધતા પ્રવાહની અપેક્ષાએ જ ઘટે છે. પણ બીજી રીતે નહિ.

बंधो वि हु एवं चिय अणाइमं होइ हंत कयगो वि ।
इहरा उ अकयगत्तं निच्चत्तं चेव एयस्स ॥ १३ ॥

बन्धोपि खल्वेवमेवानादिमान्भवति हन्त कृतकोपि ।
इतरथा तु अकृतकत्वं नित्यत्वं चैवैतस्य ॥ १३ ॥

१ अ अण्णासय २ घ च तम्मयवेयण ३ घ सुहाइ होइ जहेव

એ જ રીતે બન્ધ-કર્મબન્ધ પણ જન્ય હોવા છતાં પ્રવાહથી અનાદિ છે. અન્યથા - એટલે કે બન્ધને પ્રવાહથી અનાદિ ન માનો તો, તે બન્ધ અજન્ય અને નિત્ય ઠરશે.

जह भव्वत्तमकयगं न य निच्चं एव किं न बंधोवि ? ।
किरियाफलजोगो जं एसो ता न खलु एवं ति ॥ १४ ॥
यथा भव्यत्वमकृतकं न च नित्यमेवं किं न बन्धोपि ।
क्रियाफलयोगो यदेष तन्न खलु एवमिति ॥ १४ ॥

જેમ ભવ્યત્વ અકૃતક (અજન્ય, અનાદિ) હોવા છતાં નિત્ય નથી. તેમ બન્ધ પણ કેમ નહિ ? અર્થાત્ બન્ધ પણ અજન્ય હોવા છતાં અનિત્ય માનો એને જન્ય માનવાની શી જરૂર ? અહીં બન્ધ એ ક્રિયાના ફળનો આત્મા સાથે જે યોગ (સંબન્ધ) તત્સ્વરૂપ છે. માટે તેને અનાદિ અને અનિત્ય ન માની શકાય. અર્થાત્ બન્ધને અનાદિ માનવો હોય તો પ્રવાહથી જ માની શકાય. અહીં ક્રિયા તે રાગ દ્વેષાદિ ભાવ કર્મ અથવા આશ્રવો અને તેના ફળ તરીકે દ્રવ્ય કર્મ લઈ શકાય. દ્રવ્ય કર્મનો આત્મા સાથે સંબંધ તે બન્ધ કહેવાય. અથવા ફલ તરીકે કર્મબંધના પરિણામે આત્માને જે સુખ દુ:ખનો અનુભવ થાય છે તે કહી શકાય. હવે જો કર્મબંધને અનાદિ કહો તો આશ્રવથી બંધ થાય, એટલે કે બંધની ઉત્પત્તિ થાય - એમ નહિ કહી શકાય.

भव्वत्तं पुणमकयगमणिच्चमो चेव तहसहावाओ ।
जह कयगो वि हु मुक्खो निच्चो वि य भाववइचित्तं ॥ १५ ॥
भव्यत्वं पुनरकृतकमनित्यं चैव तत्स्वभावात् ।
यथा कृतकोपि खलु मोक्षो नित्योपि च भाववैचित्र्यम् ॥ १५ ॥

ભવ્યત્વ એ તથાસ્વભાવે જ અકૃતક હોવા છતાં અનિત્ય છે. જેમ કૃતક હોવા છતાં મોક્ષ નિત્ય પણ છે. જગતના ભાવોનું વૈચિત્ર્ય જ એમાં કારણ છે. અર્થાત્ એવો કોઈ નિયમ નથી કે જે નિત્ય હોય તે અનાદિ જ હોય અને જે અનાદિ હોય તે નિત્ય જ હોય. અહીં ભવ્યત્વ એટલે મુક્તિગમનમાં કારણભૂત જીવસ્વભાવ સમજવો. "मुक्तिगमनयोग्यत्वं भव्यत्वम्"

एवं चेव दिदिक्खा भवबीजं वासणा अविज्जा य ।
सहजमलसद्दवच्चं[१] वन्निज्जइ मुक्खवाईहिं ॥ १६ ॥
एवमेव दिदृक्षा भवबीजं वासना अविद्या च ।
सहजमलशब्दवाच्यं वर्ण्यते मोक्षवादिभिः ॥ १६ ॥

---

१ घ मलसद्दवञ्चे

આવી જ રીતે – મોક્ષવાદિઓ (સાંખ્યો, શૈવો, બૌદ્ધો, વેદાંતિઓ અને જૈનો વગેરે અનુક્રમે) જેને દિદક્ષા, ભવબીજ, વાસના, અવિદ્યા કે સહજમલ કહે છે, તે પણ ભવ્યત્વની જેમ અકૃતક હોવા છતાં અનિત્ય છે.

एयं पुण तह कम्मेयराणुसंबंधजोगयारूवं[1] ।
एतदभावे णायं सिद्धाण भावणागम्मं[2] ॥ १७ ॥
एतत्पुनस्तथा कर्मेतरानुसंबन्धयोग्यतारूपम् ।
एतदभावे ज्ञातं सिद्धानां भावनागम्यम् ॥ १७ ॥

(દિદક્ષા કહો કે સહજમલ કહો – એનું સ્વરૂપ શું છે ?) કર્મ સાથે સંબંધ પામવાની આત્મામાં જે યોગ્યતા તે જ આ સહજમલ છે. એ યોગ્યતાનો અભાવ હોય ત્યાં કર્મનો સંબંધ આત્મા સાથે થતો નથી. એમાં દૃષ્ટાંત છે સિદ્ધોનું, સિદ્ધોમાં સહજમલરૂપ યોગ્યતા નથી માટે તેમને કર્મબન્ધ થતો નથી.

इय असदेवाणाइयमग्गे तम आसि एवमाई वि ।
भेयगविरहे वइचित्तजोगओ होई पडिसिद्धं ॥ १८ ॥
इति असदेवानादिकमग्रे तम आसीदेवमाद्यपि ।
भेदकविरहे वैचित्र्ययोगतो भवति प्रतिषिद्धम् ॥ १८ ॥

'तम् आसीत् तमसा गूढमग्रे प्रकेतम्' – પૂર્વે અનાદિ અસત્ એવો એક અંધકાર હતો, વગેરે કલ્પનાઓ અયુક્ત છે. કેવળ તમસ્‌માંથી આ વિચિત્ર જગત બન્યું એ બરાબર નથી. ભેદક તત્ત્વાન્તર વિના (અંધકારથી અતિરિક્ત જુદા તત્ત્વ વિના) વૈચિત્ર્યનું અસ્તિત્વ સંભવતું નથી. એક વસ્તુમાં ફેરફાર તો જ થાય કે જ્યારે બીજી કોઈ વસ્તુનો તેની સાથે સંબંધ થાય.

भेयगविरहे तस्सेव तस्सऽभावत्तकप्पणमजुतं ।
जम्हा सावहिगमिणं नीई अवही य णाभावो ॥ १९ ॥
भेदकविरहे तस्येव तस्याभावत्वकल्पनमयुक्तम् ।
यस्मात्सावधिकमिदं नीत्याऽवधिश्च नाभावः ॥ १९ ॥

ભેદકના વિરહમાં લોકની ઉત્પત્તિની કલ્પના જેમ અયુક્ત છે. તેમ પૂર્વે લોકનો અભાવ હતો એ કલ્પના પણ અયુક્ત છે. કારણ કે – અભાવ સાવધિક જ હોય.

१ घ च जोगरूवं २ घ ज भावणामगम्मं

(અમુક કાલે લોક નહોતો – અમુક કાલે એની ઉત્પત્તિ થઈ એ અવધિ બતાવી) એટલે કે અભાવ સાવધિક થયો. અવધિ અભાવાત્મક ન હોય. (કારણ કે અમુકકાળે નહોતો તેમાં કાળ એ શું વસ્તુ છે ? એટલે કેવળ અભાવ ઘટતો નથી.) આ યુક્તિથી લોકનો અભાવ સિદ્ધ થતો નથી.

इय तन्तजुत्तिसिद्धो अणाइमं एस हंदि लोगो त्ति ।
इहरा इमस्सऽभावो पावइ परिचिंतियव्वमिणं ॥ २० ॥
इति तन्त्रयुक्तिसिद्धोनादिमानेष हन्त लोक इति ।
इतरथास्याभावः प्राप्नोति परिचिन्तयितव्यमिदम् ॥ २० ॥

આવી રીતે શાસ્ત્ર અને યુક્તિથી આ લોક અનાદિ છે. એ વાત સિદ્ધ થાય છે. અન્યથા એટલે કે લોકને અનાદિ નહિ માનતા – 'લોકને ઈશ્વરે બનાવ્યો અથવા તમમાંથી એની ઉત્પત્તિ થઈ' – વગેરે માનો તો પ્રશ્ન એ થશે કે ઈશ્વરને લોક બનાવવાનું કોઈ પ્રયોજન નથી અને એની પાસે ઉપાદાન સામગ્રી પણ ક્યાં છે કે – જેમાંથી લોક બનાવે ? તમમાંથી વિચિત્ર જગતની ઉત્પત્તિ ઘટતી નથી. કારણ કે ભેદક તત્ત્વાન્તર નથી. ઇતિ દ્વિતીયા વિંશિકા સમાપ્તા.

॥ इति अनादिविंशिका द्वितीया ॥ २ ॥

# 3. કુલનીતિ અને લોકધર્મ વિંશિકા

इत्थ कुलनीइधम्मा पाएण विसिट्ठलोगमहिकिच्च ।
आवेणिगाइरूवा विचित्तसत्थोइया चेव ॥ १ ॥

अत्र कुलनीतिधर्माः प्रायेण विशिष्टलोकमधिकृत्य ।
आवेणिकादिरूपा विचित्रशास्त्रोदिताश्चैव ॥ १ ॥

અહીં કુલનીતિ ધર્મો પ્રાયઃ વિશિષ્ટ લોકને અનુલક્ષીને કહીયે છીયે. તે બે પ્રકારે છે. (૧) આવેણિક (વેણીની જેમ પરંપરાથી ચાલ્યા આવતા) વગેરે અને (૨) નાના પ્રકારના શાસ્ત્રોમાં કહેલા.

जे वेणिसंपयाया चित्ता सत्थेसु अपडिबद्ध त्ति ।
ते तं[१]मज्जायाए सव्वे आवणिया नेया ॥ २ ॥

ये वेणिसंप्रदायाश्चित्राः शास्त्रेष्वप्रतिबद्धा इति ।
ते तन्मर्यादया सर्वे आवेणिका ज्ञेयाः ॥ २ ॥

જે વેણિસંપ્રદાયો (પરંપરાથી ચાલ્યા આવતા સાંપ્રદાયિક વ્યવહારો)નું કોઈ શાસ્ત્રમાં *વર્ણન નથી તે પરંપરાની મર્યાદાથી સર્વે આવેણિકાદિરૂપે કુલનીતિ ધર્મો કહેવાય જેમકે...

जह संझाए दीवयदाणं सत्थं, रविम्मि विद्धत्थे ।
सुद्धग्गिणो अदाणं च तस्स अभिसत्थपडियाणं ॥ ३ ॥

यथा संध्यायां दीपकदानं शस्तं रवौ विध्वस्ते ।
शुद्धाग्नेरदानं च तस्याभिशास्त्रपतितानाम् ॥ ३ ॥

શાસ્ત્ર સન્મુખ થયેલ આત્માએ સૂર્યાસ્ત થતાં સન્ધ્યાએ દીવો કરવો, શુદ્ધ અગ્નિનું દાન ન કરવું.

नक्खत्तमंडलस्स य पूजा नक्खत्तदेवयाणं च ।
[२]गोसे सइसरणाइ य धन्नाणं वंदणा चेव ॥ ४ ॥

---

१ घ ज तस्स जायाए, ग तम्हजा २ च घ गोसे सविरणाइ य

* જેનો નિષેધ કોઈ શાસ્ત્રમાં નથી કરેલો.

नक्षत्रमण्डलस्य च पूजा नक्षत्रदेवतानां च ।
गोषे सतीस्मरणादि च धन्यानां वन्दना चैव ॥ ४ ॥

નક્ષત્ર મંડલ અને નક્ષત્ર દેવતાઓની પૂજા કરવી, પ્રભાતે સતીઓનું નામસ્મરણ અને મહાપુરુષોને વન્દના કરવી.

गिहदेवयाइसरणं वामंगुट्ठयनिवीडणा चेव ।
असिलिट्ठदंसणम्मी तहा सिलिट्ठे य सिरिहत्थो ॥ ५ ॥
गृहदेवतादिस्मरणं वामाङ्गुष्ठकनिपीडना चैव ।
अश्लिष्टदर्शने तथा श्लिष्टे च श्रीहस्तः ॥ ५ ॥

અશુભ દર્શન વખતે ગૃહદેવતાનું સ્મરણ અને ડાબા અંગૂઠાનું નિષ્પીડન કરવું – મરડવો તથા શુભદર્શન વખતે શ્રીહસ્ત-નમસ્કાર મુદ્રા કરવી અથવા ઓવારણા લેવા. (સિરિહત્થો = ઓવારણા)

बालाणं पुण्णनिरूवणाइ चित्तप्पहेणगाईहिं ।
सत्थंतरेहिं कालाइभेयओ वयविभागेणं ॥ ६ ॥
बालानां पुण्यनिरूपणादि चित्रप्रहेणकादिभिः ।
शास्त्रान्तरेषु कालादिभेदतो वयोविभागेन ॥ ६ ॥

બાળકોને ચિત્રોથી, નાના પ્રકારનાં રમકડાં તથા મિઠાઈઓ વગેરે ભેટો વડે અને ઉખાણાઓ વડે કાલ આદિના ભેદ અને વયને અનુસારે જુદા જુદા શાસ્ત્રોમાંથી બાળકોને જે રીતે ગ્રાહ્ય બને તે રીતે પુણ્યનું નિરુપણ કરવું – 'આમ કરવાથી પુણ્ય થાય'. વગેરે.

तप्परिभोगेण तहा[१] थाणे परदाणजातजुत्तेण ।
चित्तविणिओगविसया डिंभपरिच्छा य चित्त त्ति ॥ ७ ॥
तत्परिभोगेण तथा स्थाने परदानजातयुक्तेन ।
चित्रविनियोगविषया डिंभपरीक्षा च चित्रेति ॥ ७ ॥

વિવિધ નિમિત્તોથી બાળકોના ભાવીનું નિરૂપણ કરવું – કથન કરવું તથા પરદાનના સમૂહનો ઉપભોગ તે કેવી રીતે કરે છે. જુદી જુદી વયે અને જુદા જુદા

१ अ तहाधाणे;

કાળે અન્ય શાસ્ત્રોમાં જે જે પ્રકારો કહ્યાં છે તે તે વિવિધ રીતે બાળકો (ના ભાવી)ની પરીક્ષા કરવી. (ભાવીમાં તે કેવા નીવડશે ?) સદ્‌ગુણી કે દુર્ગુણી ? નેતા બનશે કે સામાન્ય.. વગેરે.

वीवाहकोउगेहिं रइसंगमसत्त[1]मद्दणाइहिं ।
धूयाणं पुं[2]ण्णनिरूवणं च विविहप्पओगेहिं ॥ ८ ॥

विवाहकौतुकै रतिसङ्गमसत्त्कमर्दनादिभिः ।
दुहितॄणां पुण्यनिरूपणं च विविधप्रयोगैः ॥ ८ ॥

લગ્ન વખતે શણગાર તરીકે રતિસંગમ સૂચક પીઠી આદિ ચોળવી વગેરે વિવિધ પ્રયોગોથી (તે તે વખતના નિમિત્તોથી) પુત્રીઓના ભાવીનું નિરૂપણ – કથન કરવું.

भोगे भावट्ठवणं भावेणाराहणं च दइयस्स ।
मलपुरिसुज्झ अणुव्वरिमंतेणं सीलरक्खा य ॥ ९ ॥

भोगे भावस्थापनं भावेनाराधनं च दयितस्य ।
मलपुरीषोज्झाऽनुर्वरायामन्तेन शीलरक्षा च ॥ ९ ॥

ण्हायपरिण्णाजलभुत्त[3]पीलणं वसणदंसणच्चाओ ।
वेलासु अ थवणाई थीणं आवेणिगो धम्मो ॥ १० ॥

स्नानपरिज्ञाजलभुक्तपीडनं वसनदर्शनत्यागः ।
वेलासु च स्तवनादिः स्त्रीणामावेणिको धर्मः ॥ १० ॥

સ્ત્રીઓના આવેણિક ધર્મો આ પ્રમાણે છે. ભોગોમાં *ભાવનું સ્થાપન અને પતિની ભાવથી આરાધના, મલ–પુરિષનો ત્યાગ – ગામથી દૂર રહેલ, ખેતીમાં અનુપયુક્ત અને જ્યાં પુરુષોનું આવાગમન ન હોય એવી ભૂમિમાં કરવો. શીલની રક્ષા કરવી, સ્નાનનું જ્ઞાન, પાણી, ભોજન અને પીસવું–ખંડવું વગેરે કેવી રીતે કરવું તે, શરીરના અવયવો ન દેખાય તેવા વસ્ત્રો પહેરવા, મુખ ઉપર ઘુંઘટ રાખવો અને યોગ્ય પ્રસંગોએ સ્તવનાદિ (ગીત) કરવા.

---

* વિષયસુખ એ કેવું વિપાક વિરસ છે. ક્ષણ માત્ર સુખનો આભાસ આપનાર છે. આત્માનું નૂર હણી લેનાર છે. વગેરે

---

१ ज मद्धणा २ छ पुत्तनिरूवणं ३ अ क पुत्तपीलणं; घ च न्हायपरेन्नाजलपुत्तपीलणं, ग पुन्नपीलणं

सत्थभणिया य अन्ने वण्णासमधम्मभेयओ नेया ।
वण्णा उ बंभणाई तहासमा बंभचेराई ॥ ११ ॥
शास्त्रभणिताश्चान्ये वर्णाश्रमधर्मभेदतो ज्ञेयाः ।
वर्णास्तु ब्राह्मणादयस्तथाश्रमा ब्रह्मचर्यादयः ॥ ११ ॥

આ સિવાય બીજા પણ અન્ય શાસ્ત્રોમાં કહેલા ધર્મો છે. તે વર્ણ અને આશ્રમના ભેદે બે પ્રકારના છે. વર્ણ એટલે બ્રાહ્મણ-ક્ષત્રિયાદિ અને આશ્રમો બ્રહ્મચર્ય-ગૃહસ્થ આદિ સમજવા.

एए ससत्थसिद्धा धम्मा जयणाइभेयओ चित्ता ।
अब्भुदयफला सव्वे विवागविरसा य भावेणं ॥ १२ ॥
एते स्वशास्त्रसिद्धा धर्मा यतनादिभेदतश्चित्राः ।
अभ्युदयफलाः सर्वे विपाकविरसाश्च भावेन ॥ १२ ॥

પોત પોતાના શાસ્ત્રમાં કહેલા આ બધા ધર્મો યતનાદિ તારતમ્ય ભેદે અનેક પ્રકારના છે અને તે બધા ધર્મો માત્ર અભ્યુદયફળ આપનારા છે. પરંતુ આ ધર્મો ભાવથી વિપાકવિરસ છે.

पयई सावज्जा वि हु तहा वि अब्भुदयसाहणं नेया ।
जह धम्मसालिगाणं हिंसाइ तहऽत्थहेउ त्ति ॥ १३ ॥
प्रकृतिः सावद्यापि खलु तथाप्यभ्युदयसाधनं ज्ञेया ।
यथा धर्मशालिकानां हिंसादि तथार्थहेतुरिति ॥ १३ ॥

આ ધર્મો પ્રકૃતિથી સાવદ્ય હોવા છતાં અભ્યુદયના કારણ બને છે. (આશય શુદ્ધ હોવાથી) ધર્મશીલ પુરુષોની (પુરુષોથી કરાતી હિંસાની પ્રવૃત્તિ) હિંસા પણ અભ્યુદયનું કારણ બને છે.

मोहपहाणे एए वेरग्गं पि य इमेसि पाएण ।
तग्गब्भं चिय नेयं मिच्छाभिनिवेसभावाओ ॥ १४ ॥
मोहप्रधाना एते वैराग्यमपि चैषां प्रायः ।
तद्गर्भमेव ज्ञेयं मिथ्याभिनिवेशभावात् ॥ १४ ॥

પૂર્વોક્ત ધર્મોમાં મોહનું પ્રાધાન્ય હોય છે. મિથ્યાભિનિવેશ હોવાથી તેમના વૈરાગ્ય પણ પ્રાયઃ મોહગર્ભિત જ હોય છે.

अन्नेसिं तत्तचिंता देसाणाभोगओ य अन्नेसिं ।
दीसंति च जइणो वित्थ केइ संमुछिमप्पाया ॥ १५ ॥
अन्येषां तत्त्वचिन्ता देशानाभोगतश्चान्येषाम् ।
दृश्यन्ते च यतयोप्यत्र केचित्संमूर्छिमप्रायाः ॥ १५ ॥

કેટલાકને તત્ત્વનું ચિન્તન હોય છે, કેટલાકને અંશે અનાભોગસહિત ભાવ ચિન્તન હોય છે, જ્યારે કેટલાક યતિઓ પણ સંમૂર્ચ્છિમપ્રાયઃ (ઉપયોગ શૂન્ય પણે ક્રિયા કરનારા) દેખાય છે.

अन्ने उ लोगधम्मा पहुया देसाइभेयओ हुंति ।
वारिज्जसोयसूयगविसया आयारभेएण ॥ १६ ॥
अन्ये तु लोकधर्मा प्रभूता देशादिभेदतो भवन्ति ।
विवाहशौचसूतकविषया आचारभेदेन ॥ १६ ॥

બીજા પણ વિવાહ, શૌચ, સૂતક વિષયક અનેક લોક ધર્મો છે. જેમાં દેશાદિભેદે આચારભેદ હોય છે.

कुलधम्माउ अपेया सु[1]रेह केसिंचि पाणगाणं पि ।
[2]इत्थियणमुज्झियव्वा ते[3]णाणज्जविह इमा मेरा ॥ १७ ॥
कुलधर्मादपेया सुरेह केषांचित्पानकानामपि ।
स्त्रीजनोज्झितव्या स्तेनानामद्यापीहेमा मर्यादा ॥ १७ ॥
( स्त्रीजनशोधयित्वा तेनाज्ञाप्यत इहेयं मर्यादा । इति पाठभेदानुसारेण )

જેમ કેટલાક દારૂડિયાઓને પણ કુલ ધર્મથી અમુક પર્વ દિવસે દારૂ અપેય હોય છે. સ્ત્રીઓ માટે મદ્ય ત્યાજ્ય છે. કેટલાક ચોરના કુલોમાં પણ આ મર્યાદા હોય છે.

[4]गणगुट्ठिघडापेडगजल्लाईणं च जे इहायारा ।
पाणापडिसेहाई ते तह धम्मा मुणेयव्वा ॥ १८ ॥
गणगोष्ठीघटापेटकजल्लादीनां च ये इहाचाराः ।
पानाप्रतिषेधादयस्ते तथा धर्मा मन्तव्याः ॥ १८ ॥

१ अ सुरा हि २ क ख इत्थियणसुज्झियव्वा ३ घ च तेमाणविज्जह इमा मेरा; छ तेणाणविजह ४ क गणगुठ्ठिथडा

પૂર્વકાળમાં નાના જન સમૂહ માટે ગણ, ગોષ્ઠી, ઘટા, પેટક, જલ્લ વગેરે સંજ્ઞાઓ હતી, મદિરાપાનનો નિષેધ વગેરે તે તે સમૂહોમાં પળાતા સર્વ આચારો પણ કુલનીતિ ધર્મો સમજવા.

सव्वे वि वेयधम्मा निस्सेयससाहगा न नियमेण ।
आसयभेएणऽन्ने परंपराए तयत्थं ति ॥ १९ ॥
सर्वेपि वेदधर्मा निःश्रेयससाधका न नियमेन ।
आशयभेदेनान्ये परंपरया तदर्थमिति ॥ १९ ॥

બધા જ વેદ ધર્મો મોક્ષ સાધક છે એવો નિયમ નથી. શુદ્ધ આશયવાળા કેટલાક ધર્મો પરંપરાએ મોક્ષ સાધક છે.

विसयसरुवऽणुबंधेण होइ सुद्धो तिहा इहं धम्मो ।
जं ता मुक्खासयओ[1] सव्वो किल सुंदरो नेओ ॥ २० ॥
विषयस्वरूपानुबन्धेन भवति शुद्धस्त्रिधेह धर्मः ।
यत्ततो मोक्षाश्रयतः सर्वः किल सुंदरो ज्ञेयः ॥ २० ॥

વિષયશુદ્ધ, સ્વરૂપ શુદ્ધ અને અનુબંધશુદ્ધ આ ત્રણ પ્રકારે ધર્મ શુદ્ધ હોઈ શકે. આ ત્રણ પ્રકારનો ધર્મ મોક્ષના આશયવાળો હોવાથી સુંદર છે.

આ ત્રણ પ્રકારો યથોત્તર શુદ્ધ છે : ૧. વિષયશુદ્ધ = આશય શુદ્ધ પણ ક્રિયા અશુદ્ધ. જેમ મોક્ષ માટે કોઈ પર્વતાદિ ઉપરથી પડીને આત્મઘાત કરે અથવા કાશી જઈને કરવત મૂકાવે.

૨. સ્વરૂપ શુદ્ધ = આશય શુદ્ધિ સાથે ક્રિયા પણ સારી હોય, લોકદષ્ટિથી પાંચ યમ આદિનું પાલન હોય, મોક્ષમાર્ગના યથાર્થ જ્ઞાનથી રહિત અજ્ઞાનીઓને આ અનુષ્ઠાન હોય.

૩. અનુબન્ધ શુદ્ધ = શાન્તવૃત્તિ અને તત્ત્વસંવેદનયુક્ત મહાત્માઓને હોય.

પ્રથમમાં અજ્ઞાનબાહુલ્ય હોવાથી એ અનુષ્ઠાનથી મોક્ષમાર્ગનાં વિઘ્નો ટળતા નથી. પરંતુ સદાશયનો અંશ હોવાથી તે અનુષ્ઠાન ઉચિતજન્મ પ્રાપ્ત કરાવે, એમ કોઈ કહે છે. દ્વિતીયમાં દોષો શમી જાય છે, પરંતુ દોષોનો નાશ ન થાય. તૃતીયમાં દોષના તારતમ્યની વિચારણા હોવાથી દોષોનો આત્યન્તિક નાશ થાય છે. (અધ્યાત્મસાર – અધ્યાત્મસ્વરૂપાધિકાર)

॥ इति कुलनीतिधर्मविंशिका तृतीया ॥

१ अ घ च मुक्खसयाओ

# 4. ચરમપુદ્ગલપરાવર્ત્ત વિંશિકા

निच्छयओ पुण एसो जायइ नियमेण चरमपरियट्टे ।
तहऽभव्वत्तमलक्खयभावा अच्चंतसुद्धु[1] त्ति ॥ १ ॥
निश्चयतः पुनरेष जायते नियमेन चरमपरिवर्त्ते ।
तथाऽभव्यत्वमलक्षयभावादत्यन्तशुद्ध इति ॥ १ ॥

અત્યન્ત શુદ્ધ એવો આ મોક્ષાશય નિશ્ચયથી ચરમપુદ્ગલપરાવર્ત્તમાં તથા ભવ્યત્વના પરિપાક થતા મલક્ષયને લીધે પ્રગટે છે. (ટી.) "तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिस्तथाभव्यता" તે તે સહકારી સંયોગોને લીધે તે તે કાર્યપણે થવાની જે (આત્મ) શક્તિ તે તથાભવ્યતા. (શ્રી હરિભદ્રસૂરી મ.)

मुक्खासओ वि नन्नत्थ होइ गुरुभावमलपहावेण ।
जह गुरुवाहिविगारे न जाउ पत्थासओ सम्मं ॥ २ ॥
मोक्षाशयोपि नान्यत्र भवति गुरुभावमलप्रभावेन ।
यथा गुरुव्याधिविकारे न जातु पथ्याशयः सम्यक् ॥ २ ॥

મોટી વ્યાધિના વિકાર વખતે જેમ પથ્યની રુચિ થતી નથી, તેમ ચરમાવર્ત સિવાયના કાળમાં ભાવમલનો પ્રભાવ બહુ વધારે હોવાથી મોક્ષનો આશય પણ હોતો નથી.

परियट्टा उ अणंता हुंति अणाइम्मि इत्थ संसारे ।
तप्पुग्गलाणमेव य तहा तहा हुंति गहणाओ ॥ ३ ॥
परिवर्तास्तु अनन्ता भवन्ति अनादावत्र संसारे ।
तत्पुद्गलानामेव च तथा तथा भवन्ति ग्रहणात् ॥ ३ ॥

અનાદિ એવા આ સંસારમાં તે પુદ્ગલોના જ તેવા તેવા પ્રકારના ગ્રહણથી અનન્ત પરાવર્તો થાય છે.

तह तग्गेज्झसहावा[2] जह पुग्गलमो हवंति नियमेण ।
तह तग्गहणसहावो आया य तओ उ परियट्टा ॥ ४ ॥

---

१ ग ज सुठ्ठुति २ घ च तग्गब्भसहावा

तथा तद्ग्राह्यस्वभावा यथा पुद्गला भवन्ति नियमेन ।
तथा तद्ग्रहणस्वभाव आत्मा च ततश्च परिवर्ताः ॥ ४ ॥

પુદ્ગલો નિયમા આત્મગ્રાહ્ય સ્વભાવવાળા થાય છે અને આત્મા પણ પુદ્ગલ-ગ્રહણ સ્વભાવવાળો બને છે તેથી જ પરાવર્ત્તો થાય છે.

एवं चरमोऽवेसो नीईए जुज्जई इहरहा उ ।
तत्तस्सहावखयवज्जिओ इमो किं न सव्वो वि ? ॥ ५ ॥
एवं चरमोप्येष नीत्या युज्यते इतरथा तु ।
तत्तत्स्वभावक्षयवर्जितोयं किं न सर्वोपि ॥ ५ ॥

આ રીતે આત્માને પુદ્ગલ ગ્રહણ સ્વભાવવાળો માનીયે તો, ચરમાવર્ત્ત પણ યુક્તિથી ઘટે છે. જો ચરમાવર્ત્ત ન સ્વીકારીએ તો આત્માને સર્વથા પુદ્ગલગ્રહણ સ્વભાવ વર્જિત કેમ ન માનવો ? (જો એવું માને તો સંસાર ન ઘટે) અથવા આત્માને સર્વથા તત્ક્ષય = પુદ્ગલ ગ્રહણ સ્વભાવનો ક્ષય રહિત શા માટે ન માનવો ? (ટી.) જે પરાવર્ત્તમાં આત્મા પુદ્ગલસ્વભાવનો ક્ષય કરે તે ચરમાવર્ત. સંસારમાં એ આત્માને છેલ્લો પરાવર્ત ચરમપરાવર્ત્ત ન માને તો આત્મા સદા પુદ્ગલ ગ્રહણ સ્વભાવવાળો જ રહે અને તેથી મોક્ષ ન ઘટે.

तत्तग्गहणसहावो आयगओ इत्थ सत्थगारेहिं ।
सहजो मलुत्ति भण्णइ, भव्वतं तक्खओ[१] एसो ॥ ६ ॥
तत्तद्ग्रहणस्वभाव आत्मगतोत्र शास्त्रकारैः ।
सहजो मल इति भण्यते भव्यत्वं तत्क्षय एषः ॥ ६ ॥

આત્મગત જે પુદ્ગલગ્રહણ સ્વભાવ તેને શાસ્ત્રકારો અહીં સહજમલ કહે છે. ભવ્યત્વ એટલે કે તથા ભવ્યત્વનો પરિપાક. તે એ સહજમલના ક્ષયસ્વરૂપ છે.

एयस्स परिक्खयओ तहा हंत किंचि[२] सेसम्मि ।
जायइ चरिमो एसुत्ति तंतजुत्ती[३] पमाणमिह ॥ ७ ॥
एतस्य परिक्षयस्तथा तथा हन्त किंचिच्छेषे ।
जायते चरम एष इति तन्त्रयुक्ती प्रमाणमिह ॥ ७ ॥

१ ज वक्खओ २ ज किं वि सेसंमि ३ अ तंतजुत्तिप्पमाण

એ સહજ મલનો ક્રમિક ક્ષય થતાં થતાં જ્યારે તે કાંઈક બાકી રહે ત્યારે આ ચરમાવર્તની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રયુક્તિ એમાં પ્રમાણ છે.

एयम्मि सहजमलभावविगमओ[१] सुद्धधम्मसंपत्ती ।
हेयेतरातिभावे जं न मुणइ अन्नहिं जीवो ॥ ८ ॥
एतस्मिन्सहजमलभावविगमतः शुद्धधर्मसंप्राप्तिः ।
हेयेतरादिभावान्यन्न जानात्यन्यत्र जीवः ॥ ८ ॥

ચરમાવર્તમાં સહજ મલના વિગમથી શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ થાય છે. એના વિના હેય અને ઉપાદેયાદિ ભાવોને જીવ જાણી શકતો નથી. વિવેક કરી શકતો નથી.

भमणकिरियाहियाए सत्तीए समन्निओ जहा बालो ।
पासइ थिरे वि हु चले भावे जा धरइ सा सत्ती ॥ ९ ॥
भ्रमणक्रियाहितया शक्त्या समन्वितो यथा बालः ।
पश्यति स्थिरानपि खलु चलान्भावान्या धरति सा शक्तिः ॥ ९ ॥
तह संसारपरिब्भमणसत्तिजुत्तो[२] वि नियमओ चेव ।
हेए वि उवाएए ता पासइ जाव सा सत्ती ॥ १० ॥
तथा संसारपरिभ्रमणशक्तियुक्तोपि नियमतश्चैव ।
हेयानप्युपादेयांस्तावत्पश्यति यावत्सा शक्तिः ॥ १० ॥

જેમ ભ્રમણ ક્રિયાથી આહિત-ઉત્પન્ન કરાયેલી શક્તિથી સમન્વિત બાળક તે શક્તિ હોય ત્યાં સુધી જેમ સ્થિર પદાર્થોને પણ ફરતા જુએ છે. તેમ સંસાર પરિભ્રમણથી ઉત્પન્ન થયેલ શક્તિથી યુક્ત પુરુષ તે શક્તિ હોય ત્યાં સુધી હેય પદાર્થોને પણ ઉપાદેય તરીકે જુએ છે.

जह तस्सत्तीविगमे पासइ पढमो थिरे थिरे चेव ।
बीओ वि उवाएए तह तव्विगमे उवाएए ॥ ११ ॥
यथा तच्छक्तिविगमे पश्यति प्रथमः स्थिरान्स्थिरानेव ।
द्वितीयोप्युपादेयांस्तथा तद्विगम उपादेयान् ॥ ११ ॥

---

१ क सहजमनऊभादहि गओ २ घ च परिब्भमणासत्तिजुतो

એ શક્તિનો વિગમ થતાં જેમ પેલો બાળક સ્થિરને સ્થિર જુએ છે. તેમ તે પુરુષ પણ તે શક્તિનો વિગમ થતાં હેયને હેય તરીકે અને ઉપાદેયને ઉપાદેય તરીકે જુએ છે.

तस्सत्तीविगमो पुण जायइ कालेण चेव नियएण ।
तहभव्वत्ताई तदन्नहेउकलिएण व कहिंचि ॥ १२ ॥
तच्छक्तिविगमः पुनर्जायते कालेनैव नियतेन ।
तथाभव्यतायास्तदन्यहेतुकलितेन वा कथंचित् ॥ १२ ॥

જો કે તે શક્તિનો વિગમ તથાભવ્યત્વાદિહેતુઓથી – તથા કાળથી – અન્ય હેતુઓથી પણ કથંચિત થાય છે, પણ મુખ્યત્વે તો નિયત કાળથી જ થાય છે. (ટી.) તથાભવ્યત્વ, કર્મ વગેરે હેતુઓ અહીં સહકારી સમજવા, કાળને જ પ્રધાન કારણ સમજવું.

[1]इय पाहन्नं नेयं इत्थं कालस्स [2]तओ तओ चेव ।
तस्सत्तिविगमहेऊ सा वि जओ तस्सहाव त्ति ॥ १३ ॥
इति प्राधान्यं ज्ञेयमित्थं कालस्य ततस्तत एव ।
तच्छक्तिविगमहेतुः सापि यतस्तत्स्वभाव इति ॥ १३ ॥

આ રીતે અહીં તત્ત્વતઃ કાલનું જ પ્રાધાન્ય જાણવું. બાકી તો તથાભવ્યત્વ પણ તે શક્તિના વિગમમાં હેતુ છે. કારણ કે સ્વભાવ પણ તે શક્તિના વિગમમાં હેતુ છે અને તથાભવ્યત્વ એ જીવ સ્વભાવ જ છે.

कालो सहाव नियई पुव्वकयं पुरिस कारणेगंता ।
मिच्छत्तं ते चेव उ समासओ हुंति सम्मत्तं ॥ १४ ॥
कालः स्वभावो नियतिः पूर्वकृतं पुरूषः कारणैकान्तः ।
मिथ्यात्वं त एव तु समासतो भवन्ति सम्यक्त्वम् ॥ १४ ॥

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ એ પાંચ કારણોમાં એકાંત (અર્થાત્ એ પાંચમાંના માત્ર એકાદ બેને જ હેતુ માનવા – બધાયને ન માનવા) એ મિથ્યાત્વ છે અને તેમને જ સમૂહગત કારણ તરીકે સ્વીકારવા એ સમ્યક્ત્વ છે. (ટી.) एकान्ताः सर्वेऽपि एकका: कालस्वभावनियतिपूर्वकृतपुरुषकाररुपाः मिथ्यात्वम् । त एव समुदिताः परस्पराजहद्वृत्तयः सम्यक्त्वरुपतां प्रतिपद्यन्ते । सम्मतितर्क 3/53 नी टीका.

१ घ इय पासत्तं नेयं २ छ तउ तओ चेव

नायमिह मुग्गपत्ती[1] समयपसिद्धा वि भावियव्वं त्ति ।
सव्वेसु विसिट्ठत्तं[2] इयरेयरभावसाविक्खं ॥ १५ ॥
ज्ञातमिह मुद्गपक्तिः समयप्रसिद्धाऽपि भावयितव्यमिति ।
सर्वेषु विशिष्टत्वमितरेतरभावसापेक्षम् ॥ १५ ॥

પ્રસ્તુત વિષયમાં 'मुद्गपक्ति' – મગના પાકનું આગમ પ્રસિદ્ધ દૃષ્ટાન્ત વિચારવું જોઈએ. સર્વકારણોનું વૈશિષ્ટ્ય ઇતરેતર*સાપેક્ષ છે. (એક કારણ પ્રધાન હોય અને અન્ય કારણો સહકારિ હોય છે.)

(ટી.) મગ રંધાય ક્યારે ? એને અગ્નિનો તાપ આપવામાં આવે, તે તાપ પણ અમુક નિયતકાળ સુધી અપાય તો. પાંચ મિનિટ ચૂલે મૂકીને તપેલું ઉતારી લે તો ? તપેલામાં પાણી ન મૂકે તો ? તાપ અમુક સમય સુધી આપે, પાણી પણ જેટલું જોઈએ તેટલું નાંખે પણ મગ કાંગડું હોય તો ? એટલે મગમાં પાકને યોગ્ય સ્વભાવ પણ જોઈએ.

* સાપેક્ષ શબ્દ બે અર્થમાં વપરાય છે. (૧) ઉત્પત્તિ માટે બીજાને આધીન. જેમ 'ઘટ દંડ સાપેક્ષ છે' એટલે કે પોતાની ઉત્પત્તિ માટે ઘટ દંડની અપેક્ષા રાખે છે. (૨) બીજાના સહકારથી કાર્યજનક બને છે. જેમ 'દંડ ચક્ર સાપેક્ષ છે' એટલે કે ઘટ બનાવવા માટે દંડને ચક્રની સહાય જોઈએ. પ્રથમ અર્થમાં કારણની અપેક્ષા છે, જ્યારે બીજા અર્થમાં સહકારની અપેક્ષા છે.

तह भव्वत्तक्खित्तो जह कालो तह इमं ति तेणं ति ।
इय अन्नुन्नाविक्खं रूवं सव्वेसि हेऊण ॥ १६ ॥
तथाभव्यत्वाक्षिप्तो यथा कालस्तथैतदिति तेनेति ।
इत्यन्योन्यापेक्षं रूपं सर्वेषां हेतूनाम् ॥ १६ ॥

જેમ તથાભવ્યત્વથી આક્ષિપ્ત (સાપેક્ષ) કાળ છે, તેમ તથાભવ્યત્વ પણ કાળથી આક્ષિપ્ત બને છે. આવી રીતે સર્વ વસ્તુઓનું સ્વરૂપ અન્યોન્યાધીન સમજવું. (ટી.) તથાભવ્યત્વના સહકાર વિના કાળ પોતાનું કાર્ય ન કરી શકે. જે ભવ્ય છે તેને જ આ ચરમાવર્તકાળ આવે છે, તેમજ ચરમાવર્ત્ત આવે ત્યારે જ ભવ્યત્વ પાકે છે તે પહેલા ભવ્યત્વ કાર્ય સાધક બનતું નથી.

---

१ क मुगापत्ती; घ जायमिह मुगापत्ती २ अ क च ज सुद्धत्तं

नय य सव्वहेउतुल्लं भव्वत्तं हंदि सव्वजीवाणं ।
जं तेणेवक्खित्ता [१]तो तुल्ला दंसणाईया ॥ १७ ॥
न च सर्वहेतुतुल्यं भव्यत्वं हंत सर्वजीवानाम् ।
यत्तेनैवाक्षिप्ता ततो तुल्या दर्शनादिकाः ॥ १७ ॥

સર્વ જીવોનું ભવ્યત્વ સર્વ હેતુઓની સમાનતાવાળું હોતું નથી. પ્રત્યેક જીવના ભવ્યત્વનો પરિપાક કરનારા કાલાદિ હેતુઓ ભિન્ન-ભિન્ન હોય છે, નહિતર સમાન ભવ્યત્વથી આક્ષિપ્ત એવા દર્શન, જ્ઞાન અને ચારિત્ર પણ સર્વ જીવોને સમાન જ હોય. (ટી.) જો સર્વ જીવોને વિષે સર્વ હેતુઓની સમાનતા હોત તો, તે બધાનાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એક સરખાં જ હોત. દર્શન જ્ઞાન ચારિત્રમાં સમાનતા નથી દેખાતી માટે સર્વ હેતુઓની સમાનતાવાળું તથાભવ્યત્વ પણ નથી ઘટતું.

न इमो इमेसि हेऊ न य णातुल्ला इमेण एयं पि ।
एएसि तहा हेऊ [२]ता तहभावं इमं नेयं ॥ १८ ॥
नायमस्य हेतुर्न च नातुल्या अनेनैतदपि ।
एतेषां तथा हेतुस्ततस्तथाभावमिदं ज्ञेयम् ॥ १८ ॥

દર્શનાદિનો હેતુ ભવ્ય નથી, તેમ દર્શનાદિની અસમાનતામાં પણ ભવ્યત્વ હેતુ છે એવું નથી. દર્શનાદિની અસમાનતામાં હેતુ તો તથાભવ્યત્વ છે અર્થાત્ અન્ય સહકારી કારણોથી આક્ષિપ્ત એવું ભવ્યત્વ છે.

अचरिमपरियट्टेसुं कालो [३]भवबालकालमो भणिओ ।
चरिमो उ धम्मजुव्वणकालो तह चित्तभेओ त्ति ॥ १९ ॥
अचरमपरिवर्तेषु कालो भवबालकालो भणितः ।
चरमस्तु धर्मयौवनकालस्तथा चित्रभेद इति ॥ १९ ॥

અચરમાવર્તને ભવબાળકાલ કહેવાય છે અને ચરમાવર્તને ધર્મયૌવનકાળ કહ્યો છે, એ ધર્મયૌવન કાળના અનેક ભેદો છે (એની અનેક અવસ્થાઓ છે.) ઉત્કૃષ્ટ યૌવનકાળ તો ક્ષપકશ્રેણીમાં હોય છે. અચરમાવર્તને ભવબાલકાલ કહ્યો, ધર્મબાલકાલ નહિ કારણ કે ધર્મબાલકાલ કહે તો કંઈક અંશે ધર્મ હોય એવો ભાસ થાય, પણ એ કાળ તો ધર્મથી તદ્દન રહિત છે. - એ સૂચવવું છે. ભવ = સંસાર,

---

१ ज ता तुल्ला २ ज ना तह भावं इमं तेयं ३ च भवपालकालमो (धर्मपरीक्षा)

તેની બાળ ચેષ્ટાઓ (હેયમાં ઉપાદેય બુદ્ધિ વગેરે..) કરવાનો કાળ. યૌવનકાળ એ સમજણનો કાળ છે. પ્રવૃત્તિનો થનગનાટ પણ એ કાળે જ હોય છે. માટે ચરમાવર્ત્તને ધર્મયૌવનકાળ કહ્યો.

एयम्मि धम्मराग जायइ भव्वस्स तस्सभावाओ ।
इत्तो य कीरमाणो होइ इमो हंत सुंठु[१] त्ति ॥ २० ॥
एतस्मिन्धर्मरागो जायते भव्यस्य तत्स्वभावात् ।
इतश्च क्रियमाणो भवत्ययं हन्त सुष्ठु इति ॥ २० ॥

ચરમાવર્ત્તમાં ભવ્યને તેના સ્વભાવથી જ ધર્મરાગ થાય છે. અહીંથી કરાતો ધર્મ સારો–શુદ્ધ થાય છે. ચરમાવર્ત્તમાં અપાયેલ ધર્મરૂપ ઔષધ ગુણાધાયક થાય છે, પણ અચરમાવર્ત્તમાં અપાયેલ નથી થતું. જેમ તાવને મટાડનાર ઔષધ નવીન જ્વરમાં અપાય તો તે ઔષધ કંઈ પણ ગુણ કરતું નથી ઉલટું દોષોને પ્રગટ કરે છે અને જીર્ણ જ્વર વખતે અપાયેલ તે ઔષધ પોતાનું કાર્ય કરી શકે છે. ઔષધનો અભિનવ જ્વર વખતે અકાલ છે, તેમ આગમવચનરૂપ ઔષધનો અચરમાવર્ત્ત અકાલ છે. અચરમાવર્ત્તમાં આગમવચન સમ્યગ્ રીતે પરિણામ પામતું નથી.

इति चरमपरिवर्तविंशिका चतुर्थी ॥ ४ ॥

---

१ अ ग ज भुद्वुत्ति

# 5. સમ્યકત્વ - બીજાદિવિંશિકા

बीजाइक्कमेण पुणो जायइ एसुत्थ भव्वसत्ताणं ।
नियमा ण अन्नहा[1] वि हु इट्ठफलो कप्परुक्खु व्व ॥ १ ॥
बीजादिक्रमेण पुनर्जायते एषोत्र भव्यसत्त्वानाम् ।
नियमान्नान्यथापि खलु इष्टफलः कल्पवृक्ष इव ॥ १ ॥

બીજાદિ ક્રમથી જ આ ધર્મ ભવ્ય જીવોને અહીં ચરમાવર્તમાં નિયમા પ્રાપ્ત થાય છે અને કલ્પવૃક્ષની જેમ તે ઈષ્ટફળ આપનારો થાય છે. અન્યથા નહિં. (ટી.) ક્રમ રહિતપણે ધર્મની પ્રાપ્તિ થતી નથી અથવા ક્રમ રહિતપણે ધર્મની પ્રાપ્તિ થાય તો ઈષ્ટફળ સાધક ન બને અથવા અચરમાવર્તમાં ધર્મની પ્રાપ્તિ ઈષ્ટફલસાધક થતી નથી.

बीजं वि अस्स णेयं दट्ठूणं एयकारिणो जीवे ।
बहुमाणसंगयाए सुद्धपसंसाइ करणिच्छा ॥ २ ॥
बीजमप्यस्य ज्ञेयं दृष्ट्वैतत्कारिणो जीवान् ।
बहुमानसंगतया शुद्धप्रशंसया करणेच्छा ॥ २ ॥

ધર્મ કરતા જીવોને જોઈને બહુમાનપૂર્વક શુદ્ધ પ્રશંસા વડે પોતાને પણ તે ધર્મ કરવાની જે ઈચ્છા તે આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ સમજવું. (ટી.) ધર્મ કરવાની ઇચ્છા એ ધર્મવૃક્ષનું બીજ છે, એનું વપન ધર્મ અને ધર્મીના બહુમાનપૂર્વક કરાતી શુદ્ધ પ્રશંસા વડે થાય છે.

तीए चेवऽणुबंधो अकलंको अंकुरो इहं नेओ ।
कट्ठं पुण विन्नेया तदुवायन्नेसणा चित्ता ॥ ३ ॥
तस्याश्चैवानुबन्धोऽकलङ्कोङ्कुर इह ज्ञेयः ।
काष्ठं पुनर्विज्ञेया तदुपायान्वेषणा चित्रा ॥ ३ ॥

તે ઇચ્છાઓનો જ નિષ્કલંક અનુબંધ (ધર્મ કરવાની ઈચ્છાનું સાતત્ય) એ અંકુરો છે, ધર્મના ઉપાયોની અનેક પ્રકારે અન્વેષણ એ ધર્મવૃક્ષનું કાષ્ટ-થડ સમજવું.

---

१ अ क छ अन्नहा वि उ

तेसु[१] पवित्ती य तहा चित्ता पत्ताइसरिसिगा होइ ।
[२]तस्संपत्ती पुप्फं गुरुसंजोगाइरुवं तु ॥ ४ ॥
तेषु प्रवृत्तिश्च तथा चित्रा पत्रादिसदृशिका भवति ।
तत्संप्राप्तिः पुष्पं गुरुसंयोगादिरूपं तु ॥ ४ ॥

તે ઉપાયોમાં વિવિધ પ્રવૃત્તિ એ પત્રાદિસદૃશ છે. પછી ગુરુસંયોગાદિરૂપ પુષ્પ તેની પ્રાપ્તી થાય છે.

तत्तो सुदेसणाईहिं होइ जा भावधम्मसंपत्ती ।
तं फलमिह विन्नेयं परमफलपसाहगं नियमा ॥ ५ ॥
ततः सुदेशनादिभिर्भवति या भावधर्मसंप्राप्तिः ।
तत्फलमिह विज्ञेयं परमफलप्रसाधकं नियमात् ॥ ५ ॥

પછી તે સદ્દેશનાદિવડે ફળ આવે છે. ભાવધર્મની સંપ્રાપ્તિરૂપ ફળ આવે છે. જે ફળ અવશ્ય પરમફળનું – મોક્ષનું પ્રસાધક છે. (ટી.) ભાવધર્મ = સમ્યકત્વ.

बीजस्स वि संपत्ती जायइ चरिमंमि चेव परियट्टे ।
अच्चंतसुंदरा जं एसा वि तओ न सेसेसु ॥ ६ ॥
बीजस्यापि संप्राप्तिर्जायते चरम एव परिवर्ते ।
अत्यन्तसुन्दरा यदेषापि ततो न शेषेषु ॥ ६ ॥

બીજની સંપ્રાપ્તિ પણ ચરમાવર્તમાં જ થાય છે. શેષ પરાવર્તોમાં નહિ. કારણ કે તે અત્યંત સુંદર છે.

न य एयम्मि अणंतो जुज्जइ नेयस्य नाम कालु त्ति ।
ओसप्पिणी अणंता हुंति जओ एगपरियट्टे ॥ ७ ॥
न चैतस्मिन्ननन्तो युज्यते ज्ञेयस्य नाम काल इति ।
अवसर्पिण्योनन्ता भवन्ति यत एकपरिवर्ते ॥ ७ ॥

ચરમાવર્તમાં આવેલા એ આત્માને અનંતકાળ (સંસાર પરિભ્રમણ) ન હોય, એમ કહેવું એ યુક્ત નથી. કારણ કે એક પુદ્ગલપરાવર્તમાં પણ અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણીઓ થાય છે.

---

१ य – पवित्री य तहा २ अ तस्संपत्तीइ पुप्फं

बीजाइया य एए तहा तहा संतरेयरा नेया ।
तहभव्वत्तक्खित्ता एगंतसहावऽबाहाए ॥ ८ ॥
बीजादिकाश्चैते तथा तथा सान्तरेतरा ज्ञेयाः ।
तथाभव्यत्वाक्षिप्ता एकान्तस्वभावाबाधया ॥ ८ ॥

તથાભવ્યત્વથી આક્ષિપ્ત એવા આ બીજાદિ સાન્તર અથવા નિરન્તર હોય છે. (એટલે કે બીજ, અંકુર, કાષ્ઠ વગેરેની અનુક્રમે પ્રાપ્તિ કાળનાં અંતર વિના થાય કે વચ્ચે આંતરૂ પડી પણ જાય.) બીજાદિની પ્રાપ્તિમાં એકાન્ત સ્વભાવ નથી. (ટી.) એટલે કે – બીજાદિની પ્રાપ્તિ સર્વ જીવોને એક સરખી રીતે થતી નથી. જુદા જુદા જીવોને જુદા જુદા નિમિત્તોથી જુદી જુદી રીતે એ પ્રાપ્તિ થાય છે.

तहभव्वत्तं कालनियइपुव्वकयपुरिसकिरियाओ ।
अक्खिवइ तहसहावं ता तदधीणं तयं पि भवे ॥ ९ ॥
तथाभव्यत्वं यत्कालनियतिपूर्वकृतपुरुषक्रियाः ।
आक्षिपति तथास्वभावं ततस्तदधीनं तदपि भवेत् ॥ ९ ॥

જેમ તથાભવ્યત્વ તથાસ્વભાવે કાલ, નિયતિ, ધર્મ અને પુરુષાર્થને આક્ષિપ્ત કરે છે તેમ તે તથા પંચત્વ પણ તેમને આધીન બને છે.

एवं जेणेव जहा होयव्वं तं तहेव होइ त्ति ।
न य दिव्वपुरिसगारा वि हंदि एवं विरुज्झंति ॥ १० ॥
एवं येनैव यथा भवितव्यं तत्तथैव भवतीति ।
न च दैवपुरुषकारावपि हन्तैवं विरुध्येते ॥ १० ॥

આવી રીતે "જે જેમ બનવાનું હોય તે તેમજ થાય છે" તેમાં દૈવ (પૂર્વકૃત) અને પુરુષાર્થનો વિરોધ આવતો નથી. (ટી.) "આ કાર્ય ભવિતવ્યતાથી બન્યું" – એમ કહીયે છીયે, ત્યાં પણ દૈવ અને પુરુષાર્થ કારણ તરીકે રહેલાં જ છે એમ સમજવું. એકલી ભવિતવ્યતા નહિ સમજવી. ફક્ત ત્યાં પ્રધાનતા ભવિતવ્યતાને આપી એટલું જ. ગૌણ ભાવે દૈવ અને પુરુષાર્થ સાથે રહેલાં જ છે. એટલે એ બે કારણો નિયતિને અનુકૂળ વર્તે છે.

जो दिव्वेणक्खित्तो तहा तहा हंत पुरिसगारु त्ति ।
तत्तो फलमुभयजमवि भणणइ खलु पुरिसगाराओ ॥ ११ ॥

यो दैवेनाक्षिप्तस्तथा तथा हन्त पुरुषकार इति ।

ततो फलमुभयजमपि भण्यते खलु पुरुषकारात् ॥ ११ ॥

અરે ! પુરુષાર્થ પણ દૈવથી અનેક પ્રકારે આક્ષિપ્ત બને છે. તેથી ફળ દૈવ અને પુરુષાર્થ એ બન્નેથી નીપજ્યું હોય છતાં પુરુષાર્થ પ્રધાન હોય ત્યારે વ્યવહારમાં પુરુષાર્થથી ફલ મળ્યું એમ કહેવાય છે.

एएण मीसपरिणामिए[१] उ जं तम्मि तं च दुगजण्णं ।

दिव्वाउ नवरि भण्णइ, निच्छयओ उभयजं सव्वं ॥ १२ ॥

एतेनमिश्रपरिणामिके तु यत्तस्मिंस्तच्च द्विकजन्यम् ।

दैवात्केवलं भण्यते निश्चयत उभयजं सर्वम् ॥ १२ ॥

એથી મિશ્રપરિણામી હેતુમાં (મિશ્ર પરિણામી એટલે બીજા હેતુના સહકારવાળા) જે કાર્ય થાય છે તે જો કે બન્ને હેતુઓથી જન્ય છે. છતાં જ્યાં દૈવની પ્રધાનતા હોય ત્યાં વ્યવહારથી તે કાર્ય કેવળ ભાગ્યથી થયું એમ કહેવાય છે. નિશ્ચયનયથી તો બધું ઉભય જન્ય છે. (ટી.) જેમ કોઈ માણસ પૈસા મેળવે છે તો ત્યાં કહેવાય છે કે ભાઈ એના પુરુષાર્થનું આ ફળ છે. જો કે સાથે એનું ભાગ્ય તો કારણ તરીકે રહેલું જ છે. એજ રીતે કોઈ વેપારમાં ગુમાવે તો કહેવાય છે કે બિચારાનું ભાગ્ય અવળું ! જોકે સાથે સાથે એનો ઉંધો પુરુષાર્થ પણ હોય છે.

इहराऽणक्खित्तो सो होई त्ति अहेउओ निओएण ।

इत्तो तदपरिणामो किंचि तम्मत्तजं न तया ॥ १३ ॥

इतरथानाक्षिप्तः स भवतीति अहेतुको नियोगेन ।

इतस्तदपरिणामः किंचित्तन्मात्रजं न तदा ॥ १३ ॥

જો કાર્યને ઉભય (દૈવ અને પુરુષાર્થ) જન્ય ન માનીએ તો ઇતરથી અનાક્ષિપ્ત એવું એક કારણ નિયમા અકારણ બની જશે. (દા.ત.) (ટી.) (ભવ્યત્વને જ એટલે કે – સ્વભાવને જ મુક્તિનું એક માત્ર કારણ કહીએ તો તે જીવોનો સ્વભાવ જ હોવાથી જીવની સાથે જ છે. એ કારણને પ્રાપ્ત કરવાનું નથી. તેથી મુક્તિનું જે કારણ ભવ્યત્વ તે તો જીવ સાથે જ હતું, તો પછી એ કારણનું જે કાર્ય મુક્તિ તે કેમ હજી થયું નહિ ? અર્થાત્ એમ માનવું રહ્યું કે કારણ હોવા છતાં કાર્ય ન થયું. હવે જેનાથી કાર્ય ન નીપજે એને કારણ કહેવાય ? ન કહેવાય. આથી તો ભવ્યત્વ મુક્તિનું

१ छ मासपरिणामिए

કારણ જ ન રહી શકે. આ રીતે બીજા કારણોથી અનાક્ષિપ્ત કોઈ સ્વતન્ત્ર કારણ છે જ નહિ. જો એવું સ્વતન્ત્ર કારણ માનીએ તો તેમાં કારણતા જ નહિ આવે, તેથી અકારણ બની જશે તેથી અમુક કારણથી અમુક કાર્ય થયું એમ નહિ કહી શકાય. અર્થાત્ કાર્ય નિર્હેતુક ઠરશે. (બીજા શબ્દોમાં કહીએ તો કાર્ય એ કારણનું પરિણામ છે. એમ નહી કહી શકાય) તેથી કાર્ય તે કારણના પરિણામ તરીકે નહિ રહે. આવી રીતે કોઈ પણ કાર્ય માત્ર એક હેતુ (દૈવ કે પુરુષાર્થજન્ય) નથી.

पुव्वकयं कम्मं चिय चित्तविवागमिह भन्नई दिव्वो ।
कालाइएहिं तप्पायणं तु तह पुरिसगारु त्ति ॥ १४ ॥
पूर्वकृतं कर्मैव चित्रविपाकमिह भण्यते दैवम् ।
कालादिकैस्तत्पाचनं तु तथा पुरुषकार इति ॥ १४ ॥

ચિત્રવિપાકવાળું પૂર્વકૃત જે કર્મ તેને જ દૈવ કહેવાય છે, કાલાદિ વડે તે કર્મોને વિપાક અભિમુખ કરવા તે જ પુરુષાર્થ છે. (ટી.) પુરુષાર્થ કર્યો એટલે તે તે કર્મના વિપાકને અભિવ્યક્ત કર્યો. દા.ત. ભોજન કર્યું, તેનાથી તૃપ્તિ થઈ અને શાતા વેદનીયનો વિપાક અનુભવ્યો.

इय समयनीइजोगा इयरेयरसंगया उ जुज्जंति ।
इह दिव्वपुरिसगारा पहाणगुणभावओ दोवि ॥ १५ ॥
इति सयनीतियोगादितरेतरसंगतौ तु युज्येते ।
इह दैवपुरुषकारौ प्रधानगुणभावतो द्वावपि ॥ १५ ॥

આવી રીતે આગમ અને યુક્તિ વડે દૈવ અને પુરુષાર્થ ઇતરેતર સંગત જ ઘટે છે. એકનું પ્રાધાન્ય અને બીજાનો ગૌણભાવ હોઈ શકે.

ता बीजपुव्वकालो नेओ भवबालकाल एवेह ।
इयरो उ धम्मजुव्वणकालो [1]विह लिंगगम्मु त्ति ॥ १६ ॥
ततो बीजपूर्वकालो ज्ञेयो भवबालकाल एवेह ।
इतरस्तु धर्मयौवनकालोपीह लिङ्गगम्य इति ॥ १६ ॥

પ્રસ્તુતમાં બીજ પહેલાના કાળને જ ભવબાલકાળ જાણવો. બીજ પ્રાપ્તિ પછીના કાળને ધર્મ યૌવનકાળ જાણવો. આ ધર્મ યૌવનકાળ તે ધર્મબહુમાન, શુદ્ધ પ્રશંસા-વિગેરે લિંગોથી ગમ્ય છે.

१ विहि (धर्मपरीक्षा)

पढमे इह पाहन्नं कालस्सियरम्मि चित्तजोगाणं ।
वाहिस्सुदयचिकिच्छासमयसमं होइ नायव्वं ॥ १७ ॥
प्रथमे इह प्राधान्यं कालस्येतरस्मिंश्चित्रयोगानाम् ।
व्याधेरुदयचिकित्सासमयसमं भवति ज्ञातव्यम् ॥ १७ ॥

પ્રથમમાં (ભવબાલકાળમાં) પ્રાધાન્ય કાળનું છે. બીજામાં (ધર્મયૌવનકાળમાં) પ્રાધાન્ય વિવિધ યોગોનું છે. આરાધનાના વિવિધ અંગોનું અથવા તો આ પાંચ કારણો પૈકી કોઈ એકનું પ્રાધાન્ય જાણવું. ઉદયકાળ અને ચિકિત્સાકાળના પ્રાધાન્ય જેવું આ પણ જાણવું. (ટી.) જેમ 'ટાઈફોઈડ તાવ' – ૭, ૧૪ કે ૨૧ દિવસની એની મુદત ગણાય. તે દરમ્યાન ઔષધ કે પથ્ય કામ ન કરે. એ મુદત પછી જો ઔષધ કે પથ્ય અપાય તો ગુણ કરે. તાવના ઉદય વખતે પ્રાધાન્ય કાળનું છે, સમય પાકવા દો. પછી પ્રાધાન્ય ઔષધનું છે. નિયત મુદત પછી બીજા ઉપચારોથી આરોગ્ય જલ્દી પ્રાપ્ત કરી શકાય છે –

स भवति कालादेव प्राधान्येन सुकृतादिभावेनाऽपि ।
ज्वरशमनौषधसमयवदिति समयविदो विदु र्निपुणम् ॥ (ષોડશક ૫ શ્લો. ૩)

જ્વરને શમાવવા ઔષધ ક્યારે કરી શકાય ? જ્યારે નવો તાવ ચઢ્યો હોય ત્યારે ઔષધ લાભને બદલે હાનિ કરે છે. તાવ ઉતર્યા પછી ઔષધ કરવામાં આવે તો ગુણ થાય. જ્વરમાં જેમ ચિકિત્સાનો કાળ – કાળથી પ્રાપ્ત થાય છે, તેમ તે ચરમાવર્ત સુકૃતાદિ અનેક કારણો સહકારિ હોવા છતાં મુખ્યતઃ કાળથી જ પ્રાપ્ત થાય છે, એમ સમયજ્ઞો કહે છે.

बालस्स धूलिगेहाँ[१]तिरमणकिरिया जहा परा भाइ ।
भवबालस्स वि तस्सत्तिजोगओ तह असक्किरिया ॥ १८ ॥
बालस्य धूलिगेहादिरमणक्रिया यथा परा भाति ।
भवबालस्यापि तच्छक्तियोगात् तथाऽसत्क्रिया ॥ १८ ॥

બાળકને જેમ ધૂળના ઘર બનાવવા વગેરે રમત જ શ્રેષ્ઠ ભાસે છે. તેમ ભવ બાલને પણ ભવ ભ્રમણથી ઉત્પન્ન થયેલ શક્તિના યોગે અસત્ક્રિયા જ શ્રેષ્ઠ લાગે છે.

जुव्वणजुत्तस्स उ भोगरागओ सा न किंचि[२] जह चेव ।
एमेव धम्मरागाऽसक्किरिया धम्मजूणो वि ॥ १९ ॥

१ क घ च गेहातिरिमण २ अ सा न किंची

यौवनयुक्तस्य तु भोगरागात् सा न किंचिद् यथैव ।
एवमेव धर्मरागादसत्क्रिया धर्मयूनोऽपि ॥ १९ ॥

જેમ યૌવન વયે પહોંચેલા પુરુષને ભોગના રાગથી તે રમત તુચ્છ લાગે છે. તેમ ધર્મયૌવનવાળાને ધર્મ રાગથી તે અસત્ ક્રિયા તુચ્છ લાગે છે.

इय बीजाइकमेणं जायइ जीवाण सुद्धधम्मु त्ति ।
जह चंदणस्स गंधो तह एसो तत्तओ चेव ॥ २० ॥

इति बीजादिक्रमेण जायते जीवानां शुद्धधर्म इति ।
यथा चन्दनस्य गन्धस्तथैष तत्त्वत एव ॥ २० ॥

આવી રીતે બીજાદિ ક્રમથી જીવોને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. આ શુદ્ધ ધર્મ તત્ત્વતઃ ચન્દનગન્ધ જેવો છે. (ટી.) જેમ ચન્દનનો ગંધ ચન્દનના અણુએ અણુમાં રહેલો છે, તેમ શુદ્ધધર્મની પ્રાપ્તિ થાય ત્યારે આત્માના પ્રત્યેક પ્રદેશે તેનો અનુભવ થાય છે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં તે ઓતપ્રોત થયેલો દેખાય છે અથવા ચન્દનનો ગન્ધ ચિત્તને પ્રસન્ન કરે છે તેમ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ ચિત્ત પ્રસન્નતામાં પરિણમે છે અથવા ચન્દનગન્ધની જેમ તે સહજભાવે પ્રવર્તે છે.

इति बीजादिविंशिका पञ्चमी ॥ ५ ॥

# 6. સમ્યકત્વ - ધર્મવિંશિકા

एसो पुण सम्मत्तं सुहायपरिणामरूवमेवं च ।[1]
अप्पुव्वकरणसज्झं चरमुक्कोसट्ठिईखवणे ॥ १ ॥[2]

एषः पुनः सम्यक्त्वं शुभात्मपरिणामरूपमेवं च ।
अपूर्वकरणसाध्यं चरमोत्कृष्टस्थितिक्षपणे ॥ १ ॥

એ શુદ્ધ ધર્મ તે સમ્યકત્વ જ છે. એ સમ્યકત્વ કર્મોની ચરમ-ઉત્કૃષ્ટ સ્થિતિના ક્ષયથી અને અપૂર્વકરણથી પ્રાપ્ત થાય છે અને તે (સમ્યકત્વ) શુભ આત્મ પરિણામરૂપ છે. (ટી.) સમ્યકત્વની પ્રાપ્તિ પછી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી નથી. અહીં અપૂર્વકરણથી બીજું કરણ ન લેતાં 'અપૂર્વ આત્મપુરુષાર્થ' લઈએ તો જ ઘટે. કારણ કે - સમ્યકત્વની પ્રાપ્તિ તો ત્રીજા (અનિવૃત્તિકરણથી) કરણથી થાય છે.

कम्माणि अट्ठ नाणावरणिज्जाईणि हुंति जीवस्स ।
तेसिं च ठिई भणिया उक्कोसेणेह समयम्मि ॥ २ ॥

कर्माण्यष्ट ज्ञानावरणीयादीनि भवन्ति जीवस्य ।
तेषां च स्थितिर्भणिता उत्कृष्टेनेह समये ॥ २ ॥

आइल्लाणं तिण्हं चरिमस्स य[3] तीसकोडकोडीओ ।
होई ठिई उक्कोसा अयराणं सतिकडा[4] चेव ॥ ३ ॥

आदिमानां त्रयाणां चरमस्य च त्रिंशत्कोटाकोट्यः ।
भवति स्थितिरुत्कोशादतराणां सकृत्कृता चैव ॥ ३ ॥

सयरिं तु [5]चउत्थस्सा वीसं तह छट्ठसत्तमाणं च ।
तित्तीस सागराइं पंचमगस्सावि विन्नेया ॥ ४ ॥

सप्ततिस्तु चतुर्थस्य विंशतिस्तथा षष्ठसप्तमयोश्च ।
त्रयस्त्रिंशत्सागराणि पञ्चमकस्यापि विज्ञेया ॥ ४ ॥

---

१ घ च सुहाइपरिणाम २ घ ट्ठिइक्खवणे ३ च घ तीसकोडीओ ४ क घ च सतिकडा चेयं ५ क चउत्थस्स

જીવને જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો લાગેલાં છે.

તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ આગમમાં આ પ્રમાણે કહી છે.

| | | |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | ત્રીસ | ૫. મોહનીય – ૭૦ કોટાકોટિસાગરોપમ |
| ૨. દર્શનાવરણીય | કોટા | ૬. આયુ – ૩૩ સાગરોપમ |
| ૩. વેદનીય અને | કોટી | ૭. નામ – ૨૦ કોટાકોટિસાગરોપમ |
| ૪. અંતરાય | | ૮. ગોત્ર – ૨૦ કોટાકોટિસાગરોપમ |

अट्ठण्हं पयडीणं उक्कोसठिईए वट्टमाणो उ ।
जीवो न लहइ एयं जेण किलिट्ठासओ भावो ॥ ५ ॥

अष्टानां प्रकृतीनां उत्क्रोशस्थितौ वर्तमानस्तु ।
जीवो न लभत एतद् येन क्लिष्टाशयो भावः ॥ ५ ॥

આઠ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિએ વર્તમાન જીવ સમ્યકત્વ પામતો નથી કેમકે તે વખતે જીવનો ભાવ (અધ્યવસાય) ક્લિષ્ટ આશયવાળો હોય છે. (સમ્યકત્વ એ શુદ્ધાત્મપરિણામરૂપ છે.)

सत्तण्हं पयडीणं अब्भिंतरओ[1] उ कोडकोडीए[2] ।
पाउणइ नवरमेयं अपुव्वकरणेण कोई तु ॥ ६ ॥

सप्तानां प्रकृतीनामभ्यन्तरतस्तु कोटीकोट्याः ।
प्राप्नोति केवलमेतद् अपूर्वकरणेन कोऽपि तु ॥ ६ ॥

કોઈક જ જીવ સાત પ્રકૃતિની સ્થિતિ એક કોડાકોડીની અંદરની કરીને અપૂર્વકરણ વડે સમ્યકત્વની પ્રાપ્તિ કરે છે.

करणं अहापवत्तं अपुव्वमणियट्टिमेव भव्वाणं ।
इयरेसिं पढमं चिय भण्णइ करणं ति परिणामो ॥ ७ ॥

करणं यथाप्रवृत्तं अपूर्वमनिवृत्तिरेव भव्यानाम् ।
इतरेषां प्रथममेव भण्यते करणमिति परिणामः ॥ ७ ॥

યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણે કરણ ભવ્ય જીવોને જ હોય છે. અભવ્યોને ફક્ત યથાપ્રવૃત્તકરણ જ હોય છે. વિશિષ્ટ આત્મપરિણામ – અધ્યવસાય વિશેષને કરણ કહેવાય છે. (ટી.) (૧) યથા = વિશિષ્ટ નિમિત વિના સહજ પ્રવૃત્ત જે અધ્યવસાય તે યથાપ્રવૃત્તકરણ (૨) પૂર્વે કદી ન આવેલ શુભ

१ घ च अब्भेंतरओ उ कोडीओ २ य – कोडाकोडीए

અધ્યવસાય વિશેષ તે અપૂર્વકરણ ૩ જે અધ્યવસાયવિશેષવડે જીવ અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત કરે – સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા વિના પાછો ન ફરે, તે અનિવૃત્તિકરણ. અનિવર્ત્તિ = અનિવર્ત્તનશીલ.

जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीयं ।
अणियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ॥ ८ ॥
यावद्ग्रन्थिस्तावत् प्रथमं, ग्रन्थिं समतिक्रामतो भवेद् द्वितीयम् ।
अनिवृत्तिकरणं पुनः सम्यकत्वपुरस्कृते जीवे ॥ ८ ॥

ગ્રન્થિ સુધી યથાપ્રવૃત્તકરણ, ગ્રન્થિને ઉલ્લંઘતા અપૂર્વકરણ અને સમ્યક્ત્વની સન્મુખ થતાં જીવને ત્રીજું અનિવૃત્તિકરણ હોય છે.

इत्थ य परिणामो खलु जीवस्स सुहो य होई विन्नेओ ।
किं मलकलंकमुक्कं कणगं भुवि सामलं[1] होइ ? ॥ ९ ॥
अत्र च परिणामः खलु जीवस्य शुभश्च भवति विज्ञेयः ।
किं मलकलंकमुक्तं कनकं भुवि श्यामलं भवति ? ॥ ९ ॥

અનિવૃત્તિકરણ વખતે જીવનો પરિણામ અવશ્યમેવ શુભ હોય છે. શું મલરૂપ કલંકથી રહિત સુવર્ણ ઝાંખુ (ચળકાટ વિનાનું) હોય ?

| (ટી.) | જીવ | ક્લિષ્ટ કર્મ | અશુભપરિણતિ |
|---|---|---|---|
| | સુવર્ણ | મલ | ઝાંખાશ |

एवं इहापि मलकलङ्कस्थानीयं प्रभूतं क्लिष्टकर्म यदा क्षीणं भवति तदा जीवस्य नैव ध्यामलतुल्योऽशुभपरिणामो भवति ( धर्मसंग्रहणी )

पयई य व कम्माणं वियाणिउं वा विवागमसुहं ति ।
अवरद्धे वि न कुप्पइ उवसमओ सव्वकालं पि ॥ १० ॥
प्रकृतीश्च वा कर्मणां विज्ञाय वा विपाकमशुभमिति ।
अपराद्धेऽपि न कुप्यति उपशमात्सर्वकालमपि ॥ १० ॥

(કષાયમાં કારણભૂત એવા) કર્મના સ્વભાવને કે એના કટુ વિપાકને (કષાયથી આવિષ્ટ બનેલો જીવ માત્ર એક અન્તર્મુહૂર્તમાં જે કર્મો બાંધે છે તે અનેક સાગરોપમો સુધી દુઃખે કરીને ભોગવવા પડે છે. વગેરે) જાણીને ઉપશમ સહિત એવો તે અપરાધી ઉપર પણ કદી ક્રોધ કરતો નથી.

---

१ अ झामलं; घ च सीमलं

नरविबुहेसरसुक्खं दुक्खं चिय भावओ उ मन्नंतो ।
संवेगओ न मुक्खं मुत्तूणं किंपि पत्थेइ ॥ ११ ॥
नरविबुधेश्वरसौख्यं दुःखमेव भावतस्तु मन्यमानः ।
संवेगतो न मोक्षं मुक्त्वा किमपि प्रार्थयते ॥ ११ ॥

ચક્રવર્તીઓ અને ઇન્દ્રોના સુખને ભાવથી દુઃખ જ માનતો તે સંવેગને લીધે એક મોક્ષ સિવાય બીજા કશાયની ઈચ્છા કરતો નથી.

नारयतिरियनरामरभवेसु[1] निव्वेयओ वसइ दुक्खं ।
अकयपरलोयमग्गो ममत्तविसवेगरहिओ वि ॥ १२ ॥
नारकतिर्यङ्नरामरभवेषु निर्वेदाद्वसति दुःखम् ।
अकृतपरलोकमार्गो ममत्वविषवेगरहितोऽपि ॥ १२ ॥

મમત્વરૂપ વિષના આવેગથી રહિત હોવા છતાં, પોતે સદનુષ્ઠાન ન કરી શકતો હોવાના કારણે નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવભવમાં તે નિર્વેદથી દુઃખે વસે છે. (ટી.) અકૃતપરલોકમાર્ગ = અકૃતસદનુષ્ઠાનઃ, અયં ભાવ :-

अयं हि सकलेऽपि जीवलोके परलोकानुष्ठानमन्तरेण सर्वमेवासारं मन्यते

(ધર્મસંગ્રહણી- શ્લો. ૧૦)

दट्ठूण पाणिनिवहं भीमे भवसागरम्मि दुक्खत्तं ।
अविसेसओऽणुकंपं दुहा वि सामत्थओ कुणइ ॥ १३ ॥
दृष्ट्वा प्राणिनिवहं भीमे भवसागरे दुःखार्तम् ।
अविशेषतोऽनुकम्पां द्विधाऽपि सामर्थ्यतः करोति ॥ १३ ॥

ભીમ એવા ભવસમુદ્રમાં પ્રાણી સમૂહને દુઃખાર્ત જોઈ તે તેમની પર સરખી રીતે (મારા તારાના ભેદ વિના) પોતાની શક્તિ અનુસાર દ્રવ્ય અને ભાવથી અનુકંપા કરે છે. (ટી.) દ્રવ્યાનુકંપા અન્નદાન વગેરે, ભાવાનુકંપા = ધર્મમાં જોડવા તે. દ્રવ્યતોડનુકંપા સત્યાં શક્તૌ દુઃખપ્રતિકારેણ, ભાવતઃ આર્દ્રહૃદયત્વેન (ભાવાનુકંપા હૃદયમાં કરુણાની આર્દ્રતા રાખવાથી) સ્યાદ્વાદકલ્પલતા સ્તબક-૯

मन्नइ तमेव सच्चं नीसंकं जं जिणेहिं पण्णत्तं ।
सुहपरिणामो सव्वं कंखाइविसुत्तियारहिओ ॥ १४ ॥

---

१. अ पुस्तके (मुद्रितपुस्तके) दट्ठूणेतिगाथा द्वादशी नारयेति च त्रयोदशीति व्यत्यासो दृश्यते

मन्यते तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रज्ञप्तम् ।
शुभपरिणामः सर्वं काङ्क्षादिविस्त्रोतसिकारहितः ॥ १४ ॥

શુભ પરિણામવાળો અને કાંક્ષાદિ વિશ્રોતસિકા (ઉન્માર્ગગામિઅધ્યવસાય) રહિત એવો તે – 'જિનેશ્વરોએ જે કહ્યું છે, તે સાચું છે અને શંકા રહિત છે' – એવું દઢ પણે માને છે (ટી.) વિશ્રોતસિકા = संयमसस्यमंगीकृत्य अध्यवसायसलिलस्य विश्रोतोगमनं विश्रोतसिका । અધ્યવસાયરૂપ જલનું જ્યાં સંયમરૂપ વૃક્ષના છોડ છે ત્યાં તે દિશામાં ન વહેતાં અન્ય દિશામાં વહેવું તે.

एवंविहो य एसो तहाखओवसमभावओ होइ ।
नियमेण खीणवाही नरु व्व तव्वेयणारहिओ ॥ १५ ॥
एवंविधश्चैष तथाक्षयोपशमभावतो भवति ।
नियमेन क्षीणव्याधिर्नर इव तद्वेदनारहितः ॥ १५ ॥

જેમ જેનો રોગ ક્ષીણ થયો છે, તે પુરુષ તે રોગજન્ય વેદના રહિત બને છે, તેમ તેવા તેવા ક્ષયોપશમ ભાવ વડે તે સમકિતી જીવ પણ આવો (ક્ષયોપશમાદિયુક્ત) થઈ જાય છે.

पढमाणुदयाभावो एयस्स जओ भवे कसायाणं ।
ता कहमेसो एवं ? भन्नइ तव्विसयविक्खाए ॥ १६ ॥
प्रथमानामुदयाभाव एतस्य यतो भवेत्कषायाणाम् ।
तत्कथमेष एवं ? भण्यते तद्विषयापेक्षया ॥ १६ ॥

માત્ર અનંતાનુબંધિ કષાયોના અનુદયે સમકિતીને ઉપર્યુક્ત ગુણો કેમ ઘટે ? વિષય વિશેષની અપેક્ષાએ ઘટી શકે છે. (ટી.) વિષય વિશેષની અપેક્ષાએ = અનંતાનુબંધી કષાયના ઉપશમ કે ક્ષયથી ઉત્પન્ન થતા ઉપશમાદિ ગુણો ઘટે છે. સંજ્વલનકષાયના ઉદયથી એ ક્રોધ કરે છતાં એના સમ્યકત્વમાં વાંધો નથી આવતો. કારણ કે સમ્યકત્વ હોવા ન હોવામાં જે ઉપશમ ભાવની હાજરી કે ગેરહાજરી કહી તે અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમાદિજન્ય ઉપશમભાવની સમજવી. એ ઉપશમનો વિષય એવો જોઈએ કે જે માત્ર અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમાદિની જ અપેક્ષા રાખે. નહિ કે સંજ્વલન કષાયના અનુદયાદિની અપેક્ષા રાખનારો. (ધર્મસંગ્રહભાષા. ભા. ૧ પૃ. ૯૭ જુઓ)

निच्छयसम्मत्तं वाऽहिकिञ्च सुत्तभणिय निउणरूवं तु ।
एवंविहो निओगो होइ इमो हंत वच्चु त्ति ॥ १७ ॥ +
निश्चयसम्यकत्वं वाऽधिकृत्य सूत्रभणितनिपुणरूपं तु ।
एवंविधो नियोगो भवत्ययं हन्त वाच्य इति ॥ १७ ॥

અથવા શાસ્ત્રોમાં જે સમ્યકત્વનું સુંદર સ્વરૂપ બતાવ્યું છે તે નિશ્ચય સમ્યકત્વની અપેક્ષાએ આવા પ્રકારનો (શમ-સંવેગાદિલક્ષણોનો) નિયોગ (નિશ્ચિત યોગ) આત્મામાં હોય છે, એમ કહેવું. (અર્થાત્ આ લક્ષણો નિશ્ચય સમ્યકત્વને આશ્રીને છે એમ સમજવું) (ટી.) જ્ઞાન પ્રધાનનયની અપેક્ષાએ વિશિષ્ટ જ્ઞાન દશાને નિશ્ચય સમ્યકત્વ કહેવાય છે. ક્રિયાનયના અભિપ્રાયે ભાવચારિત્રને નિશ્ચય સમ્યકત્વ જાણવું. નિશ્ચયસમ્યકત્વ અપ્રમત્તસંયમીને જ હોય છે. શમ-સંવેગાદિલક્ષણો નિશ્ચયનયની દૃષ્ટિએ છે એમ માનવામાં ન આવે તો શ્રેણિક મહારાજા વગેરે વગેરેમાં ઉક્ત લક્ષણોનો અભાવ હોવા છતાં સમકિત માનેલું હોવાથી તે લક્ષણો જ અસત્ય ઠરે.

पच्छाणुपुव्विओ पुण गुणाणमेएसि होइ लाहकमो ।
पाहन्नओ उ एवं विन्नेओ सिं उवन्नासो ॥ १८ ॥
पश्चानुपूर्व्या पुनर्गुणानामेतेषां भवति लाभक्रमः ।
प्राधान्यतस्त्वेवं विज्ञेय एषामुपन्यासः ॥ १८ ॥

શમાદિગુણોની પ્રાપ્તિ પશ્ચાનુપૂર્વીએ થાય છે પણ પ્રાધાન્ય તો જેમ વર્ણન કર્યું છે એ ક્રમે જ છે. (ટી.) આથી એ સૂચિત થાય છે કે ઈતરદર્શનોમાં રહેલાઓમાં જે શમાદિગુણો દેખાય છે તે વાસ્તવિક નથી હોતા, માત્ર મંદમિથ્યાત્વને લીધે જ તે ગુણોનો ભાસ થાય છે.

एसो उ भावधम्मो धारेइ भवन्नवे निवडमाणं ।
जम्हा जीवं नियमा अन्नो उ भवंगभावेणं ॥ १९ ॥
एष तु भावधर्मो धारयति भवार्णवे निपतन्तम् ।
यस्माज्जीवं नियमादन्यस्तु भवाङ्गभावेन ॥ १९ ॥

આ જ ભાવધર્મ છે, કારણકે તે સંસારમાં ડૂબતા જીવોનો બચાવ કરે છે. અન્ય તો (ભાવ ભિન્ન ધર્મ) સંસારનું કારણ છે.

---

+ होइइ मोहं तवन्नु । पाठांतरम्

दाणाइया उ एयंमि चेव सुद्धा उ हुंति किरियाओ ।
एयाओ वि हु जम्हा मुक्खफलाओ पराओ य ॥ २० ॥

दानादिकास्त्वैतस्मिन्नेव शुद्धास्तु भवन्ति क्रियाः ।
एता अपि खलु यस्मान्मोक्षफलाः पराश्च ॥ २० ॥

આ ભાવધર્મથી યુકત એવી જ દાનાદિ ક્રિયાઓ શુદ્ધ બને છે. આવી શુદ્ધ ક્રિયાઓ મોક્ષફળદાયક હોવાથી શ્રેષ્ઠ છે. એ દાનાદિ ક્રિયાઓ પણ એનાથી જ (એ સમ્યકત્વરૂપ ભાવધર્મથી જ) મોક્ષફળદાયી અને શ્રેષ્ઠ બને છે.

॥ इति सद्धर्मविंशिका षष्ठी ॥

## 7. દાન ધર્મ

दाणं च होइ तिविहं नाणाभयधम्मुवग्गहकरं च ।
इत्थ पढमं पसत्थं विहिणा जुग्गाण धम्मम्मि ॥ १ ॥
दानं च भवति त्रिविधं ज्ञानाभयधर्मोपग्रहकरं च ।
अत्र प्रथमं प्रशस्तं विधिना योग्यानां धर्मे ॥ १ ॥

દાન ત્રણ પ્રકારનું છે. ૧. જ્ઞાનદાન, ૨. અભયદાન અને ૩. ધર્મોપગ્રહકર દાન. ધર્મને યોગ્ય આત્માઓને વિધિપૂર્વક જ્ઞાનનું દાન કરવું એ પ્રશસ્ત છે.

सेवियगुरुकुलवासो विसुद्धवयणोऽणुमन्निओ गुरुणा ।
सव्वत्थ णिच्छियमई दाया नाणस्स विन्नेओ ॥ २ ॥
सेवितगुरुकुलवासो विशुद्धवचनोऽनुमतो गुरुणा ।
सर्वार्थनिश्चितमतिर्दाता ज्ञानस्य विज्ञेयः ॥ २ ॥

જેણે ગુરુકુલવાસ સેવ્યો હોય, જે વિશુદ્ધ વાણીવાળો હોય, ગુરુની અનુજ્ઞા જેને મળી હોય, સર્વ અર્થોમાં જેની મતિ નિશ્ચિત હોય અર્થાત્ જે સંદિગ્ધજ્ઞાનવાળો ન હોય તે જ્ઞાનદાતા જાણવો.

सुस्सूसासंजुत्तो विन्नेओ गाहगो वि एयस्स ।
न सिराऽभावे खणणाउ चेव कूवे जलं होइ ॥ ३ ॥
शुश्रूषासंयुक्तो विज्ञेयो ग्राहकोऽप्येतस्य ।
न शिराभावे खननादेव कूपे जलं भवति ॥ ३ ॥

શુશ્રૂષા (સાંભળવાની ઈચ્છા)વાળો હોય તે જ જ્ઞાનનો ગ્રાહક જાણવો. શિરા ન હોય તો ખોદવામાત્રથી કૂવામાં પાણી આવી જતું નથી.

| (ટી.) | कूप | जल | ખોદકામ | શિરા |
|---|---|---|---|---|
| | ભવ્યજીવ | જ્ઞાનપરિણતિ | જ્ઞાનદાનપ્રયત્ન | શુશ્રૂષા |

શિરા ન હોય તો ગમે તેટલું ખોદવામાં આવે તો પણ પાણી ન નીકળે.

ओहेण वि उवएसो आयरिएणं विभागसो देओ ।
सामाइधम्मजणओ महुरगिराए विणीयस्स ॥ ४ ॥
ओघेनाप्युपदेश आचार्येण विभागशो देयः ।
सामायिकादिधर्मजनको मधुरगिरा विनीतस्स्य ॥ ४ ॥

સામાન્યથી પણ આચાર્યે વિભાગશઃ (જેવો ગ્રાહક તેવો ઉપદેશ –બાલ–મધ્ય–બુધના વિભાગથી) વિનીતને મધુરવાણી વડે સામાયિકાદિ ધર્મને ઉત્પન્ન કરનાર ઉપદેશ આપવો.

अविणीयमाणवंतो किलिस्सई भासई मुसं चेव ।
नाउं घंटालोहं को किर[1] करणे पवतिज्जा ? ॥ ५ ॥
अविनीतमाज्ञापयन् क्लिश्यते भाषते मृषैव ।
ज्ञात्वा घंटालोहं कः किल करणे प्रवर्तेत ॥ ५ ॥

અવિનીતને ઉપદેશ આપનાર પોતે જ ક્લેશ પામે છે અને મૃષાભાષી બને છે. ઘંટાલોહ = બરડ લોઢું જાણ્યા પછી ઘાટ ઘડવા કોણ બેસે ? (ટી.) અવિનીતમાં વચન વિપરિણતિને પામતું હોવાથી પરિણામની દૃષ્ટિએ તે હાનિકર હોવાથી મૃષા કહી શકાય. બરડ લોઢાનો ઘાટ ન ઘડી શકાય, હથોડા મારતાં ટુકડા થઈ જાય. તેમ અવિનીતને શિખામણ આપવાનો પ્રયત્ન કરવામાં આવે તો, એમાં એને કાંઈ પણ લાભ થાય નહિ અને ઉપદેશકનો પ્રયત્ન નિષ્ફળ જાય.

[2]विन्नेयमभयदाणं परमं मणवयणकायजोगेहिं ।
जीवाणमभयकरणं सव्वेसिं सव्वहा सम्मं ॥ ६ ॥
विज्ञेयमभयदानं परमं मनोवचनकाययोगैः ।
जीवानामभयकरणं सर्वेषां सर्वथा सम्यक् ॥ ६ ॥

પોતાના મન, વચન અને કાયાના યોગો વડે સર્વ જીવોને સંપૂર્ણ પણ સર્વપ્રકારે સારી રીતે અભય આપવું તે શ્રેષ્ઠ અભયદાન છે.

उत्तममेयं जम्हा तम्हा णाणुत्तमो तरइ दाउं ।
अणुपालिउं व, दिन्नं पि हंति समभावदारिद्दे ॥ ७ ॥
उत्तममेतद्यस्मात्तस्मान्नानुत्तमः शक्नोति दातुम् ।
अनुपालयितुं वा दत्तमपि हन्ति समभावदारिद्रे ॥ ७ ॥

આ દાન ઉત્તમ હોવાના કારણે અનુત્તમ આત્મા એ દાન કરી શકતા નથી. તેમ તેનું પાલન પણ કરી શકતા નથી. (એ દાન એટલું બધું ઉત્તમ છે કે) દેવા માત્રથી એ સમ્યક્ પ્રકારે ભાવ દારિદ્રયનો નાશ કરે છે. (અથવા દાતાને સમભાવની પ્રાપ્તિ કરાવે છે.)

---

१ ग कडकरणे २ क विन्नेयं अभय; घ च विन्नेय अभय

जिणवयणनाणजोगेणं तक्कुलठिईसमासिएणं च ।
विन्नेयमुत्तमत्तं[1] न अन्नहा इत्थ अहिगारे ॥ ८ ॥
जिनवचनज्ञानयोगेन तत्कुलस्थितिसमाश्रितेन च ।
विज्ञेयमुत्तमत्वं नान्यथात्राधिकारे ॥ ८ ॥

ગુરુકુલવાસમાં રહેનાર અને જિનવચનના જ્ઞાનથી સહિત એવા આત્માએ કરેલ અભયદાન ઉત્તમ જાણવું. અન્યનું અભયદાન ઉત્તમ ન હોઈ શકે. (ટી.) અહિંસાના શ્રેષ્ઠ પાલનમાં વિવિક્ત (નયસાપેક્ષ) ષટ્કાયપરિજ્ઞાનને મુખ્ય કારણ કહેવામાં આવ્યું છે. નયોનું જેને યથાર્થ જ્ઞાન છે તે જ ઉત્કૃષ્ટ અહિંસાનું પાલન કરી શકે. કારણ કે જિનવચન સ્યાદ્વાદગર્ભિત છે. (સમ્મતિતર્ક) અથવા નયજ્ઞ એવા ગીતાર્થની નિશ્રામાં રહીને અહિંસાનું સારી રીતે પાલન થઈ શકે, માટે ગુરુકુલ-વાસમાં રહેનાર એવું વિશેષણ મૂક્યું.

दाऊणेयं जो पुण आरंभाइसु पवत्तए[2] मूढो ।
भावदरिद्दो नियमा दूरे सो दाणधम्माणं ॥ ९ ॥
दत्त्वैतद्यः पुनरारम्भादिषु प्रवर्तते मूढः ।
भावदरिद्रो नियमाद् दूरे स दानधर्माणाम् ॥ ९ ॥

અભય દાન કરીને જે મૂઢ આરંભાદિમાં પ્રવર્તે છે. તે ભાવથી દરિદ્ર છે અને તે નિયમા દાનધર્મથી દૂર છે.

इहपरलोगेसु भयं जेण न संजायए कयाइयवि[3] ।
जीवाणं तक्कारी जो सो दाया उ एयस्स ॥ १० ॥
इहपरलोकेषु भयं येन न संजायते कदाचिदपि ।
जीवानां तत्कारी यः स दाता त्वेतस्य ॥ १० ॥

આ લોકમાં અને પરલોકમાં જેના વડે જીવોને કદી પણ ભય ન થાય તેવું (વર્તન) કરનાર જ અભયનો દાતા ગણાય.

इय देसओ वि दाया इमस्स एयारिसो तहिं विसए ।
इहरा दिन्नुद्दालणपायं[4] एयस्स दाणं ति ॥ ११ ॥

१ क घ च विन्नेयमुत्तिमत्तं २ क पवत्तए रूढो ३ क कयाइ वि
४ क दित्तुद्दालण; घ दिन्नुद्दाहलण; च ज दिन्नुदाहलण

इति देशतोऽपि दाताऽस्यैतादृशस्तस्मिन्विषये ।
इतरथा दत्तोद्दालनप्रायमेतस्य दानमिति ॥ ११ ॥

(૧) અભયદાન (શ્રાવકને) દેશથી પણ હોઈ શકે છે પણ તે હિંસાથી સર્વથા વિરત થવાની ભાવનાવાળો હોવો જોઈએ. જો એ ભાવના ન હોય તો એનું દાન, દાન આપીને પાછું લઈ લેવા જેવું ગણાય.

(૨) દેશથી પણ અભયનો દાતા તે વિષયમાં આવો (આ લોકમાં પરલોકમાં જેના વડે જીવોને કદી પણ ભય ન થાય તેવું વર્તન કરનાર) હોવો જોઈએ. જો એવો ન હોય તો એટલે કે – એનું વર્તન જો ભય ઉપજાવે તેવું હોય તો એનું દીધેલું અભય એ (ફરી ભય ઉપજાવવાના કારણે) આપીને ઝુંટવી લેવા જેવું છે.

नाणदयाणं खंतीविरईकिरियाइ तं[1] तओ देइ ।
अन्नो दरिद्दपडिसेहवयणतुल्लो भवे दाया ॥ १२ ॥
ज्ञानदययोः क्षान्तिविरतिक्रियया तत्ततो ददाति ।
अन्यो दरिद्रप्रतिषेधवचनतुल्यो भवेद्दाता ॥ १२ ॥

જ્ઞાન અને અભયને આપનાર ક્ષમા અને વિરતિથી યુક્ત હોવો જોઈએ. જો દાતા આ ગુણોથી યુક્ત ન હોય તો તે દરિદ્ર માણસના નિષેધ-વચન તુલ્ય-અવગણના પાત્ર બની જાય છે. (ટી.) જેમ દરિદ્ર માણસ કોઈ જાતનો નિષેધ કરે તો તેનું તે વચન કોઈ સન્માનતું નથી – અવગણી કાઢે છે, તેમ ક્ષમા અને વિરતિ વિનાનો દાતા સન્માન પામતો નથી. ઉલટું અવગણના પામે છે. (જ્ઞાન અને અભયનો દાતા)

एवमिहेयं पवरं सव्वेसिं चेव होई दाणाणं ।
इत्तो उ निओगेणं एयस्स वि ईसरो दाया ॥ १३ ॥
एवमिहैतत्प्रवरं सर्वेषामेव भवति दानानाम् ।
इतस्तु नियोगेन एतस्यापीश्वरो दाता ॥ १३ ॥

આવી રીતે અભયદાન સર્વદાનોમાં શ્રેષ્ઠ છે માટે એનો દાતા પણ નિયમા ઐશ્વર્યવાન જાણવો. (ટી.) જ્ઞાનદાન કરવું હોય તો દાતા પાસે જ્ઞાનસંપત્તિ જોઈએ. સુપાત્રદાન માટે દાતા પાસે ધન સંપત્તિ-ઉત્તમ દ્રવ્યો જોઈએ. એ વિના આ દાનો થઈ શકતાં નથી તેમ અભયદાનનો દાતા પણ ઉત્તમ ભાવ સંપત્તિવાળો હોય છે. અભયદાતા

१ घ च तत्तओ देइ

ભલે ઉપલક દૃષ્ટિએ કોઈ પણ સંપત્તિ વિનાનો દેખાતો હોય પણ જેની પાસે ભાવ ઐશ્વર્ય નથી, તે અભયદાન જેવું પ્રવર શ્રેષ્ઠ દાન ન આપી શકે માટે અભયદાતા નિયમા ઐશ્વર્યવાન હોય છે.

इय धम्मुवग्गहकरं दाणं [1]असणाइगोयरं तं च ।
पत्थमिव अन्नकाले [2]यं रोगिणो उत्तमं नेयं ॥ १४ ॥

इति धर्मोपग्रहकरं दानमशनादिगोचरं तच्च ।
पथ्यमिवान्नकाले च रोगिण उत्तमं ज्ञेयम् ॥ १४ ॥

ધર્મની સાધના કરનાર મહાત્માઓને આપવામાં આવતા અન્નાદિના દાનને ધર્મોપગ્રહકરદાન કહેવામાં આવે છે. રોગી માણસને અન્નકાળે (ભોજન સમયે) આપેલું પથ્ય જેમ રોગનું નાશક અને પુષ્ટિ આપનારું બને છે, તેમ ધર્મ દેહને ટકાવવા માટે તેમજ ભાવરોગ (કર્મ)નો નાશ કરવા માટે નિર્દોષ આહારાદિ ઉપયુક્ત છે. (ટી.) પાઠાંતર (પાટણ ભંડાર) જેમ નીરોગી માણસને ભોજન સમયે આપેલું પથ્ય અન્ન હિતકર છે તેમ ધર્મ આરોગ્ય ટકાવવા માટે પણ નિર્દોષ આહારાદિ (સમાધિ ટકાવવા સહાયક હોવાથી) હિતકર છે.

सद्धासक्कारजुयं सकमेणं तहोचियम्मि कालम्मि ।
[3]अन्नाणुवघाएणं वयणा एवं सुपरिसुद्धं ॥ १५ ॥

श्रद्धासत्कारयुतं सक्रमेण तथोचिते काले ।
अन्यानुपघातेन वचनादेवं सुपरिशुद्धम् ॥ १५ ॥

આ (ધર્મોપગ્રહ) દાન, શ્રદ્ધા અને ક્રમપૂર્વક ઉચિતકાળે કોઈને પણ પીડા ન થાય તેવી રીતે અને જિનવચનને અનુસરીને આપેલ હોય તો તે વિશુદ્ધ બને છે.

गुरुणाऽणुन्नायभरो नाओवज्जियधणो य एयस्स ।
दाया अदुत्थपरियणवग्गो सम्मं दयालू य ॥ १६ ॥

गुरुणाऽनुज्ञातभरो न्यायोपार्जितधनश्चैतस्य ।
दाता अदुःस्थपरिजनवर्गः सम्यग् दयालुश्च ॥ १६ ॥

વૃદ્ધ પુરુષોએ જેને ઘરનો ભાર સોંપ્યો છે – ઘરના વડિલોએ જેને અનુજ્ઞા આપેલ છે, જે ન્યાયોપાર્જિત ધનવાળો છે, જેનો પરિજન વર્ગ (સંબંધિવર્ગ) દુ:ખી નથી

१ क असणाइगोयरं जं च; २ ज आरोगिणो ३. ज अन्नानुव

અને જે સારી રીતે દયાળુ છે તે ધર્મોપગ્રહકર દાનનો દાતા હોઈ શકે. (આવો દાતા હોય તો તેનું દાન શોભી ઉઠે. નહિતર તે લોકમાં નિંદાય, પરિણામે ધર્મ પણ નિંદાય.)

अणुकंपादाणं पि य अणुकंपागोयरेसु सत्तेसु ।
जायइ धम्मोवग्गहहेऊ करुणापहाणस्स ॥ १७ ॥

अनुकम्पादानमपि चानुकम्पागोचरेषु सत्त्वेषु ।
जायते धर्मोपग्रहहेतुः करुणाप्रधानस्य ॥ १७ ॥

ता एयं पि पसत्थं तित्थयरेणावि भयवया गिहिणा ।
सयमाइन्नं दियदेवदूसदाणेण गिहिणो वि ॥ १८ ॥[१]

तदेतदपि प्रशस्तं तीर्थकरेणापि भगवता गृहिणा ।
स्वयमाचीर्णं द्विजदेवदूष्यदानेन गृहिणोऽपि ॥ १८ ॥

અનુકંપા કરવા યોગ્ય જીવોને કરુણાપ્રધાન એવા દાતાએ આપેલું અનુકંપાદાન પણ ધર્મની પુષ્ટિનું કારણ છે. (૧૭) માટે અનુકંપાદાન પણ પ્રશસ્ત છે. ગૃહસ્થપણામાં ખુદ તીર્થંકરદેવે પણ વરસીદાન આપેલું છે તથા શ્રમણપણામાં પણ બ્રાહ્મણને દેવ-દુષ્યનું દાન કરીને શ્રી વીરપ્રભુએ સ્વયં એનું આચરણ કરેલું છે.

धम्मस्साइपयमिणं जम्हा सीलं इमस्स पज्जंते ।
तव्विरयस्सावि जओ नियमा संनिवेयणा गुरुणो ॥ १९ ॥[२]

धर्मस्यादिपदमिदं यस्माच्छीलमस्य पर्यन्ते ।
तद्विरतस्यापि यतो नियमात्स्वनिवेदनाद् गुरोः ॥ १९ ॥

तम्हा सत्तऽणुरूवं अणुकंपासंगएण भव्वेणं ।
अणुचिट्ठियव्वमेवं इत्तो च्चिय सेसगुणसिद्धि ॥ २० ॥

तस्माच्छक्त्यनूरूपमनुकम्पासंगतेन भव्येन ।
अनुष्ठातव्यमेतदित एव शेषगुणसिद्धिः ॥ २० ॥

દાન એ ધર્મનું પ્રથમ પગથીયું છે. કારણ કે દાન પછી શીલ આવે છે. વિરત એવા શ્રમણોને પણ ગોચરી લાવ્યા પછી ગુરુઓને પોતે લાવેલા આહારમાંથી અનુકૂળ આહાર ગ્રહણ કરીને અનુગ્રહ કરવાની પ્રાર્થનારૂપ નિવેદન વડે એ દાન- ધર્મનું

१ घ च दाणेणगिहिणा वि २ घ च, सति वेयणा

આચરણ નિયમા હોય છે માટે ભવ્યજીવે શક્તિ અનુસાર અનુકંપા સહિત દાન ધર્મનું પાલન કરવું જોઈએ કારણ કે એનાથી જ શેષ ગુણોની પ્રાપ્તિ થાય છે. (ટી.) દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મમાં દાન પ્રથમ પદે છે. અથવા ધર્મનો પ્રારંભ દાનથી થાય છે અથવા ધર્મનો પ્રારંભ એ અનુકંપાદાનથી થાય છે અને એના અંતે શીલ છે. એટલે કે બીજો આચાર તો પછી આવે છે, માટે તેનાથી વિરત (એવા સાધુને) ને પણ અવસરે ગુરુને નિવેદનપૂર્વક અનુકંપાદાન નિયમા હોય છે. અનુકંપાથી જ ધર્મની શરૂઆત હોવાથી તથા ધર્મ કરુણાપ્રધાન હોવાથી સામાન્યતઃ એનાથી વિરત એવા સાધુને પણ અવસરે ગીતાર્થને જણાવીને એનું આચરણ અવશ્ય હોય છે. (જેમ વીર પ્રભુ દ્વારા બ્રાહ્મણને દેવદુષ્યનું દાન) દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના ધર્મમાં દાન અનુસ્યૂત – વણાયેલ છે. દાનમાં સ્વદ્રવ્યોનો ત્યાગ છે, શીલમાં પ્રાપ્ત ભોગોનો કે અપ્રાપ્તની ઈચ્છાનો ત્યાગ છે, તપમાં આહારનો ત્યાગ છે અને ભાવમાં પોતાના અશુભ હલકા (વિષય કષાયથી પ્રેરિત) વિચારો – અધ્યવસાયોનો ત્યાગ છે. ઉત્તરોત્તર ત્યાગ વધુ કઠિન છે કારણ કે દાનમાં તો બાહ્ય, અસ્થિર અને અનાવશ્યક ધનનો જ માત્ર ત્યાગ છે. ભોગમાં ધન કરતાં નિકટતાનો સંબંધ આત્મા સાથે છે. ભોગથી તૃપ્તિનો અનુભવ આત્મા સીધો જ કરે છે. જ્યારે ધન તો એ ભોગના સાધનોનું સાધન છે એટલે એના ત્યાગ કરતા ભોગનો ત્યાગ વધુ કપરો છે. તપમાં આહારનો ત્યાગ છે. આત્માને સૌથી વધારે મમત્વ દેહ ઉપર છે અને આહાર ઉપરનો ત્યાગ દેહ ઉપર સીધી અસર કરે છે. તેથી બીજા ભોગોના ત્યાગ કરતાં આહારનો ત્યાગ મુશ્કેલ બને છે અને પોતાના વિચારોનો ત્યાગ તો એથી પણ દુષ્કર છે. માણસને પોતાના વિચારો ઉપર – માન્યતાઓ ઉપર અનેરૂં મમત્વ હોય છે. એટલે દાનધર્મની પરાકાષ્ઠાએ આત્મા પહોંચે છે ત્યારે એ ગુરુચરણે સંયમ ધર્મ અંગીકાર કરે છે. આજથી હું સર્વસ્વનો ધન, કુટુંબ, ભોગો અને મારી ઈચ્છાનુસાર તૈયાર થતા આહારનો ત્યાગ (ભિક્ષાવૃત્તિનો સ્વીકાર) કરું છું એટલું નહિ પણ મારા મનનો પણ ત્યાગ કરું છું. જે આપની ઈચ્છા એ જ મારી ઈચ્છા. જે આપનો વિચાર તે જ મારો વિચાર. આ રીતે દ્રવ્યનો ત્યાગ એ ધર્મનું પ્રથમ પગથીયું હોવાથી એ સ્વવિચારો–સ્વચ્છંદતાનો ત્યાગ એ ઘણું કપરું કાર્ય હોવાથી તથા સંયમ જીવન સ્વછંદતાના ત્યાગ ઉપર જ વિકસતું હોવાથી યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું છે કે –

"यः सद् बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् ।
कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत ? ॥

(પ્રકાશ–૩. શ્લો.–૧૨૦)

॥ इति दानविंशिका सप्तमी ॥

# 8. પૂજા ધર્મ

पूया देवस्स दुहा विन्नेया दव्वभावभेएणं ।
इयरेयरजु[1]त्ता वि हु तत्तेण पहाणगुणभावा ॥ १ ॥
पूजा देवस्य द्विधा विज्ञेया द्रव्यभावभेदेन ।
इतरेतरयुक्तापि खलु तत्त्वेन प्रधानगुणभावा ॥ १ ॥

દેવાધિદેવની પૂજા બે પ્રકારે છે. (૧) દ્રવ્યપૂજા અને (૨) ભાવપૂજા. (નિશ્ચયનયથી) બન્ને પૂજાઓ પરસ્પર સંકળાયેલી હોવા છતાં (વ્યવહારમાં) ભાવનું પ્રાધાન્ય હોય તો ભાવપૂજા કહેવાય છે અને દ્રવ્યનું પ્રાધાન્ય હોય તો દ્રવ્યપૂજા કહેવાય છે.

(ટી.) 'दुविहा जिणिंदपूआ दव्वे भावे य, तत्थ दव्वंमि दव्वेहिं ।
जिणपूआ जिणआणापालणं भावे ॥'

સંબોધપ્રકરણ દેવાધિદેવાધિકાર - ગાથા. ૧૯૭

જિનેન્દ્રપૂજા, દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. દ્રવ્યો (પુષ્પાદિ) વડે પૂજા તે દ્રવ્યપૂજા અને જિનાજ્ઞાનું પાલન (સંયમ) તે ભાવ પૂજા છે.

प[2]ढमा गिहिणो सा वि य तहा तहा भावभेयओ तिविहा ।
कायवयमणविसुद्धी सम्भूओगरणपरिभेया ॥ २ ॥
प्रथमा गृहिणः साऽपि च तथा तथा भावभेदतस्त्रिविधा ।
कायवचोमनोविशुद्धि सम्भूतोपकरणपरिभेदा ॥ २ ॥

દ્રવ્ય પૂજા ગૃહસ્થને હોય. તે તે પ્રકારના ભાવોના (કરણ-કરાવણ-અનુમોદન કે જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ) કારણે તે પૂજાના ત્રણ ભેદ પડે છે. મન વચન અને કાયાની શુદ્ધિ વડે અથવા એકત્ર કરેલ ઉપકરણોના ભેદથી પણ પૂજાના ત્રણ ભેદ પડે છે. (સમંતભદ્રા, સર્વમંગલા અને સર્વસિદ્ધિફલા.)

सव्वगुणाहिगविसया नियमुत्तमवं[3]त्थुदाणपरिओसा ।
कायकिरियापहाणा समंतभद्दा पढमपूया ॥ ३ ॥
सर्वगुणाधिकविषया नियमोत्तमवस्तुदानपरितोषा ।
कायक्रियाप्रधाना समन्तभद्रा प्रथमपूजा ॥ ३ ॥

---

१ घ जुत्तो वि हु २ अ पढमगिहीणो ३ क घ च वत्थदाण

સર્વગુણાધિક એવા શ્રી તીર્થંકર પરમાત્મા જેના વિષય છે. જેમાં પોતાની ઉત્તમ વસ્તુઓ (બરાસ–ચંદન, કેસર, દશાંગ ધૂપ ઉત્તમ સુગંધી પુષ્પો વિગેરે) ના દાનથી ચિત્ત પ્રસન્નતા થાય છે અને કાયાની ક્રિયા જેમાં પ્રધાન છે એવી સમંતભદ્રા નામની પ્રથમ દ્રવ્ય પૂજા છે. (અષ્ટપ્રકારી વગેરે)

बीया उ सव्वमंगलनामा वायकिरियापहाणेसा ।
पुव्वुत्तविसयवत्थुसु ओचित्ताणयणभेएण ॥ ४ ॥

द्वितीया तु सर्वमङ्गलनामा वाक्क्रियाप्रधानैषा ।
पूर्वोक्तविषयवस्तुषु औचित्यानयनभेदेन ॥ ४ ॥

બીજી સર્વમંગલા નામની દ્રવ્ય પૂજા છે. તેમાં વચન ક્રિયા (સ્તોત્ર, સ્તવન, ગીત, વાજિંત્રાદિ)નું પ્રાધાન્ય હોય છે. આ પૂજાનો વિષય શ્રી જિનેશ્વરદેવ જ છે અને પૂજાની સામગ્રી પણ પહેલા કહી તે જ છે. પરંતુ તેમાં વિશેષ ઔચિત્ય લાવવાથી ભેદ પડે છે.

तइया परतत्तगया सव्वुत्तमवत्थुमाणसनिओगा ।
सुद्धमणजोगसारा विन्नेया सव्वसिद्धिफला ॥ ५ ॥

तृतीया परतत्त्वगता सर्वोत्तमवस्तुमानसनियोगा ।
शुद्धमनोयोगसारा विज्ञेया सर्वसिद्धिफला ॥ ५ ॥

ત્રીજી પૂજાનો વિષય પરમતત્વરૂપ શ્રી જિનેશ્વરદેવ જ છે. તેમાં સર્વોત્તમ વસ્તુઓ (ક્ષીર સમુદ્રના પાણી, કલ્પવૃક્ષના પુષ્પો વગેરે)નો મનથી નિયોગ કરવામાં આવે છે. ત્રણ લોકમાં રહેલ, સુંદર પુષ્પાદિનું આપાદન પોતાના પુષ્પાદિકમાં કરીને તે પુષ્પાદિ દ્વારા પૂજા કરે. (સ્નાત્ર પૂજા) શુદ્ધ મનોયોગના પ્રાધાન્યવાળી જ્ઞાનસાર ટબામાં (ભાવપૂજાષ્ટકમાં) આ પૂજાનું 'ભાવનોપવીતમાનસા' એવું સાર્થક નામ આપ્યું છે.

पढमावंचकजोगा सम्मद्दिट्ठिस्स होइ पढम त्ति ।
इयरेयरजोगेणं उत्तरगुणधारिणो नेया ॥ ६ ॥

प्रथमावंचकयोगात् सम्यग्दृष्टेर्भवति प्रथमेति ।
इतरेतरयोगेन उत्तरगुणधारिणो ज्ञेया ॥ ६ ॥

પ્રથમ અવંચક યોગ (યોગાવંચક)ના કારણે સમ્યગ્દષ્ટિને પ્રથમ (સમંતભદ્રા) પૂજા હોય છે. બીજી (સર્વમંગલા) સામાયિક, પૌષધાદિ ઉત્તર ગુણધારી શ્રાવકને દ્વિતીય અવંચક યોગ (ક્રિયાવંચક)ના કારણે હોય છે.

तइया तइयावंचकजोगेणं परमसावगस्सेवं ।
जोगा य समाहीहिं साहुजुगकिरियफलकरणा[१] ॥ ७ ॥

तृतीया तृतीयावंचकयोगेन परमश्रावकस्येवम् ।
योगाश्च समाधिभिः सा खलु ऋजुकक्रियाफलकरणात् ॥ ७ ॥

ત્રીજી (સર્વાર્થસિદ્ધિફલા) પૂજા તૃતીય અવંચક (ફલાવંચક) યોગના કારણે પરમશ્રાવકને હોય છે. વિશુદ્ધ યોગ અને સમાધિ વડે આ પૂજા સાધુયોગ્ય પ્રક્રિયારૂપ ફલની પ્રાપ્તિ કરાવે છે. (અવંચક ત્રયનું સ્વરૂપ)

## ત્રણ અવંચકયોગનું સ્વરૂપ

'सद्भिः कल्याण संपन्नै- दर्शनादपि पावनैः ।
तथा दर्शनतो योग आद्यावंचक उच्यते ॥'

દર્શનથી પણ પાવન એવા કલ્યાણ સંપન્ન સત્પુરુષો સાથે 'એ સત્પુરુષ છે' એવા પ્રકારના દર્શન ઓળખપૂર્વકનો યોગ તે આદ્યયોગાવંચકયોગ કહેવાય છે.

तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।
क्रियावंचकयोगः स्यान्महापापक्षयोदयः ॥

તે જ સંતોને પ્રણામાદિ કરવાનો નિયમ એ મહાપાપ ક્ષયના ઉદયરૂપ ક્રિયાવંચક યોગ છે. એટલે કે તે મહાપાપના ક્ષયથી પ્રગટે છે.

फलावंचकयोगस्तु सद्भ्यः एव नियोगतः ।
सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ॥

અને ફલાવંચક યોગ તો સત્સંગના કારણે અવશ્યમેવ ધર્મસિદ્ધિ વિષયક સાનુબન્ધ ફલપ્રાપ્તિ છે. આ યોગો નિષ્ફળ ન હોય ત્યારે અવંચક કહેવાય છે. વિશેષ સ્વરૂપ યોગદૃષ્ટિ સમુચ્ચયની ટીકાથી જાણવું.

આ સાતમા શ્લોકના ચોથા પાદનો 'साहुसमकिरियफलकरणं' એવો પાઠ પણ છે. ત્રીજી પૂજાથી શ્રાવકની પ્રતિમાઓની પ્રાપ્તિ, તેમાં છેલ્લી પ્રતિમામાં સાધુ જેવી ક્રિયા અને પછી વીર્યોલ્લાસ વધતાં ચારિત્ર્ય પ્રાપ્તિ એ વિકાસક્રમ છે. સરખાવો 'साहुजुगकिरिफलकरणा' (પ્રતિમાશતક પા. ૬૨)

'विग्घोवसामिगेगा अब्भुदयसाहणी भवे बीआ ।
निव्वुइकरणी तइया फलया हु जहत्थनामेहिं ॥'

---

१ च सा हुज्जुगकिरिय

સમંતભદ્રા વિઘ્નોનું ઉપશમન કરે છે, સર્વમંગલા અભ્યુદય (સ્વર્ગ)નું કારણ છે અને સર્વસિદ્ધિફલા નિવૃત્તિને (સર્વવિરતિસંયમરૂપ) લાવનારી છે. (સંબોધ પ્રકરણ ગા.–૧૯૪)

पढमकरणभेएणं गंन्थ्यासन्नस्स धम्ममित्तफला ।
सोहुज्जुगाइभावो जायइ तह नाणुबंधुत्ति ॥ ८ ॥[1]

प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नस्य धर्ममात्रफला ।
सा हि ऋजुकादिभावो जायते तथा नानुबन्ध इति ॥ ८ ॥

પ્રથમકરણના ભેદ વડે ગ્રન્થીદેશની નજીક આવેલા (અપુનર્બંધક)ને પણ જિન પૂજા હોઈ શકે. એ પૂજા એને ધર્મની પ્રાપ્તિ (ભાવિમાં) રૂપ ફળ આપનાર બને છે. અહીં અપુનર્બંધક અવસ્થામાં તેનો ભાવ (ઋજુ) સરળ હોય છે. તેને (વિશેષજ્ઞાન અને પ્રણિધાનાદિ ન હોવાથી) ધર્મનો અનુબંધ પડતો નથી. (ટી.) ગ્રન્થિ ભેદ પહેલાની દશા અપુનર્બંધકની હોય છે. અપુનર્બંધકને પણ જિનપૂજા હોઈ શકે એમ પંચાશકમાં કહ્યું છે.

प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्न च धर्ममात्रफलेवैयं ।
सद्योगादिभावात् अनुबन्धासिद्धेश्च ॥ (ષોડશક–૧૦ ગા.–૯)

भवठिइभंगो एसो तह य महापहविसोहणो परमो ।
नियविरियसमुल्लासो जायइ संपत्तबीयस्स ॥ ९ ॥

भवस्थितिभङ्ग एष तथा च महापथविशोधनः परमः ।
निजवीर्यसमुल्लासो जायते संप्राप्तबीजस्य ॥ ९ ॥

સદ્ધર્મ બીજ પામેલા આત્માને (આ જિનપૂજામાં) ભવસ્થિતિનો ભંગ–નાશ કરે તેવો અને મહાપથ ભાવમાર્ગનો વિશોધક એવો અતિ ઉચ્ચ સ્વવીર્યોલ્લાસ જાગે છે. (ટી.) એને અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક ભવસ્થિતિ ન હોય માટે. વિશોધક = અંતરાયો દૂર કરી ભાવ માર્ગમાં લઈ જનાર.

संलग्गमाणसमओ धम्मट्ठाणं पि बिंति समयण्णू ।
अवगारिणो वि इत्थद्दुसाहणाओ य सम्मं ति ॥ १० ॥[2]

---

१ क घ च सा हुज्जगाइ; ग हुज्जग्गइ; ख हुजुगइ २ क अणगारिणो वि (हरितालेन 'अगारिणो' इति शुद्धीकृतं)

संलग्नमानसमको धर्मस्थानमपि ब्रुवन्ति समयज्ञाः ।
अपकारिणोप्यत्रार्थसाधनाच्च सम्यगिति ॥ १० ॥

આ વીર્યોલ્લાસને સમયજ્ઞો–ગીતાર્થો સંલગ્નમાનસમયધર્મસ્થાન (જેમાં માનસ, ધર્મમાંજ સંલગ્ન બને છે. ધર્મ સિવાય અન્ય કોઈ પણ જ્યાં કરણીય લાગતું નથી.) પણ કહે છે તે યોગ્ય જ છે. કેમકે અહીં અપકારીનું પણ ભલું કરવાની વૃત્તિ હોય છે. પાઠાંતર "अगारिणो" વિ થી ગૃહસ્થને પણ મોક્ષ સાધી આપે છે.

पंचट्ठसव्वभेओवयारजुत्ता[1] य होई एस त्ति ।
जिणचउवीसाजोगोवयारसंपत्तिरूवा य ॥ ११ ॥
पंचाष्टसर्वभेदोपचारयुक्ता च भवति एषेति ।
जिनचतुर्विंशिकायोगोपचारसंपत्तिरूपा च ॥ ११ ॥

પંચ પ્રકારી, અષ્ટ પ્રકારી, (સત્તરભેદી) અને સર્વોપચારયુક્ત એમ પણ પૂજાના ભેદ પડી શકે છે. (એકપણ જિનેશ્વરની પૂજા) એ ચોવીસે જિનેશ્વરોનો વિનય કરવા રૂપ પણ છે. (ટી.) 'तत्थ य पंचुवयारा कुसुमक्खयगंधधूवदीवेहिं ।' પુષ્પ, ચોખા, ગંધ, ધૂપ અને દીપ વડે પંચ પ્રકારી પૂજા થઈ શકે. 'कुसुमक्ख्यगंधपईवधूवने-वेजफलजलेहिं पुणो । अट्ठविहकम्मदलणी अट्ठुवयारा हवई पूआ ॥' सव्वोवयार-पूयाण्हवणच्चणवत्थभूसणाइहिं । फलबलिदीवाईहिं नट्टगीअआरत्तिआहिं ति ॥"

ચૈત્યવન્દન મહાભાષ્ય ગા. ૨૦-૯-૧૧

પુષ્પ, અક્ષત, ગંધ, દીપ, ધૂપ, નૈવેદ્ય, ફલ અને જલ વડે અષ્ટકર્મની નાશક એવી અષ્ટ પ્રકારી પૂજા થાય છે. સર્વપ્રકારી પૂજામાં સ્નાન, અર્ચન, વસ્ત્ર, અલંકાર, ફલ, નૈવેદ્ય, દીપ, નૃત્ય, ગીત, આરતિ વગેરે આવે.

અથવા ષોડશક શ્લોક ૩જાની ટીકામાં ઉપા૦ યશો૦

**પંચોપચાર :-**

૧. जानुद्वयकरद्वयोत्तमाङ्गलक्षणैः ।

૨. પંચ અભિગમ સાચવવા વડે.

(i) રાજાને ૧ ખડ્ગ, ૨ જોડા, ૩ મુગટ, ૪ છત્ર અને ૫ ચામરના ત્યાગ વડે

(ii) અન્યને ૧ સચિત દ્રવ્યનો ત્યાગ, ૨ અચિત્તદ્રવ્યનો અત્યાગ

---

१ क घ च जुत्तो

૩. મનની એકાગ્રતા ૪. ખેસ અને

૫. જિનપ્રતિમાના દર્શન થતાં જ અંજલી વડે પ્રણામ.

અષ્ટોપચાર :- अष्टभिरंगैः शीर्षोदरपृष्ठबाहुद्वयोरुद्वयलक्षणैरुपचारोऽस्याम् । મસ્તક, ઉદર, પીઠ, છાતી, બે બાહુ, બે સાથળ એમ આઠ અંગો વડે.

સર્વોપચાર :- सर्वैः प्रकारैरन्तःपुरहस्त्यश्वरथादिभिः । અંતઃપુર, હાથી, ઘોડા, રથાદિસર્વસામગ્રી વડે દસાર્ણભદ્રની જેમ.

सुद्धं चेव निमित्तं दव्वं भावेण सोहियव्वं ति ।
इय एगंतविसुद्धा[1] जायइ एसा तहिट्ठफला ॥ १२ ॥
शुद्धमेव निमित्तं द्रव्यं भावेन शोधयितव्यमिति ।
इत्येकान्तविशुद्धा जायते एषा तथेष्टफला ॥ १२ ॥

વિશુદ્ધ દ્રવ્યરૂપ જે નિમિત્ત (પૂજાની સામગ્રી) તેને શુભભાવ વડે પવિત્ર બનાવવું જોઈએ. આવી રીતે ભાવ વડે તે દ્રવ્ય પૂજા એકાંત વિશુદ્ધ બને છે અને ઈષ્ટફલ = મોક્ષદ બને છે.

બીજી રીતે અર્થ : શુદ્ધ દ્રવ્યો (જિનબિંબ, પૂજા સામગ્રી વગેરે) નિમિત્તો છે. તે નિમિત્તોને લીધે શુભ ભાવોલ્લાસ જાગે છે. ભાવોલ્લાસની માત્રા જેમ અધિક તેમ તે દ્રવ્યો પણ વિશુદ્ધ બનતા જાય છે. માટે ખૂબ જ ભાવોલ્લાસ જગાડી તે દ્રવ્યોની વિશુદ્ધિ કરવી. આવી રીતે ભાવ વડે દ્રવ્યપૂજા એકાન્ત વિશુદ્ધ બને છે. અને અનુક્રમે મોક્ષ સુધી લઈ જાય છે. જેમ કુમારપાલ મહારાજના જીવે પૂર્વભવમાં માત્ર પાંચ કોડીના ફૂલથી પૂજા કરેલી પરંતુ ભાવોલ્લાસની તીવ્રતાના કારણે એ પૂજાથી પછીના જ ભવમાં રાજ્યની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહિ પણ ત્રીજા જ ભવે ગણધર પદવી અપાવે એવી આરાધના રાજા હોવા છતાં કરી શકે છે. આવતી ચોવીસીના પહેલા તીર્થંકરના ગણધર થવાના છે.

सयकारियाइ एसा जायइ ठवणाइ बहुफला केइ ।
गुरुकारियाइ अन्ने विसिट्ठविहिकारियाए य ॥ १३ ॥
स्वयंकारितयैषा जायते स्थापनया बहुफला केचित् ।
गुरुकारितया अन्ये विशिष्टविधिकारितया च ॥ १३ ॥

१ अ क विसुद्धो

સ્વયંકારિત એવા જિનબિંબની દ્રવ્ય-પૂજા બહુ ફળદાયી છે, એમ કેટલાક કહે છે. કોઈ વળી એમ કહે છે કે - પૂર્વપુરુષોએ (વૃદ્ધોએ) કરાવેલ પ્રતિમાની પૂજા અધિક ફળદાયક છે જ્યારે બીજા એમ કહે છે કે - વિશિષ્ટ વિધિથી ભરાવેલ જિન પ્રતિમાની પૂજા બહુફલવાળી છે.

(ટી.) 'गुरुकारियाइ केई, अन्ने सयकारियाई तं बिंति ।
विहिकारियाई अन्ने, पडिमाए पूअणविहाणं ॥ સમ્યક્ત્વ પ્રકરણ

● थंडिल्ले वि य एसा *मणठवणाए पसत्थिगा चेव ।
आगासगोमयाइहिं इत्थमुल्लेवणाइ हियं ॥ १४ ॥
स्थण्डिलेप्येषा मनःस्थापनया प्रशस्तिका चैव ।
आकाशगोमयादिभिरत्रोपलेपनादि हितम् ॥ १४ ॥

કોઈ પણ શુભ સ્થાનમાં મનસ્થાપના વડે આ પૂજા પ્રશસ્ત છે. ગૃહભૂમિ શુદ્ધ અને પવિત્ર છાણથી લીંપવી જોઈએ. (વાતાવરણની પ્રસન્નતા સર્જવામાં) એ હિતકર છે.

*મનમાં જિનબિંબને ધારણ કરી ક્ષીરસમુદ્રનાં પાણી, ઉત્તમ-પુષ્પો વગેરેથી આપણે પૂજા કરીએ છીએ એવી ભાવના કરવા વડે. ● स्थंडिले शुद्धस्थानमात्रेऽप्येषा मनःस्थापनया विशिष्ट विधिसामग्री विना पंचनमस्कारस्थापनामात्रेणापि प्रशस्ता अभिमता, अत्र आकाशगोमयादिभिः पवित्रोर्ध्वस्थगोमयादिभिरुपलेपनादि भूम्यादेर्हितं तावन्मात्रविधेरपि फलदत्वात् । ષોડશક-૯ શ્લોક ૪ વૃત્તિ (ઉપા૦ યશો૦ વિ.)

उवयारंगा इह सोवओगसाहारणाण इट्ठफला ।
किंचि विसेसेण तओ सव्वे ते विभइयव्व त्ति ॥ १५ ॥
उपचाराङ्गा इह सोपयोगसाधारणानामिष्टफला ।
किंचिद्विशेषेण ततः सर्वे ते विभाजयितव्या इति ॥ १५ ॥

અહીં અનુષ્ઠાનોમાં ઉપયોગ (પ્રણિધાન) એ સાધારણ છે. ઉપયોગ સહિત અનુષ્ઠાનમાં પૂર્વોક્ત સર્વ પક્ષો (સ્વયંકારિતાદિ) ઉપકારક છે. અર્થાત્ ઉપયોગ સહિત કરાતા અનુષ્ઠાનમાં કોઈ પણ પક્ષને અપનાવવામાં આવે તો તે ઉપકારક છે. છતાં પોતાની કોઈ વિશેષતાથી તે બધાનો વિભાગ કરેલ છે. (ટી.) एते सर्वेऽपि पक्षाः (स्वकृतस्थापनादिपक्षाः) स्वोपयोगसाधारणानामनुष्ठानानां 'उवयारंग' त्ति उपारागानीति

किंचिद् विशेषेणेष्टफला: ॥ कर्म हि सर्व सर्वस्योपयोगसदृशं प्रशस्तं न तु कस्यचित् किंचिज्जात्या प्रतिनियतं ततो यस्य यदुपकारक तस्य तद् इष्टमिति स्वकृतादिपक्षाः सर्वेऽपि विभक्तव्याः स्वकृतस्थापनादिबुद्धया भक्ति विशेषोत्पत्तौ समीचीना इति भावः । इत्थं च ये गुर्वादिप्रतिष्ठापितत्त्वं सर्वथानुपयोगीति वदन्ति ये च विधिप्रतिष्ठापितत्त्वे एव निर्भरं कुर्वन्ति तेषां अभिप्रायं ते एव विदन्ति इति कृतं अतिविस्तरेण ।

**एवं कुणमाणाणं एयां दुरियक्खओ इहं जम्मे ।**
**परलोगम्मि य गोरवभोगा परमं च निव्वाणं ॥ १६ ।**
**एवं कुर्वतामेतां दुरितक्षय इह जन्मनि ।**
**परलोके च गौरवभोगाः परमं च निर्वाणम् ॥ १६ ॥**

આ રીતે દ્રવ્ય પૂજા કરનારને આ જન્મમાં દુરિતનો ક્ષય થાય છે અને પરલોકમાં ઉત્તમ ભોગો (અથવા ગૌરવ અને ભોગો)ની પ્રાપ્તિ અને અંતમાં પરમ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

**इक्कं पि उदगबिंदू जह पक्खित्तं महासमुद्दम्मि ।**
**जायइ अक्खयमेयं पूया वि जिणेसु विन्नेया ॥ १७ ॥**
**एकमप्युदकबिन्दु यथा प्रक्षिप्तं महासमुद्रे ।**
**जायतेऽक्षयमेवं पूजापि जिनेषु विज्ञेया ॥ १७ ॥**

મહા સમુદ્રમાં નાખેલું પાણીનું એક પણ ટીપું જેમ અક્ષય બની જાય છે તેમ જિનેશ્વરને વિશે પૂજા–એ પૂજામાં વપરાયેલ દ્રવ્ય સામગ્રી પણ અક્ષય બની જાય છે. (ટી.) દ્રવ્ય પૂજાથી ઉપાર્જન થયેલ પુણ્યાનુબંધી પુણ્યને લીધે તે આત્માને સંપત્તિની પ્રાપ્તિ સદા થયા જ કરે છે. તેથી એ પૂજામાં વ્યય કરેલ દ્રવ્ય સામગ્રી અક્ષય થઈ ગઈ એમ કહી શકાય. અથવા મહા સમુદ્રમાં પડેલું જલ–બિન્દુ જેમ અક્ષય (સમુદ્રરૂપ) બની જાય છે તેમ જિનપૂજા વડે જિનમાં જેની સમાપત્તિ–એકતા થાય છે એવો આત્મા પણ અંતે સ્વયં જિન બની જાય છે. (સરખાવો ગાથા – ૧૮)

**अक्खयभावे भावो मिलिओ तब्भावसाहगो नियमा ।**
**न हु तंबं रसविद्धं पुणो वि तंबत्तणमुवेइ ॥ १८ ॥**
**अक्षयभावे भावो मिलितस्तद्भावसाधको नियमात् ।**
**नहि ताम्रं रसविद्धं पुनरपि ताम्रत्वमुपैति ॥ १८ ॥**

શ્રી જિનેશ્વર દેવના અક્ષય ભાવમાં (ક્ષાયિક ભાવમાં) મળેલો ભાવ (ક્ષયોપશમ ભાવનો શ્રી જિનેશ્વર દેવ ઉપરનો રાગ) તે ભાવનો (ક્ષાયિક ભાવનો) સાધક બને છે. જેમ રસ વિંધ્યું તાંબુ ફરીથી તામ્રપણું પામતું નથી. અથવા અક્ષયભાવ (શ્રી જિનેશ્વર પરમાત્મા)માં મળેલો ભાવ તદાકારે પરિણમેલ અધ્યવસાય નિયમા અક્ષયભાવ (જિનત્વ)નો સાધક છે જે (અર્થાત્ શ્રી જિનેશ્વરદેવ ઉપરનો કે એમના ગુણો કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત સુખ, અનંત વીર્ય વગેરે) ઉપર એકાગ્ર બનેલ આત્મા. (તદાકારે પરિણમેલ આત્માનો ક્ષયોપશમ ભાવનો અધ્યવસાય કે રાગ) એ ક્ષાયિક ભાવ કેવલી અવસ્થા કે જિનત્વનો સાધક છે.

| **ક્ષાયિક ભાવ** | ક્ષાયો. ભાવનો | **ક્ષાયિકભાવ** |
|---|---|---|
| (અક્ષય ભાવ) માં મળેલો → | **જિન ઉપરનો રાગ** | **(અક્ષય ભાવ)** |
| જિનેશ્વર દેવ | તદાકારે પરિણમેલ | જિનત્વને |
| | આત્માનો અધ્યવસાય | પ્રાપ્ત કરે છે. |

| **તાંબું** | **રસ** | **સુવર્ણ** |
|---|---|---|
| ક્ષયો. ભાવનો- | જિનેશ્વરના અક્ષયભાવમાં | **(ક્ષાયિકભાવ)** |
| જિન ઉપરનો | (કેવલજ્ઞાન-દર્શન વગેરેમાં) | કે |
| અનુરાગ | એકાગ્ર બનેલું ચિત્ત-ધ્યાનમાં | —— જિનત્વ |
| | ચઢેલ આત્માનો અધ્યવસાય | |

तम्हा जिणाण पूया बुहेण सव्वायरेण कायव्वा ।
परमं तरंडमेसा जम्हा संसारजलहिम्मि ॥ १९ ॥

तस्माज्जिनानां पूजा बुधेन सर्वादरेण कर्तव्या ।
परमं तरण्डमेषा यस्मात्संसारजलधौ ॥ १९ ॥

સંસાર સમુદ્રમાં (ડુબતા જીવોને) આ (જિનેન્દ્ર) પૂજા એ પરમ નૌકા સમાન છે માટે બુધજને શ્રી જિનેશ્વરોની પૂજા સર્વ આદરથી કરવી જોઈએ.

एवमिह दव्वपूया लेसुद्देसेण दंसिया समया ।
इयरा जईण पाओ जोगाहिगारे तयं वुच्छं ॥ २० ॥

एवमिह द्रव्यपूजा लेशोद्देशेन दर्शिता समयात् ।
इतरा यतीनां प्रायो योगाधिकारे तद्वक्ष्यामि ॥ २० ॥

આવી રીતે અહિં આગમોમાંથી દ્રવ્યપૂજાનો *અંશથી નિર્દેશ કર્યો છે. ભાવ પૂજા પ્રાયઃ સાધુઓને હોય તેનું વર્ણન યોગાધિકારમાં આગળ કહીશ.

॥ इति पूजाविधिर्विंशिका अष्टमी ॥

* શ્રી પંચવસ્તુક પ્રકરણ (સ્તવ પરિજ્ઞા, દ્રવ્યભાવસ્તવ પ્રકરણ) આદિમાં કર્ત્તાએ વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

# 9. શ્રાવક ધર્મવિંશિકા

धम्मोवग्गहदाणाइसंगओ सावगो परो होई ।
भावेण सुद्धचित्तो निच्चं जिणवयणसवणरई ॥ १ ॥
धर्मोपग्रहदानादिसंगतः श्रावकः परो भवति ।
भावेन शुद्धचित्तो नित्यं जिनवचनश्रवणरतिः ॥ १ ॥

ધર્મોપગ્રહદાનાદિથી યુક્ત, ભાવથી શુદ્ધ ચિત્તવાળો અને નિત્ય જિનવચન શ્રવણમાં રતિવાળો પરમ શ્રાવક હોય છે.

मग्गणुसारी सड्ढो पन्नवणिज्जो कियापरो चेव ।
गुणरागी सक्कारंभसंगओ देसचारित्ती ॥ २ ॥
मार्गानुसारी श्राद्धः प्रज्ञापनीयः क्रियापरश्चैव ।
गुणरागी शक्यारम्भसंगतो देशचारित्री ॥ २ ॥

માર્ગાનુસારી, શ્રદ્ધાળુ, પ્રજ્ઞાપનીય (ઉપદેશને યોગ્ય), ક્રિયામાં તત્પર, ગુણાનુરાગી અને શક્ય હોય એવા ધર્માનુષ્ઠાનથી યુક્ત એવો તે શ્રાવક (દેશચારિત્રી) હોય. (સરખાવો યોગ શતક ગા. ૧૫, ઉપદેશપદ ગા. ૧૯૯)

पंच य अणुव्वयाइं गुणव्वयाइं च हुंति तिन्नेव ।
सिक्खावयाइं चउरो सावगधम्मो दुवालसहा ॥ ३ ॥
पञ्च चाणुव्रतानि गुणव्रतानि च भवन्ति त्रीण्येव ।
शिक्षाव्रतानि चत्वारि श्रावकधर्मो द्वादशधा ॥ ३ ॥

પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષા વ્રતો એમ બાર પ્રકારે શ્રાવક ધર્મ છે.

एसो य सुप्पसिद्धो सहाइयारेहिं इत्थ तंतम्मि ।
कुसलपरिणामरूवो नवरं सइ[1] अंतरो नेओ ॥ ४ ॥
एष च सुप्रसिद्धः सहातिचारैरत्र तन्त्रे ।
कुशलपरिणामरूपः केवलं सदाऽऽन्तरो ज्ञेयः ॥ ४ ॥

---

१ घ सइअंतरो

આ શ્રાવક ધર્મ અતિચારોના નિરૂપણ સહિત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. તે શુદ્ધાત્મ પરિણામરૂપ હોવાથી સદા આંતરિક છે. (ચિત્તગત છે.) (ટી.) "धर्मस्तावद् रागादिमलविगमेन पुष्टि-शुद्धिमच्चित्तमेव" રાગાદિમલ દૂર થવાથી પુષ્ટ અને શુદ્ધ બનેલું ચિત્ત એજ ધર્મ છે. પુષ્ટિ = પુણ્યોપચય અને શુદ્ધિ = ઘાતિકર્મ ક્ષયથી થતી આત્મનિર્મળતા. (યોગવિંશિકા ટીકા-ઉપાધ્યાયજી)

सम्मा[1] पलियपुहुत्ते[2]ऽवगए कम्माण एस होइ[3] त्ति ।
सो वि खलु अवगमो इह विहिगहणाईहिं होई जहा ॥ ५ ॥
सम्यक्पल्यपृथक्त्वेऽपगते कर्मणामेष भवतीति ।
सोपि खल्वपगम इह विधिग्रहणादिभिर्भवती यथा ॥ ५ ॥

એવો આત્મ પરિણામ *પલ્યોપમ પૃથક્ત્વ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે પ્રગટે છે. તેમ જ એ કર્મસ્થિતિનો ક્ષય પણ વિધિગ્રહણાદિ (વ્રતોનું વિધિપૂર્વક ગ્રહણ અને નિરતિચાર પાલન વગેરે)થી થાય છે.

*સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મ સ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિ પરિણામ પ્રગટે.

*અર્થાત્ દેશવિરતિનો આત્મપરિણામ આવ્યા વિના પણ વિધિપૂર્વક વ્રત ગ્રહણ કરે અને તેનું પાલન કરે તે ધર્મની પ્રાપ્તિમાં ઉપકારક બને છે.

મોહનીય આદિ કર્મોની ૭૦ કોટાકોટિ સાગરોપમ આદિ સ્થિતિમાંથી યથાપ્રવૃત્તકરણ વડે સ્થિતિ ખપાવતાં ખપાવતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ શેષ રહે ત્યારે ગ્રન્થિ ભેદ થતાં સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. પછી ૨ થી ૯ પલ્યોપમ પ્રમાણ સ્થિતિનો ક્ષય થતાં દેશવિરતિનો પરિણામ પ્રાપ્ત થાય છે. એ પરિણામની પ્રાપ્તિ પહેલાં વ્રતગ્રહણ કર્યા હોય તો તેથી અથવા વ્રતના પાલનથી કર્મસ્થિતિનો હ્રાસ થાય છે અને કર્મસ્થિતિનો હ્રાસ થતાં ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ થાય. (પંચાશક)

गुरुमूले सुयधम्मो संविग्गो इत्तरं व इयरं वा ।
गिण्हइ वयाइं कोई पालइ य तहा निरइयारं ॥ ६ ॥
गुरुमूले श्रुतधर्मः संविग्न इत्वरं वेतरं वा ।
गृह्णाति व्रतानि कोऽपि पालयति च तथा निरतिचारम् ॥ ६ ॥

१ ग, घ, च, स धम्मापलिय २ अ पुहत्ते; ३ च होइ तह

ગુરુ પાસે ધર્મ સાંભળીને સંવિગ્ન બનેલો કોઈક ઇત્વરિક (અલ્પકાલ માટે) અથવા યાવત્કથિત (યાવજ્જીવ માટે) વ્રતો ગ્રહણ કરે છે અને નિરતિચાર પાલન કરે છે.

एसो[1] ठिइओ इत्थं न उ गहणादेव जायई नियमा ।
गहणोवरिं पि जायइ जाओ वि अवेइ कम्मुदया ॥ ७ ॥
एष स्थितेरित्थं न तु ग्रहणादेव जायते नियमात् ।
ग्रहणोपर्यपि जायते जातोप्यपैति कर्मोदयात् ॥ ७ ॥

એ (કર્મસ્થિતિનો ક્ષય) વ્રતોના ગ્રહણ માત્રથી થાય એવો નિયમ નથી. વ્રત ગ્રહણ પછી પણ એ થાય, (પરિણામે દેશવિરતિનો પરિણામ પણ વ્રત ગ્રહણ કર્યા પછી પ્રગટે) અને એ ક્ષય (કર્મસ્થિતિના હ્રાસ અને તેના પરિણામે પ્રગટેલો દેશવિરતિના પરિણામ થયા પછી પણ) અશુભ કર્મોદયથી પાછો જતો રહે છે.

तम्हा[2] निच्चसईए बहुमाणेणं च अहिगयगुणंमि ।
पडिवक्खदुगुंछाए परिणइयालोयणेणं[3] च ॥ ८ ॥
तस्मान्नित्यस्मृत्या बहुमानेन चाधिगतगुणे ।
प्रतिपक्षजुगुप्सया परिणतिकाऽऽलोचनेन च ॥ ८ ॥
तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य ।
उत्तरगुणसद्धाए इत्थ सया होइ जइयव्वं ॥ ९ ॥
तीर्थंकरभक्त्या सुसाधुजनपर्युपासनया च ।
उत्तरगुणश्रद्धयाऽत्र सदा भवति यतितव्यम् ॥ ९ ॥

માટે (દેશવિરતિનો પરિણામ ન આવ્યો હોય તો કર્મસ્થિતિના હ્રાસ દ્વારા તેની પ્રાપ્તિ માટે અને પ્રાપ્ત થયો હોય તો એના રક્ષણ માટે) આ પ્રમાણે નિત્ય પ્રયત્ન કરવો જોઈએ. *सोपक्रमत्वात् विरत्यावारककर्मणाम् । तथाविधप्रयत्नस्य च तदुपक्रमणस्वभावत्वादिति (પ્રથમપંચાશક ગા. ૩૫ની ટીકા)

१ क घ च एसो ठिईउ इत्थं २ अ पुस्तके (मुद्रितपुस्तके) तम्हा निच्चेति गाथा नवमी, तित्थंकरेति गाथा चाष्टमीति व्यत्यासो दृश्यते ३ क परिवइयालोयणेणं; घ च परिवइयालोवणेणं च; ख चइयालोवणेण

૧. અધિગતગુણો (સમ્યક્ત્વ, અણુવ્રતો વગેરે)ની વારંવાર સ્મૃતિ.

૨. પ્રાપ્ત થયેલ એ ગુણોને વિશે બહુમાન = ભાવ પ્રતિબંધ (અથવા એ ગુણો જેમને પ્રાપ્ત થયેલ છે - તેમનું બહુમાન)

૩. પ્રતિપક્ષ (મિથ્યાત્વ, પ્રાણિવધ વગેરે) પ્રત્યે જુગુપ્સા.

૪. પરિણતિ આલોચન - અધિગત ગુણોના વિપક્ષભૂત મિથ્યાત્વાદિ દારુણફળવાળા છે અને અધિગત ગુણો (સમ્યક્ત્વાદિ) પરમાર્થહેતુ છે, એમ વિપાકનું પર્યાલોચન.

૫. તીર્થંકરભક્તિ = વિનયાદિ (તીર્થંકર દેવો સર્વ ગુણોના નિધાન હોવાથી તેમની ભક્તિથી સર્વગુણોની પ્રાપ્તિ અવશ્યમેવ થાય છે.)

૬. સાધુપુરુષોની પર્યુપાસના (ભાવયતિલોકની સેવા)

૭. ઉત્તરગુણની શ્રદ્ધા (उत्तरगुणबहुमाणो યોગશતક ગા. ૪૫ અર્થાત્ પાંચ અણુવ્રત અને મૂળ ગુણોના પાલનમાં ઉપકારક એવા ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષા વ્રતો પ્રત્યે આદર ધરાવવો) ઉપર ઉપરના ગુણોની અભિલાષા સેવવી, અર્થાત્ સમ્યક્ત્વ હોય તો દેશવિરતિની, દેશવિરતી હોય તો સર્વવિરતીની.

एवमसंतो वि इमो जायइ जाओ वि न पडइ कयाइ ।
ता इत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ॥ १० ॥

एवमसन्नप्ययं जायते जातोपि न पतति कदाचित् ।
तदत्र बुद्धिमताऽप्रमादो भवति कर्तव्यः ॥ १० ॥

દેશવિરતિનો પરિણામ ઉત્પન્ન ન થયો હોય તો આ રીતે વર્તવાથી તે ઉત્પન્ન થાય છે અને જો તે ઉત્પન્ન થયેલો જ હોય તો તે કદાપિ પડતો નથી. માટે બુદ્ધિમાન પુરુષે આ વિષયમાં અપ્રમત્ત બનવું જોઈએ. (અર્થાત્ ઉપર ૯મા શ્લોકમાં કહેલી સાત બાબતોમાં અને હવે પછી કહેવાતી ચર્ચામાં ઉદ્યમશીલ રહેવું જોઈએ.)

निवसिज्ज तत्थ सड्ढो साहूणं जत्थ होउ संपाओ ।
चेइयघरा उ जहियं तदन्नसाहम्मिया चेव ॥ ११ ॥

निवसेत्तत्र श्राद्धः साधूनां यत्र भवति संपातः ।
चैत्यगृहाणि च यस्मिंस्तदन्यसाधर्मिकाश्चैव ॥ ११ ॥

શ્રાવકે ત્યાં વસવું જોઈએ, જ્યાં સાધુઓનું આવાગમન હોય, જ્યાં ચૈત્યગૃહો (જિનમંદિરો) હોય અને જ્યાં અન્ય સાધર્મિકો પણ હોય.

नवकारेण विबोहो अणुसरणं सावओ वयाइं मे ।
जोगो चिइवंदणमो[1] पच्चक्खाणं तु विहिपुव्वं ॥ १२ ॥
नमस्कारेण विबोधोनुस्मरणं श्रावको व्रतानि मे ।
योगश्चितिवन्दनमो प्रत्याख्यानं तु विधिपूर्वम् ॥ १२ ॥

નવકારના સ્મરણ વડે જાગે, હું શ્રાવક છું – મારે અમુક વ્રતો છે – વગેરે સંભારે, લઘુશંકાદિ બાધા ટાળીને ચૈત્યવન્દન વગેરે શુભયોગોમાં પ્રવર્તે, વિધિપૂર્વક પચ્ચક્ખાણ કરે. (ટી.) एवं हि देहबाधापरिहारतः समाधेश्चैत्यवन्दनादीनां भावानुष्ठानता।

तह चेईहरगमं[2] सक्कारो वंदणं गुरुसगासे ।
पच्चक्खाणं सवणं जइपुच्छा उचियकरणिज्जं ॥ १३ ॥
तथा चैत्यगृहगमनं सत्कारो वन्दनं गुरुसकाशे ।
प्रत्याख्यानं श्रवणं यतिपृच्छा उचितकरणीयम् ॥ १३ ॥

પછી દહેરાસરે જાય, જિનપૂજા કરે, ગુરુવંદન કરી (ગુરુ પાસે પચ્ચક્ખાણ લે,) વ્યાખ્યાન શ્રવણ કરે, સાધુને સુખશાતા પૂછે અને કાંઈ કામ કાજ હોય તે પૂછે. (ગ્લાનને માટે ઔષધ આદિ લાવવાનું કામ હોય તે પૂછે)

अविरूद्धो ववहारो काले विहिंभोयणं[3] च संवरणं ।
चेइहरागमसवणं सक्कारो वंदणाई य ॥ १४ ॥
अविरूद्धो व्यवहारः काले विधिभोजनं च संवरणम् ।
चैत्यगृहागमश्रवणं सत्कारो वन्दनादिश्च ॥ १४ ॥

લોક અને ધર્મને વિરોધ ન આવે તે રીતે વ્યવહાર (વેપાર) કરે. કાલે વિધિ–ભોજન કરે, સુપાત્ર દાન – (અતિથિ આદિની ભક્તિ કરીને) મુટ્ઠિસહિયં વગેરે પચ્ચક્ખાણ કરે, ચૈત્યગૃહમાં આવી આગમનું શ્રવણ કરે, ધૂપ–દીપ આદિ પૂજા કરે, ગુરુવન્દનાદિ કરે. (આદિથી પ્રતિક્રમણ વગેરે લઈ શકાય) (ટી.) લોકમાં નિન્દા ન થાય અને શાસ્ત્રે જેનો નિષેધ ન કર્યો હોય એવા વ્યાપારથી આજીવિકા ચલાવે. कर्मादानपरिहारतोऽनवद्यप्रायो व्यवहारो' પંચાશક–૧ શ્લો. ૪૩ ટીકા

१ क चिइवंदणगो २ क ख ग ज चेइहर ३ तह भोयणं (श्रावकधर्म०)

* સવારે ધર્મ શ્રવણ કરીને પછી પ્રવૃત્તિ શરૂ કરે, એટલે આખા દિવસની પ્રવૃત્તિમાં ધર્મની છાયા રહે અને સાંજે આખા દિવસની પ્રવૃત્તિથી ચઢેલું મોહનું ઝેર આત્મામાં વ્યાપે નહિ.

जइविस्सामणमुचिओ जोगो नवकारचिंतणाईओ[1] ।
गिहिगमणं विहिसुवणं सरणं गुरुदेवयाईणं ॥ १५ ॥
यतिविश्रमणमुचितो योगो नमस्कारचिन्तनादिकः ।
गृहिगमनं विधिस्वपनं स्मरणं गुरुदेवतादीनाम् ॥ १५ ॥
अब्बंभे पुण विरई मोहदुगुंछा सतत्तचिंता य ।
[2]इत्थीकलेवराणं, तव्विरएसुं च बहुमाणो ॥ १६ ॥
अब्रह्मणि पुनर्विरतिर्मोहजुगुप्सा स्वतत्त्वचिन्ता च ।
स्त्रीकलेवराणां, तद्विरतेषु च बहुमानः ॥ १६ ॥

સાધુની વિશ્રામણા (પગચંપી વિગેરે ભક્તિ) સેવા કરે, સામાયિક કરે, ઉચિત યોગમાં પ્રવર્તે, નવકારનું ચિન્તન કરે, ઘેર જઈ વિધિપૂર્વક સૂવે, દેવ-ગુર્વાદિનું સ્મરણ કરે, અબ્રહ્મની વિરતિ કરે, મોહની જુગુપ્સા કરે, સ્ત્રી ક્લેવરના તત્ત્વની (સ્વરૂપની) વિચારણા કરે (સ્ત્રી દેહ એ માંસ-અસ્થિ વગેરેના પિંડ છે, મલ-મૂત્રની કોઠી છે, નરકની દીવી છે, ઇત્યાદિ વિચારણા કરે) અબ્રહ્મ અને સ્ત્રી ઉપરના રાગથી વિરામ પામેલા મહાત્માઓ પ્રત્યે બહુમાન કરતો સૂવે.

[3]सुत्तविउद्धस्स पुणो सुहुमपयत्थेसु चित्तविन्नासो ।
भवठिइनिरूवणे वा[4] अहिगरणोवसमचित्ते वा ॥ १७ ॥
सुप्तविबुद्धस्य पुनः सूक्ष्मपदार्थेषु चित्तविन्यासः ।
भवस्थितिनिरूपणे वा अधिकरणोपशमचित्ते वा ॥ १७ ॥

રાતે જાગે ત્યારે સૂક્ષ્મ પદાર્થો (કર્મ-આત્માદિ) ના ચિન્તનમાં ચિત્ત પરોવે, ભવસ્વરૂપનું ચિંતન કરે, કે – 'અધિકરણો – કલહ – ખેતી વગેરે વ્યાપાર આરંભથી મારું ચિત્ત ક્યારે અને કેવી રીતે નિવૃત્ત થશે, એની વિચારણા કરે.

१ घ च नविकार २ घ च हत्थीकलेवराणं ३ घ मुत्तविउद्धस्स ४ अ या

"रंको राजा नृपो रंकः स्वसा जाया जनी स्वसा ।
दुःखी सुखी सुखी दुःखी यत्रासौ निर्गुणो भवः ॥"

आउयपरिहाणीए असमंजसचिट्ठियाण व विवागे ।
खणलाभदीवणाए धम्मगुणेसुं च विविहेसु ॥ १८ ॥
आयुःपरिहाणौ असमञ्जसचेष्टितानां वा विपाके ।
क्षणलाभदीपनायां धर्मगुणेषु च विविधेषु ॥ १८ ॥

આયુષ્ય – અંજલિમાં રહેલ જલની જેમ પ્રતિક્ષણ ઓછું થઈ રહ્યું છે. હિંસાદિ અસદાચરણના કટુવિપાક મનુષ્યભવની એક ક્ષણના લાભની વિચારણા ... ? એક ક્ષણ જેટલા અલ્પકાળમાં પણ શુભ અધ્યવસાયથી ઘણા જ શુભ કર્મ પુણ્યની પ્રાપ્તિ અને અશુભ અધ્યવસાયથી પાપનાં થોક ભેગાં થાય છે – બે ક્ષણ = મોક્ષસાધનાનો અવસર –

| | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાલથી | ભાવથી |
|---|---|---|---|---|
| | ↓ | ↓ | ↓ | ↓ |
| | મનુષ્યપણું | આર્યક્ષેત્ર | દુઃષમસુષમાદિ | બોધિની પ્રાપ્તિ |

થઈ ગઈ છે તે – 'યુગશમિલાન્યાય' થી અતિદુર્લભ છે. જેમ ઘોર અંધકારમાં દીપક શરણરૂપ છે, તેમ આ સંસારના અજ્ઞાનરૂપી અંધકારમાં જિનાગમની પ્રાપ્તિ એ દીપકની પ્રાપ્તિ તુલ્ય છે અથવા સંસારસાગરમાં જિનધર્મની પ્રાપ્તિ એ દ્વીપની પ્રાપ્તિ સમાન છે અને ધર્મના લાભ કે ક્ષમાદિ ગુણોના કારણ, સ્વરૂપ અને ફલની વિચારણામાં ચિત્ત લગાવે.

(ટી.) વિપાક : वहबन्धमारणअब्भक्खाणदाण-परधणविलोवणाईणं ।
सव्वजहन्नउदओ, दसगुणिओ इक्कसिकयाणं ॥

વધ, બંધ, મારવું-કલંક આપવું, બીજાનાં ધનને છુપાવવું – આ પ્રત્યેક કાર્યનું ઓછામાં ઓછું ૧૦ ગણું ફળ મળે છે.

बाहगदोसविवक्खे[1] धम्मायरिए य उज्जयविहारे[2] ।
एमाइचित्तनासो संवेगरसायणं[3] देइं ॥ १९ ॥
बाधकदोषविपक्षे धर्माचार्ये चोद्यतविहारे ।
एवमादिचित्तन्यासः संवेगरसायनं ददाति ॥ १९ ॥

અર્થ કામ વગેરે જે કાંઈ પોતાની આરાધનામાં બાધક બનતો હોય તેના વિપક્ષની વિચારણા કરે – જેમ કે ધનમાં રાગ હોય તો વિચારે કે – ધનના

१ वाहग २ ख, ग, घ, च, उज्जुय ३ घ, च, रसायणं देइं

ઉપાર્જનમાં પણ ક્લેશ છે. પોતાને બોધિમાં હેતુ બનેલ ગુરુનો ઉપકાર વાળવો કેટલો દુષ્કર છે તથા સુવિહિત મુનિઓની જે ચર્યા અથવા પોતે ક્યારે સર્વ આરંભનો ત્યાગ કરી એ મુનિઓની જેમ વિચરશે વગેરે વિચારણારૂપ સંવેગ રસાયણ આપે. (એ રીતે વિચારવાથી સંવેગ ઉત્પન્ન થાય છે માટે એ વિચારણાને જ સંવેગ રસાયણ કહ્યું – પ્રથમપંચાશક વૃત્તિ)

गोसे भणिओ य विही इय अणवरयं तु चिट्ठमाणस्स ।
पडिमाकमेण जायइ संपुन्नो चरणपरिणामो ॥ २० ॥
गोषे भणितश्च विधिरित्यनवरतं तु चेष्टमानस्य ।
प्रतिमाक्रमेण जायते संपूर्णश्चरणपरिणामः ॥ २० ॥

પરોઢિએ ઉઠે ત્યારે પણ ઉપર કહ્યા પ્રમાણે વિધિ સમજવો. (અથવા પરોઢિયાનો વિધિ નવકારથી જાગે વગેરે) આ રીતે નિરંતર *વર્તનારને પ્રતિમાઓના ક્રમથી સર્વવિરતિ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. *આ રીતે વર્તનારને દેશવિરતિના પરિણામની પ્રાપ્તિ થાય છે, પ્રાપ્તિ થયેલી હોય તો એનું રક્ષણ થાય છે અને આરાધનામાં વધતા ક્રમે પ્રતિમાઓ જેવી વિશિષ્ટ સાધનામાં ચઢે છે. છેલ્લી પ્રતિમામાં સાધુ જેવી જ ચર્યા અને પછી સર્વવિરતિના પરિણામની પ્રાપ્તિ કરે છે.

(યોગસિદ્ધિ માટે અપુનર્બંધક, માર્ગાનુસારી આત્માઓએ શું કરવું ? અને પ્રાપ્ત ગુણસ્થાનકની શુદ્ધિ અને સ્થિરતા માટે સાધકે કયી રીતે વર્તવું તથા અરતિ, રાગ, દ્વેષ અને મોહાદિ દોષો ટાળવા શું કરવું ? શું વિચારવું ? કે જેથી તત્વપરિણતિ અને ચિત્તસ્થૈર્ય પ્રાપ્ત થાય કે જે પરમ મોક્ષ સુખનાં સાધક બને. એ માટે જુઓ યોગશતક ગા. ૪૦/૭૭.)

"एवं अब्भासाओ तत्तं परिणामयं चित्तथेज्जं च ।
जायइ भावाणुगामी सिवसुहसंसाहगं परमं ॥ ७७ ॥" (યોગશતક)

અરતિ = પ્રાપ્ત ગુણોમાં ખેદ–કંટાળો ઉપજે તો તેને નિવારવા માટે શું કરવું ? યોગશતક ગા. ૪૬/૪૯.

(ટી.) આ વિંશિકાના કેટલાક શ્લોકો શ્રાવક ધર્મવિધિ પ્રકરણ ગા. ૧૦૬/૮ (અહીં ૮–૯–૧૦) તથા ૧૧૧/૨૦ (અહીં ૧૧/૨૦) તથા પ્રથમ પંચાશક ગા. ૪૧/૫૦ ના શ્લોકો અહીંની ૧/૨૦ ગાથાને લગભગ મળતા છે.

॥ इति श्रावकधर्मविंशिका नवमी ॥

# 10. શ્રાવકની પ્રતિમાઓ

दंसण वय सामाइय पोसह पडिमा अबंभ सच्चित्ते ।
आरंभ पेस उद्दिट्ठवज्जए समणभूए य ॥ १ ॥
दर्शनव्रतसामायिकपोषधप्रतिमा अब्रह्मसचित्ते ।
आरम्भप्रेषोद्दिष्टवर्जकं श्रमणभूतं च ॥ १ ॥
एया खलुइक्कारसगुणठाणगभेयओ मुणेयव्वा ।
समणोवासगपडिमा बंज्झाणुट्ठाणलिंगेहिं[१] ॥ २ ॥
एताः खल्वेकादशगुणस्थानकभेदतो ज्ञातव्याः ।
श्रमणोपासकप्रतिमा बाह्यानुष्ठानलिङ्गैः ॥ २ ॥

૧ દર્શન, ૨ વ્રત, ૩ સામાયિક, ૪ પૌષધ, ૫ પ્રતિમા (અભિગ્રહ વિશેષ – કાયોત્સર્ગપ્રતિમા) અને ૬ અબ્રહ્મવર્જન, ૭ સચિત્તત્યાગ, ૮ આરંભત્યાગ, ૯ પ્રેષ્ય (નોકર–ચાકર દ્વારા આરંભનો ત્યાગ) ત્યાગ, ૧૦ ઉદ્દિષ્ટ ત્યાગ (પોતા માટે કરેલા આરંભનો ત્યાગ) અને ૧૧ શ્રમણભૂત (સાધુ જેવું જીવન જીવવારૂપ) પ્રતિમા આ શ્રમણોપાસકની (શ્રાવકની) અગ્યાર પ્રતિમાઓ છે. બાહ્ય અનુષ્ઠાન (ક્રિયાકલાપ)ના લિંગથી અને ગુણસ્થાનકના ભેદ (શુભભાવની તરતમતા) વડે આ અગિયાર પ્રતિમાઓ જાણવી. (ટી.) પ્રથમની પાંચ પ્રતિમાઓ વિધિરૂપ છે. પછીની પાંચ નિષેધરૂપ છે અને છેલ્લી પ્રતિમામાં બધાનો–વિધિનિષેધનો સરવાળો છે. એક જ દેશવિરતિ ગુણસ્થાનક હોવા છતાં પણ વિશુદ્ધિની તરતમતાએ ભિન્ન–ભિન્ન પ્રતિમાઓ હોઈ શકે છે.

સર્વવિરતિ સુધી પહોંચવા માટે ક્રમિક વિકાસના પગથિયાની સૂચક આ પ્રતિમાઓ છે. એનું સૂચન પણ 'गुणठाणगभेयओ' પદથી મળી રહે છે અર્થાત્ સર્વવિરતનો પરિણામ ન આવ્યો હોય તો આ પ્રતિમાઓ (જેમાં ઉત્તરોત્તર ભાવની વિશુદ્ધિ છે)ના ક્રમે સાધના કરતાં વિશુદ્ધ એવા સર્વવિરતિપણાના ભાવની પ્રાપ્તિ કરી શકાય છે.

सुस्सूसाई जम्हा दंसणपमुहाण कज्जसूय त्ति ।
कायकिरियाइ सम्मं लक्खिज्जइ ओहओ पडिमा ॥ ३ ॥

---

१. घ बब्भाणुट्ठाण

शुश्रूषादिर्यस्माद्दर्शनप्रमुखानां कार्यसूचका इति ।
कायक्रियया सम्यग्लक्ष्यत ओघतो प्रतिमा ॥ ३ ॥

શુશ્રૂષાદિ (ચોથી ગાથામાં કહેલ) દર્શન પ્રતિમાના કાર્યને સૂચવે છે. (શુશ્રૂષા = તત્ત્વ સાંભળવાની ઇચ્છા આદિ લક્ષણો જે શ્રાવકમાં દેખાય તે દર્શન પ્રતિમાધારી છે, એમ સમજી શકાય) તેમ સામાન્યતઃ કાયક્રિયાથી કઈ પ્રતિમા છે, તે ઓળખી શકાય છે.

सूस्सूसा धम्मराओ गुरुदेवाणं जहा[१]समाहीए ।
वेयावच्चे नियमो दंसणपडिमा भवे एसा ॥ ४ ॥
शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधौ ।
वैयावृत्ये नियमो दर्शनप्रतिमा भवेदेषा ॥ ४ ॥

ધર્મ સાંભળવાની ઈચ્છા, ધર્મરાગ અને શક્તિ તથા સમાધિ મુજબ (પોતાને સમાધિ રહી શકે તેટલા પ્રમાણમાં) દેવ અને ગુરુની વૈયાવચ્ચનો નિયમ એ દર્શન પ્રતિમા છે. (ટી.) શ્રદ્ધા તો આ પ્રતિમાના વહન પૂર્વે પણ હોય, પરંતુ અહીં શંકાદિ દોષ અને રાજાભિયોગ વિગેરે આગારના ત્યાગ અને સમ્યક્ત્વના આચાર પાલન વિશેષથી આ પ્રતિમા સમજવી. (પ્રવચનસારોદ્ધાર)

યોગશતકમાં આ શુશ્રૂષાદિ ગુણોને સમ્યગ્દષ્ટિના લિંગો કહ્યા છે.

सुस्सूसधम्मराओ गुरुदेवाणं जहा समाहीए ।
वेचावच्चे नियमो सम्मद्दिट्ठि लिंगाइं ॥ યોગશતક ગા. ૧૪

पंचाणुव्वयधारित्तमणइयारं वएसु पडिबंधो ।
वयणा त[२]दणइयारा वयपडिमा सुप्पसिद्ध त्ति ॥ ५ ॥
पञ्चाणुव्रतधारित्वमनतिचारं व्रतेषु प्रतिबंधः ।
वचनात्तदनतिचाराद् व्रतप्रतिमा सुप्रसिद्धेति ॥ ५ ॥

નિરતિચાર પાંચ અણુવ્રતનું પાલન અને વ્રતોને વિશે ભાવ પ્રતિબંધ – ઉત્તર ગુણોના બહુમાનપૂર્વક શાસ્ત્રોક્ત રીતે (જિનવચનાનુસાર) નિરપવાદપણે અતિચાર – રહિત વ્રતપાલનરૂપ વ્રતપ્રતિમા પ્રસિદ્ધ છે. (ટી.) બાર વ્રત વિષયક વધ – બંધાદિ સર્વઅતિચારોને મહત્ પ્રયત્નથી વર્જવા જોઈએ. (પ્રવચનસારોદ્ધાર)

---

१ क घ समाहीयं २ घ ज तहणंइयारा

तह अत्तवीरिउल्लासजोगओ रयतसुद्धिदित्तिसमं ।
सामाइयकरणमसइं[1] सम्मं सामाइयप्पपडिमा ॥ ६ ॥
तथात्मवीर्योल्लासयोगतो रजतशुद्धिदीप्तिसमम् ।
सामायिककरणमसकृत्सम्यक्सामायिकप्रतिमा ॥ ६ ॥

આત્મવીર્યોલ્લાસ વડે રજત (ચાંદી)ની શુદ્ધિ અને કાન્તિ સમાન સામાયિક અનેકવાર કરવું તે ત્રીજી સામાયિક પ્રતિમા છે. (ટી.) દેશવિરતિ સામાયિકમાં અનુમોદનનો ત્યાગ ન હોવાથી તે ચાંદીની કાન્તિ અને શુદ્ધિ જેવું છે, જ્યારે સર્વવિરતિ સામાયિકમાં સાવદ્યના અનુમોદનનો પણ સર્વથા ત્યાગ હોવાથી તે સુવર્ણની શુદ્ધિ અને કાન્તિ જેવું છે. અનેકવાર = દ્વિસંધ્યાએ (પ્રવચનસારોદ્ધાર)

पोसहकिरियाकरणं[2] पव्वेसु तहा तहा सुपरिसुद्धं ।
जइभावभावसाहगमणघं[3] तह पोसहप्पडिमा ॥ ७ ॥
पोषधक्रियाकरणं पर्वसु तथा तथा सुपरिशुद्धम् ।
यतिभावभावसाधकमनघं तथा पोषधप्रतिमा ॥ ७ ॥

પર્વતિથિએ નિષ્પાપ અને યતિપણાના પરિણામની સાધક એવી (ચતુર્વિધ આહાર ત્યાગ, શરીર સત્કાર ત્યાગ, અબ્રહ્મત્યાગ અને સાવદ્ય વ્યાપાર ત્યાગ રૂપ) પૌષધક્રિયા તે તે પ્રકારે વિશુદ્ધ રીતે કરવી તે ચોથી પૌષધ પ્રતિમા છે. (ટી.) પર્વતીથિ = ચૌદસ, આઠમ, અમાવાસ્યા અને પૂર્ણિમા. (પ્રવચન સારોદ્ધાર) **पुष्णाति धर्ममिति पौषधम्** । ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ.

पव्वेसु चेव राइं असिणाणाइकिरियासमाजुत्तो ।
मासपणगावहि तहा पडिमाकरणं तु तप्पडिमा ॥ ८ ॥
पर्वसु चैव रात्रावस्नानादिक्रियासमायुक्तः ।
मासपञ्चकावधि तथा प्रतिमाकरणं तु तत्प्रतिमा ॥ ८ ॥

અસ્નાનાદિ ક્રિયાથી યુક્ત એવો શ્રાવક પૌષધ દિવસોની જ રાત્રિએ (ચતુષ્પથ ઉપર) કાયોત્સર્ગમાં રહે તે પાંચ માસની અવધિવાળી પ્રતિમા (કાયોત્સર્ગ) પ્રતિમા છે. (ટી.) આ પ્રતિમા પૌષધના દિવસમાં સમજવી અને તેનું પરિમાણ આખી રાત્રી જાણવું.

---

१ अ मसई २ अ किरियाकरणं पंचमु पव्वेसु तहा सुपरिसुद्धं' घ च पव्वेसु-तहा सुपरि ३ क घ च जइभवभावपसागह

આ પ્રતિમા સ્વીકારનાર આત્મા પૂર્વોક્ત ચાર પ્રતિમાઓ યુક્ત હોય અને અવિચલ સત્ત્વશીલ હોય, કાયોત્સર્ગમાં જે કંઈ ઉપસર્ગો થાય તે સહન કરે, આ પ્રતિમાઓ સ્વીકારનાર પ્રતિમાકલ્પના જ્ઞાનયુક્ત હોય, કારણ કે – અજ્ઞાની તો સર્વત્ર વર્જ્ય છે. (પ્રવચન સારોદ્ધાર)

असिणाण वियडभोई मउलियडो रत्तिबंभमाणेण ।
पडिवक्खमंतजावाइसंगओ चेव सा किरिया ॥ ९
अस्नानविकृतभोजी मौलिकृतो रात्रिब्रह्ममानेन ।
प्रतिपक्षमन्त्रजापादिसंगतश्चैव सा क्रिया ॥ ९ ॥

(પૌષધદિન સિવાયના દિવસમાં પણ) પ્રગટ ભોજન – પ્રકાશમાં (દિવસે) ભોજન કરે, (રાત્રિ ભોજનત્યાગ, વસ્ત્રના બે છેડા છૂટા રાખવા, કચ્છ ન બાંધવો, (ચોલપટ્ટા જેવું વસ્ત્ર પહેરવું) રાત્રે પરિમાણકૃત બ્રહ્મચર્યનું પાલન, કામાદિ દોષોની પ્રતિપક્ષી એવી બ્રહ્મચર્યાદિની ભાવના. નમસ્કાર મહામન્ત્રાદિનો જાપ વગેરે ક્રિયાઓથી યુક્ત જ આ પ્રતિમા હોય છે. (ટી.) કાયોત્સર્ગમાં રહેલો તે ત્રિલોકપૂજ્ય, કષાય વિજેતા એવાશ્રી જિનેશ્વર દેવનું ધ્યાન કરે અથવા પ્રભુની અપેક્ષાએ કામ, ક્રોધાદિ દૂષણયુક્ત હોવાથી પ્રતિપક્ષભૂત એવા પોતાના આત્માની નિન્દા કરે.

एवं किरियाजुत्तोऽबंभं वज्जेइ नवर राइं पि ।
छम्मासावहि नियमा एसा उ अबंभपडिमत्ति ॥ १० ॥
एवं क्रियायुक्तोऽब्रह्मं वर्जयति केवलं रात्रावपि ।
षण्मासावधि नियमादेषा त्वब्रह्मप्रतिमेति ॥ १० ]॥

પૂર્વોક્ત ક્રિયાથી યુક્ત રાત્રે પણ અબ્રહ્મના ત્યાગરૂપ છ માસની અવધિવાળી આ અબ્રહ્મવર્જન પ્રતિમા છે. (ટી.) ઉત્તરોત્તર પ્રતિમા આરાધતાં પૂર્વ-પૂર્વ સર્વપ્રતિમાઓનાં અનુષ્ઠાન વિશેષપણે આરાધવાના હોય છે. સ્ત્રી સાથે પ્રણયકથા, કામકથા અને વિભૂષાનો ઉત્કર્ષ (શરીર માત્રને યોગ્ય વિભૂષા કરે) પરિહરે, (ચિત્તની વિહ્લલતા કરનાર હોવાથી કામકથા આદિનો પણ પ્રતિષેધ કર્યો છે.) (પ્રવચનસારોદ્ધાર) અસ્નાન અને કેશ, રોમ, નખની વિભૂષા ન કરે. આવશ્યકચૂર્ણિ.

जावज्जीवाए वि हु एसाऽबंभस्स वज्जणा होइ ।
एवं चिय जं चित्तो सावगधम्मो बहुपगारो ॥ ११ ॥
यावज्जीवमपि खल्वेषाऽब्रह्मणो वर्जनाद्भवति ।
एवमेव यच्चित्रः श्रावकधर्मो बहुप्रकारः ॥ ११ ॥

યાવજ્જીવ માટે અબ્રહ્મના ત્યાગથી આ પ્રતિમા પણ યાવજ્જીવની હોઈ શકે કારણ કે શ્રાવક ધર્મ ભિન્ન-ભિન્ન પ્રકારનો હોવાથી એના અનેક ભેદો છે.

एवंविहो उ नवरं सच्चित्तं पि परिवज्जए सव्वं ।
सत्त य मासे नियमा फासुयभोगेण तप्पडिमा ॥ १२ ॥
एवंविधस्तु केवलं सचित्तमपि परिवर्जयति सर्वम् ।
सप्तान् च मासान्नियमात् प्रासुकभोगेन तत्प्रतिमा ॥ १२ ॥

આ રીતે આરાધના કરતો તે શ્રાવક સર્વસચિત્તનો પણ ત્યાગ કરે અને માત્ર પ્રાસુક ભોજન ઉપર જ રહે તે સચિત્તવર્જન પ્રતિમા જાણવી. આ પ્રતિમા સાત માસની છે.

जावज्जीवाए वि हु एसा सच्चित्तवज्जणा होइ ।
एवं चिय जं चित्तो सावगधम्मो बहुपगारो ॥ १३ ॥
यावज्जीवमपि खल्वेषा सचित्तवर्जनाद्भवति ।
एवमेव यच्चित्रः श्रावकधर्मो बहुप्रकारः ॥ १३ ॥

યાવજ્જીવ માટે સચિત્તના ત્યાગથી આ પ્રતિમા યાવજ્જીવ માટેની પણ હોઈ શકે. કારણ કે શ્રાવક ધર્મ એક સરખો નથી. તે ભિન્ન-ભિન્ન પ્રકારનો હોવાથી અનેક પ્રકારનો છે.

एवं चिय आरम्भं वज्जइ सावज्जमट्ठमासं जा ।
तप्पडिमा पेसेहिं वि अप्पं कारे उवउत्तो ॥ १४ ॥
एवमेवारम्भं वर्जयति सावद्यमष्टमासं यावत् ।
तत्प्रतिमा प्रेषैरप्यल्पं कारयत्युपयुक्तः ॥ १४ ॥

એવી રીતે તે જ્યારે આઠ માસ સુધી પોતે સાવદ્ય આરંભનો ત્યાગ કરે અને નોકરાદિ પાસેથી પણ પોતે ઉપયોગયુક્ત રહી અલ્પઆરંભ કરાવે ત્યારે તે આરંભવર્જન પ્રતિમા છે. (ટી.) સ્વયં આરંભ વર્જે પણ તથાવિધ તીવ્રપરિણામના અભાવે આજીવિકા નિમિત્તે તે બીજા પાસે સાવદ્ય વ્યાપાર કરાવે.

પ્રશ્ન : અહીં તે શ્રાવક પોતે ભલે આરંભમાં પ્રવર્તતો નથી પણ બીજાઓ પાસે આરંભ કરાવે છે, એટલે હિંસા તો પહેલાની જેમ જ રહી.

ઉત્તર : પહેલાં તો તે સ્વયં હિંસા કરતો હતો અને બીજાઓ પાસે પણ કરાવતો હતો, તેથી ઉભયજન્ય આરંભ ચાલુ હતો. હવે પોતે આરંભ નથી કરતો તેટલો લાભ થયો. જેમ મોટા વ્યાધિમાં થોડો થોડો પણ વ્યાધિનો ક્ષય – સુધારો હિત માટે જ થાય છે. તેમ થોડો પણ આરંભ ત્યાગ લાભ માટે જ થાય છે. (પ્રવચન સારોદ્ધાર)

तेहिं पि न कारेई नवमासे जाव पेसपडिम त्ति ।
पुव्वोइया उ किरिया [1]सव्वा एयस्स सविसेसा ॥ १५ ॥
तैरपि न कारयति नवमासान्यावत्प्रेष्यप्रतिमेति ।
पूर्वोदिता तु क्रिया सर्वैतस्याः सविशेषा ॥ १५ ॥

(પુત્ર, ભાઈ વગેરેની ઉપર કુટુંબનો ભાર નાંખી ધન ધાન્યાદી પરિગ્રહમાં અલ્પ મમતાથી) નોકરાદિ પાસે પણ આરંભ કરાવે નહિ. એ રીતે નવ માસની આ પ્રેષ્યવર્જનપ્રતિમા છે. પૂર્વોક્ત સર્વક્રિયા આ પ્રતિમા વહન કરનારને સવિશેષ હોય.

उद्दिट्ठाहाराईण वज्जणं इत्थ होइ तप्पडिमा ।
दसमासावहि सज्झायझाणजोगप्पहाणस्स ॥ १६ ॥
उद्दिष्टाहारादीनां वर्जनमत्र भवति तत्प्रतिमा ।
दशमासावधि स्वाध्यायध्यानयोगप्रधानस्य ॥ १६ ॥

સ્વાધ્યાય – ધ્યાન યોગની પ્રધાનતાવાળો તે શ્રાવક દસ માસ સુધી પોતાને ઉદ્દેશીને બનાવેલ (કે અચિત્ત કરેલ) આહારાદિનું વર્જન કરે તે દશમી ઉદ્દિષ્ટવર્જન પ્રતિમા. (આ પ્રતિમામાં અનુમોદનનો પણ ત્યાગ છે.) (ટી.) આ પ્રતિમાધારી શ્રાવક– જમીનમાં દાટેલ સુવર્ણાદિક દ્રવ્યને વિશે તેના પુત્ર, ભાઈ વગેરે પૂછે તો તે જાણતો હોય તો કહે. નહિતર, હું કંઈ પણ જાણતો નથી, મને યાદ નથીં આટલો ઉત્તર આપે. આ સિવાય બીજું કાંઈ પણ ગૃહકાર્ય કરવું તેને ન કલ્પે. (પ્રવચનસારોદ્ધાર)

इक्कारस मासे जाव समणभूयपडिमा उ चरिम त्ति ।
अणुचरइ साहुकिरियं इत्थ इमो अविगलं पायं ॥ १७ ॥
एकादश मासान्यावच्छ्रमणभूतप्रतिमा तु चरमेति ।
अनुचरति साधुक्रियामत्रायमविकलं प्रायः ॥ १७ ॥

છેલ્લી શ્રમણભૂતપ્રતિમામાં તે અગિયાર માસ સુધી પ્રાયઃ સંપૂર્ણ સાધુ–ક્રિયા આચરે. (ટી.) निखिलसाधुसामाचारीसमाचरणचतुरः समिति गुप्तादिकं सम्यग्

१ घ सव्वोइयस्स

**अनुपालयन् भिक्षार्थं गृहिकुलेषु प्रविशति** શ્રમણભૂત પ્રતિમાધારી અસ્ત્રાથી કે લોચથી મૂંડ મસ્તક રહે. રજોહરણ વગેરે સાધુની જેમ બધાં ઉપકરણો ગ્રહણ કરી સાધુની જેમ અનુષ્ઠાન કરે. માસકલ્પાદિથી ગ્રામનગરમાં અણગારની જેમ વિચરે. ગોચરી જતાં, ઘરમાં પેસતા આ પ્રમાણે બોલે : શ્રમણોપાસક એવા પ્રતિમાધારીને ભિક્ષા આપો. કોઈ પૂછે કે તમે કોણ છો ? તો કહે કે – "હું પ્રતિમાધારી શ્રમણોપાસક છું." મમકારનો વિચ્છેદ નહિ થયો હોવાથી સ્વજનોના સન્નિવેશને જોવા માટે ત્યાં જાય પણ ત્યાં ય સાધુની જેમ વર્તે. ત્યાં સ્વજનોના ઉપરોધથી પણ ગૃહચિન્તાદિ ન કરે. સ્નેહીજનો સ્નેહવશ અનેષણીય ભક્ત પાનાદિ કરે તો તેમના આગ્રહથી પણ તે ન લે. પ્રાસુક અને એષણીય આહારપાણી લે. (પ્રવચનસારોદ્ધાર)

**आसेविऊण एयं को वि पव्वयइ तह गिही होइ ।**
**तब्भावभेयओ[1] च्चिय विसुद्धिसंकेसभेएणं ॥ १८ ॥**

**आसेव्यैतां कोऽपि प्रव्रजति तथा गृही भवति ।**
**तद्भावभेदत एव विशुद्धिसंक्लेशभेदेन ॥ १८ ॥**

આ પ્રતિમા વહન કરીને કોઈ દીક્ષા અંગીકાર કરે, તો કોઈ શ્રાવક રહે છે. પરિણામના ભેદને કારણે આમ બને છે. વિશુદ્ધ પરિણામવાળો દીક્ષા લે છે અને સંક્લિષ્ટ પરિણામવાળો ગૃહી બને છે. (ટી.) જઘન્યથી દરેક પ્રતિમાનો કાળ અન્તર્મૂહૂર્ત છે તે દીક્ષા લેતાં પૂર્વે કે મરણ સમયે હોય, અન્યથા નહિ. (પ્રવચન સારોદ્ધાર)

**एया उ जहुत्तरमो असंखकम्मक्खओवसमभावा ।**
**हुंति पडिमा पसत्था विसोहिकरणाणि जीवस्स ॥ १९ ॥**

**एतास्तु यथोत्तरमसंख्यकर्मक्षयोपशमभावात् ।**
**भवन्ति प्रतिमाः प्रशस्ता विशोधिकरणानि जीवस्य ॥ १९ ॥**

આ પ્રતિમાઓ ઉત્તરોત્તર અસંખ્યાતગુણ કર્મોના ક્ષયોપશમવાળી છે. તેથી જીવની ઉત્તરોત્તર વિશુદ્ધિની તે સાધક હોવાથી પ્રશસ્ત છે.

**आसेविऊण एया भावेण निओगओ जई होइ ।**
**जं उवरि सव्वविरई भावेणं देसविरईउ[2] ॥ २० ॥**

१ क भेयओ विय २ अ घ च विरईओ

आसेव्यैता भावेन नियोगतो यति र्भवति ।

यदुपरि सर्वविरतिर्भावेन देशविरतिस्तु ॥ २० ॥

આ પ્રતિમાઓનું ભાવ વડે આસેવન કરીને નિયમા યતિ થાય છે અથવા જેના પછી સર્વવિરતિ આવે એવો ભાવથી શ્રાવક (દેશવિરતિ) બને છે.

વિસ્તાર માટે જુઓ - ઉપાસકદશાંગ-૧ / પંચાશક - ૧૦

(રાત્રિભોજન ત્યાગ - ૫ મી પ્રતિમા અને ઉદ્દિષ્ટ-ભક્તપાનવર્જન અને શ્રમણભૂત ૧૧મી આવશ્યક ચૂર્ણિ)

॥ इति श्रावकप्रतिमाविंशिका दशमी ॥

# 11. યતિ ધર્મ

नमिऊण खीणदोसं गुणरयणनिहिं जिणं महावीरं ।
संखेवेण महत्थं जइधम्मं संपवक्खामि[1] ॥ १ ॥

नत्वा क्षीणदोषं गुणरत्ननिधिं जिनं महावीरम् ।
संक्षेपेण महार्थं यतिधर्मं संप्रवक्ष्यामि ॥ १ ॥

જેમના સર્વ દોષ ક્ષીણ થયા છે, જે ગુણરત્નોના નિધાન છે અને જે જિન છે, એવા મહાવીર પ્રભુને નમીને સંક્ષેપથી મહાર્થ એવા યતિધર્મને હું કહું છું.

खंती य मद्दवज्जव मुत्ती तव संजमे य बोद्धव्वे ।
सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥ २ ॥

क्षान्तिश्च मार्दवार्जवमुक्तयस्तपस्संयमौ च बोद्धव्याः ।
सत्यं शौचमाकिंचनं च ब्रह्म च यतिधर्मः ॥ २ ॥

ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એમ દશવિધ યતિધર્મ છે. (ટી.) ક્ષમા = સહન કરવાનો અધ્યવસાય. મુક્તિ = લોભનો પરિત્યાગ, બાહ્ય-અભ્યન્તર વસ્તુઓમાં તૃષ્ણાનો વિચ્છેદ. (તૃષ્ણાથી મુક્તિ થઈ કે મુક્તિનો આસ્વાદ અહીં જ મળે છે એનું સૂચન આમા જણાય છે.)

उवगारवगारिविवागवयणधम्मुत्तरा भवे खंती ।
साविक्खं आदितिगं लोगिगमियरं दुगं जइणो ॥ ३ ॥

उपकार्यपकारिविपाकवचनधर्मोत्तरा भवेत क्षान्तिः ।
सापेक्षमादित्रिकं लौकिकमितरं द्विकं यतेः ॥ ३ ॥

ઉપકાર ક્ષમા, અપકારક્ષમા, વિપાકક્ષમા, વચનક્ષમા અને ધર્મોત્તરક્ષમા એમ પાંચ પ્રકારે ક્ષમા છે. એમાંની પ્રથમ ત્રણ ક્ષમા સાપેક્ષ છે અને લૌકિક છે. છેલ્લી બે નિરપેક્ષ અને લોકોત્તર છે. તે બે યતિને હોય. (ટી.) **ઉપકાર ક્ષમા :-** અમુકે મારા ઉપર ઉપકાર કરેલો છે, માટે મારે એની પ્રત્યે ક્રોધ ન કરાય. એમ વિચારીને અથવા આ પ્રસંગે ક્ષમા રાખવામાં લાભ છે, એમ સમજીને ક્ષમા રાખવી તે. **અપકાર ક્ષમા :** જો હું શાન્ત નહિ રહું તો, સામી વ્યક્તિ મારી અપકારી બની જશે - (બળવાન આદિ હોવાના કારણે) એમ વિચારીને રખાતી ક્ષમા.

---

१ अ क च - संपचक्खामि

**વિપાક ક્ષમા :-** ક્રોધના કડવા વિપાકોનો વિચાર કરીને રાખવામાં આવતી ક્ષમા. **વચન ક્ષમા** = આગમવચનો યાદ કરીને રખાતી ક્ષમા. **ધર્મોત્તરક્ષમા :-** વચનક્ષમાના ચિરકાળના અભ્યાસથી સ્વભાવગત બની ગયેલ ક્ષમા. આ ક્ષમા મહાત્માઓમાં ચન્દનગન્ધન્યાયે એકમેક થઈ ગઈ હોય છે.

પ્રથમ ત્રણ ક્ષમામાં ફળ પર લક્ષ્ય છે, માટે તેને સાપેક્ષ કહી અને છેલ્લી બે ક્ષમા નિરપેક્ષ છે, કારણ કે તેમાં ફળ પર નજર નથી.

बारसविहे कसाए खविए उवसामिए य जोगेहिं ।
जं जायइ जइधम्मो ता चरिमं तत्थ खंतिदुगं ॥ ४ ॥
द्वादशविधे कषाये क्षपिते उपशामिते च योगैः ।
यज्जायते यतिधर्म स्तच्चरमं तत्र क्षान्तिद्विकम् ॥ ४ ॥

મન, વચન અને કાયાના શુભ યોગો વડે પ્રથમ બાર કષાયનો ક્ષય કે ઉપશમ થયા પછી જે યતિધર્મ પ્રકટે છે તેમાં વચન ક્ષમા અને ધર્મોત્તરક્ષમા હોય છે.

सव्वे य अईयारा जं संजलणाणमुदयओ हुंति ।
ईसिजलणा य एए कुओवगारादविक्खेह ॥ ५ ॥
सर्वे चातिचारा यत्संज्वलनानामुदयतो भवन्ति ।
ईषज्ज्वलनाश्चैते कृतोपकाराद्यपेक्षेह ॥ ५ ॥

સર્વ અતિચારો (યતિધર્મનાં પાલનમાં લાગતા અતિચારો) સંજ્વલન કષાયના ઉદયથી થાય છે, તે કાંઈક જ્વલન સ્વરૂપ છે. એટલે કે - સંજ્વલન કષાયના ઉદયથી થતા અતિચારો (કે સંજ્વલન કષાયો) આત્મામાં થોડો વિકાર લાવે છે. જેના ઉપર પોતે ઉપકાર કર્યો હોય તે પણ અપકાર કરવા તૈયાર થઈ જાય એવા કોઈ નિમિત્તથી આ અતિચારો (સંજ્વલન કષાયનો ઉદય) થઈ જાય.

[१]छट्ठे उण गुणठाणे जइधम्मो दुग्गलंघणं तं च ।
[२]भणियं भवाडवीए न लोगचिंता तओ इत्थं ॥ ६ ॥
षष्ठे पुनर्गुणस्थाने यतिधर्मो दुर्गलंघनं तच्च ।
भणितं भवाटव्यां न लोकचिन्ता ततोऽत्र ॥ ६ ॥

---

१ अ छट्ठे गुणठाणे २ च भणियं च

છઠ્ઠા ગુણસ્થાને યતિધર્મની પ્રાપ્તિ થાય છે. આ સંસાર અટવીમાં એ પર્વત લંઘન સમાન દુષ્કર ક્રિયા કહેલ છે. માટે આ ગુણસ્થાનકે લોકચિન્તા ન હોય. (ટી.) જેમ અટવીમાં ઘટાદાર વૃક્ષોને લીધે માર્ગ ન જડતો હોય, તેમાં પણ વળી પર્વત ઓળંગવો એ તો ઘણું કપરું કાર્ય હોય છે, તેમ ભવાટવીમાં યતિધર્મની ભાવથી પ્રાપ્તિ એ એવું જ અતિદુષ્કર કાર્ય છે. યતિધર્મની પ્રાપ્તિ પછી લોકસંજ્ઞા નથી હોતી, જો સાધુ લોક સંજ્ઞામાં પડે તો છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામો અને યતિધર્મના અધ્યવસાયો ટકે નહિ અથવા ભવરૂપ અટવીને વિષે લોકસંજ્ઞા એ દુ:ખે કરી ઓળંગી શકાય તેવો પર્વત છે. લોકસંજ્ઞારૂપ પર્વતને ઓળંગ્યા પછી ભવાટવીનો પાર સહેલાઈથી પામી શકાય છે.

तम्हा नियमेणं चिय जइणो सव्वासवा नियत्तस्स ।
पढममिह वयणखंती पच्छा पुण धम्मखंति त्ति ॥ ७ ॥
तस्मान्नियमेनैव यतेः सर्वाश्रवान्निवृत्तस्य ।
प्रथममिह वचनक्षान्तिः पश्चात्पुनर्धर्मक्षान्तिरिति ॥ ७ ॥

માટે (અર્થાત્ લોકચિંતારહિત હોવાથી) સર્વ આશ્રવોથી નિવૃત્ત એવા યતિને નિયમા પ્રથમ વચન ક્ષમા હોય અને (એનો) અભ્યાસ વધતાં પછીથી (સહજ રીતે) ધર્મોત્તર ક્ષમા હોય. (ટી.) પૂર્વની ત્રણ ક્ષમામાં પોતાની પ્રવૃત્તિનો કેવો પ્રત્યાઘાત પડે છે એ વિચારણા છે. અર્થાત્ તેમાં લોકસંજ્ઞા છે જ્યારે છઠ્ઠે ગુણસ્થાનકે લોક સંજ્ઞા ન હોય, માટે ત્યાં પ્રથમની ત્રણ ક્ષમા ન હોય. પરંતુ જેમાં પ્રવૃત્તિના ફલ ઉપર નજર નથી, જ્યાં લોક સંજ્ઞા નથી એવી વચનક્ષમા અને ધર્મોત્તર ક્ષમા જ હોય.

एमेवऽज्जवमद्दवमुत्तीओ हुंति पंचभेयाओ ।
पुव्वोइयनाएणं जइणो इत्थं पि चरमदुगं ॥ ८ ॥
एवमेवार्जवमार्दवमुक्तयो भवन्ति पञ्चभेदाः ।
पूर्वोदितन्यायेन यतेरत्रापि चरमद्विकम् ॥ ८ ॥

એવી જ રીતે આર્જવ, માર્દવ અને મુક્તિ પાંચ પાંચ ભેદે છે. તેમાં પણ પૂર્વોક્ત ન્યાયથી યતિને છેલ્લા બે પ્રકાર હોય. (ટી.) છઠ્ઠે ગુણઠાણે લોક સંજ્ઞા ન હોય જ્યારે પ્રથમના ત્રણ પ્રકારોમાં લોક સંજ્ઞા છે માટે પ્રથમના ત્રણ પ્રકારો યતિને ન હોય.

[१]इहपरलोगादणविक्खं जमणसणाइ चित्तणुट्ठाणं ।
तं सुद्धनिज्जराफलमित्थ तवो होइ नायव्वो ॥ ९ ॥

१ क, च, इहलोगादण, ग, घ, ज, इहलोगादंसणविक्खं

इहपरलोकाद्यनपेक्षं यदनशनादि चित्रानुष्ठानम् ।
तद् शुद्धनिर्जराफलमत्र तपो भवति ज्ञातव्यम् ॥ ९ ॥

આ લોક કે પરલોક વિષયક ફળની અપેક્ષારહિત અને કેવળ નિર્જરારૂપ ફલવાળું જે અનશનાદિ અનેક પ્રકારનું અનુષ્ઠાન તે અહીં તપ જાણવો.

आसवदारनिरोहो जमिंदियकसायदंडनिग्गहणो ।
पेंहातिजोगकरणं तं सव्वं संजमो नेओ ॥ १० ॥

आस्त्रवद्वारनिरोधो यदिन्द्रियकषादण्डनिग्रहतः ।
प्रेक्षादियोगकरणं तत्सर्वं संयमो ज्ञेयः ॥ १० ॥

ઇન્દ્રિય, કષાય અને દંડના નિરોધ (નિગ્રહ)થી થતો આશ્રવદ્વારોનો જે નિરોધ અને પ્રેક્ષાદિ યોગોનું આચરણ તે સંયમ સમજવો.

(ટી.) આશ્રવનિરોધ તે સંયમ સત્તર પ્રકારે છે.

૫ વ્રતો (પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવનો નિરોધ)

૫ ઇન્દ્રિય નિગ્રહ (૧ ઈન્દ્રિયના વિષયનો નિરોધ અને
૨ વિષય પ્રાપ્ત થયે રાગદ્વેષનો નિરોધ)

૪ કષાયનો જય (ઉદિતનું વિફલીકરણ – અનુદિતનો નિરોધ)

૩ મન–વચન–કાયાની અશુભ ચેષ્ટાનો નિરોધ = ૫ + ૫ + ૪ + ૩ = ૧૭

અથવા બીજી રીતે સંયમના સત્તર પ્રકારો નીચે મુજબ.

૧૦ – ૧૦ કાયની રક્ષા (૫ સ્થા. ૩ વિકલેન્દ્રિ, ૧ ત્રસ, ૧ અજીવ)

પૃથ્વીકાયાદિ નવનો મન, વચન, કાયાથી કરણ, કરાવણ અને અનુમોદન દ્વારા સંરંભ, સમારંભ અને આરંભનો ત્યાગ.

૧. અજીવ સંયમ = પ્રમાદી, તથાવિધ બુદ્ધિ, આયુ, શ્રદ્ધા, સંવેગ, બળ વગેરેથી હીન આજના શિષ્ય ગણના અનુગ્રહ માટે રાખેલા પુસ્તકાદિની પ્રતિલેખના પ્રમાર્જના પૂર્વક યતના (પ્રવચનસારોદ્ધાર) પનક સંસક્ત પુસ્તકાદિના ગ્રહણમાં અસંયમ, તેથી એને ન લેવા એ સંયમ. (ઓઘ નિ.)

૪ પ્રેક્ષાદિ સંયમ – ૧ પ્રેક્ષા સંયમ – ચક્ષુથી જોઈને બીજ, લીલોત્રી, જન્તુ વગેરે રહિત ભૂમિ ઉપર શયન આસનાદિ કરવું તે.

૨ ઉપેક્ષા સંયમ ૧ સંયત વ્યાપાર ઉપેક્ષા. પાર્શ્વસ્થાદિના નિર્ધ્વંસ વ્યાપારની ઉપેક્ષા.

---

१ घ पेहोतिजोग

२ संयममां सीदाता साधुने प्रेरणा.

3 अधिकरणमां प्रवृत्त गृहस्थनी अवगणना (ओघनिर्युक्ति)

3. प्रमार्जना संयम. वसति प्रर्माजन, वस्त्र–पात्रादिने पण प्रमार्जीने आदान–निक्षेप करे. नगरमां पेसता के नीकळता पग प्रमार्जे. गृहस्थना देखतां न प्रर्माजवा ए संयम.

४. परिष्ठापनिका संयम. प्राणिसंसक्त, अविशुद्ध के अनुपकारक आहार – पाणीने जन्तुरहित स्थाने विधिपूर्वक परठववा ते. अतिरिक्तभक्तपानादिपरित्यागे संयमः ओघनिर्युक्ति.

3. योगनो निरोध = एम १७ प्रकारनो संयम छे.

गुरुसुत्ताणुन्नायं जं हियमियभासणं ससमयम्मि ।
अपरोवतावमणघ[१] तं सच्च निच्छियं जइणो ॥ ११ ॥

गुरुसूत्रानुज्ञातं यद्धितमितभाषणं स्वसमये ।
अपरोपतापमनघं तत्सत्यं निश्चितं यतेः ॥ ११ ॥

गुरु अने सूत्रथी अनुमत, बीजाने परिताप न पमाडनार, निष्पाप, हितकर अने परिमित एवुं जे बोलवुं तेने स्वसमयमां यतिना सत्य तरीके निश्चित करेलुं छे.

आलोयणाइदसविहजलओ पावमलखालणं विहिणा ।
जं दव्वसोयजुत्तं तं सोयं जइजणपसत्थं ॥ १२ ॥

आलोचनादिदशविधजलतः पापमलक्षालनं विधिना ।
यद् द्रव्यशौचयुक्तं तच्छौचं यतिजनप्रशस्तम् ॥ १२ ॥

आलोचनादि दश प्रकारना (प्रायश्चितरूपी) जलथी विधिपूर्वक पापनुं प्रक्षालन ते यतिनुं प्रशस्त शौच छे. ते द्रव्यशौचथी युक्त समजवुं. (संयममां निरतिचारता ए शौच. प्रव. सारो.)

पक्खीए[२] उवमाए जं[३] धम्मोवगरणाइरेगेण ।
वत्थुस्सागहणं[४] खलु तं आकिंचन्नमिह भणियं ॥ १३ ॥

---

१ ग, ज, तावोवरमणमणघं, घ तावोवसमणमणघं २ क घ च पक्खीउवमाए । ३ क च जं धम्मोवगरणाइरोगेण । घ जं धम्मोवग्गरणाइ ४ ग ज वज्जस्सागहणं । घ वज्जसाग्गहणं

पक्षिण उपमया यद्धर्मोपकरणातिरेकेण ।
वस्तुनोऽग्रहणं खलु तदाकिंचन्यमिह भणितम् ॥ १३ ॥

જેમ પક્ષી આકાશ માર્ગમાં ઉડવા માટે પોતાની પાંખ સિવાય કંઈ ગ્રહણ કરતું નથી. તેમ મુનિ પણ મોક્ષમાર્ગ ઉપર ગતિ કરવા માટે ધર્મના ઉપકરણો સિવાય અન્ય કાંઈ પણ ગ્રહણ કરતા નથી. ધર્મોપકરણ સિવાયની વસ્તુનું અગ્રહણ એજ અહિં આકિંચન્ય કહ્યું છે. (શરીર અને ધર્મોપકરણાદિમાં નિર્મમત્વ તે અકિંચન્ય. પ્રવચન સારોદ્ધાર) (ટી.) જેમ પક્ષી બે પાંખ વિના બીજો કોઈ બોજો ન લે તો તે સહેલાઈથી ઉડી શકે છે, તેમ સાધુ ધર્મોપકરણરૂપ પાંખ સિવાયની કોઈ વસ્તુ ન લે તો આરાધનારૂપી આકાશમાં સહેલાઈથી વિહરી શકે.

मेहुणसन्नाविजएण पंचपरियारणापरिच्चाओ[1] ।
बंभे मणवत्तीए[2] जो सो बंभं सुपरिसुद्धं ॥ १४ ॥
मैथुनसंज्ञाविजयेन पञ्चपरिचारणापरित्यागः ।
ब्रह्मणि मनोवृत्त्या यः स ब्रह्म सुपरिशुद्धम् ॥ १४ ॥

મૈથુન સંજ્ઞાના વિજય વડે અને બ્રહ્મચર્યમાં મનની સ્થાપના વડે પાંચ પ્રકારની પ્રવિચારણાનો જે ત્યાગ તે વિશુદ્ધબ્રહ્મચર્ય છે. (શબ્દાદિ પાંચ વિષયોનો સંયમ) જુઓ આચારાંગ પ્રથમશ્રુતસ્કંધ.

कायफरिसरूवेहिं सद्दमणेहिं च इत्थ पवियारो ।
रागा मेहुणजोगो मोहुदयं रइफलो सव्वो ॥ १५ ॥
कायस्पर्शरूपैः शब्दमनोभ्यां चात्र प्रविचारः ।
रागान्मैथुनयोगो मोहोदयं रतिफलः सर्वः ॥ १५ ॥

કાયાના સ્પર્શ, રૂપ, શબ્દ અને મન વડે અહીં પ્રવિચાર હોય તે સર્વ રાગ પ્રધાન હોવાથી મૈથુનમાં પ્રવર્ત્તાવે છે અને તે રતિજનક (હોવાથી) મોહોદય સ્વરૂપ છે. (ટી.) मेहुणजोगो = મૈથુનમાં પ્રવર્ત્તાવે એવો યોગ અથવા પ્રવિચાર એજ મૈથુનયોગ છે. (અહીં સ્પર્શ, રૂપ, શબ્દ એ ત્રણ જ લીધા છે અને રસ, ગંધ નથી લીધા એ સૂચક છે. કારણ કે – (સ્ત્રીના) સ્પર્શાદિનો પ્રવિચાર મૈથુનમાં સીધો જ લઈ જાય છે. જ્યારે રસનો ભોગ મૈથુનનું પરંપરાએ કારણ બને છે. પરંતુ રસ અને ગંધની વિચારણા (પ્રવિચારણા) સીધી જ મૈથુન નજીક નથી બનતી) અહીં 'મૈથુનમાં

१ क घ च पवियारणा २ घ मणवित्तिए

પ્રવર્તાવે એવો યોગ' એ અર્થ વિશેષ યુક્ત જણાય છે. – મોહનીયકર્મના ઉદયથી રાગ – પ્રવિચાર થાય છે, રાગથી મૈથુન અને તેથી મોહનીયકર્મ બંધાય છે તે ઉદયમાં આવતાં ફરી રતિ (રાગ) થાય છે. એમ વિષવર્તુલ ચાલે છે.

एयस्साभावंमि वि नो बंभमणुत्तराण जं तेसिं ।
बंभे ण मणोवित्ती तह[1] परिसुद्धासयाभावा ॥ १६ ॥
एतस्याभावेऽपि नो ब्रह्मानुत्तराणां यत्तेषां ।
ब्रह्मणि न मनोवृत्तिस्तथा परिशुद्धाशयाभावात् ॥ १६ ॥

પ્રવિચાર ન હોવા છતાં અનુત્તરદેવોને બ્રહ્મચર્ય નથી કારણ કે 'હું સ્પર્શાદિ પ્રવિચારથી વિરમું' એવો વિશુદ્ધ આશય (પરિણામ) તેમને હોતો નથી અને તેથી (એવા આશયના અભાવે) બ્રહ્મચર્યમાં તેમની મનોવૃત્તિ છે એમ ન કહેવાય. (ટી.) પ્રવિચારણાનું રોકાણ ત્યાં સ્વાભાવિક છે. વિશુદ્ધ આશય જનિત નથી. વિશુદ્ધ આશયથી જો વિષયમાં જતું મન રોકાય તો બ્રહ્મમાં મનોવૃત્તિ – બ્રહ્મચર્યનો ક્ષયોપશમ છે, એમ કહેવાય.

बंभमिह बंभचारिहि वन्नियं सव्वमेवऽणुट्ठाणं ।
तो तम्मि खओवसमो सा मणवित्ती तहिं होई ॥ १७ ॥
ब्रह्मेह ब्रह्मचारिभिर्वर्णितं सर्वमेवानुष्ठानम् ।
तत्तस्मिन्क्षयोपशमः सा मनोवृत्तिः तत्र भवति ॥ १७ ॥

અર્થ : પરમ બ્રહ્મચારી શ્રી જિનેવરદેવોએ સકલ અનુષ્ઠાન (આચારાંગાદિમાં કહેલ) ને બ્રહ્મચર્ય કહ્યું છે તે અનુષ્ઠાનો વિશેનો જે ક્ષયોપશમ એજ બ્રહ્મમાં મનોવૃત્તિ કહેવાય.

एवं परिसुद्धासयजुत्तो जो खलु मणोनिरोहो वि ।
परमत्थओ जहत्थं सो भण्णइ बंभमिह समए ॥ १८ ॥
एवं परिशुद्धाशययुक्तो यः खलु मनोनिरोधोऽपि ।
परमार्थतो यथार्थं स भण्यते ब्रह्मेह समये ॥ १८ ॥

આ રીતે મનોનિરોધ પણ વિશુદ્ધ આશયવાળો હોય ત્યારે જ તેને શાસ્ત્રોમાં પરમાર્થથી (નિશ્ચયનયથી) યથાર્થ બ્રહ્મચર્ય કહે છે.

---

१ घ तहा परि

इय तंतजुत्तनीईइ भावियव्वो बुहेहिं सुत्तत्थो ।
सव्वो ससमयपरसमयजोगओ मुक्खकंखीहिं ॥ १९ ॥
इति तन्त्रयुक्तिनीतिभिर्भावयितव्यो बुधैः सूत्रार्थः ।
सर्वः स्वसमयपरसमययोगतो मोक्षकाङ्क्षिभिः ॥ १९ ॥

આવી રીતે મોક્ષકાંક્ષી વિદ્વાનોએ સ્વ-પર-સમયના યોગ વડે શાસ્ત્રોક્ત યુક્તિ અને નીતિ વડે (સર્વનય સાપેક્ષ) સૂત્રાર્થની વિચારણા કરીને તેને ભાવિત કરવો જોઈએ - સૂત્રાર્થમાં શ્રદ્ધા સ્થાપિત કરવી જોઈએ.

संखेवेणं एसो जइधम्मो वन्निओ अइमहत्थो ।
मंदमइबोहणट्ठा कुग्गहविरहेण समयाओ ॥ २० ॥
संक्षेपेणैष यतिधर्मो वर्णितोऽतिमहार्थः ।
मन्दमतिबोधनार्थं कुग्रहविरहेण समयतः ॥ २० ॥

અલ્પમતિવાળા જીવોને બોધ થાય તે માટે અતિ ગંભીર અર્થવાળા (અથવા મહાર્થ એવા) આ યતિધર્મનું આગમોમાંથી કદાગ્રહરહિતપણે મેં સંક્ષેપથી વર્ણન કર્યું છે.

॥ इति यतिधर्मविंशिका एकादशी ॥

# 12. યતિ શિક્ષા

सिक्खा इमस्स दुविहा गहणासेवणगया मुणेयव्वा ।
सुत्तत्थगोयरेगा बीयाऽणुट्ठाणविसय त्ति ॥ १ ॥
शिक्षास्य द्विविधा ग्रहणासेवनगता ज्ञातव्या ।
सूत्रार्थगोचरैका द्वितीयानुष्ठानविषयेति ॥ १ ॥

યતિશિક્ષા બે પ્રકારે છે. (૧) ગ્રહણશિક્ષા અને (૨) આસેવનશિક્ષા. ગ્રહણ શિક્ષાનો વિષય સૂત્રાર્થ છે અને આસેવનશિક્ષાનો વિષય અનુષ્ઠાન છે.

(ટી.) ગ્રહણશિક્ષા જ્ઞાનાત્મક છે, આસેવનશિક્ષા ક્રિયાત્મક છે.

जह चक्कवट्टिरज्जं लद्धूणं नेह खुद्दकिरियासु ।
होइ मई तह चेव उ नेयस्सवि धम्मरज्जवओ ॥ २ ॥
यथा चक्रवर्तिराज्यं लब्ध्वा नेह क्षुद्रक्रियासु ।
भवति मतिस्तथैव तु नैतस्यापि धर्मराज्यवतः ॥ २ ॥

જેમ ચક્રવર્તિનું રાજ્ય પામેલાને ક્ષુદ્ર ક્રિયા કરવાની મતિ થતી નથી, તેમ ધર્મરાજ્યવાળા આ યતિની પણ ક્ષુદ્ર ક્રિયા–વિષય સુખ પ્રાપ્તિ વગેરે કરવાની મતિ થતી નથી.

जह तस्स व रज्जत्तं कुव्वंतो वच्चए सुहं कालो ।
तह एयस्स वि सम्मं सिक्खादुगमेव धन्नस्स ॥ ३ ॥
यथा तस्य वा राज्यं कुर्वतो व्रजति सुखं कालः ।
तथैतस्यापि सम्यक्शिक्षाद्विकमेव धन्यस्य ॥ ३ ॥

જેમ રાજ્ય કરતાં ચક્રવર્તિનો કાળ સુખે પસાર થઈ જાય છે, તેમ શિક્ષાદ્વિકમાં (ગ્રહણ અને આસેવન) ધન્ય એવા આ યતિનો કાળ પણ સારી રીતે (સુખપૂર્વક) પસાર થઈ જાય છે.

तत्तो इमं पहाणं निरुवमसुहहेउभावओ नेयं ।
इत्थ वि हि ओदइगसुहं तत्तो[१] एवोपसमसुहं ॥ ४ ॥

---

१ घ च तत्तो एवो उपसमसुहं

तत एतत्प्रधानं निरुपमसुखहेतुभावतो ज्ञेयम् ।
अत्रापि ह्यौदयिकसुखं तत एवोपशमसुखम् ॥ ४ ॥

ચક્રવર્તિપણા કરતાં પણ શિક્ષાદ્વિકનું પાલન પ્રધાન છે. કારણકે તે નિરુપમ સુખ (મોક્ષ)નો હેતુ છે. રાજ્ય કરવામાં તો ઔદયિક (કર્મોદયજન્ય) સુખ છે. જ્યારે યતિપણામાં ઉપશમભાવનું (સ્વાધીન) સુખ છે. (ટી.) ચક્રવર્તિનું સુખ કર્મોદયજન્ય અને પૌદ્ગલિક છે. તેથી અપૂર્ણ, ક્ષણિક અને નરકગતિ આદિનું કારણ છે. જ્યારે યતિપણાનું સુખ ઉપશમજન્ય-ચિત્તની પ્રસન્નતાને લઈને હોય છે, એટલે તે સ્વાધીન છે. વિષય-કષાયની લાગણીઓ શાન્ત પડી જવાથી જે માનસિક તૃપ્તિ ઉત્પન્ન થાય છે, એના અનુભવ સ્વરૂપ એ સુખ છે, તેથી તે નિરવધિ છે. અનુત્તર દેવના સુખને પણ ઓળંગી જાય છે.

सिक्खादुगंमि पीई जंह[१] जायइ हंदि समणसीहस्स ।
तह चक्कवट्टिणो वि हु नियमेण न जाउ नियकिच्चे ॥ ५ ॥
शिक्षाद्विके प्रीतिर्यथा जायते हन्त श्रमणसिंहस्य ।
तथा चक्रवर्तिनोऽपि खलु नियमेन न जातु निजकृत्ये ॥ ५ ॥

શ્રમણસિંહને (ઉત્તમ કક્ષાના યતિને) જેવી પ્રીતિ શિક્ષાદ્વિકમાં થાય છે, તેવી પ્રીતિ ચક્રવર્તિને સ્વકૃત્યોમાં ન જ થાય. (ટી.) જો કે અનેક રાજાઓની વચ્ચે દરબારમાં દેદિપ્યમાન સિંહાસન ઉપર બિરાજમાન થઈ આજ્ઞાઓ ફરમાવવી, ખંડિયા રાજાઓના મુજરા લેવા, રાજ્યવૈભવો ભોગવવા વગેરે ચક્રવર્તિના કર્ત્તવ્યો રસપ્રદ છે, ઓતપ્રોત બનાવી દે તેવાં છે છતાં પણ અધ્યયન અને તદનુસારી ક્રિયા-આચરણમાં ઉત્તમ સાધુને ચક્રવર્ત્તિ કરતાં પણ અધિક રસ-પ્રીતિ-આનંદ હોય છે.

गिण्हइ विहिणा सुत्तं भावेणं परममंतरूव त्ति ।
जोगो वि बीयमहुरोदजोगतुल्लो इमस्स त्ति ॥ ६ ॥
गृह्णाति विधिना सूत्रं भावेन परममन्त्ररूपमिति ।
योगोपि बीजमधुरोदकयोगतुल्योऽस्येति ॥ ६ ॥

સૂત્રને પરમમન્ત્રરૂપ સમજીને વિધિપૂર્વક ગ્રહણ કરે. સૂત્ર અને વિધિનો યોગ એ બીજ મધુર પાણીના સંયોગની જેમ ફલદાયી નીવડે છે. (ટી.) વિધિ વિનાના સૂત્રના અધ્યયનથી કદાચ જ્ઞાન-જાણપણું પ્રાપ્ત થઈ જાય, પણ એથી પરિણિતિનું ઘડતર-વિરતિની પ્રાપ્તિરૂપ ફળ ન નીપજે. જેમ ખારા પાણીથી વૃક્ષ જેમ તેમ ઊગી જાય પણ તે ફળ આપનારું નથી બની શકતું.

१ अ घ जइ जायइ

पत्तं परियाएणं सुगुरुसगासाउ[1] कालजोगेण ।
उद्देसाइकमजुयं सुत्त गेज्झंति गहणविही ॥ ७ ॥
प्राप्तं पर्यायेण सुगुरुसकाशात्तु कालयोगेन ।
उद्देशादिक्रमयुतं सूत्रं ग्राह्यमिति ग्रहणविधिः ॥ ७ ॥

પોતાના ચારિત્ર પર્યાય મુજબ પ્રાપ્ત થયેલું (એટલે કે ત્રણ વર્ષના પર્યાવાળાને આચાર પ્રકલ્પ, ચાર વર્ષવાળાને સૂત્રકૃતાંગ એમ વીસ વર્ષના પર્યાયવાળાને સર્વશ્રુત) કાલગ્રહણ લેવા પૂર્વક, (વસતિશુદ્ધિ અને યોગોદ્વહનની ક્રિયા પૂર્વક) ઉદ્દેશાદિના ક્રમે સદ્‌ગુરુ પાસેથી સૂત્ર ગ્રહણ કરવું, તે ગ્રહણ–વિધિ છે.

एसु च्चिय दाणविही नवरं दाया गुरुऽथ एयस्स ।
गुरुसंदिट्ठो वा जो अक्खयचारित्तजुत्तु[2] त्ति ॥ ८ ॥
एष एव दानविधिः केवलं दाता गुरुरथैतस्य ।
गुरूसन्दिष्टो वा योऽक्षयचारित्रयुक्त इति ॥ ८ ॥

સૂત્ર દાનનો વિધિ પણ તે જ છે. કિન્તુ સૂત્રના દાતા ગુરુ અથવા ગુરુથી નિર્દિષ્ટ અક્ષતચારિત્રયુક્ત કોઈ અન્ય મુનિ હોવા જોઈએ.

अत्थगहणे उ एसो विन्नेओ तस्स तस्स य सुयस्स ।
तह चेव भावपरियागजोगओ[3] आणुपुव्वीए ॥ ९ ॥
अर्थग्रहणे त्वेष विज्ञेयस्तस्य तस्य च श्रुतस्य ।
तथैव भावपर्याययोगत आनुपूर्व्या ॥ ९ ॥
मंडलिनिसिज्ज अक्खाकिइकम्मुस्सग्ग[4] वंदणं जिट्ठे ।
उवओगो संवेगो ठाणे पसिणो य इच्चाइ ॥ १० ॥
मण्डलिनिषद्या अक्षकृतिकर्मोत्सर्गवन्दनं ज्येष्ठे ।
उपयोगः संवेगः स्थाने प्रश्नश्चेत्यादि ॥ १० ॥

તે તે સૂત્રના અર્થગ્રહણમાં પણ (દાતા અંગે) આ જ વિધિ સમજવો. તેવી જ રીતે (સૂત્રની જેમ અહિં પણ એ પરમમન્ત્રતુલ્ય છે એ) ભાવ યોગ્ય પર્યાય અને ક્રમ સાચવીને અર્થનું ગ્રહણ કરવું. એની સાથે માંડલી (પર્યાય મુજબ ગોળાકારે બેસવું)

---

१ घ सुंगुरुसगासो उ २ क अक्खयचरित ३ भागपरियाग घ च भावपरिवाग ४ घ च मिक्खाकिइकमुस्सग्ग ।

નિષધા (ગુરુનું આસન પાથરવું) અક્ષ (સ્થાપનાચાર્ય પધરાવવા) કૃતિકર્મ (વાચનાચાર્યને વન્દન), અનુયોગ આદવવાનો કાઉસ્સગ્ગ કરવો. જયેષ્ઠને વન્દન, વાચનામાં ઉપયોગ, સંવેગ અને સ્થાને પ્રશ્ન કરવો વગેરે વિધિ પણ જાળવવો. (ટી.) એટલે કે દાતા ગુરુ અથવા ગુરુ નિર્દિષ્ટ અક્ષતચારિત્ર યુક્ત મુનિ હોય તો તેના શિષ્યે (વાચના લેનાર) અર્થગ્રહણ વખતે વિધિ સાચવવો.

आसेवइ य जं[1]हुत्तं तहा तहा सम्ममेस सुत्तत्थं ।
उचियं सिक्खखापुव्वं नीसेसं उवहिपेहाए ॥ ११ ॥
आसेवते च यथोक्तं तथा तथा सम्यगेष सूत्रार्थम् ।
उचितं शिक्षापूर्वं निःशेषमुपधिप्रेक्षया ॥ ११ ॥

ઉચિત સઘળી ગ્રહણશિક્ષાપૂર્વક ઉપધિની પડિલેહણા વગેરે સર્વ અનુષ્ઠાન કરવા વડે તે યતિ સૂત્રાર્થને તે તે પ્રકારે યથોક્ત રીતે આચરણમાં લાવે.

(ટી.) ઉપધિની પડિલેહણા કેવી રીતે કરવી વગેરેનું જ્ઞાન (ગ્રહણશિક્ષા) પ્રથમ પ્રાપ્ત કરી લે, અને પછી તે જ્ઞાનના અનુસારે સર્વ અનુષ્ઠાન કરે.

पडिवत्तिविरहियाणं न हु सु[2]यमित्तमुवयारगं होइ ।
नो आउरस्स रोगो नासइ तह ओस[3]हसुईओ ॥ १२ ॥
प्रतिपत्तिविरहितानां न खलु श्रुतमात्रमुपकारकं भवति ।
नो आतुरस्य रोगो नश्यति तथौषधश्रुतेः ॥ १२ ॥
न य विवरीएमेसो किरियाजोगेण अवि य वड्ढेइ ।
इय परिणामाओ खलु सव्वं खु जहुत्तमायरइ ॥ १३ ॥
न च विपरीतेनैष क्रियायोगेणापि च वर्धते ।
इति परिणामतः खलु सर्वं खलु यथोक्तमाचरति ॥ १३ ॥

આચરણ વિનાના આત્માને કેવળ શ્રવણ ઉપકારક નથી, જેમ રોગીનો રોગ ઔષધના શ્રવણમાત્રથી નાશ નથી પામતો. વિપરીત આચરણ કરવામાં આવે (અપથ્યાદિસેવન) તો રોગ ઘટતો નથી પણ વધે છે વગેરે વિચારણાથી તે સર્વ યથોક્ત અનુષ્ઠાન આચરે છે. (ટી.) સંસાર રોગ દૂર કરવા માટે આ ચારિત્ર અનુષ્ઠાન છે. એ અનુષ્ઠાનો કેવી રીતે કરવા વગેરે માત્ર જાણી લે તેથી ભવરોગ ન જાય. અસંયમનું આચરણ ચાલુ રહે તો ભવરોગ ઘટવાને બદલે વધે.

---

१ घ जुहुत्तं २ क घ च सुयमित्त उववारगं ३ क घ च ओसहसुहीओ

[1] थेवोवित्थमजोगो नियमेण विवागदारुणो होइ ।
पागकिरियागओ जह नायमिणं सुप्पसिद्धं तु ॥ १४ ॥
स्तोकोप्यत्रायोगो नियमेन विपाकदारुणो भवति ।
पाकक्रियागतो यथा ज्ञातमिदं सुप्रसिद्धं तु ॥ १४ ॥

પાક ક્રિયામાં જેમ વિપરીત ક્રિયા નુકશાન કરે છે એ પ્રસિદ્ધ છે. તેમ અહીં પણ થોડી પણ વિપરીત ક્રિયા (અવિધિ) દારુણ ફળ આપનારી બને છે. (ટી.) અથવા અયોગ એટલે કે જેમ દૂધ ગરમ કરવા મૂક્યું હવે જો લક્ષ ન રાખે તો – વધુ તાપ આપવો ચાલુ રાખે તો – ઉભરો આવે ને બધું દૂધ ચૂલામાં ચાલ્યું જાય. અથવા દૂધપાક બનાવવા મૂક્યો, વધુ તાપની જરૂર છે, પણ જો હલાવે નહિ તો નીચે તપેલામાં ચોંટી જાય. બળી જાય. તેમ અહીં પણ અવિધિથી નુકશાન થાય. અથવા અનુષ્ઠાન ન કરે (અયોગ) તો આ પ્રાપ્ત તક વેડફાઈ જાય અને એની ઉપેક્ષાથી અશુભ કર્મ બન્ધ થાય એમ બેવડું નુકસાન થાય.

जह आउरस्स रोगक्खयत्थिणो दुक्करा वि सुहहेऊ ।
इत्थ चि[2]गिच्छाकिरिया तह चेव जइस्स सिक्ख त्ति ॥ १५ ॥
यथाऽऽतुरस्य रोगक्षयार्थिनो दुष्करापि सुखहेतुः ।
अत्र चिकित्साक्रिया तथैव यतेः शिक्षेति ॥ १५ ॥

જેમ રોગનો ક્ષય ઈચ્છનાર રોગીને દુષ્કર એવી પણ ચિકિત્સાક્રિયા (કડવા ઉકાળા વગેરે) સુખનો હેતુ બને છે તેમ (ભવ રોગના ક્ષયની ઈચ્છાવાળા) યતિને આ શિક્ષા સુખકર લાગે છે. (જો કે એનું ગ્રહણ અને આસેવન કષ્ટદાયી જણાય છે. છતાં યતિને ભવરોગના નાશની ઈચ્છા હોવાથી તે સુખકર જ લાગે છે.)

जं सम्मनाणमेयस्स तत्तसंवेयणं निओगेण ।
अन्नेहि वि [3]भणियमओ विज्जासंविज्जपदमिसिणो ॥ १६ ॥
यत्सम्यग्ज्ञानमेतस्य तत्त्वसंवेदनं नियोगेन ।
अन्यैरपि भणितमतो विद्यासंवेद्यपदमृषेः ॥ १६ ॥

યતિને સમ્યગ્જ્ઞાન છે, માટે (નિશ્ચયનયથી) તત્ત્વસંવેદન નિયમા હોય. અન્ય દર્શનકારોએ પણ ઋષિને વેદ્ય-સંવેદ્ય પદ કહેલું છે. તત્ત્વપરિણતિ જાણેલાનું યથોક્ત આચરણ 'जं सम्मं ति पासहा तं मोणं ति पासहा' નિશ્ચયનયથી જે સમ્યક્ત્વ તે

१ अ भेदो वित्थमजोगो २ च विगिच्छा ३ अ घ भणियमओ उ विज्जा

જ મૌન = મુનિપણું છે. વેદ્યસંવેદ્યપદ યોગિઓને જ હોય. તેમાં અપાયાદિના કારણરૂપ સ્ત્રી આદિ વેદ્ય (વેદવાયોગ્યવસ્તુ) આગમથી વિશુદ્ધ થયેલ એવી-અપ્રવૃત્તિ બુદ્ધિથી સંવેદાય છે. શબ્દના અર્થ પ્રમાણે તે "વેદ્ય સંવેદ્યપદ" તરીકે શાસ્ત્રમાં યથાર્થ કહેલ છે. યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લોક ૭૨ અને /૭૪ માં એનું સ્વરૂપ જણાવતાં કહ્યું છે કે -

યોગદૃષ્ટિસમુચ્ચ શ્લોક ૭૨/૭૪

'पदं तु वेद्यसंवेद्यपदमेव हि योगिनाम् ॥ ७२ ॥
वेद्यं संवेद्यते यस्मिन् अपायादिनिबन्धनम् ।
तथा प्रवृत्तिबुद्ध्यापि स्त्र्याद्यागमविशुद्धया ॥ ७३ ॥
तत्पदं साध्ववस्थानाद् भिन्नग्रन्थ्यादिलक्षणम् ।
अन्वर्थयोगतः तन्त्रे वेद्यसंवेद्यमुच्यते ॥ ७४ ॥

पढममहं पीई[1] वि हु पच्छा भत्ती उ होउ एयस्स ।
आगममित्तं हेऊ तओ असंगत्तमेगंता[2] ॥ १७ ॥

प्रथममथ प्रीतिरपि खलु पश्चाद्भक्तिस्तु भवत्येतस्य ।
आगममात्रं हेतुस्ततोऽसंगत्वमेकान्तात् ॥ १७ ॥

जइणो चउव्विहं चिय अन्नेहि वि वन्नियं अणुट्ठाणं ।
पीईभत्तिगयं खलु तहागमासंगभेयं च ॥ १८ ॥

यतेश्चतुर्विधमेवान्यैरपि वर्णितमनुष्ठानम् ।
प्रीतिभक्तिगतं खलु तथाऽऽगमासङ्गभेदं च ॥ १८ ॥

પ્રથમ તે યતિને પ્રીતિ હોય છે, પછી ભક્તિ જાગે છે. પછી એના અનુષ્ઠાનમાં માત્ર આગમ-શાસ્ત્રવચન જ હેતુ હોય. પછી એકાન્તથી એના અનુષ્ઠાનમાં અસંગતા આવે. અન્યોએ પણ યતિને પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન એ ચારે પ્રકારનું અનુષ્ઠાન હોય એમ કહ્યું છે. (ટી.) પ્રથમ ક્રિયા ઉપર પ્રીતિ જાગવાથી ક્રિયા કરે, પછી એનું માહાત્મ્ય-ઉપકાર વગેરે વધુને વધુ સમજાતાં ભક્તિ જાગે, એટલે ભક્તિથી ક્રિયા કરે પછી ભગવાને કહ્યું છે, એ રીતે મારે ક્રિયા કરવી એ વિચારથી શાસ્ત્રોક્ત રીતે અવિકલ ક્રિયા કરે એના દીર્ઘકાલના અભ્યાસથી એ ક્રિયાઓ તેને સ્વભાવગત બની જાય એટલે પછી કોઈપણ આલંબન વિના સહજભાવે તે એ રીતે પ્રવર્તે તે અસંગક્રિયા. ષોડશક-૧૦ શ્લો. ૩/૧૦માં ચાર

१ अ ग पीई वि उ २ घ मेगंतो ।

પ્રકારના અનુષ્ઠાનોનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે :

'यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः ।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥'

જેમાં અતિ આદર હોય, કરનારને હિતોદયા પ્રીતિ થાય, અને અન્ય કાર્યોનો ત્યાગ કરીને જેને એકનિષ્ઠાથી આચરવામાં આવે તે **પ્રીતિ અનુષ્ઠાન** કહેવાય છે. જે ક્રિયામાં પ્રીતિ એટલી બધી હોય કે બીજું બધું મૂકીને એને જ માટે તીવ્ર પ્રયત્ન કરવામાં આવે – તે ક્રિયા પ્રીતિઅનુષ્ઠાનવાળી કહેવાય.

**ભક્તિ-અનુષ્ઠાનનું સ્વરૂપ –**

'गौरवविशेषयोगाद् बुद्धिगतो यद् विशुद्धतरयोगम् ।
क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद् भक्त्यनुष्ठानम् ॥
अत्यन्तं वल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात् प्रीतिभक्तिगतम् ॥'

પત્ની ખરેખર અત્યન્તપ્રિય હોય છે. તેમ હિતકારી માતા પણ અત્યન્ત પ્રિય હોય છે. બન્નેનું સરખું જ કોઈ કાર્ય કરવાનું હોય (જેમકે – પાલન પોષણ) છતાં એકનું કાર્ય પ્રીતિથી થાય છે. બીજી (માતા)નું કાર્ય ભક્તિથી થાય છે. (જેના ઉપર પ્રીતિ છે એની સાથે સમાનતાનો ભાવ છે. જ્યારે ભક્તિના પાત્ર પ્રત્યે પૂજ્યતાની બુદ્ધિ હોય છે.) તેમ ભક્તિઅનુષ્ઠાનમાં ક્રિયા તો પ્રીતિ અનુષ્ઠાન જેવી જ હોય છે. છતાં એના કર્તાના મનમાં અનુષ્ઠાનના ગૌરવ-મહત્ત્વનો ખ્યાલ હોવાથી તે અનુષ્ઠાન પ્રીતિ અનુષ્ઠાન કરતાં વિશુદ્ધતર હોય છે.

**વચનાનુષ્ઠાન સ્વરૂપ –**

वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो यातु ।
वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥

સર્વત્ર ઔચિત્યપૂર્વક શાસ્ત્રવચનને અનુસારે સર્વ પ્રવૃત્તિ કરવી તે **વચનાનુષ્ઠાન છે.** ચારિત્રવંતને તે અવશ્ય હોય.

**અસંગાનુષ્ઠાનનું સ્વરૂપ –**

यत्त्वभ्यासातिशयात् सात्मीभूतमिव चेष्टते सद्भिः ।
तदसंगानुष्ठानं भवति त्वेतत् तदावेधात् ॥

ઘણા અભ્યાસથી ચંદન ગંધની જેમ આત્મસાત્ થઈ જવાથી સહજભાવે સત્પુરુષોથી જે ક્રિયા કરાય છે તે **અસંગાનુષ્ઠાન** છે. સંસ્કારથી અસંગાનુષ્ઠાન થયા કરે છે. (એમાં ચક્ર અને દંડનું દૃષ્ટાંત છે.)

चक्र भ्रमणं दण्डात् तदभावे चैव यत्परं भवति ।
वचनासंगानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥

પ્રથમ દંડના યોગે ચક્ર ફરે છે. પછી દંડ પ્રયોગ વિના પણ તે ચક્ર ફરતું રહે છે. તેમ વચનાનુષ્ઠાન આગમવચનને અનુસારે પ્રવર્તે છે. પછી એના સંસ્કાર માત્રથી સહજભાવે પ્રવૃતિ થયા કરે છે – તે **અસંગાનુષ્ઠાન** સમજવું.

अभ्युदयफले चाद्ये निःश्रेयससाधने तथा चरमे ।
एतदनुष्ठानानां विज्ञेये इह गतापाये ॥

પ્રથમના બે અનુષ્ઠાન અભ્યુદય–સ્વર્ગનાં કારણ છે અને છેલ્લાં બે અનુષ્ઠાન મોક્ષનાં કારણ અને વિઘ્ન વિનાનાં છે.

आहारोवहिसिज्जासु संजओ होइ एस नियमेण ।
जायइ अणहो सम्मं इत्तो य चरित्तकाउ त्ति ॥ १९ ॥

आहारोपधिशय्यासु संयतो भवत्येष नियमेन ।
जायतेऽनघः सम्यग् इतश्च चारित्रकाय इति ॥ १९ ॥

एयासु अवत्तवओ[1] जह चेव विरूद्धसेविणो देहो ।
पाउणइ[2] न गुणमेवं जइणो वि हु धम्मदेहु त्ति ॥ २० ॥

एतास्वव्यक्तव्रतस्य यथैव विरूद्धसेविनो देहः ।
प्राप्नोति न गुणमेवं यतेरपि खलु धर्मदेह इति ॥ २० ॥

તે આહાર, ઉપધિ (સંયમના ઉપકરણો) અને વસતિવિષે નિયમા સંયત (આગમોક્ત આચરણ કરનાર) હોય છે. આ સંયમથી તેનો ચારિત્ર દેહ નિષ્પાપ (પવિત્ર–અતિચાર રહિત) બને છે.

જેમ અપથ્ય સેવન કરનારનો દેહ આરોગ્ય પ્રાપ્ત ન કરી શકે, તેમ આહારાદિમાં અયત્નશીલ તેમજ આગમવિરૂદ્ધ (આધાકર્માદિ) સેવન કરનાર યતિનો ધર્મદેહ પણ તેવા ગુણને પ્રાપ્ત થતો નથી.

इति शिक्षाविंशिका द्वादशी ॥

१ क अवत्तचओ २ क घ च पाउणइ सवणमेवं

# 13. ભિક્ષાવિધિ વિંશિકા

भिक्खाविही उ नेओ इमस्स एसो महाणुभावस्स ।
बायालदोसपरिसुद्धपिंडगहणं ति ते य इमे ॥ १ ॥

भिक्षाविधिस्तु ज्ञेयोऽस्यैष महानुभावस्य ।
द्वाचत्वारिंशद्दोषपरिशुद्धपिण्डग्रहणमिति ते चेमे ॥ १ ॥

બેંતાલીસ દોષ રહિત સુપરિશુદ્ધ પિંડ (આહાર) ગ્રહણ કરવો તે આ મહાનુભાવ (યતિ)ની ભિક્ષાવિધિ જાણવી. તે દોષો આ પ્રમાણે છે.

सोलस उग्गमदोसा सोलस उप्पायणाइ दोसा उ ।
दस[1] एसणाइ दोसा बायालीसं[2] इय हवंति ॥ २ ॥

षोडशोद्गमदोषाः षोडशोत्पादनाया दोषास्तु ।
दशैषणाया दोषा द्वाचत्वारिंशदिति भवन्ति ॥ २ ॥

સોલ ઉદ્‌ગમના દોષ (આહાર બનાવતી વખતે શ્રાવકથી લાગતા), સોલ ઉત્પાદનના દોષો (ભિક્ષા લેતી વખતે સાધુથી લાગતા) અને દશ એષણાના દોષો (ભિક્ષા આપતાં-લેતાં ગૃહસ્થ અને સાધુ ઉભયથી લાગતા) એ રીતે કુલ બેંતાલીશ દોષ થાય છે.

आहाकम्मुद्देसिय पूईकम्मे य मीसजाए य ।
ठवणा पाहुडियाए पाओयरकीयपामिच्चे ॥ ३ ॥

आधाकर्मोद्देशिक पूतिकर्म च मिश्रजातं च ।
स्थापना प्राभृतिका प्रादुष्करणक्रीतप्रामित्यम् ॥ ३ ॥

परियट्टिए अभिहडे उब्भिन्ने मालोहडे इह य ।
अच्छिज्जे[3] अनिसिट्ठे अज्झोयरए य सोलसमे ॥ ४ ॥

परिवर्तितोऽभिहृत उद्भिन्नो मालापहृत इति च ।
आच्छेद्योऽनिसृष्टोऽध्यवपूरकश्च षोडशः ॥ ४ ॥

---

१ घ दस य एसणाओ २ क बायालीसा ३ घ अच्छिज्जियनिसिट्ठे

| | | | |
|---|---|---|---|
| ૧. આધાકર્મ | ૪. મિશ્રજાત | ૭. પ્રાદુષ્કરણ | ૧૦. પરાવર્તિત |
| ૨. ઔદ્દેશિક | ૫. સ્થાપના | ૮. ક્રીત | ૧૧. અભ્યાહૃત |
| ૩. પૂતિ–કર્મ | ૬. પ્રાભૃતિક | ૯. પ્રામિત્ય | ૧૨. ઉદ્ભિન્ન |

૧૩ માલોપહૃત, ૧૪ આચ્છેદ્ય, ૧૫ અનિસૃષ્ટ, ૧૬ અધ્યવપૂરક.

આ ઉપર જણાવેલા સોલ ઉદ્ગમના દોષો છે.

धाईदूईनिमित्ते आजीव वणीमगे तिगिच्छा य ।
कोहे माणे माया लोभे य हवंति दस एए ॥ ५ ॥
धात्री दूती निमित्त आजीवो वनीपकश्चिकित्सा च ।
क्रोधो मानो माया लोभश्च भवन्ति दशैते ॥ ५ ॥
पुव्विं पच्छा संथव विज्जा मंते य चुन्न जोगे य ।
उप्पायणाइ दोसा सोलसमे मूलकम्मे य ॥ ६ ॥
पूर्वपश्चात्संस्तवो विद्या मंत्रश्च चूर्णं योगश्च ।
उत्पादनाया दोषा षोडशो मूलकर्म च ॥ ६ ॥

| | | | |
|---|---|---|---|
| ૧. ધાત્રીપિંડ | ૫. વનીપક | ૯. માયાપિંડ | ૧૩. મન્ત્રપિંડ |
| ૨. દૂતિપિંડ | ૬. ચિકિત્સા | ૧૦. લોભપિંડ | ૧૪. ચૂર્ણપિંડ |
| ૩. નિમિત્ત | ૭. ક્રોધપિંડ | ૧૧. પૂર્વ–પશ્ચાત્ સંસ્તવ | ૧૫. યોગપિંડ |
| ૪. આજીવક | ૮. માનપિંડ | ૧૨. વિદ્યાપિંડ | ૧૬. મૂલકર્મ |

આ ઉપર જણાવેલ સોલ ઉત્પાદનના દોષો છે.

संकिय मक्खिय निक्खित्त पिहिय साहरिय दायगुम्मीसे ।
अपरिणय लित्त छड्डिय एसणदोसा दस[१] हवंति ॥ ७ ॥
शङ्कितम्रक्षितनिक्षिप्तपिहितसंहृतदायकोन्मिश्राः ।
अपरिणतलिप्तच्छर्दिता एषणदोषा दश भवन्ति ॥ ७ ॥

૧ શંકિત, ૨ મ્રક્ષિત, ૩ નિક્ષિપ્ત, ૪ પિહિત, ૫ સંહૃત, ૬ દાયક, ૭ ઉન્મિશ્ર, ૮. અપરિણત, ૯. લિપ્ત ૧૦ છર્દિત

આ ઉપર જણાવેલા દશ એષણા (સાધુ–ગૃહસ્થથી ઉત્પન્ન થતા) દોષો છે.

---

१ घ दश हवंति

एयद्दोसविमुक्को[1] जईण पिंडो जिणेणऽणुन्नाओ ।
संजोयणाइरहिओ भोगो वि इमस्स कारणओ ॥ ८ ॥

एतद्दोषविमुक्तो यतीनां पिण्डो जिनेनानुज्ञातः ।
संयोजनादिरहितो भोगोऽप्यस्य कारणतः ॥ ८ ॥

આ દોષોથી રહિત આહારની શ્રી જિનેશ્વર દેવોએ યતિને અનુજ્ઞા આપી છે. એવા નિર્દોષ પિંડનું સેવન પણ સકારણ હોવું જોઈએ અને તે પણ સંયોજનાદિ દોષ રહિત જોઈએ.

दव्वाईसंजोयणमिह बत्तीसाहिगं तु अपमाणं ।
रागेण सइंगालं दोसेण सधूमगं जाण ॥ ९ ॥

द्रव्यादिसंयोजनमिह द्वात्रिंशदधिकं त्वप्रमाणम् ।
रागेण साङ्गारं द्वेषेण सधूमकं जानीहि ॥ ९ ॥

સ્વાદ માટે એક દ્રવ્ય સાથે બીજું દ્રવ્ય મેળવીને વાપરવું તે **સંયોજના** દોષ. બત્રીસ કવળથી અધિક આહાર વાપરવો તે **અપ્રમાણ** દોષ, રાગથી–ગૃદ્ધિથી આહાર વાપરવો તે **ઈંગાલ** દોષ, અનિષ્ટ આહાર ઉપર દ્વેષ કરીને વાપરવું તે **ધૂમ દોષ** અને (આગળના ૧૦મા શ્લોકમાં) બતાવેલા કારણો વિના આહાર લેવો તે **અકારણ** દોષ.

वेयण वेयावच्चे इरियट्ठाए य संजमट्ठाए ।
तह पाणवत्तियाए छट्ठं पुण धम्मचिंताए ॥ १० ॥

वेदनवैयावृत्ये ईर्यार्थं च संयमार्थे च ।
तथा प्राणवृत्त्यै षष्ठं पुनर्धर्मचिन्तायै ॥ १० ॥

૧. ક્ષુધાની વેદના શમાવવા માટે.

૨. વૈયાવચ્ચ કરી શકાય તે માટે.

૩. ઇર્યા વગેરે સમિતિઓના પાલન માટે.

૪. સંયમની સાધના માટે.

૫. પ્રાણિરક્ષા (જીવ રક્ષા) માટે અને

૬. ધર્મચિન્તા–ધર્મ ધ્યાન કરી શકાય તે માટે આ છ કારણે મુનિ આહાર વાપરે.

वत्थं आहाकम्माइदोसदुट्ठं विवज्जियव्वं तु ।
दोसाण जहासंभवमेएसिं जोयणा नेया ॥ ११ ॥

---

१ विसुद्धो (पञ्चाशक ६२४) २ य — पाहाकम्माइ

वस्त्रमप्याधाकर्मादिदोषदुष्टं विवर्जितव्यं तु ।
दोषाणां यथासंभवमेतेषां योजना ज्ञेया ॥ ११ ॥

આધાકર્માદિ દોષવાળાં વસ્ત્ર પણ વર્જવા જોઈએ. વસ્ત્રૈષણામાં આ દોષોની યોજના યથાસંભવ સમજી લેવી. (જેમ કે – નિર્દોષ વસ્ત્ર હોય એને સાધુને માટે ધોવડાવે તો કર્મોદ્દેશદોષ, કામળી આધાકર્મી હોય અને એની સાથે નિર્દોષ કપડો ચઢાવે તો પૂતિદોષ લાગે.) (ટી.) પિંડેષણા, વસ્ત્રૈષણા, શય્યૈષણા વગેરેનું વિસ્તૃત વર્ણન શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં કરેલ છે.

इत्थेव पत्तभेएण एसणा होइऽभिग्गहपहाणा ।
[1]सत्त चउरो य पयडा अन्ना वि तहाऽविरुद्धत्ति ॥ १२ ॥
अत्रैव पात्रभेदेनैषणा भवत्यभिग्रहप्रधाना ।
सप्त चत्वारश्च प्रकटा अन्याऽपि तथाऽविरुद्धा इति ॥ १२ ॥

એમાં પણ પાત્ર ભેદે અભિગ્રહપ્રધાન એષણા હોય છે. (સાધુ પોતાની શક્તિ મુજબ વિવિધ અભિગ્રહ ધારે અને તદનુસાર એષણા કરે) સાત પ્રકારે અને ચાર પ્રકારે એષણા પ્રસિદ્ધ છે. આગમથી અવિરુદ્ધ બીજી પણ એષણા હોઈ શકે.

[2]संसट्ठमसंसट्ठा उद्धड तह होइ अप्पलेवा य ।
ओग्गहियापग्गहिया उज्झियधम्मा य सत्तमिया ॥ १३ ॥
संसृष्टासंसृष्टोद्धृता तथा भवत्यल्पलेपा च ।
उद्गृहीतापगृहीता उज्झितधर्मा च सप्तमिका ॥ १३ ॥

સાત પ્રકારે પિંડેષણા આ પ્રમાણે છે.

૧. **સંસૃષ્ટા** = ખરડાયેલા હાથ અને ખરડાયેલ પાત્રથી અપાતી ભિક્ષા લેવી. (અથવા બાલ, વૃદ્ધ, તપસ્વી વગેરે માટે હાથ ખરડાય કે પાત્ર ખરડાયેલ રહી જાય તો પણ તે ભિક્ષા લેવી)

૨. **અસંસૃષ્ટા** = અસંસૃષ્ટ (નહિ ખરડાયેલ) હાથ અને અસંસૃષ્ટ પાત્રથી ભિક્ષા આપે તે જ લેવી. (અથવા દાતાનો હાથ ખરડાય એવી રીતે ન લેવું અથવા જે પાત્ર દ્વારા વહોરાવે તેમાંનું બધું જ ન લેવું.)

૩. **ઉદ્ધૃતા** = પોતાના માટે મોટા વાસણમાંથી નાના વાસણમાં કાઢેલું

१ घ सत्त चउरा य २ घ पुस्तके त्रयोदशसंख्याङ्किता गाथा न दृश्यते, संसट्ठमसंसट्ठेतिगाथा च चतुर्दशीति चिह्निता

४. **અલ્પલેપા** = નિર્દોષ પોંક વગેરે (વલ્લ-ચણા) જેમાં દાતાને વાસણ ધોવા વગેરે પશ્ચાત્ કર્મ બહુ ઓછું કરવાનું હોય - ન કરવાનું હોય.

૫. **અવગૃહીતા** = જમવા માટે બેઠેલ ગૃહસ્થે પોતે ખાવા માટે થાળી કે વાટકામાં કાઢ્યું હોય તેમાંથી લેવું.

૬. **પ્રગૃહીતા** = ગૃહસ્થે પોતા માટે કે બીજા માટે મોટા વાસણમાંથી ચમચા કે કડછી વગેરેથી ઉપાડેલું અન્ન થાળીમાં પીરસાય એ પહેલાં લેવું. આવો આહાર મળે તો જ લેવો અન્યથા આહાર ત્યાગ અથવા ખાવા માટે હાથથી ઉપાડેલ કોળિયામાંથી લેવું.

૭. **ઉજ્ઝિતધર્મા** = ઘરના બધા માણસો જમી ગયા પછી શેષ રહે તે અથવા ફેંકી દેવા જેવો આહાર જેને બીજો કોઈ ઈચ્છે નહિ એવી ભિક્ષા જ લેવી. (આર્યમહાગિરિ આવી ભિક્ષા લેતા હતા.)

(ટી.) ત્રીજી ઉદ્ધૃત ભિક્ષા અંગે હારિભદ્રીયાવશ્યકમાં અસંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ પાત્રથી આપે તેવી ભિક્ષા તે ઉદ્ધૃતભિક્ષા. આ અર્થ જ વધુ સંગત જણાય છે. હાથ અને પાત્રની જે ચતુર્ભંગી થાય, તેમાંથી એક એક ભાંગો પ્રથમ અને દ્વિતીય ભિક્ષા - સંસૃષ્ટા અને અસંસૃષ્ટાનો અને બે ભાંગા આ ત્રીજા પ્રકાર ઉદ્ધૃતાના-એનો જે - 'स्थाल्यादौ स्वयोगेन भोजनजातं उद्धृतम्' અર્થ કર્યો છે તે 'अवगृहीता' નામના પાંચમાં પ્રકારના જેવો થઈ જાય છે અથવા તો - 'મૂલભાજનમાંથી બીજા વાસણમાં કાઢેલું' - એવો અર્થ લઈ શકાય. તેથી ઉપરનો અર્થ સંગત થાય. ગચ્છ નિર્ગત (જિનકલ્પી વગેરે) સાધુઓને પ્રથમની બે સિવાયની પાંચ ભિક્ષાઓ હોય. ગચ્છાન્તર્ગત સાધુઓને સાતે એષણાઓ હોઈ શકે છે. અસંસૃષ્ટા અને સંસૃષ્ટા એ બે પ્રકારોમાં સાવશેષ અને નિરવશેષ દ્રવ્ય સાથે ભાંગા થઈ શકે. તેમાં નિરવશેષ દ્રવ્ય રહે એ રીતે લે ત્યારે પશ્ચાત્કર્મ દોષ લાગે તો પણ બાલાદિ કારણે ગચ્છવાસી સાધુઓને તે કલ્પે, પણ જિનકલ્પી વગેરેને ન કલ્પે.

उदिट्ठ पेह अंतर उज्झियधम्मा चउत्थिया होइ ।
वत्थे वि एसणाओ पन्नत्ता वीयरागेहिं ॥ १४ ॥
उद्दिष्टप्रेक्षान्तरोज्झितधर्मा चतुर्थिका भवति ।
वस्त्रेप्येषणाः प्रज्ञप्ता वीतरागैः ॥ १४ ॥

વસ્ત્રૈષણામાં નીચે મુજબની અભિગ્રહોવાળી એષણાઓ શ્રીજિનેશ્વર દેવોએ કહેલી છે.

૧. **ઉદ્દિષ્ટ** = પોતાને જોઈતું હોય તેવું વસ્ત્ર માંગવું તે.

૨. **પ્રેક્ષ** = ગૃહસ્થના ઘરમાં વસ્ત્ર લેવા માટે ગયા પછી જે દેખાય તેમાંથી માંગવું તે. (બીજું ન માંગવું)

૩. **આંતર** = ગૃહસ્થે ત્રણ વખત વાપરેલું વસ્ત્ર લેવું પણ બીજું નહિ.

૪. **ઉજ્ઝિત ધાર્મિક** = ગૃહસ્થે પોતાના વપરાશમાંથી જે કાઢી નાંખ્યું હોય અર્થાત્ જે ફેંકી દેવા જેવું વસ્ત્ર હોય તે લેવું બીજું નહિ.

सिज्जा वि इहं नेया आहाकम्माइदोसरहिया वि ।
ते वि दलाविक्खाए इत्थं सयमेव जोइज्जा ॥ १५ ॥
शय्याऽपीह ज्ञेयाऽऽधाकर्मादिदोषरहिताऽपि ।
तेऽपि दलापेक्षयाऽत्र स्वयमेवेक्षेत ॥ १५ ॥

વસતિ (ઉપાશ્રય) પણ આધાકર્માદિ દોષ રહિત હોવી જોઈએ. તેમાં દોષોની યોજના મકાન બાંધવાની સામગ્રી વગેરેની અપેક્ષાએ પોતાની મેળે જ કરી લેવી.

एसा वित्थीपंडगपसुरहिया जाण सुद्धिसंपुन्ना ।
अन्नापीडाइ तहा उग्गहसुद्धा मुणेयव्वा ॥ १६ ॥
एषाऽपि स्त्रीपण्डकपशुरहिता जानीहि शुद्धिसंपूर्णा ।
अन्यापीडया तथाऽवग्रहशुद्धा ज्ञातव्या ॥ १६ ॥

આવી નિર્દોષ વસતિ પણ સ્ત્રી, નપુંસક અને પશુના વાસ વિનાની હોય ત્યારે પૂર્ણ શુદ્ધ ગણાય. જ્યાં સાધુઓનો નિવાસ કોઈને પણ પીડાકારી ન હોય તેવી વસતિ અવગ્રહશુદ્ધ ગણાય.

एसा वि हु विहिपरिभोगओ य आसंगवज्जिया[1] णं तु ।
वसही सुद्धा भणिया इहरा उ गिहं परिग्गहओ ॥ १७ ॥
एषाऽपि खलु विधिपरिभोगतश्चाऽऽसङ्गवर्जितानन्तु तु ।
वसतिः शुद्धा भणितेतरथा तु गृहं परिग्रहतः ॥ १७ ॥

આવી (દોષ રહિત) વસતિનો પણ ઉપભોગ વિધિપૂર્વક અને રાગ ન હોય તો જ તે વસતિ શુદ્ધ કહી છે – અન્યથા મૂર્છાદિના કારણે તે પરિગ્રહ દોષયુક્ત બનવાથી તે વસતિ, વસતિ ન રહે, ઘર જ થઈ જાય.

एवं आहाराइसु जुत्तवओ निम्ममस्स भावेण ।
नियमेण धम्मदेहा[2]रोगाओ होइ निव्वाणं ॥ १८ ॥
एवमाहारादिषु युक्तवतो निर्ममस्य भावेन ।
नियमेन धर्मदेहाऽऽरोग्यात् भवति निर्वाणम् ॥ १८ ॥

१ घ आसंगवज्जिपाणयाणं तु २ क देहो रोगाओ

આવી રીતે આહારાદિમાં યત્નશીલ અને ભાવથી નિર્મમ – મમતા રહિત મુનિના ધર્મદેહનું આરોગ્ય વધતું જાય છે અને તેથી ક્રમશઃ તે નિર્વાણ પ્રાપ્ત કરે છે.

जाणइ असुद्धिमेसो आहाराईण सुत्तभणियाणं ।
सम्मुवउत्तो नियमा पिंडेसणभणियविहिणा य ॥ १९ ॥

जानात्यशुद्धिमेष आहारादीनां सूत्रभणितानाम् ।
सम्यगुपयुक्तो नियमात्पिण्डैषणभणितविधिना च ॥ १९ ॥

સૂત્રમાં કહેલી આહારાદિની અશુદ્ધિઓ જાણીને તે મુનિ પિંડ (વગેરે) એષણાની કહેલ વિધિ (અથવા આચારાંગના બીજાશ્રુતસ્કંધના પિંડેષણા – અધ્યયનમાં કહેલ વિધિ) મુજબ અવશ્ય સુંદર ઉપયોગવાળો બને. (નિર્દોષ અને શુદ્ધ આહારની એષણામાં તત્પર બને.)

૨૦મી ગાથા અનુપલબ્ધ છે.

॥ इति भिक्षाविंशिका त्रयोदशी ॥

# 14. ભિક્ષાન્તરાયશુદ્ધિવિંશિકા

भिक्खाए वच्चंतो जइणो गुरुणो करेति उवओगं ।
जोगंतरं पवज्जिउकामो आभोगपरिसुद्धं ॥ १ ॥
भिक्षायै व्रजन्यतेर्गुरोः करोत्युपयोगम् ।
योगान्तरं प्रपत्तुकाम आभोगपरिशुद्धम् ॥ १ ॥

(સૂત્રાર્થના સ્વાધ્યાય પછી) આભોગ (ઉપયોગ)થી પરિશુદ્ધ એવા યોગાન્તર (ભિક્ષાયોગ)માં પ્રવૃત્ત થવા ઈચ્છતા મુનિઓ ભિક્ષા માટે જતાં ગુરુ પાસે ઉપયોગ કરે. (ટી.) સૂત્રાર્થના સ્વાધ્યાય પછી તુરતમાં જ ભિક્ષાયોગમાં પ્રવર્તવાનું છે. કોઈ પણ યોગ ઉપયોગપૂર્વક કરાય તો તેથી અધિક નિર્જરાનો લાભ થાય, આત્મામાં તે ક્રિયાથી શુભ સંસ્કાર નાખી શકાય અને તેનો શુભ અનુબંધ પાડી શકાય તેથી – 'आभोगपरिसुद्ध जोगंतर' જોગંતરં કહ્યું છે. ઉપયોગ એ ભિક્ષાએ જતાં પહેલાં ગુરુ પાસેથી ભિક્ષાએ જવાની આજ્ઞા મેળવવાની અમુક નિયત વિધિરૂપ છે. પૂર્વકાળમાં આ આદેશો ગોચરી જતી વખતે માંગવામાં આવતા. વર્તમાનમાં તે સવારમાં જ માંગી લેવાય છે.

सामीवेणं जोगो[1] एसो सुत्ताइजोगओ होइ ।
कालाविक्खाइ तहा जणदेहाणुग्गहट्ठाए ॥ २ ॥
सामीप्येन योग एष सूत्रादियोगतो भवति ।
कालापेक्षया तथा जनदेहानुग्रहार्थम् ॥ २ ॥

કાળની અપેક્ષાયે તેમ જ સ્વ-પરના ઉપકારની અપેક્ષાએ ભિક્ષા યોગ સૂત્રાદિના સામીપ્યમાં હોય છે. (ટી.) આ ગાથામાં ભિક્ષા માટેના કાળનો નિર્દેશ કર્યો જણાય છે. ભિક્ષાએ જવામાં લોક અને નિજદેહ ઉપરની અનુગ્રહ બુદ્ધિ એ બે હેતુઓ છે. તે બે હેતુઓ સાચવવા યોગ્યકાલે ભિક્ષા માટે નીકળી જવું જોઈએ તેથી – 'સૂત્રાર્થયોગ પછી ન કહેતાં – "સૂત્રાદિયોગના સામીપ્યમાં" કહ્યું. કોઈ દેશમાં ભિક્ષાનો સમય વહેલો થતો હોય, (દા.ત., મારવાડમાં) ત્યાં સૂત્ર પોરિસી પછી તરત જ ભિક્ષા માટે જવાનું હોય ત્યાં અર્થપોરિસિ પછી જાય તો કાલથી અપેક્ષા ન રાખી ગણાય. વળી, એથી લોકનો અને પોતાના દેહનો પણ ઉપકાર ન થઈ શકે, તે વખતે બધા લોકો જમી પરવાર્યા હોય અને વધ્યું ઘટ્યું પણ રાખેલું હોય કે ન હોય તેથી લોકો સુપાત્ર દાનના લાભથી વંચિત રહે અને યોગ્ય ભિક્ષા ન મળે તેથી પોતાના દેહનો ઉપકાર પણ ન થાય – દેહ સીદાય, તેનાથી પરંપરાએ સંયમ યોગો સીદાય. માટે કાલાદિની અપેક્ષાયે ભિક્ષા કાળ, સૂત્રાદિ યોગના સામીપ્યમાં કહ્યો. સૂત્ર અને અર્થ પોરિસી કર્યા પછી જ જવું એવું એકાન્ત વિધાન ન કર્યું.

---

१ घ जोगा एसो

एयविसुद्धिनिमित्तं अद्धागहणट्ठ[1] सुत्तजोगट्ठा ।
जोगतिगेणुवउत्ता गुरुआणं तह पमग्गंति ॥ ३ ॥
एतद्विशुद्धिनिमित्तमद्धाग्रहणार्थं सूत्रयोगार्थम् ।
योगत्रिकेणोपयुक्ता गुरूणां तथा प्रमार्गयन्ति ॥ ३ ॥

ભિક્ષા યોગમાં આવતા અંતરાયોની વિશુદ્ધિ માટે, ભિક્ષાનો યોગ્ય કાળ થતાં સૂત્ર યોગના અર્થી એવા પણ મુનિઓ મન-વચન-કાયાથી ઉપયુક્ત બને અને ભિક્ષાએ જવા આજ્ઞા માગે. (ભિક્ષાએ જવા તૈયારી કરે.) (ટી.) 'मुत्तमजोगट्ठा' - એવો પાઠાન્તર પણ છે. 'सुत्तजोगट्ठा' નો અર્થ ઉપર્યુક્ત રીતે ઘટાવીએ તો આ ગાથાનો અર્થ સમજી શકાય છે, નહિંતર શું સમજવું ? મુનિઓ સૂત્રયોગના અર્થી હોય છતાં ભિક્ષાનો યોગ્ય સમય સાચવવા માટે સૂત્રનો સ્વાધ્યાય મૂકીને પણ સમયસર ભિક્ષાએ નીકળે.

चिंतेइ मंगलमिहं निमित्तसुद्धिं तिहा परिक्खंता ।
कायवयमणेहिं तहा नियगुरुयणसंगएहिं तु ॥ ४ ॥
चिन्तयति मङ्गलमिह निमित्तशुद्धिं त्रिधा परीक्षमाणः ।
कायवचोमनोभिस्तथा निजगुरुजनसङ्गतैस्तु ॥ ४ ॥

મન, વચન અને કાયાથી ત્રણ પ્રકારે નિમિત્ત શુદ્ધિની પરીક્ષા કરતાં અને (નમસ્કાર મહામંત્ર) મંગલનું ચિન્તન કરીને પોતાના વડિલ (સંઘાટક) સાથે ગોચરીએ જાય. (ટી.) ગોચરીએ નીકળતાં નમસ્કાર મહામન્ત્ર કે ગૌતમસ્વામિજીનું નામ સ્મરણ કે તીર્થંકર દેવોના પારણા વગેરેનું મંગળ નિમિત્તે ચિન્તવન કરે, **મનથી નિમિત્તશુદ્ધિ** તે ઉલ્લાસ, અવ્યગ્રચિત્ત વગેરે, **વચનથી નિમિત્તશુદ્ધિ** તે શબ્દ શુકન અને **કાયાથી નિમિતશુદ્ધિ** તે અંગસ્ફુરણાદિ.

एयाणमसुद्धीए चिइवंदण तह पुणो वि उवओगो[2] ।
सुद्धे गमणं हु चिरं असुद्धिभावे ण तद्दियहं ॥ ५ ॥
एतेषामशुद्ध्या चितिवन्दनं तथा पुनरप्युपयोगः ।
शुद्धे गमनं खलु चिरं अशुद्धिभावे न तद्दिवसम् ॥ ५ ॥

એ (નિમિત્તોની) ની અશુદ્ધિ જણાય તો ચૈત્યવંદન કરે તથા ફરીથી ઉપયોગ કરે. શુદ્ધ નિમિત્ત પ્રાપ્ત થાય તો નીકળે અને ચિરકાળ સુધી એટલે કે - વારંવાર અશુદ્ધ નિમિત્ત મળે તો તે દિવસે ગોચરીએ ન જાય - ઉપવાસ આદિ કરે.

१ क अठ्ठागहणठ्ठ २. घ उवओगे

सुद्धे वि अंतराया एए परिसेहगा इहं हुंति ।
आहारस्स इमे खलु धम्मस्स उ साहगा जोगा ॥ *६ ॥
शुद्धेऽप्यन्तराया एते प्रतिषेधका इह भवन्ति ।
आहारस्येमे खलु धर्मस्य तु साधका योगाः ॥ ६ ॥

શુદ્ધ નિમિત્ત પ્રાપ્ત થવા છતાં લક્ષ્યમાણ અંતરાયો ભિક્ષામાં પ્રતિબંધક હોઈ શકે. આ આહારની (શુદ્ધિ વગેરે) યોગો ધર્મના સાધક છે.

(ટી.) પ્રશ્ન : ભિક્ષાએ જવામાં આટલી બધી ચીકાશ શી ? એવી કોઈને શંકા ઉઠે. તેનો ઉત્તર આમાં છે.

આ પછીની ગાથાઓ મળતી નથી.

॥ इति भिक्षान्तरायशुद्धिविंशिका चतुर्दशी ॥

* इतःपरं गाथा न क्वाप्यादर्शेषूपलभ्यन्तेऽस्यां विंशिकायाम् ।

# 15. આલોચનાવિંશિકા

भिक्खाइसु जत्तवओ एवमवि य माइदोसओ[1] जाओ ।
हुंतऽइयारा ते पुण सोहइ आलोयणाइ जई ॥ १ ॥
भिक्षादिषु यत्नवत एवमपि च मातृदोषतो ये ।
भवन्त्यतिचारास्ते पुनः शोधयत्यालोचनया यतिः ॥ १ ॥

ભિક્ષાદિમાં યત્નશીલ હોવા છતાં માયાદિ દોષના કારણે યતિને જે અતિચારો લાગે તેની શુદ્ધિ આલોચના વડે કરે. (ટી.) લાભ લેવાની ઉત્કટ ઈચ્છાવાળા દાતા કપટ કરી દોષ જાણવા ન દે તેથી શ્રુતનો ઉપયોગ મૂકવા છતાં દોષિત આવી જાય અને પછીથી ખબર પડે તેની શુદ્ધિ પણ આલોચના વડે કરવી. દા.ત., માસખમણના પારણે બીજાના ગામમાં ગોચરી ગયેલા મુનિને કપટથી ડોશીએ આધાકર્મ ખીર વહોરાવી.

पक्खे चाउम्मासे आलोयण नियमसो उ दायव्वा ।
गहणं अभिग्गहाण य पुव्वग्गहिए णिवेदेउं ॥ २ ॥
पक्षे चातुर्मास्ये आलोचना नियमशस्तु दातव्या ।
ग्रहणमभिग्रहाणां च पूर्वगृहीतान्निवेद्य ॥ २ ॥

દરેક પક્ખિએ અને ચોમાસીએ અવશ્ય આલોચના આપવી જોઈએ અને પૂર્વે ગ્રહણ કરેલ અભિગ્રહોનું નિવેદન કરી (તે તે અભિગ્રહોમાં થયેલ સ્ખલનાઓ જણાવી) ને નવા અભિગ્રહો લેવા જોઈએ.

आलोयणा पयडणा भावस्स सदोसकहणमिइ गज्झो[2] ।
गुरुणो एसा य तहा सुविज्जनाएण विन्नेआ ॥ ३ ॥
आलोचना प्रकटना भावस्य स्वदोषकथनमिति ग्राह्यः ।
गुरोरेषा च तथा सुवैद्यज्ञातेन विज्ञेया ॥ ३ ॥

આલોચનાનો અર્થ શો ? પોતાના ભાવો (દોષના સેવન વખતે જે આત્મ પરિણામ હતા તે) ને પ્રગટ કરવા અથવા સ્વદોષનું (ગુરુ આગળ) નિવેદન કરવું તે આલોચના. જેમ સારા વૈદ્ય પાસે રોગી પોતાની સ્થિતિનું યથાર્થ કથન કરે છે. તેમ સુગુરુ પાસે પોતાના ભાવોને છુપાવ્યા વિના સ્પષ્ટ રીતે આલોચના કરવી જોઈએ.

---

१ क घ च मायदोसओ जो २ क घ च गज्झे

जह चेव दोसकहणं न विज्जमित्तस्स सुंदरं होइ ।
अवि य सुविज्जस्स तहा विन्नेयं भावदोसे वि ॥ ४ ॥
यथैव दोषकथनं न वैद्यमात्रस्य सुन्दरं भवति ।
अपि च सुवैद्यस्य तथा विज्ञेयं भावदोषेऽपि ॥ ४ ॥

જેમ નામ માત્રધારી વૈદ્યને દોષો કહેવાથી કંઈ લાભ ન થાય પણ સારાવૈદ્યને કહેવાથી જ લાભ થાય, તેમ ભાવદોષમાં પણ સમજવું.

तत्थ सुविज्जो य इमो आरोग्गं जो विहाणओ कुणइ ।
चरणारुग्गकरो खलु एवित्थ गुरु वि विन्नेओ ॥ ५ ॥
तत्र सुवैद्यश्चायमारोग्यं यो विधानतः करोति ।
चरणारोग्यकरः खल्वेवमत्र गुरुरपि विज्ञेयः ॥ ५ ॥

સુવૈદ્ય તે છે કે જે વિધાનપૂર્વક (ચિકિત્સાપૂર્વક) રોગીને નીરોગી બનાવે છે. એવી જ રીતે-જે ચરણરૂપી આરોગ્ય પ્રાપ્ત કરાવે તે જ ગુરુ છે.

जस्स समीवे भावाउरा तहा पाविऊण विहिपुव्वं ।
चरणारुग्गं पकरंति सो गुरू सिद्धकम्मुत्थ ॥ ६ ॥
यस्य समीपे भावातुरास्तथा प्राप्य विधिपूर्वम् ।
चरणारोग्यं प्रकुर्वन्ति स गुरुः सिद्धकर्मात्र ॥ ६ ॥

તથા પ્રકારે વિધિપૂર્વક (વિધાન-ગ્રહણ આસેવન શિક્ષારૂપ ચિકિત્સા પામીને) ભાવરોગીઓ જેની પાસે ચરણ-આરોગ્ય પ્રાપ્ત કરે છે તે અહીં સિદ્ધહસ્ત ગુરુ જાણવા.

धम्मस्स पभावेण जायइ एयारिसो न सव्वो वि ।
विज्जो व सिद्धकम्मो जइयव्वं एरिसे विहिणा ॥ ७ ॥
धर्मस्य प्रभावेण जायत एतादृशो न सर्वोऽपि ।
वैद्य इव सिद्धकर्मा, यतितव्यमीदृशे विधिना ॥ ७ ॥

બધા ગુરુઓ સિદ્ધકર્મા નથી હોતા, જેમ વૈદ્ય નામ ધારણ કરનાર બધા જ વૈદ્યો કંઈ સિદ્ધ હસ્ત નથી હોતા. ધર્મના પ્રભાવથી કોઈક જ ગુરુ સુવૈદ્યની જેમ સિદ્ધ કર્મા હોય છે. જેમ સિદ્ધહસ્ત વૈદ્યની શોધ કરીને એની પાસે ચિકિત્સા કરાવીએ તેમ આવા સિદ્ધહસ્ત ગુરુને માટે વિધિપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. (અથવા આવા સિદ્ધહસ્ત ગુરુ પાસે વિધિપૂર્વક આલોચના કરવી જોઈએ.)

एसो पुण नियमेणं गीयत्थाइगुणसंजुओ चेव ।
धम्मकहापक्खेवगविसेसओ होइ उ विसिट्ठो ॥ ८ ॥
एष पुनर्नियमेन गीतार्थादिगुणसंयुतश्चैव ।
धर्मकथाप्रक्षेपकविशेषतो भवति तु विशिष्टः ॥ ८ ॥
धम्मकहाउज्जुत्तो भावन्नू परिणओ चरित्तम्मि ।
संवेगवुड्ढिजणओ सम्मं सोमो पसंतो य ॥ ९ ॥
धर्मकथोद्युक्तो भावज्ञः परिणतश्चरित्रे ।
संवेगवृद्धिजनकः सम्यक् सौम्यः प्रशान्तश्च ॥ ९ ॥

આવા સિદ્ધકર્મા ગુરુ નિયમા ગીતાર્થાદિ ગુણોથી યુક્ત હોય છે અને ધર્મકથા પ્રક્ષેપકત્વ ગુણ (અન્યમાં ધર્મનો ન્યાસ કરવાની કુશળતા) વાળા હોવાથી વિશિષ્ટ હોય છે. વળી, તે ગુરુ ધર્મકથામાં તત્પર, બીજાના ભાવને સમજનાર, ચારિત્રમાં પરિણત, સંવેગની સમ્યગ્ વૃદ્ધિ કરનારા, સૌમ્ય અને પ્રશાન્ત હોય છે.

(ટી.) 'उद्धावणापहावणखित्तोवहिमग्गणासु अविसादी ।
सुत्तत्थतदुभयविऊ गीयत्था एरिसा हुंति ॥'

१ **ઉદ્ધાવણા** = ગચ્છના કાર્યોનો હર્ષપૂર્વક સ્વીકાર
२ **પ્રધાવના** = તે કાર્યોનું કુશળતાપૂર્વક નિષ્પાદન.
३. **ક્ષેત્રમાર્ગણા** = ગચ્છને યોગ્ય ક્ષેત્રોની પસંદગી કરવી.
४. **ઉપધિમાર્ગણા** = ગચ્છને યોગ્ય વસ્ત્ર-પાત્રાદિની વ્યવસ્થા

વગેરે કાર્યોમાં અવિષાદી અને તદુભયમાં નિપુણ હોય તે ગીતાર્થ કહેવાય. ધર્મકથાપ્રક્ષેપકત્વ ગુણથી તે આલોચના વગેરે ન કરવાથી કેવાં કેવાં નુકશાનો થાય છે તે દૃષ્ટાંત સાથે સમજાવી આલોચકના પરિણામની ધારામાં વૃદ્ધિ કરાવી તેને નિ:સંકોચભાવે આલોચના કરવામાં પ્રેરી શકે.

एयारिसम्मि नियमा संविग्गेणं पमायदुच्चरियं ।
अपुणकरणुज्जएणं पयासियव्वं जइजणेणं ॥ १० ॥
एतादृशे नियमात्संविग्नेन प्रमाददुश्चरितम् ।
अपुनःकरणोद्यतेन प्रकाशयितव्यं यतिजनेन ॥ १० ॥

આવા સદ્ગુરુ પાસે સંવિગ્ન અને ફરી પાપ ન કરવાના નિશ્ચયવાળા યતિજનોએ પ્રમાદ (આદિ)થી આચરેલ દુશ્ચરિત પ્રકાશવા જોઈએ.

जह बालो जंपंतो कज्जमकज्जं च उज्जुयं भणइ ।
तं तह आलोइज्जा मायामयविप्पमुक्को य ॥ ११ ॥
यथा बालो जल्पन्कार्यमकार्य च ऋजुकं भणति ।
तत्तथाऽऽलोचयेन्मायामदविप्रमुक्तश्च ॥ ११ ॥

જેમ બાળક કાર્ય કે અકાર્ય જે કાંઈ થઈ ગયું હોય તે સરળતાથી કહી નાંખે છે તેમ માયા અને મદથી વિશેષે કરીને મુક્ત થઈને આલોચના કરવી જોઈએ.

पच्छित्तमयं[१] करणा अन्ने सुद्धि भणंति नाणस्स ।
तं च न जम्हा[२] एयं ससल्लवणरोहणप्पायं ॥ १२ ॥
प्रायश्चित्तमात्रकरणादन्ये शुद्धिं भणन्ति ज्ञानस्य ।
तच्च न यस्मादेतत्सशल्यव्रणरोहणप्रायम् ॥ १२ ॥

પ્રાયશ્ચિત કરવા માત્રથી જ જ્ઞાનની શુદ્ધિ થાય છે. (એટલે કે - માયા-મદ આદિ દોષો કદાચ રહી પણ જાય, પરંતુ ભાવ-દુશ્ચરિતને પ્રકાશવા માત્રથી જ્ઞાનની શુદ્ધિ-જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કે ક્ષય થાય છે.) એમ કેટલાક કહે છે પણ તે બરાબર નથી. કારણ કે એવી રીતે કરેલ પ્રાયશ્ચિત એ તો શલ્યસહિત એવા વ્રણને રુઝવવાના પ્રયત્ન તુલ્ય છે. (ટી.) કાંટો વાગ્યો હોય અને પગ પાકે તો કાંટો કાઢ્યા વિના રુઝ લાવવા દવા લગાડીએ તો એથી કાંઈ ઘા ન રુઝાય, ન પીડા મટે; તેમ અહીં પણ માયાદિ દોષોનો ઉદ્ધાર કર્યા વિના માત્ર પ્રાયશ્ચિત કરવાથી આત્માની શુદ્ધિ થાય નહિ. એ પ્રાયશ્ચિત તો ઘા ઉપર લગાડવા માટેના મલમ તુલ્ય છે. દોષો એ અંદરના કાંટા જેવા - બીજ જેવા છે. એ નીકળી ગયા પછી ગુમડું મટાડવા દવા-મલમ કામ લાગે. તેમ માયાદિદોષ રહિત થઈને પ્રાયશ્ચિતરૂપ દવા કરે તો આત્મા શુદ્ધ બને.

अवराहा खलु सल्लं एयं[३] मायाइभेयओ तिविहं ।
सव्वं पि गुरुसमीवे उद्धरियव्वं पयत्तेण ॥ १३ ॥
अपराधाः खलु शल्यमेतन्मायादिभेदतस्त्रिविधम् ।
सर्वमपि गुरुसमीप उद्धर्तव्यं प्रयत्नेन ॥ १३ ॥

અપરાધો જ શલ્ય છે. એ શલ્ય ત્રણ પ્રકારના છે. ૧ માયાશલ્ય, ૨ નિયાણશલ્ય અને ૩ મિથ્યાત્વશલ્ય. તે સર્વશલ્ય ગુરુની પાસે પ્રયત્નપૂર્વક ઉદ્ધરવાં જોઈએ.

१ अ परिपच्छतं मयं २ अ जम्मा ३ क घ च एवं मायाए

न य तं सत्थं व विसं व दुप्पउत्तु व्व कुणइ वेयालो ।
जंतं व दुप्पउत्तं संत्तु[1] व्व पमाइओ कुद्धो ॥ १४ ॥
न च तच्छस्त्रं वा विषं वा दुष्प्रयुक्तो वा करोति वेतालः ।
यन्त्रं वा दुष्प्रयुक्तं शत्रुर्वा प्रमादितः क्रुद्धः ॥ १४ ॥
जं कुणइ भावसल्लं अणुद्धियं उत्तिमट्ठकालम्मि[2] ।
दुल्लहबोहीयत्तं अणंतसंसारियत्तं च ॥ १५ ॥
यत्करोति भावशल्यमनुद्धृतमुत्तमार्थकाले ।
दुर्लभबोधिकत्वमनन्तसंसारिकत्वं च ॥ १५ ॥

દુષ્પ્રયુત શસ્ત્ર, હલાહલ વિષ, દુ:સાધિત એવો પિશાચ કે દુષ્પ્રયુક્ત યન્ત્ર કે તીરસ્કારથી વિફરેલો શત્રુ પણ એવું નુકશાન નથી કરતો જે નુકશાન ઉત્તમાર્થ (અનશન) કાળે અનુદ્ધરિત ભાવશલ્ય કરે છે તે (અનુદ્ધૃત ભાવશલ્ય) દુર્લભ-બોધિતા અને અનંતસંસારિતાનું કારણ બને છે. (ટી.) ૧૫મા પંચાશકમાં આ વસ્તુ છે. પંડિત મરણ એ સર્વ અનુષ્ઠાનોમાં ઉત્તમ છે. શસ્ત્ર, શત્રુ, વિષ વગેરે તો એક જ મરણમાં કારણ બને છે. જ્યારે અનુદ્ધૃત એવું ભાવશલ્ય અનેક જન્મમરણની પરંપરાને સર્જે છે. અંતિમ સમયે આલોચનાના શુભ અધ્યવસાય હોય તો તે ત્રણ ભવમાં મુક્તિમાં લઈ જાય છે.

'आलोयणापरिणओ सम्मं काऊण सुविहिओ कालं ।
उक्कोसं तिण्णि भवे गंतूण लभेज्ज निव्वाणं ॥'

तो उद्धरंति गारवरहिया मूलं पुणब्भवलयाणं ।
मिच्छद्दंसणसल्लं मायासल्लं नियाणं च ॥ १६ ॥
तत उद्धरन्ति गौरवरहिता मूलं पुनर्भवलतानाम् ।
मिथ्यादर्शनशल्यं मायाशल्यं निदानं च ॥ १६ ॥

માટે ગારવરહિત એવા સાધુ પુરુષો પુનર્ભવની લતાના મૂળીઆં જેવાં આ મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્યનો ઉદ્ધાર કરે છે.

चरणपरिणामधम्मे दुच्चरियं अद्धिइं दढं कुणइ ।
कह वि पमायावट्टिय जाव न आलोइयं गुरुणो ॥ १७ ॥

---

१ सप्पो व (पञ्चाशक ७३१) २ घ उत्तिमट्ठकालंमि

चरणपरिणामधर्मे दुश्चरितमधृतिं दृढं करोति ।
कथमपि प्रमादावर्तितं यावन्नालोचितं गुरोः ॥ १७ ॥

ચારિત્રધર્મમાં કોઈ પણ રીતે પ્રમાદથી કે આકુટ્ટીથી આચરેલું કંઈ પણ દુશ્ચરિત એ જ્યાં સુધી ગુરુ પાસે આલોચવામાં ન આવે – પ્રગટ કરવામાં ન આવે ત્યાં સુધી ચારિત્રના પરિણામમાં અધૃતિને (અસ્થૈર્યને) દઢ કરે છે. (ટી.) એ અનાલોચિત પાપથી પાપના ગુણાકાર ચાલે છે.

जं जाहे आवज्जइ दुच्चरियं तं तहेव जत्तेणं ।
आलोएयव्वं[१] खलु सम्मं साइयारमरणभया ॥ १८ ॥
यद्यथाऽऽपद्यते दुश्चरितं तत्तथैव यत्नेन ।
आलोचयितव्यं खलु सम्यक् सातिचारमरणभयात् ॥ १८ ॥

તેથી સાતિચાર મરણ ન થઈ જાય એ માટે જે કંઈ દુશ્ચરિત જે રીતે થઈ જાય તે જ રીતે સ્પષ્ટપણે (તેજ સમયે) પ્રયત્નપૂર્વક આલોચવું જોઈએ. સાતિચાર મરણના કટુ વિપાકો સામે રાખીને.

एवमवि य पक्खाई जायइ आलोयणाओ विसओ त्ति ।
गुरुकज्जाणालोयणभावाणाभोगओ चेव ॥ १९ ॥
एवमपि च पक्षादौ जायत आलोचनाया विषय इति ।
गुरुकार्यानालोचनाद् भावानाभोगतश्चैव ॥ १९ ॥
जं जारिसेण भावेण सेवियं किं पि इत्थ दुच्चरियं ।
तं तत्तो अहिगेणं संवेगेणं तहाऽऽलोए ॥ २० ॥
यद्यादृशेन भावेन सेवितं किमप्यत्र दुश्चरितम् ।
तत्ततोधिकेन संवेगेन तथाऽऽलोचयेत् ॥ २० ॥

દુશ્ચરિત થઈ જાય કે તરત જ આલોચના કરવી. કોઈ મોટું કાર્ય આવી પડે ત્યારે અથવા અનાભોગના કારણે (વિસ્મૃતિથી) આલોચના કરવી રહી જાય તો પણ પક્ખિએ આલોચના કરી અવશ્ય શુદ્ધ થવું જોઈએ.

અથવા નિત્ય આલોચના કરતાં હોય તો પણ જે કાંઈ પણ દુશ્ચરિત જેવા ભાવથી સેવાયું હોય, તે તેનાથી અધિક સંવેગથી આલોચવું જોઈએ.

॥ इत्यालोचनाविंशिका पञ्चदशी ॥

१ क घ आलोयव्वं

# 16. પ્રાયશ્ચિતવિંશિકા

पच्छित्ताओ[1] सुद्धी तहभावालोयणेण जं होइ ।
इहरा ण पीढबंभाइओ सआ सुकडभावे वि ॥ १ ॥
प्रायश्चित्ताच्छुद्धिस्तथाभावालोचनेन यद्भवति ।
इतरथा न पीठब्रह्मादितः सदा सुकृतभावेपि ॥ १ ॥

યથાસ્થિત (જેવું દુશ્ચરિત બન્યું હોય તેવી જ રીતે) આલોચના પૂર્વકના પ્રાયશ્ચિત્ત વડે જેવી શુદ્ધિ થાય છે. તેવી શુદ્ધિ બીજી રીતે – પ્રાયશ્ચિત સિવાયના અન્ય પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોથી (કે અધ્યવસાયોથી) થતી નથી. આ વિષયમાં બ્રાહ્મી અને સુંદરી (પૂર્વભવે પીઠ અને મહાપીઠ)નું અને બ્રહ્મદત્ત ચક્રવર્તિનું (નિદાન શલ્ય ઉપર) દૃષ્ટાંત પ્રસિદ્ધ છે અથવા પ્રાયશ્ચિતથી જે શુદ્ધિ થાય છે તે યથાસ્થિત (જેવું દુશ્ચરિત બન્યું હોય તેવી જ રીતે) આલોચના કરવાથી થાય છે. આલોચના કર્યા વિના સદા સદનુષ્ઠાનની આચરણા અને શુભપરિણામ (અધ્યવસાય)માં આત્મા વર્તતો હોય છતાં પીઠ અને મહાપીઠની જેમ તેની શુદ્ધિ થતી નથી. (ટી.) જુઓ પ્રાયશ્ચિત પંચાશક ગાથા ૩૦–૩૧ની ટીકા. આલોચના એટલે કે ગુરુ પાસે પોતાના દોષનું સરલભાવે કથન કરવું. દોષ પ્રકાશનમાં પોતાની લઘુતા દેખાય કે એથી સમુદાયમાં પોતાનું સ્થાન – મોભો ન ટકે "એવી ભયની લાગણી પ્રતિબંધક છે." તેની સામે થઈને યથાસ્થિત આલોચના કરવા આત્મા કટિબદ્ધ બને છે ત્યારે એના અધ્યવસાય અતિવિશુદ્ધ હોય છે. એવા વિશુદ્ધ અધ્યવસાય બીજા – સ્વાધ્યાય, તપ, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનમાં ન આવે, તેથી આત્માની શુદ્ધિ આલોચના વિના થતી નથી. આત્મશુદ્ધિમાં આલોચના–સ્વદોષનું બીજા આગળ પ્રકાશન જ પ્રબળ કારણ છે. તેથી ગીતાર્થોને પણ શુદ્ધિ માટે પોતાના દોષ બીજા આગળ કહેવા પડે છે. જો કે તેઓ પોતે સેવેલા તે તે દોષોનું શું પ્રાયશ્ચિત આવે તે સ્વયં જાણતા જ હોય છે.

લક્ષ્મણા સાધ્વીએ પ્રાયશ્ચિત તો કર્યું પણ યથાસ્થિત આલોચના ન કરી તો શુદ્ધિ ન થઈ. (અહીં શુદ્ધિનું પ્રધાન કારણ આલોચના બતાવ્યું. પ્રથમ અર્થમાં મુખ્યતા પ્રાયશ્ચિતને આપી છે.)

– પીઠ મહાપીઠના દૃષ્ટાંત માટે આ વિંશિકાના અંતે જુઓ

अहिगा तक्खयभावे पच्छित्तं किंफलं इहं होइ ।
तदहिगकम्मक्खयभावओ तहा हंत मुक्खफलं ॥ २ ॥

---

१ घ पीढबंभाइओ सओ उ भावेवि; क ग पीढबंभाइओ सओ उउभावेवि

अधिकात् तत्क्षयभावे प्रायश्चितं किंफलमिह भवति ।
तदधिककर्मक्षयभावतस्तथा हन्त मोक्षफलम् ॥ २ ॥

દુશ્ચરિત આચરતી વખતે જેવો તીવ્ર ભાવ હતો તે કરતાં પ્રાયશ્ચિત વખતે જો અધિક સંવેગવાળો આત્મપરિણામ ન હોય તો, દુશ્ચરિતના કારણે જે અશુભકર્મનો બંધ થયો તેના કરતાં તે પ્રાયશ્ચિત વડે અધિક કર્મક્ષય ન થવાથી તે પ્રાયશ્ચિત શું નિષ્ફલ ન બન્યું ? ના, જે પ્રમાણમાં સંવેગ હોય તે પ્રમાણમાં તો કર્મ ખપે જ છે. બીજો લાભ એ થાય છે કે – પ્રાયશ્ચિતના અભ્યાસથી ભવિષ્યમાં પ્રાયશ્ચિત વખતે અધિક સંવેગ આવવાની સંભાવના છે. સંવેગની માત્રા વધી જાય તો પ્રાયશ્ચિતથી યાવત્ મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે. પ્રાયશ્ચિતથી નિકાચિત કર્મો પણ નાશ પામે છે. (ટી.) 'एवं निकाइयाण वि कम्माणं भणियमेत्थ खवणंति' – પ્રાયશ્ચિત પંચાશક ગા. ૧૬ પૂર્વાર્ધ.

पावं छिंदइ जम्हा पायच्छित्तं ति भणणए तम्हा ।
पाएण वा वि चित्तं सोहयई तेण पच्छित्तं ॥ ३ ॥
पापं छिनत्ति यस्मात्प्रायश्चित्तमिति भण्यते तस्मात् ।
प्रायेण वापि चित्तं शोधयति तेन प्रायश्चित्तम् ॥ ३ ॥

પાપને છેદતું હોવાથી તે પ્રાયશ્ચિત કહેવાય છે અથવા ઘણું કરીને તે ચિત્તની શુદ્ધિ કરે છે, માટે પણ તેને પ્રાયશ્ચિત કહેવાય છે. (ટી.) પાપને છેદે તે 'પાયચ્છિદ' – તેનું પ્રાકૃતમાં 'પાયશ્ચિત' થાય.

पापमशुद्धं च्छिन्नति-कृन्ततीति पापच्छिदिति वक्तव्ये प्राकृतत्वेन पायच्छित्तमिति ।

संकेसणाइभेया चित्तअसुद्धीइ बज्झई पावं ।
तिव्वं चित्तविवागं अवेइ तं चित्तसुद्धीओ[१] ॥ ४ ॥
संक्लेशनादिभेदाच्चित्ताशुद्ध्या बध्यते पापम् ।
तीव्रं चित्रविपाकमपैति तच्चित्तशुद्धेः ॥ ४ ॥

ચિત્તની અશુદ્ધિ વડે સંક્લેશના તારતમ્ય પ્રમાણે અનેક પ્રકારના વિકારવાળું તીવ્ર પાપ કર્મ બંધાય છે; ચિત્તની વિશુદ્ધિ વડે તે દૂર થાય છે.

किच्चे वि कम्मणि तहा जोगसमत्तीइ भणियमेयं ति ।
आलोयणाइभेया दसविहमेयं[२] जहा सुत्ते ॥ ५ ॥

१ क घ च चित्तासुद्धीइ २ घ दशविह

कृत्येपि कर्मणि तथा योगसमाप्त्या भणितमेतदिति ।

आलोचनादिभेदाद्दशविधमेतद्यथा सूत्रे ॥ ५ ॥

આલોયનાદિ દશ પ્રકારે, જેમ શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત બતાવેલું છે. તેમ, (વંદન-ગોચરી વગેરે) કર્તવ્યકાર્યોમાં લાગેલા સૂક્ષ્મ અતિચારની (શુદ્ધિ માટે) અને પ્રતિક્રમણાદિ યોગોની (ક્રિયાઓની) સમાપ્તિ પછી (તે પ્રતિક્રમણાદિમાં કોઈપણ અવિધિ થઈ હોય તેની શુદ્ધિ માટે) પણ પ્રાયશ્ચિત કહ્યું છે. (ટી.) કર્તવ્યકાર્યોના નિરતિચાર પાલનમાં પણ છદ્મસ્થને ન જણાય તેવા સૂક્ષ્મ અતિચારની શુદ્ધિ માટે આલોચના પ્રાયશ્ચિત કહ્યું છે. જીતકલ્પ ગા. ૫ થી ૮

आलोयण पडिकमणे मीस विवेगे तहा विउस्सग्गे ।

तव छेय मूल अणवट्ठुया व पारंचियं[१] चेव ॥ ६ ॥

आलोचनाप्रतिक्रमणे मिश्रविवेकौ तथा व्युत्सर्गः ।

तपच्छेदमूलानवस्थता च पार्यन्तिकं चैव ॥ ६ ॥

પ્રાયશ્ચિતના તે દશ પ્રકારો આ પ્રમાણે છે.

૧ આલોચના, ૨ પ્રતિક્રમણ, ૩ મિશ્ર, ૪ વિવેક, ૫ કાયોત્સર્ગ, ૬ તપ, ૭ છેદ, ૮ મૂલ, ૯ અનવસ્થાપ્ય અને ૧૦ પારાંચિક

वसहीओ हत्थसया बाहिं कज्जे गयस्स विधिपुव्वं ।

गमणाइगोयरा खलु भणिया आलोयणा गुरुणा ॥ ७ ॥

वसतेर्हस्तशताद्बहिः कार्ये गतस्य विधिपूर्वम् ।

गमनादिगोचरा खलु भणिताऽऽलोचना गुरुणा ॥ ७ ॥

આહારાદિગ્રહણ કરવા, ચૈત્યદર્શન, ઉચ્ચાર-સ્થંડિલ આદિ કાર્ય માટે વિધિપૂર્વક પણ વસતિથી સો હાથ દૂર જનારે ગુરુને નિવેદન કરવું જોઈએ. આ આલોચના પ્રાયશ્ચિત છે. (ટી.) જીતકલ્પ ગાથા ૫ - ૬ - ૭ - ૮ જુઓ

सहस[२] च्चिय अस्समियाइभावगमणे य चरणपरिणामा ।

मिच्छादुक्कडदाणा तग्गमणं पुण पडिक्कमणं ॥ ८ ॥

सहसैवासमितादिभावगमने च चरणपरिणामात् ।

मिथ्यादुष्कृतदानात्तद्गमनं पुनः प्रतिक्रमणम् ॥ ८ ॥

१ क घ पारंचिए (पञ्चाशकेपि गाथा ७४६) २ घ सहसच्चियस्समियाइ

સમિતિ–ગુપ્તિરૂપ ચારિત્રના પરિણામમાંથી સહસા અસમિતિ કે અગુપ્તિમાં ચાલ્યા જવાય તો 'મિચ્છામિદુક્કડં' દઈને ફરી સમિતિ આદિ ભાવોમાં જવું. તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત છે. (ટી.) જેમકે અચાનક છીંક આવી. જયણા માટે હાથ આડો રાખવો જોઈએ તે ન રાખી શકાયો, એવી સ્ખલનાઓ થતાં તેનું મિથ્યાપણું લક્ષમાં રાખવા 'મિચ્છામિદુક્કડં' આપવું જોઈએ.

सद्दाइएसु[1] ईसिं पि इत्थ रागाइभावओ होइ ।
आलोयणा पडिक्कमणयं च एयं तु मीसं तु ॥ ९ ॥
शब्दादिकेष्वीषदप्यत्र रागादिभावतो भवति ।
आलोचना प्रतिक्रमणकं चैतत्तु मिश्रं तु ॥ ९ ॥

શબ્દાદિ વિષયોને વિષે રાગ (દ્વેષ) વગેરેથી જે કંઈ થોડો પણ અતિચાર થયો હોય, તેનું આલોચન અને પ્રતિક્રમણરૂપ જે પ્રાયશ્ચિત છે તે મિશ્રપ્રાયશ્ચિત.

असणाइगस्स पायं अणेसणीयस्स कह वि गहियस्स ।
संवरणे संचाओ एस विवेगो उ नायव्वो ॥ १० ॥
अशनादिकस्य प्रायोनेषणीयस्य कथमपि गृहितस्य ।
संवरणे संत्याग एष विवेकस्तु ज्ञातव्यः ॥ १० ॥

કદાચ (અનાભોગાદિથી) અનેષણીય આહારાદિ આવી જાય, તો તે પાપથી બચવા માટે તે આહારાદિનો વિધિપૂર્વક સંત્યાગ – પારિષ્ઠાપન કરવો, એ વિવેક નામનું પ્રાયશ્ચિત છે.

कुस्सुमिणमाइएसुं विणाऽभिसंधीइ जो अईयारो ।
तस्स विसुद्धिनिमित्तं काउस्सग्गो विउसग्गो ॥ ११ ॥
कुस्वप्नादिकेषु विनाभिसन्धेर्यस्त्वतिचारः ।
तस्य विशुद्धिनिमित्तं कायोत्सर्गो व्युत्सर्गः ॥ ११ ॥

કુસ્વપ્નાદિમાં ઈરાદા વિના પણ જે કંઈ દોષ સેવાઈ જાય છે. તેની શુદ્ધિ નિમિતે કરાતા કાયોત્સર્ગને વ્યુત્સર્ગ – કાયોત્સર્ગ પ્રાયશ્ચિત કહ્યું છે.

पुढवाईणं संघट्टणाइभावेण तह पमायाओ ।
अइयारसोहणट्ठा पणगाइतवो[2] तवो होइ ॥ १२ ॥

१ घ सद्धाइसु इसिं २ घ पणगाइभवो

पृथिव्यादीनां संघट्टनादिभावेन तथा प्रमादात् ।
अतिचारशोधनार्थं पञ्चकादितपस्तपो भवति ॥ १२ ॥

પ્રમાદથી કે ઈરાદાપૂર્વક સચિત પૃથ્વી વગેરેનો સંઘટ્ટો વગેરે થઈ જાય તો, તે અતિચારની શુદ્ધિ માટે પંચકાદિ જે તપ કરવામાં આવે તે તપ પ્રાયશ્ચિત જાણવું. (ટી.) પંચકાદિ – નીવી વગેરે. જુઓ પ્રાયશ્ચિત્ત પંચાશક ગાથા ૧૮ની ટીકા.

तवसा उ दुद्दमस्सा पायं तह चरणमाणिणो चेव ।
संकेसविसेसाओ छेओ पणगाइओ तत्थ ॥ १३ ॥
तपसा तु दुर्दमस्य प्रायस्तथा चरणमानिनश्चैव ।
संक्लेशविशेषाच्छेदः पञ्चकादिकस्तत्र ॥ १३ ॥

તપ પ્રાયશ્ચિતથી પણ જે દુર્દમ હોય અને દોષો લગાડવા છતાં જે ચારિત્રવાન હોવાનું અભિમાન રાખતા હોય, ચારિત્રના પરિણામ ન હોવા છતાં જે પોતાને ચારિત્રી મનાવતા હોય તેમને સંક્લેશની અધિકતાના કારણે પંચકાદિ છેદ (પાંચ દિવસ, દસ દિવસ વગેરે ચારિત્રપર્યાયનો છેદ) પ્રાયશ્ચિત્ત આપવું.

पाणवहाईमि[1] पाओ भावेणासेवियम्मि सहसा वि ।
आभोगेणं जइणो पुणो वयारोवणा[2] मूलं ॥ १४ ॥
प्राणवधादौ प्रायो भावेनासेविते सहसापि ।
आभोगेन यतेः पुनर्व्रतारोपणा मूलम् ॥ १४ ॥

પ્રાયઃ ઈરાદાપૂર્વક પ્રાણિવધાદિ કરનાર – પછી તે ઉપયોગપૂર્વક કર્યું હોય કે – સહસા થઈ જાય, તો પણ (તેના ચારિત્ર પરિણામ નષ્ટ થઈ જવાથી તેનું ચારિત્ર ગયું માટે) તેને ફરીથી પાંચ મહાવ્રતો આપવાં એ મૂલ પ્રાયશ્ચિત છે.

साहम्मिगाइतेणाइभावओ[3] संकिलेसभेएण ।
तक्खणमेव वयाण वि होइ अजोगो उ अणवट्ठा[4] ॥ १५ ॥
साधर्मिकादिस्तेनादिभावतः संक्लेशभेदेन ।
तत्क्षणमेव व्रतानामपि भवत्ययोगस्त्वनवस्था ॥ १५ ॥

જે યતિ સાધર્મિક – સાધુ વગેરેની ચોરી કરે, કે પોતાના કે પરના પ્રાણોની પરવા કર્યા વગર બીજાને દંડાદિથી પ્રહાર કરે, તેના અધ્યવસાય ઘણા જ સંક્લેશવાળા

१ क च घ पाणवहाओ पाओ २ क वयारोवणा तूलं ३ घ सोहम्मिगाइ ४ क अणवद्धा

હોવાથી તે યતિ તેજ વખતે ફરીથી વ્રત આપવા માટે અયોગ્ય બની જાય છે. તેને તે વખતે ફરીથી વ્રત ન આપવાં તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત.

पुरिसविसेसं पप्प पावविसेसं च विसयभेएण ।
पायच्छित्तस्संतं गच्छंतो होइ पारंची ॥ १६ ॥
पुरुषविशेषं प्राप्य पापविशेषं च विषयभेदेन ।
प्रायश्चित्तस्यान्तं गच्छन्भवति पार्यन्तिकः ॥ १६ ॥

પુરુષ વિશેષ આચાર્યાદિ જવાબદાર વ્યક્તિ – કોઈ મોટું પાપ આચરે અને તેનો વિષય પણ મોટો હોય. (દા.ત. મૈથુન અને તે પણ રાજરાણી સાથે) તો આ સર્વ પ્રાયશ્ચિત્તના અંતે આવતું હોવાથી – બધા પ્રાયશ્ચિત્તને વટાવી જતું પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે. (ટી.) કોઈ આચાર્ય પ્રવચન વિરાધના કરે અથવા કોઈ સાધ્વી કે સ્ત્રીની સમક્ષ એવી ચેષ્ટાઓ કરે કે – જેથી બન્નેને વેદનો વિકાર થાય, થીણદ્ધિ નિદ્રામાં સાધુનું કે રાજાનું ખૂન કરે, સાધ્વી કે રાણી સાથે સંભોગ જેવું કોઈ અકૃત્ય કરે, અથવા તીર્થંકર વગેરેની આશાતના કરે, અથવા ચૈત્યનો કે અર્હત્પ્રતિમાનો નાશ કરે, ચૈત્યદ્રવ્યનો દુરુપયોગ કરે તો તેને પારાંચિક પ્રાયશ્ચિત અપાય. જેમાં વેશ લઈ લેવામાં આવે છે અને છ મહિનાથી માંડી બાર વર્ષ સુધી અમુક શરતોનું વહન કર્યા પછી જ ફરીથી દીક્ષા આપવામાં આવે છે. પ્રાયશ્ચિત પંચાશક ગા. ૨૩–૨૪

एवं कुणमाणो खलु पावमलाभावओ निओगेण ।
सुज्झइ साहू सम्मं चरणस्साराहणा तत्तो ॥ १७ ॥
एवं कुर्वाणः खलु पापमलाभावतो नियोगेन ।
शुध्यति साधुः सम्यक्चरणस्याराधना ततः ॥ १७ ॥

આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત વહન કરનાર આત્મા પાપમળથી રહિત બને છે અને પાપમળથી રહિત બનવાથી તે સમ્યગ્ શુદ્ધ થાય છે અને તેથી તે આત્મા ચારિત્રધર્મની સારી રીતે આરાધના કરી શકે છે.

अविराहियचरणस्स य अणुबंधो सुंदरो हवइ त्ति ।
अप्पो य भवो पायं ता इत्थं होइ जइयव्वं ॥ १८ ॥
अविराधितचरणस्य चानुबन्धः सुन्दरस्तु भवतीति ।
अल्पश्च भवः प्रायस्तदत्र भवति यतितव्यम् ॥ १८ ॥

અવિરાધિત ચારિત્રનો અનુબંધ સુન્દર પડે છે અને એવી રીતે વિરાધના વિના ચારિત્રનું પાલન કરનારનો સંસાર અલ્પ બની જાય છે. માટે પ્રાયશ્ચિતમાં યત્ન કરવો જોઈએ.

किरियाए[1] अपच्चारे जत्तवओ णावगारगा जह य ।
पच्छित्तवओ सम्मं तह पव्वज्जाए अइयारे ॥ १९ ॥
क्रियाया अनुपालम्भे यत्नवतो नापकारका यथा च ।
प्रायश्चित्तवतः सम्यक्तथा प्रव्रज्याया अतिचारे ॥ १९ ॥

ઈર્યાદિ ક્રિયામાં યતનાશીલના હાથે કંઈ આચરણ (કોઈ જીવનો નાશ વગેરે) થઈ જાય તો તે જેમ અપકારક પાપકર્મના બંધનું કારણ નથી. તેમ પ્રાયશ્ચિત વહન કરનારને પણ તે અતિચારો અપકારક - વિરાધક ભાવમાં લઈ જનાર બનતા નથી. (ટી.) લૌકિકમાં પણ જેમ કોઈ અપરાધ થઈ જાય એની તુરત માફી માંગી લેનારને દુશ્મન પણ મિત્ર બની જાય છે. તેમ જે પ્રાયશ્ચિત લે છે તેને પ્રવ્રજ્યાના અતિચારો પણ અપકારક રહેતા નથી. (પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થઈ જતી હોવાથી)

एवं भावनिरुज्जो जोगसुहं उत्तमं इहं लहइ ।
परलोगे य नरामरसिवसुक्खं तप्फलं चेव ॥ २० ॥
एवं भावनीरुजो योगसुखमुत्तममिदं लभते ।
परलोके च नरामरशिवसौख्यं तत्फलं चैव ॥ २० ॥

આવી રીતે ભાવનીરોગી બનેલો તે યતિ અહીં પણ ઉત્તમયોગસુખને પામે છે અને પરભવમાં તેના ફળ તરીકે દેવ-નરના ઉત્તમોત્તમ સુખો અથવા પરમોત્કૃષ્ટ એવું મોક્ષનું સુખ પામે છે.

"सव्वा वि पव्वज्जा पायच्छित्तं भवंतरकडाण पावाणं कम्माणं ।"

પ્રાયશ્ચિત પંચાશક ગા. ૪૮

સમસ્ત પ્રવ્રજ્યા એ પૂર્વે કરેલાં દુષ્કૃત્યોનું પ્રાયશ્ચિત છે.

**પીઠમહાપીઠનું દષ્ટાંત** : મહાવિદેહમાં પુંડરિકીણી નામે નગરી છે. ત્યાં પૂર્વે **વૈર** નામે ચક્રવર્ત્તિ થયા. તે વૈર ચક્રવર્ત્તિએ પોતાના ચાર ભાઈઓ સાથે વૈરસેન નામના તીર્થંકર પાસે દીક્ષા લીધી. એ ચાર ભાઈઓના નામો અનુક્રમે - બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ હતાં. વૈરમુનિ શ્રુતનો ઘણો અભ્યાસ કરીને ગચ્છપતિ બન્યા અને પાંચસો સાધુઓ સાથે વિહરવા લાગ્યા. બાહુ મુનિ લબ્ધિમાન હતા. તેઓ સાધુઓની અશનાદિ વડે ખૂબ જ ભક્તિ કરવા લાગ્યા. સુબાહુ મુનિ સ્વાધ્યાયાદિથી શ્રમિત થયેલા સાધુઓની ખેદ પામ્યા વગર વિશ્રામણા કરવા લાગ્યા. પીઠ અને મહાપીઠ સદૈવ સ્વાધ્યાયમાં મસ્ત રહેતા. એક વખત ગચ્છપતિએ બાહુ અને સુબાહુ મુનિના વૈયાવૃત્ત્યગુણની ખૂબ જ પ્રશંસા કરી. તે સાંભળીને પીઠ અને મહાપીઠને ખેદ

[1] घ किरियाए अपचारे जत्तवओ णादगारगा जह ।

થયો. તેઓ મનમાં વિચારે છે. "અરેરે ! વૈયાવૃત્ત્ય ગુણની કદર થઈ અને અમારા સ્વાધ્યાયની કોઈ કિંમત જ નહિ ! આવી અને બીજી ચિન્તા થયા પછી પ્રાયશ્ચિત્ત ન કરવાના કારણે તેઓએ ત્યાં સ્ત્રીવેદ બાંધ્યો. કાળ કરીને તે પાંચે મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા ત્યાંથી ચ્યવીને ગચ્છપતિનો જીવ શ્રી ઋષભદેવ તરીકે, બાહુ અને સુબાહુ ભરત અને બાહુબલી તરીકે અને પીઠ–મહાપીઠ, બ્રાહ્મી – સુન્દરી તરીકે ઉત્પન્ન થયા. જો કે પીઠ–મહાપીઠે તે દોષોનું આવશ્યકાદિ સમયે પ્રતિક્રમણ કર્યું હતું. એમાં શુભભાવ હતો, પણ તે શુભભાવ પ્રાયશ્ચિત જેટલો બળવાન ન હતો. એટલે તે દોષનું સમૂલ ઉન્મૂલન થઈ શક્યું નહોતું. (પ્રાયશ્ચિત્ત પંચાશકની વૃત્તિના આધારે)

॥ इति प्रायश्चित्तविंशिका षोडशी ॥

# 17. યોગ વિંશિકા

मुंक्खेण[१] जोयणाओ जोगो सव्वो वि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ ठाणाइगओ विसेसेण ॥ १ ॥
मोक्षेण योजनाद्योगः सर्वोपि धर्मव्यापारः ।
परिशुद्धो विज्ञेयः स्थानादिगतो विशेषेण ॥ १ ॥

મોક્ષ સાથે જોડાણ કરી આપતો હોવાથી (મોક્ષ પ્રાપ્તિમાં ઉપયોગી હોવાથી) પ્રણિધાનાદિ આશયથી વિશુદ્ધ એવો સર્વ ધર્મવ્યાપાર - સમિતિ, ગુપ્તિ, વિનય, વિહાર, ભિક્ષાટનાદિ ક્રિયારૂપ સર્વ વ્યાપાર યોગ છે. જો કે નિશ્ચયથી પરિશુદ્ધ એવો સર્વ ધર્મવ્યાપાર યોગ છે. છતાં અહીં (તાન્ત્રિક સંકેત અને વ્યવહારની દૃષ્ટિએ) સ્થાનાદિમાંના જ કોઈ પણ ધર્મ વ્યાપારને યોગ સમજવો. એ અર્થમાં જ યોગ પદનો પ્રયોગ સમજવો.

(ટી.) પરિશુદ્ધ = પ્રણિધાનાદિ આશય વિશુદ્ધિથી યુક્ત. આશય વિશુદ્ધિથી રહિત ધર્મવ્યાપાર એ દ્રવ્યક્રિયામાત્ર છે.

अनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा (ષોડશક ૩/૧૨)

तुच्छा = असारा = अभिलषितफलासाधकत्वात्

આ પ્રણિધાનાદિ પાંચ પ્રકારના આશય-ભાવ વગરની ક્રિયા દ્રવ્ય ક્રિયા છે, ને તે પોતાના ફળની સાધક નથી.

૧. પ્રણિધાન, ૨ પ્રવૃત્તિ, ૩ વિઘ્નજય, ૪ સિદ્ધિ અને ૫ વિનિયોગ. આ પાંચ આશયો છે. આ પાંચ આશયો કંથચિત્ ક્રિયારૂપ હોવા છતાં પણ પરમાર્થથી ક્રિયાથી ઉપલક્ષ્ય પરિણામવિશેષસ્વરૂપ જાણવા. ક્રિયારૂપ પ્રણિધાનાદિથી ભાવ (આશય) ઉપલક્ષિત બને છે, માટે આશય કહ્યા.

**(૧) પ્રણિધાન :** પોતાથી ઓછા ગુણવાળા પ્રત્યે અદ્વેષ-કરુણા અને પરોપકાર એ બે વૃત્તિઓથી યુક્ત પોતાની ભૂમિકાને યોગ્ય સદનુષ્ઠાન કરવાનો નિશ્ચય - તે પ્રણિધાન છે.

"हीनगुणद्वेषाभावपरोपकारवासनाविशिष्टोऽधि-
कृतधर्मस्थानस्य कर्तव्यतोपयोगः प्रणिधानम् ॥"

૧. પ્રતિપન્નધર્મસ્થાનની મર્યાદામાં સ્થિતિમત્ = तत्सिद्धियावत् अविचलितस्वभावं २. तदधःकृपानुगं = करुणापरं, न तु गुणहीनत्वात् तेषु द्वेषान्वितं । उक्तं च तं (ષો. ૩-૭)

---

१ घ च सुक्खेण

"प्रणिधानं तत्समये स्थितिमत्तदधः कृपानुगं चैव ।
निरवद्यवस्तुविषयं परार्थनिष्पत्तिसारं च ।। ષોડ. ૩/૭ ।।

परोपकारसिद्धिप्रधानं - सतां सर्वस्यापि प्रवृत्तेः उपसर्जनीकृत प्रधानीकृतपरमार्थत्वात् ।

**(૨) પ્રવૃત્તિ** = 'अधिकृत धर्मस्थानोद्देशेन' तदुपायविषय इतिकर्त्तव्यता शुद्धः शीघ्रक्रियासमाप्तीच्छादिलक्षणौत्सुक्यविरहितः प्रयत्नातिशयः प्रवृत्तिः ।

નિર્ધારિત અનુષ્ઠાનમાં કુશલતાપૂર્વકનો અને તે અનુષ્ઠાન ઝટ ક્યારે પૂરું થાય તેવી અકાલે ફળવાંછારૂપ ઉત્સુકતા વિનાનો પ્રબલ પ્રયત્ન તે પ્રવૃત્તિ.

**(3) વિઘ્નજય** = પ્રસ્તુત અનુષ્ઠાનમાં આવતા અંતરાયોનો જેનાથી જય થાય, તેવો આત્મપરિણામ તે ત્રણ પ્રકારે –

**૧. પરીષહોપસર્ગ** : માર્ગમાં જેમ કાંટા હોય છે, તેમ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારને આ પરીષહ અને ઉપસર્ગ રૂપ કાંટા નિરાકુલપણે પ્રવૃત્તિ કરવા ન દે. એ પરીષહ અને ઉપસર્ગને કર્મક્ષયમાં મદદગાર છે એમ માની સહન કરી લેવામાં આવે તો નિરાકુલપણે પ્રવૃત્તિ થઈ શકે.

**૨. શારીરિક રોગો** : જેમ જ્વર હોય તો પંથ કાપી ન શકાય. ભલે ઈચ્છા ગમે તેટલી પ્રબળ હોય. તેમ રોગી પોતાની ઈચ્છાનુસાર ધર્મારાધન ન કરી શકે.

"हियाहारा मियाहारा अप्पाहारा य जे नरा ।
अप्पाणं ते विगिंचंति न ते विज्जा विगिंचका ।।" (પિં.નિ.ગા. ૬૪૮)

એ પ્રમાણે નિયમિત રહી રોગના કારણો જ ઉભા ન થવા દેવા અને બીજું આ પરીષહો તો દેહને જ માત્ર બાધક છે. મારા આત્મસ્વરૂપને તે જરા પણ બાધક નથી. એવી ભાવના ભાવી ધર્મારાધન માટે સજ્જ બનવું.

**૩. મિથ્યાત્વજનિતમનોવિભ્રમ** : જેમ માર્ગમાં ચાલતાં દિગ્ભ્રમ થઈ જાય તો, બીજા મુસાફરોની પ્રેરણા છતાં ચાલવાનો ઉત્સાહ ન જાગે, તેમ મોક્ષમાર્ગમાં મિથ્યાત્વમોહનો ઉદય સમજવો. विघ्नजयस्तु गुरुपारतन्त्रेण मिथ्यात्वादि-प्रतिपक्षभावना मनोविभ्रमापनयनादविच्छिन्नप्रयाणसंपादकः । (આ ત્રણે વિઘ્નો જીતાય તો જ 'વિઘ્નજય' આશય સિદ્ધ થયો ગણાય. નહિતર નહિ.) આ વિઘ્નોને દૂર કરવામાં આવે તો જ પ્રવૃત્તિ થઈ શકે છે. કહ્યું છે કે – પ્રવૃત્તિ ફળવાળો આ ત્રણ પ્રકારે વિઘ્નજય છે. (प्रवृत्तिफलको विघ्नजयः) અર્થાત્ વિવિધવિઘ્નો.. જે વિવક્ષિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવામાં નડતર કરતા હોય તેમને હઠાવી ધારેલ અનુષ્ઠાન પાર પાડવું.

**૪. સિદ્ધિ** = અતિચારરહિત અધિકગુણી એવા ગુર્વાદિપ્રત્યે વિનય, વૈયાવચ્ચ, ભક્તિ, બહુમાન વગેરે અને હીનગુણી પ્રત્યે કે નિર્ગુણી પ્રત્યે કરુણા તથા તેની મુશ્કેલીઓ દૂર કરવાપૂર્વક અધિકૃત અહિંસાદિ ધર્માનુષ્ઠાનની સિદ્ધિ = પ્રાપ્તિ, તે તાત્ત્વિક સિદ્ધિ.

"सिद्धिस्तत्तद्धर्मस्थानावाप्तिरिह तात्त्विकी ज्ञेया ।
अधिके विनयादियुता, हीने च दयादिगुणसारा ।। ષોડ. ૩/૧૦

**૫. વિનિયોગ** = પોતાને સિદ્ધ થયેલ અનુષ્ઠાનમાં બીજાને જોડવા તે. આ આશય ઉત્તરોત્તર વિશુદ્ધયોગની નિરંતર પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે. અર્થાત્ – પોતાને સિદ્ધ થયેલ અનુષ્ઠાન બીજાને પણ પ્રાપ્ત કરાવી આપવું તે વિનિયોગ છે.

સિદ્ધિ પછી કરાતો વિનિયોગ અવન્ધ્ય હોય છે. અર્થાત્ સ્વયંસિદ્ધ વસ્તુનો વિનિયોગ એજ ખરો વિનિયોગ છે. કદાચ વિનિયોગ કર્યા પછી તે (સમ્યગ્) ધર્મસ્થાનનો ભાવિમાં ભંગ થાય તો પણ તે ભંગ સુવર્ણ ઘટના સરખો સર્વથા ફળના અપગમવાળો થતો નથી. વિનિયોગ કરાયેલ ધર્મ ચાલ્યો જાય તો પણ જલ્દી તેના સંસ્કારના ઉદ્બોધનો સંભવ છે તેથી અનેક જન્માતરના ક્રમથી (આ રીતે) અવિચ્છિન્ન તે ધર્મસ્થાનની પ્રાપ્તિ થાય છે. વિનિયોગની ક્રિયા પરોપકારગર્ભિત હોવાથી તેનું પરમફળ તીર્થંકરની વિભૂતિ સુધીનું સુન્દર હોય છે. (જુઓ ષોડશક ત્રીજું) વિનિયોગ કરવાથી પોતાને તે અનુષ્ઠાન અવિચ્છિન્નપણે પ્રાપ્ત થાય છે અને ઉત્તરોત્તર વિશુદ્ધતર અનુષ્ઠાનની પ્રાપ્તિ થતાં યાવત્ ઉત્કૃષ્ટ યોગ – ઘાતિકર્મના ક્ષયની પ્રાપ્તિ થાય છે. આનું રહસ્ય આ છે : રાગાદિ (રાગ–દ્વેષ–મોહ) મલોનો વિગમ થવાથી પુષ્ટિ અને શુદ્ધિવાળું બનેલું ચિત્ત એ જ ધર્મ છે. પુષ્ટિ એટલે પુણ્યનો ઉપચય અને શુદ્ધિ એટલે ઘાતિકર્મના ક્ષયથી થતી નિર્મળતા, એ પુષ્ટિ અને શુદ્ધિ પ્રણિધાનાદિથી યુક્ત હોય છે ત્યારે તે અનુબન્ધવાળી બને છે. (અનુબંધ–સંતાન–અન્વય) तदुभयं च प्रणिधानादिलक्षणेन भावेनानुबन्धवद्भवति, तदनुबन्धाच्च शुद्धिप्रकर्षः सम्भवति, निरनुबन्धं च तदशुद्धिफलमेवेति न तद्धर्मलक्षणम् ।

પ્રણિધાનાદિથી રહિત એવું અનુષ્ઠાન નિરનુબન્ધ ઉત્તરોત્તર ચિત્તશુદ્ધિ કરનારું ન હોવાથી તે ધર્મ નથી. પ્રણિધાનાદિથી યુક્ત એવા અનુષ્ઠાનો (તે સાનુબન્ધ હોવાથી) શુદ્ધિપ્રકર્ષદ્વારા મોક્ષની સાથે જોડી આપે છે, માટે તે યોગ છે – (આ ઉપરથી એ ફલિત થાય છે કે – જ્યાં હીન ગુણવાળા પ્રત્યે દ્વેષ નહિ પરંતુ કરુણા ઉભરાતી હોય ત્યાં જ વાસ્તવિક ધર્મ છે.)

આશયવિશુદ્ધિથી રહિત એવો ધર્મવ્યાપાર એ દ્રવ્યક્રિયા માત્ર કહી અને પ્રણિધાનનો અર્થ કરતાં કહ્યું કે – 'तदधः कृपानुगं' = એટલે કે કરુણાના સ્થાને જો હીન ગુણી પ્રત્યે દ્વેષ આવ્યો કે – પ્રણિધાન આશય ન રહ્યો. એટલે કે – તે ધર્મવ્યાપાર યોગ ન રહ્યો. ચિત્તના મલો રાગાદિ છે તેનો વિગમ સમ્યગ્જ્ઞાન સહિત સત્ક્રિયાથી – આગમ સહિત સત્ક્રિયાથી થાય છે. અર્થાત્ આવા પ્રકારની ક્રિયાથી ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિ થાય છે. અનુબંધવાળી શુદ્ધિ (પાપક્ષય) અને પુષ્ટિ (પુણ્યોપચય)થી આ જન્મમાં કે ભવાંતરમાં તાત્ત્વિક મુક્તિ થાય છે. અનુબંધવાળા – વધતા એવા – પુણ્યોપચય અને પાપક્ષયનું કારણ પ્રણિધાનાદિ પાંચ આશયો છે. આ ભાવ (પ્રણિધાનાદિ) એ ધર્મતત્ત્વ છે. પરમ યોગ છે અને મુક્તિરસ છે. આ પાંચ

પ્રકારના આશય વિનાની ક્રિયા તે દ્રવ્યક્રિયા છે અને તે પોતાના ફળની અસાધક હોવાથી તુચ્છ છે.

ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा एसो ।
दुगमित्थ कम्मओगो तहा तियं नाणजोगो[1] उ ॥ २ ॥
स्थानोर्णार्थालम्बनरहितस्तन्त्रे पञ्चधैषः ।
द्विकमत्र कर्मयोगस्तथा त्रिकं ज्ञानयोगस्तु ॥ २ ॥

સ્થાન, ઊર્ણ (વર્ણ), અર્થ, આલંબન અને નિરાલંબન એ યોગના પાંચ પ્રકાર શાસ્ત્રમાં કહેલ છે. તેમાં પ્રથમના બે કર્મયોગ છે અને છેલ્લા ત્રણ જ્ઞાનયોગ છે.

(ટી.) **૧. સ્થાન** : જેના વડે સ્થિર થવાય તે સ્થાન. પદ્માસન, કાયોત્સર્ગ-મુદ્રા, સિદ્ધાસન વગેરે આસનો કે મુદ્રાઓને સ્થાન કહેવાય.

**૨. ઊર્ણ** : ઊર્ણ એટલે શબ્દ. અહિં શબ્દ તે ક્રિયાદિમાં ઉચ્ચારાતા સૂત્રના વર્ણો.

**૩. અર્થ** : શબ્દના અર્થનો નિશ્ચય (शब्दाभिधेय વ્યવસાય)

**૪. આલંબન** : બાહ્ય-પ્રતિમાદિવિષયક ધ્યાન.

**૫. નિરાલંબન** : રૂપી દ્રવ્યના આલંબનથી રહિત નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

સ્થાન એ સાક્ષાત્ અને ઊર્ણમાં (ઉચ્ચારાતા વર્ણની વિવક્ષા હોવાથી) ઉચ્ચારાંશમાં ક્રિયા હોવાથી તે બે કર્મયોગ છે.

અર્થાદિ સાક્ષાત્ જ્ઞાનરૂપ હોવાથી જ્ઞાનયોગ જ છે.

देसे सव्वे य तहा नियमेणेसो चारित्तिणो होइ ।
इयरस्स[2] बीयमित्तं इत्तो[3] च्चिय केइ इच्छंति ॥ ३ ॥
देशे सर्वे च तथा नियमेनैष चारित्रिणो भवति ।
इतरस्य बीजमात्रमित एव केचिदिच्छन्ति ॥ ३ ॥

નિશ્ચયનયથી આ સ્થાનાદિ યોગ દેશવિરતિ કે સર્વવિરતિને જ હોય, ઈતર-સમ્યગ્દષ્ટિ અને અપુનર્બન્ધકને 'યોગબીજ' માત્ર હોય પણ યોગ ન હોય (કારણમાં કાર્યનો ઉપચાર કરનાર) વ્યવહારનય સમ્યગ્દૃષ્ટિ અને અપુનર્બંધકને પણ યોગ માને છે. (ટી.) ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ વિના ક્રિયાયોગ કે જ્ઞાન યોગ એકેય ન સંભવે, માટે (નિશ્ચયનયના મતે) દેશવિરતિ કે સર્વવિરતિને જ આ યોગની પ્રાપ્તિ હોય, બીજાને નહિ. બીજા - સમ્યગ્દષ્ટિ અને અપુનર્બંધકને મોક્ષબીજ હોઈ શકે. વ્યવહારનય કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહે છે કે એમને પણ યોગ હોય. અપુનર્બંધકની પૂર્વ અવસ્થાઓમાં યોગ ન હોય, એ નિશ્ચય અને વ્યવહાર બન્ને માને છે, ત્યાં જો કે યોગનો અભ્યાસ હોઈ શકે. ગ્રન્થકારે "યોગબિન્દુ'માં યોગના પાંચ પ્રકારો આ રીતે બતાવેલ છે.

---

१ ग नाणजोगा उ २ क इयस्स, घ इयस्स वायमित्तं ३ ख घ च इत्तुच्चिय

(૧) અધ્યાત્મ (૨) ભાવના (૩) ધ્યાન (૪) સમતા (૫) વૃત્તિસંક્ષય

**(૧) અધ્યાત્મ :** उचितप्रवृत्तेर्व्रतभृतो मैत्र्यादिभावगर्भं शास्त्राज्जीवादितत्त्वचिंतनमध्यात्मम् = ઉચિતપ્રવૃત્તિવાળા વ્રતધારીનું મૈત્ર્યાદિભાવયુક્ત એવું શાસ્ત્રાનુસારી જીવાદિતત્ત્વચિન્તન તે અધ્યાત્મ.

**(૨) ભાવના :** અશુભચિત્તવૃત્તિના નિરોધ યુક્ત પ્રતિદિન વધતા અધ્યાત્મનો અભ્યાસ = પુનઃ પુનઃ આસેવન અથવા વધતો ચિત્તવૃત્તિનો નિરોધ.

भावना - अध्यात्मस्यैव प्रतिदिनं प्रवर्धमानश्चित्तवृत्तिनिरोधयुक्तोऽभ्यासः

**(૩) ધ્યાન :** એક જ પદાર્થના ઉત્પાદાદિ વિષયમાં સૂક્ષ્મ ઉપયોગ યુક્ત ચિત્ત. અહીં ચિત્ત સ્થિરપ્રદીપ જેવું હોય છે. અર્થાત્ સ્થિર દીપક જેમ તે જ પદાર્થોનો પ્રકાશ કરે છે. તેમ અહીં ચિત્ત પણ પોતાના તેજ વિષયનું જ્ઞાન કરાવે છે, વિષય બદલાતા નથી. (અથવા ચિત્ત પોતાના એક પદાર્થરૂપ આલંબનમાં સ્થિર હોય છે.)

**(૪) સમતા :** શુભાશુભ વિષયોમાં ઈષ્ટાનિષ્ટની કલ્પના દૂર કરી સમાનભાવ ધારણ કરવો તે. – अविद्याकल्पितेष्टानिष्टत्वसंज्ञापरिहारेण शुभाशुभानां विषयाणां तुल्यताभावनम् ।

**(૫) વૃત્તિસંક્ષય :** મનથી સર્વ વિકલ્પોનો અને શરીર દ્વારા સર્વ પરિસ્પંદનોનો આત્યન્તિક નિરોધ – ક્ષય. આમાંથી અધ્યાત્મ – જે દેવસેવા, જપ, તત્ત્વચિંતનાદિ સ્વરૂપ છે. તેનો ક્રમશઃ સ્થાન, ઊર્ણ અને અર્થમાં સમાવેશ થાય છે. ભાવનાના વિષય પણ તેની સમાન હોવાથી એ રીતે જ સમાવેશ સમજવો. ધ્યાનનો અન્તર્ભાવ આલંબનમાં થશે. સમતા અને વૃત્તિસંક્ષય એ બે જુદા જ યોગ છે.

इक्किक्को य चउद्धा इत्थं पुण तत्तओ मुणेयव्वो ।
इच्छापवित्तिथिर[1]सिद्धिभेयओ समयनीईए ॥ ४ ॥

एकैकं च चतुर्धाऽत्र पुनस्तत्त्वतो ज्ञातव्यः ।
इच्छाप्रवृत्तिस्थिरसिद्धिभेदतः समयनीत्या ॥ ४ ॥

સ્થાનાદિ દરેક યોગના જુદા જુદા જીવોના કર્મ–જ્ઞાન વગેરેના ભેદે ઘણા ભેદો પડે છે. છતાં યોગશાસ્ત્રોની પદ્ધતિ મુજબ સામાન્યથી સ્થાનાદિ પ્રત્યેક યોગના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર–ચાર ભેદો છે.

तज्जुत्तकहापीईह संग[2]याविपरिणामिणी इच्छा ।
सव्वत्थुवसमसारं तप्पालमणो प[3]वत्ती उ ॥ ५ ॥

१ क घ चिरसिद्धि २ ख संगया विपरिणामिणी ३ अ क घ पवत्तीओ

तद्युक्तकथाप्रीत्या संगताऽविपरिणामिनीच्छा ।
सर्वत्रोपशममसारं तत्पालनमो प्रवृत्तिस्तु ॥ ५ ॥

જ્યાં યોગની ભૂખથી (યોગનું સ્વરૂપ જાણવાની ઈચ્છાથી) કે યોગના સ્વરૂપની ઝાંખી પ્રાપ્ત થતી હોવાથી યોગીઓની કથા (કોણે કેવી રીતે યોગની સિદ્ધિ કરી વગેરે) માં પ્રીતિ (હર્ષ) થાય અને યોગની વિધિ અને એનું આસેવન કરનાર પ્રત્યે અંતરમાં બહુમાન જાગે તથા પોતાના જ ઉલ્લાસમાંત્રથી – બીજી કોઈ પ્રેરણા કે પ્રલોભન વિના યોગનો યત્કિંચિત્ અભ્યાસ હોય તે ઈચ્છાયોગ જાણવો. સર્વ અવસ્થાઓમાં ઉપશમયુક્ત, શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે સર્વાંગ સંપૂર્ણપણે સ્થાનાદિ યોગનું આચરણ તે પ્રવૃત્તિયોગ. (ટી.) શાસ્ત્રોક્ત વિધિ મુજબ સ્થાનાદિ યોગનું આચરણ કરવાની ઈચ્છાથી – દ્રવ્ય, ક્ષેત્રાદિ સામગ્રી પૂર્ણ ન હોવા છતાં એટલે કે અધૂરી સામગ્રીના કારણે સ્થાનાદિ યોગનુ વિકલ આચરણ હોવા છતાં પૂર્ણની ઈચ્છાથી કરાતું જે આચરણ તે ઈચ્છાયોગ અને શાસ્ત્ર મુજબ સંપૂર્ણ પાલન તે પ્રવૃત્તિયોગ. અહીં વીર્યોલ્લાસની માત્રા અધિક હોવાથી સ્થાનાદિ યોગનું પાલન શાસ્ત્ર મુજબ અને સર્વાંગ સંપૂર્ણ થાય છે.

तह चेव [1]एयबाहगचिंतारहियं थिरत्तणं नेयं ।
सव्वं परत्थसाहगरूवं पुण होइ सिद्धि त्ति ॥ ६ ॥
तथैवैतद्बाधकचिन्तारहितं स्थिरत्वं ज्ञेयम् ।
सर्वं परार्थसाधकरूपं पुनर्भवति सिद्धिरिति ॥ ६ ॥

સ્થિરયોગમાં બાધક (અતિચારો)ની ચિન્તા નથી હોતી (પ્રવૃત્તિયોગમાં અતિચારો લાગતા હોવાથી ત્યાં અતિચારની ચિન્તા રહે છે, જ્યારે સ્થિરયોગમાં અધિક અભ્યાસ તેમજ અધિક વિશુદ્ધિના કારણે અતિચારો લાગતા નથી, તેથી (અતિચારો ન લાગતા હોવાથી)સ્થિરયોગ બાધકની ચિન્તા રહિત હોય છે.)

સિદ્ધિયોગ તે છે, જેમાં સ્થાનાદિ યોગથી જેમ પોતાને ઉપશમાદિની પ્રાપ્તિ થાય છે, તેમ પોતાના નિકટવર્તી જીવો જે સ્થાનાદિયોગ રહિત હોય, તેમને પણ પોતાની જેમ ઉપશમાદિ ફળની પ્રાપ્તિ કરાવે. (ટી.) સિદ્ધિયોગવાળાની સમીપમાં રહેલા જીવો પણ તેમના જેવા અહિંસક બની જાય છે. અર્થાત્ જેમને અહિંસા યોગ સિદ્ધ થયો હોય તેની પાસે હિંસક પ્રાણીઓ પણ હિંસા કરી શકતા નથી, તેજ રીતે સિદ્ધ સત્યવાદી પાસે અસત્ય બોલવાની ઈચ્છાવાળા પણ અસત્ય બોલી શકતા નથી.

एए य चित्तरूवा [2]तहक्खओवसमजोगओ हुंति ।
तस्स उ [3]सद्धापीयाइजोगओ भव्वसत्ताणं ॥ ७ ॥

१ घ च पयपाहगचिंता २ अ घ च तहखओवसम ३ क सद्धापीयाओ

एते च चित्ररूपास्तथा क्षयोपशमयोगतो भवन्ति ।
तस्य तु श्रद्धाप्रीत्यादियोगतो भव्यसत्त्वानाम् ॥ ७ ॥

ભવ્ય જીવોની અધિકૃત સ્થાનાદિયોગમાં શ્રધ્ધા (इदमित्यमेवेति प्रतिपत्तिः) પ્રીતિ (तत्करणादौ हर्षः) ધૃતિ, ધારણા વગેરેની વિવિધતાના કારણે ઈચ્છાદિ યોગોના પણ દરેકના અસંખ્ય ભેદ પડે છે. શ્રદ્ધાદિની વિવિધતા તેમાં કારણીભૂત ક્ષયોપશમની અનેકરૂપતાને લઈને હોય છે. (ટી.) इच्छायोगादिविषये आशयभेदाभिव्यङ्ग्य क्षयोपशम-भेदोहेतुरिति परमार्थ : अत एव यस्य यावान्मात्रः क्षयोपशमस्तस्य तावन्मात्रेच्छादि संपत्त्या मार्गे प्रवर्तमानस्य सुक्ष्मबोधाभावेऽपि मार्गानुसारिता न व्याहन्यते इति संप्रदाय.

अणुकंपा निव्वेओ संवेगो होइ तह य पसमु त्ति ।
एएसिं अणुभावा इच्छाईणं जहासंखं ॥ ८ ॥
अनुकम्पा निर्वेदः संवेगो भवति तथा च प्रशम इति ।
एतेषामनुभावा इच्छादीनां यथासंख्यम् ॥ ८ ॥

(ઉપરના શ્લોકમાં ઈચ્છાદિયોગના ભિન્ન-ભિન્ન હેતુઓ - હેતુઓના ભેદ જણાવ્યા. હવે આ ગાથામાં તે યોગના ભિન્ન-ભિન્ન કાર્યો જણાવે છે.) અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ એ અનુક્રમે ઈચ્છાદિ યોગના કાર્યો છે.

(ટી.) **અનુકંપા** : દ્રવ્ય અને ભાવથી યથાશક્તિ દુઃખીના દુઃખને દૂર કરવાની ઈચ્છા.

**નિર્વેદ** : નૈર્ગુણ્યના પરિજ્ઞાનથી સંસાર પ્રતિ વિરક્તતા.

**સંવેગ** : મોક્ષાભિલાષા

**પ્રશમ** : કષાયોનો ઉપશમ

જો કે શાસ્ત્રમાં આ સમ્યક્ત્વના કાર્ય તરીકે બતાવેલ છે. પરંતુ માત્ર સમ્યક્ત્વ પ્રાપ્તિમાં પણ વ્યવહારથી ઈચ્છાદિ યોગની પ્રવૃત્તિવાળાને જ અનુકંપાદિ હોઈ શકે, તેથી વિરોધ નહિ આવે.

શમ, સંવેગાદિ સમ્યક્ત્વ ગુણોનો લાભ પશ્ચાનુપૂર્વીએ કહ્યો (સદ્ધર્મવિંશિકા) એથી પણ આ વાતને સમર્થન મળે છે અને ઈચ્છાયોગના કાર્ય તરીકે અનુકંપા, પ્રવૃત્તિયોગના કાર્ય તરીકે સંવેગ અને સિદ્ધિ યોગના કાર્ય તરીકે ઉપશમ બતાવ્યા એ પણ ઘટી જાય છે.

अनुभावा : अनु-पश्चाद् भावा : कार्याणि – (અનુભાવ એટલે કાર્ય)

एवं ठियम्मि तत्ते[१] नाएण उ जोयणा इमा पयडा ।
चिइवंदणेण णेया नवरं तत्तन्नुणा सम्मं ॥ ९ ॥

१ घ तच्चे

एवं स्थिते तत्त्वे ज्ञातेन तु योजनेयं प्रकटा ।
चितिवन्दनेन ज्ञेया केवलं तत्त्वज्ञेन सम्यक् ॥ ९ ॥

આવી રીતે ઈચ્છાદિના પ્રતિભેદથી યોગના (એંશી ભેદ અને સામાન્ય રીતે સ્થાનાદિ પાંચ) ભેદ છે, તે ભેદ-પ્રભેદોની યોજના (વ્યવસ્થા) ચૈત્યવન્દનના (હવે કહેવાતા) દૃષ્ટાન્તથી તત્ત્વજ્ઞપુરુષે સારી રીતે જાણી લેવી.

**अरहंतचेइयाणं करेमि उस्सग्ग एवमाईयं ।**
**सद्धाजुत्तस्स तहा होइ जहत्थं पयन्नाणं[1] ॥ १० ॥**

**अर्हच्चैत्यानां करोम्युत्सर्गमेवमादिकम् ।**
**श्रद्धायुक्तस्य तथा भवति यथार्थं पदज्ञानम् ॥ १० ॥**

'અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં ।' ઇત્યાદિ ચૈત્યવન્દન દંડકના વર્ણોનો જ્યારે કોઈ શ્રદ્ધાવાન (ક્રિયામાં આસ્તિક્યવાળી) વ્યક્તિ સ્વર, સંપદા, માત્રા વગેરે વડે શુદ્ધ, સ્પષ્ટ અને અનુક્રમપૂર્વક ઉચ્ચાર કરે ત્યારે તેને યથાર્થ – અભ્રાન્ત પદજ્ઞાન થાય છે. આ ઊર્ણ યોગ રૂપ ચૈત્યવન્દન થયું. (ટી.) ઐદંપર્યાર્થાદિનું જ્ઞાન એ અર્થ છે અને અર્થમાં પ્રણિધાન એ અર્થયોગ છે. (અર્થ : उपदेशपदप्रसिद्धपदवाक्य-महावाक्यैदंपर्यार्थपरिशुद्धज्ञानम्)

**आलम्बन** – પ્રથમદંડકમાં અધિકૃત તીર્થંકર
દ્વિતીયદંડકમાં સર્વ તીર્થંકર
તૃતીયદંડકમાં પ્રવચન
ચતુર્થદંડકમાં શાસનના અધિષ્ઠાયક

આનું પ્રણિધાન જેઓને હોય તે આલંબન યોગવાળા સમજવા.

**एयं च[2]त्थालंबणजोगवओ पायमविवरीयं तु ।**
**इयरेसिं ठाणाइसु जत्तपराणं परं सेयं ॥ ११ ॥**

**एतच्चार्थालम्बनयोगवतः प्रायोऽविपरीतं तु ।**
**इतरेषां स्थानादिषु यत्नपराणां परं श्रेयः ॥ ११ ॥**

ઊર્ણ, અર્થ અને આલંબનવાળાને પ્રાયઃ આ યોગ અભીપ્સિત મોક્ષફલ પ્રાપક બને જ છે. જેમને અર્થ અને આલંબનયોગ નથી પણ કેવળ સ્થાન અને ઊર્ણયોગમાં (ગુરુઉપદેશાનુસાર) વિશુદ્ધ પ્રયત્ન છે (અને અર્થ તથા આલંબનયોગની તીવ્ર સ્પૃહા છે) તેમને પણ પરંપરાએ મોક્ષ મળે છે.

---

१ अ पवन्नाणं २ अ क घ च वत्थालंबण

(ટી.) અર્થ અને આલંબન યોગ એ ભાવચૈત્યવન્દન છે. કારણ કે તે જ્ઞાનયોગ હોઈને ઉપયોગ સ્વરૂપ છે અને ઉપયોગયુક્ત ચૈત્યવન્દન એ ભાવચૈત્યવન્દન જ છે. ભાવચૈત્યવન્દન એ અમૃતાનુષ્ઠાન હોવાથી અવશ્યનિર્વાણપ્રાપક છે. જેમનો કેવળ સ્થાન અને ઊર્ણમાં પ્રયત્ન છે અને અર્થ તથા આલંબનની સ્પૃહા છે. તેમનું અનુષ્ઠાન તદ્ધેતુ અનુષ્ઠાન (પ્રધાનદ્રવ્યાનુષ્ઠાન હોઈને ભાવાનુષ્ઠાનનો હેતુ) છે, માટે એ અનુષ્ઠાન પરંપરાએ મોક્ષ આપે છે.

इहरा[1] उ कायवासियपायं अहवा महामुसावाओ ।
ता अणुरूवाणं चिय कायव्वो एयविन्नासो ॥ १२ ॥
इतरथा तु कायवासितप्रायमथवा महामृषावादः ।
ततोनुरूपाणामेव कर्तव्य एतद्विन्यासः ॥ १२ ॥

જે (ચૈત્યવન્દનાદિ) અનુષ્ઠાનમાં અર્થ કે આલંબન યોગ નથી અને સ્થાન કે ઊર્ણયોગનો પ્રયત્ન નથી તે અનુષ્ઠાન કાયવાસિત પ્રાય-સમૂર્ચ્છિમ જીવની પ્રવૃત્તિ તુલ્ય છે. (કારણ કે – તેમાં મનનો ઉપયોગ નથી. આવું અનુષ્ઠાન અનનુષ્ઠાન હોવાથી તે નિષ્ફળ છે.) – અથવા આવું અનુષ્ઠાન એ મહામૃષાવાદ છે. માટે યોગ્ય આત્માઓને જ ચૈત્યવન્દન સૂત્રાદિ આપવાં જોઈએ. અન્યને નહિ. (ટી.) 'અથવા' ઈતિ દોષાન્તરે – મનના ઉપયોગ વિનાનું અને સ્થાનાદિમાં પણ પ્રયત્ન વિનાનું અનુષ્ઠાન અનનુષ્ઠાન હોઈને નિષ્ફળ છે. એટલું જ નહિ પણ તે મહામૃષાવાદ હોવાથી વિપરીત ફળ આપનારું પણ બને, માટે યોગ્યને જ તેનું દાન કરવું. મહામૃષાવાદ શી રીતે ? "ठाणेणं मोणेणं – वोसिरामि" એવી પ્રતિજ્ઞાપૂર્વક કરેલ કાયોત્સર્ગમાં સ્થાનાદિ ન સાચવે તો પ્રતિજ્ઞાનો ભંગ સ્પષ્ટ જ છે અને લૌકિક મૃષાવાદમાં તો માત્ર પોતે જુઠું બોલે છે ત્યારે આવી રીતે અનુષ્ઠાન કરાતું તો અન્યને – 'અનુષ્ઠાનો બધા ખોટા છે' – એવી રીતે બુદ્ધિ કરાવવાથી એ અવિધિ પ્રવર્તન વધુ ભયંકર છે. તેથી તેના કરનારને વિપરીત ફળ આપનાર પણ નીવડે છે. જેઓ સ્થાનાદિથી શુદ્ધ છતાં ઐહિક કીર્તિ આદિ કે પારલૌકિક સ્વર્ગાદિ વિભૂતિની ઈચ્છાથી અનુષ્ઠાન કરે છે, તે પણ મહામૃષાવાદ છે, કારણ કે – મોક્ષાર્થે પ્રતિજ્ઞા કરીને જે અનુષ્ઠાન કરવા પ્રતિજ્ઞા કરે છે તે અનુષ્ઠાન બીજા આશયથી કરવામાં આવે તો તે અનુષ્ઠાન, વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાન થઈ જતું હોવાથી મહામૃષાવાદાનુબંધી થવાથી વિપરીત ફલદ જ બને છે. (નિરુવસગ્ગવત્તિઆએ ... એ રીતે મોક્ષાર્થે અનુષ્ઠાન કરવાની પ્રતિજ્ઞા કરીને પછી જો બીજો ઉદ્દેશ લાવે તો મૃષાભાષણ થઈ જાય.) વિષાનુષ્ઠાનાદિનું સ્વરૂપ યોગબિન્દુ શ્લોક ૧૧૫ / ૧૬૦.

१ अ इहरा कायव्वा सिय पायं; क घ च इहराओ कायव्वा

जे[1] देसविरइजुत्ता जम्हा इह वोसिरामि कायं ति ।
सुव्वइ[2] विरईए इमं ता सव्वं चिंतियव्वमिणं ॥ १३ ॥
ये देशविरतियुक्ता यस्मादिह व्युत्सृजामि कायमिति ।
श्रूयते विरत्यैतत्तत्सम्यक्चिन्तयितव्यमिदम् ॥ १३ ॥

(तो सूत्र-प्रदान योग्य कोण ?)

જે દેશવિરતિ યુક્ત છે તેમને – 'कायं वोसिरामि' એ પચ્ચક્ખાણનું પાલન [ શકે. માટે દેશવિરતિ જ ચૈત્યવંદન સૂત્રના અધિકારી સમજવા. (ટી.) કાયાનો સર્ગ એ ગુપ્તિરૂપ છે, એથી એ વિરતીનો જ એક ભેદ છે. માટે અવિરતિને ોત્સર્ગ ન સંભવે. અહીં 'દેશવિરત' એ શબ્દ તુલાદંડ ન્યાયથી મધ્યમ અધિકારી વે છે. એટલે સર્વવિરતિ ઉત્તમ (શ્રેષ્ઠ) અધિકારી છે અને વ્યવહારથી અપુનર્બન્ધકને ચૈત્યવન્દસૂત્ર માટે અધિકારી ગણ્યો છે. જે માત્ર ગતાનુગતિકતાથી જ ચૈત્યવન્દનાદિ ા કરતા હોય, વિધિ બહુમાન વિનાના હોય, એવા અપુનર્બન્ધકાવસ્થાથી પણ ોના જીવો આ અનુષ્ઠાન માટે સર્વથા અયોગ્ય છે.

तित्थस्सुच्छेयाइ वि नालंबणमित्थं[3] जं स एमेव ।
सुत्तकिरियाइ[4] नासो एसो असमंजसविहाणो[5] ॥ १४ ॥
तीर्थस्योच्छेदाद्यपि नालम्बनमत्र यत्स एवमेव ।
सूत्रक्रियाया नाश एषोऽसमञ्जसविधानः ॥ १४ ॥

વિધિપૂર્વક અનુષ્ઠાન કરનાર તો બહુ થોડા જ મળશે માટે અવિધિપૂર્વક પણ ુષ્ઠાન ભલે થતું, જેથી તીર્થ ચાલુ રહેશે. નહિતર તો વિધિપૂર્વક અનુષ્ઠાન નારના અભાવે તીર્થનો ઉચ્છેદ જ થઈ જશે. માટે અવિધિવાળું અનુષ્ઠાન પણ ્રણીય છે. એવી શંકા કરનારને ઉત્તર આપતાં ગ્રન્થકાર કહે છે કે –

તીર્થનો ઉચ્છેદ ન થાય તે માટે અવિધિક્રિયા ચાલુ રાખવી એમ કહેવું યુક્ત ી. કારણ કે અવિધિ અનુષ્ઠાન ચાલુ રાખવાથી અસામંજસ્ય – 'વિહિત' કરતાં રીત એવી અશુદ્ધ ક્રિયાની પરંપરાની પ્રવૃત્તિથી સૂત્ર અને ક્રિયાનો નાશ થશે અને ક્રિયાનો નાશ એજ તીર્થનો નાશ છે. (ટી.) કેવળ તીર્થ નામનો જનસમુદાય ીર્થ નથી, પણ શાસ્ત્રવિહિત યથોચિત ક્રિયાવાળા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાનો ાય તે તીર્થ છે. એટલે અવિધિ અનુષ્ઠાન ચાલુ કરવાથી તો (સૂત્ર–ક્રિયાનો નાશ જવાથી) તીર્થનો પણ ઉચ્છેદ થઈ જાય છે.

---

१ अ, क, च जे देसि विरइजुत्ता; घ जे देसिं २ अ घ सुव्वइ विरई य
३ ख नालंबण नं ससमएमेव; घ नालंबण सजं एमेव । ४ अ सुत्तकिरियाइनासो
५ ख विहाणा

सो एस वंकओ[1] चिय न य सयमयमारियाण[2]मविसेसो ।
एयं पि भावियव्वं इह तित्थुच्छेयभीरूहि ॥ १५ ॥
स एष वक्र एव न च स्वयंमृतमारितानामविशेषः ।
एतदपि भावयितव्यमत्र तीर्थोच्छेदभीरुभिः ॥ १५ ॥

આ સૂત્ર ક્રિયાનો નાશ એ તીર્થોચ્છેદમાં પર્યવસિત થતો હોવાથી દુરન્ત દુઃખ આપનાર છે જ. (वक्र–वक्रः तीर्थोच्छेद पर्यवसायितया दुरतं दुःख फल એવા) વળી સ્વયં મૃત અને બીજાને હાથે મારિત એ બેમાં કશો ફરક નથી એમ ન કહેવાય. (કારણ કે સ્વયં મૃતમાં તો તેનું કર્મ જ માત્ર કારણ છે. જ્યારે બીજાને મારવામાં મરાતા જીવનું કર્મ કારણ હોવા ઉપરાંત મારનારનો દુષ્ટ આશય પણ કારણ છે, તેથી તે તેને બાધક બને છે. આ વાત તીર્થોચ્છેદનીય પુરુષોએ વિચારવી જોઈએ.) (ટી.) કોઈ એવી શંકા કરે છે કે – "શુદ્ધ ક્રિયાનો જ જો પક્ષપાત કરશો તો શુદ્ધ ક્રિયા તો થઈ શકે નહિ અને અશુદ્ધ ક્રિયામાં તો બહુ દોષ લાગે છે માટે આપણે ક્રિયા ન કરવી." એમ વિચારી અનુકૂળ વાતને પકડવાની જીવની સહજવૃતિ છે તે પ્રમાણે એ ક્રિયા કરવાનું જ માંડી વાળશે અને એથી તો (સૂત્ર ક્રિયાના નાશથી) આપ મેળે તીર્થોચ્છેદ થઈ જ જશે. એટલે જો ગમે તેવી પણ ક્રિયા ચાલુ રાખશો તો જૈનક્રિયા વિશિષ્ટ જનસમુદાય રહેશે અને એ રીતે તીર્થ ટકી રહેશે. વળી ક્રિયા કરનાર અવિધિ આચરે એમાં ઉપદેશકને શો દોષ ? જગતમાં કેટલા બધા લોકો ક્રિયા કરતા જ નથી. એનો દોષ ઉપદેશકને લાગે ? નહિ, તેવી જ રીતે અવિધિથી ક્રિયા કરનાર પણ પોતાના જ તેવા પરિણામ – અધ્યવસાય અનુસાર જ તે ક્રિયા કરતા હોય છે માટે એમાં અવિધિનો દોષ ઉપકેશકને ન આપી શકાય. ઉલટું ક્રિયાની પ્રવૃત્તિ ચાલુ રાખવાથી તેને તો તીર્થ રક્ષાનો લાભ જ છે. આ શંકાનું નિરસન કરતાં ગ્રન્થકાર મહર્ષિ જણાવે છે કે – સ્વયં મૃત અને મારિતમાં જેમ મોટો ફરક છે તેમ અહીં પણ કોઈ જીવ અવિધિ ક્રિયામાં પ્રવૃત્ત હોય તો તેથી ગુરુને કાંઈ પણ નુકશાન નથી. પરંતુ જો તેમની પ્રરૂપણાના આધારે શ્રોતા અવિધિમાં પ્રવર્તે તો ઉપદેશકને ઉન્માર્ગ પ્રવર્તનના પરિણામથી મહાદોષ લાગે જ છે –

"जह सरणमुवगयाणं, जीवाण सिरो निकिंतए जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पण्णवेंतो य ॥ १ ॥"

શ્રુતકેવલીનું આ વચન છે. જેમ પોતાના શરણે આવેલાનો ઘાત કરવો, માથું કાપી નાખવું, એ દુષ્કૃત્ય છે, તેમ ઉત્સૂત્ર પ્રરૂપણા પણ મહાદોષ છે, કારણ કે – તે અવિધિ તે જીવના અનેક જન્મ–મરણોનું કારણ બને છે.

માત્ર અવિધિ પ્રરૂપણામાં જ દોષ છે એવું નથી, પણ વિધિની પ્રરૂપણા કરતો હોય એની સાથે જો અવિધિનો નિષેધ ન કરે અને જો કોઈ અવિધિ ચાલુ રાખે તો ફલતઃ તે

१ अ वंझओ २ अ घ मारियाणमविसेसा

ઉપદેશક અવિધિનો પ્રવર્ત્તક ન ગણાય. માટે 'અમે તો ક્રિયાનો જ ઉપદેશ આપીએ છીએ અવિધિનો નહિ. લોકમાં અવિધિપ્રવૃત્તિ થાય એને માટે અમે જવાબદાર નથી. લોકો પોતે જ અવિધિ આચરે એમાં અમે શું કરીયે ?' એમ કરીને પરહિતનિરત એવા ધર્માચાર્યે ઉદાસીન બનવું યોગ્ય નથી. પરંતુ સર્વ ઉદ્યમ વડે અવિધિનો નિષેધ કરીને ઉપદેશકે શ્રોતાઓને વિધિમાં જ પ્રવર્ત્તાવવા જોઈએ. એ રીતે જ એમને માર્ગે ચઢાવ્યા ગણાય. જો અવિધિમાં પ્રવર્ત્તાવે તો તે ઉન્માર્ગ પ્રવર્તનને કારણે એમનો નાશ કર્યો જ ગણાય. વળી, તીર્થોચ્છેદભીરુજનોએ એ પણ વિચારવું જોઈએ કે વિધિના વ્યવસ્થાપનથી જો એક પણ જીવને બોધિનો લાભ થાય તો તેથી ચૌદ રાજલોકમાં અમારિ પટહ વગડાવ્યા જેવું થશે. એથી તીર્થોન્નતિ પણ થશે. અવિધિસ્થાપનથી તો તીર્થનો નાશ જ થશે. જેને શાસ્ત્રશ્રવણકાળે પણ સંવેગ થતો નથી એવા વિષય તૃષ્ણાના અતિરેકવાળા શ્રોતાને ધર્મશ્રવણ કરાવવામાં પણ મહાદોષ છે. વિધિ સાંભળવામાં રસ લેનારને જ ઉપદેશ આપવો જોઈએ. વિધિની પ્રવૃત્તિમાં જ તીર્થની રક્ષા છે.

मुत्तूण लोगसन्नं दट्ठूण[1] य साहुसमयसब्भावं ।
सम्मं पयट्टियव्वं[2] बुहेणमइनिउणबुद्धीए ॥ १६ ॥

मुक्त्वा लोकसंज्ञां दृष्ट्वा च साधुसमयसद्भावम् ।
सम्यक्प्रवर्तितव्यं बुधेनातिनिपुणबुद्ध्या ॥ १६ ॥

(આટલું બધું ઉંડુ ઉતરીને શું કરવું છે ? જે ઘણા કરે તેમ કરવું. કહ્યું પણ છે કે – "महाजनो येन गतः स पन्था : ।") વળી, "વર્તમાનમાં જીતવ્યવહાર (પરંપરાથી આવેલ વ્યવહાર) ની જ પ્રવૃત્તિ મોટે ભાગે દેખાય છે. જ્યાં સુધી તીર્થ ટકશે, ત્યાં સુધી જીતવ્યવહાર રહેવાનો હોઈને તીર્થની વ્યવસ્થા પણ જીતવ્યવહારથી જ છે. માટે નકામી ચર્ચા મૂકીને જેમ બધા કરતા હોય તેમ કરો." આવી શંકા કોઈને થાય તેના ઉત્તરમાં ગ્રન્થકાર મહર્ષિ જણાવે છે કે –

લોક સંજ્ઞા છોડી દઈને સિદ્ધાન્તના કલ્યાણકારી રહસ્યને જાણીને ડાહ્યાપુરુષે અતિનિપુણ બુદ્ધિ વડે ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાનમાં વિધિથી પ્રવૃત્તિ કરવી જોઈએ. (ટી.) 'લોક કરે તે પ્રમાણ' એવી શાસ્ત્રનિરપેક્ષ માન્યતા તે લોકસંજ્ઞા. જો લોક કરે એજ કરવું. એ પ્રમાણ હોય તો મિથ્યાદષ્ટિઓનો ધર્મ કદી પણ ત્યાજ્ય ન બને. અનાર્યો કરતાં આર્યો ઓછાં છે, જૈનો તેથી પણ ઓછા છે. તેમાં પણ સારા શ્રાવકો તો થોડા જ છે અને તેમના કરતાં પણ ઘણા જ થોડા સદનુષ્ઠાન કરનારા છે. લૌકિક માર્ગમાં કે લોકોત્તર માર્ગમાં શ્રેયોર્થિ થોડા જ મળવાના. રત્નનો વ્યાપાર કરનાર હંમેશા થોડા જ હોય છે. તેમ આત્મશુદ્ધિ સાધકો પણ હંમેશા અલ્પ સંખ્યામાં

१ ख घ च उड्ढूण (वोढा) य साहु० २ अ क घ च परियट्टियव्वं

જ હોય છે. 'મહાજન'નો અર્થ, શાસ્ત્રાનુસારી પુરુષ કરવો, નહિ કે "અજ્ઞલોકોનું ટોળું" – આંધળા ગમે તેટલી મોટી સંખ્યામાં મળે – ભેગા થાય, તો પણ તેઓ જોઈ શકે તો નહિ જ. જીતવ્યવહારની તમે વાત કરી. તે અંગે આટલું સમજી લેવું જરૂરી છે કે – 'જેનું આચરણ સંવિગ્ન પુરુષોએ કર્યું છે. શાસ્ત્રવાક્યોથી જે અવિરુદ્ધ છે અને જે વિશુદ્ધ પરંપરાથી આવેલું છે. તેને જીત કહેવાય. શ્રુતનું આલંબન ન લેનાર અસંવિગ્નોએ જેનું આચરણ કર્યું છે તે જીત નથી પણ અંધપરંપરા છે. માટે વિધિરસિક પુરુષોએ સંવિગ્ન જીતનું આલંબન લેવું, તે શ્રીજિનેશ્વર દેવોની આજ્ઞા છે. શંકા – જો આ પ્રમાણે આગ્રહપૂર્વક વિધિનો જ પક્ષપાત કરશો તો, **अविहिकया वरमकयं, असूयवयणं भणंति सव्वन्नू । पायच्छित्तं जम्हा, अकए गुरुयं लहुअं ॥** "અવિધિએ કરવા કરતાં ન કરવું સારું" એ ઉત્સૂત્ર પ્રરૂપણા છે. એમ શાસ્ત્ર જ કહે છે, એનું શું કરશો ? ઉત્તર. આ શાસ્ત્રવચનો મૂલથી જ અવિધિ પ્રવૃત્તિનું મંડાણ નથી કરતા. પણ વિધિ અનુસારે પ્રવૃત્તિ કરનારથી પણ છદ્મસ્થપણાના કારણે અવિધિ થઈ જાય. એટલે જો માત્ર "અવિધિથી ક્રિયા ન જ કરવી" એટલું જ કહીએ તો – 'રખેને અવિધિ થઈ જશે તો ?" એ બીકે ક્રિયાનો જ ત્યાગ કોઈ કરી ન બેસે. પરંતુ પ્રારંભમાં વિધિના પૂર્ણ જ્ઞાનના અભાવે અને પાછળથી પણ કંઈ અવિધિ થઈ જાય (અનાભોગે પ્રમાદાદિ કારણે) કિન્તુ પ્રજ્ઞાપનીય આત્માને અવિધિનો અનુબંધ નથી પડતો, તેથી તેને આવું અનુષ્ઠાન પણ બાધક નથી બનતું. વિધિ બહુમાનના કારણે અને ગુરુપારતન્ત્ર્યના યોગે તેનું આવું અનુષ્ઠાન પણ વિધિ સ્વરૂપ જ છે. એ વાતનું પ્રતિપાદન કરવા જ ઉપરોક્ત વચન છે. અધ્યાત્મસાર ૨/૧૬ શ્લોકમાં પણ આજ વાત કહી છે – "**अशुद्धा पि शुद्धायाः...**" વળી યોગદૃષ્ટિસમુચ્ચયમાં (શ્લો. ૨૨૧) **तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया । अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥ २२१ ॥**

ગ્રન્થકર્તા સૂચવે છે કે – વિધિના બહુમાન વિનાનો અવિધિક્રિયા કરતો હોય એના કરતાં તો ક્રિયા ન કરનાર પણ વિધિ સ્થાપનરસિક સારો. એથી એવું માની ન લેવું કે – છઠ્ઠા સાતમા ગુણસ્થાનની પરિણતિથી સાધ્ય એવી વિધિયુક્ત આચરણાના અભાવે આપણા જેવાનું વર્તમાનકાલીન આવશ્યકાદિ આચરણ અકર્તવ્ય જ ઠરે છે કારણ કે – "**जा जा हविज्ज जयणा सा सा से निज्जरा होइ ॥**" આ શાસ્ત્રવચનના આધારે થોડું પણ વિધિયુક્ત અનુષ્ઠાન થતું હોય કે ઈચ્છાયોગ સંપાદક એવું અવિધિ અનુષ્ઠાન પણ બાળ જીવોને ઉપકારક બનતું હોવાથી અકર્તવ્ય થતું નથી. અર્થાત્ વિકલાનુષ્ઠાન પણ આદરણીય તો છે જ. ઈચ્છાનુયોગવાળા અને વિકલાનુષ્ઠાનવાળા ગીતાર્થોએ પણ પ્રરૂપણા તો વિધિની જ કરવી જોઈએ. કારણ કે તેમાં જ તેમનું હિત સમાયેલું છે.

जइ वि न सक्कं काउं सम्मं जिणभासियं अणुट्ठाणं ।
तो सम्मं भासिज्जा, जह भणियं खीणरागेहिं ॥ १ ॥
ओसन्नो वि विहारो, कम्मं सोहेइ सुलहबोही य ।
चरणकरणं विशुद्धं उववूहंतो परुविंतो ॥ २ ॥

ગચ્છાચાર પ્રકીર્ણક ગાથા ૩૨, ૩૪

જેઓ વિધિના અભિમાનથી વર્તમાકાલીન વ્યવહાર લોપે છે અને એના સ્થાને વિશુદ્ધ વ્યવહારની પ્રાપ્તિ કરાવી શકતા નથી. તેઓ તો બીજનો પણ ઉચ્છેદ કરનાર હોવાથી મહાદોષમાં પડે છે.

વિધિસંપાદક અને વિધિવ્યવસ્થાપકના દર્શનમાત્રથી પણ વિઘ્નસમૂહનો નાશ થઈ જાય છે.

कयमित्थ पसंगेणं ठाणाइसु जत्तसंगयाणं तु ।
हियमेयं विन्नेयं सदणुट्ठाणत्तणेण तहा ॥ १७ ॥
कृतमत्र प्रसङ्गेन स्थानादिषु यत्नसंगतानां तु ।
हितमेतद्विज्ञेयं सदनुष्ठानत्वेन तथा ॥ १७ ॥

વિસ્તારથી સર્યું, પ્રદર્શિત સ્થાનાદિ યોગાંગોમાં પ્રયત્ન કરવાનું ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાન (સદનુષ્ઠાન હોવાથી) મોક્ષસાધક છે એમ જાણવું (અથવા યોગ પરિણામથી પુણ્યાનુબંધીપુણ્યનું ઉપાર્જન થાય છે. તેથી વિશુદ્ધ ચિત્તસંતતિ જન્મે છે અને વિશુદ્ધચિત્તસંસ્કારરૂપ જે પ્રશાન્તવાહિતા તેનાથી યુક્ત ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાન એ સદનુષ્ઠાન હોવાથી સ્વતન્ત્રપણે જ મોક્ષનો હેતુ છે.) (ટી.) ચૈત્યવન્દન વિષયક સ્થાનાદિ યોગ મોક્ષના હેતુ છે, તો તે યોગોના આધારભૂત ચૈત્યવન્દન પણ એ યોગો દ્વારા મોક્ષસાધક – મોક્ષ હેતુ છે. શુભયોગ અને શુભ પરિણામ – ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને શુભઅધ્યવસાયથી પુણ્યનો ઉપચય થાય જે વિશુદ્ધચિત્તસંતતિ જન્માવે. શુભમનોયોગ = વિચારધારા, શુભપરિણામ = માનસિક વલણ. ઉપરોક્ત પ્રથમ અર્થમાં ચૈત્યવન્દન પરંપરાએ (સ્થાનાદિ યોગના આધાર તરીકે હોવાથી) મોક્ષહેતુ છે. બીજા અર્થ પ્રમાણે તે સ્વતન્ત્રપણે મોક્ષ હેતુ છે.

एयं च पीइभत्तागमाणुगं तह असंगयाजुत्तं ।
नेयं चउव्विहं खलु एसो चरमो हवइ जोगो ॥ १८ ॥
एतच्च प्रीतिभक्त्यागमानुगं तथाऽसङ्गतायुक्तम् ।
ज्ञेयं चतुर्विधं खल्वेष चरमो भवति योगः ॥ १८ ॥

(સદનુષ્ઠાન ભેદોનું નિરૂપણ કરતાં તેના છેલ્લા ભેદમાં છેલ્લા યોગના ભેદનો અન્તર્ભાવ કરતાં કહે છે કે) આ સદનુષ્ઠાન પ્રીતિ, ભક્તિ અને આગમ અનુસારે હોય છે ત્યારે પ્રીતિઅનુષ્ઠાન, ભક્તિઅનુષ્ઠાન અને વચનાનુષ્ઠાન એ ત્રણ ભેદે હોય છે અને તે જ્યારે અસંગતાથી યુક્ત હોય છે ત્યારે તે અસંગાનુષ્ઠાન છે. એ તેનો ચોથો પ્રકાર છે. આ પ્રમાણે સદનુષ્ઠાન ચાર પ્રકારે છે. આ અસંગાનુષ્ઠાન તે અનાલંબન યોગ છે. (ચરમયોગ) (ટી.) પ્રીતિઅનુષ્ઠાન – જે ક્રિયામાં પ્રીતિ એટલી બધી હોય કે બીજું બધું મૂકીને એને જ માટે તીવ્ર પ્રયત્ન કરવામાં આવે, તે ક્રિયા પ્રીતિઅનુષ્ઠાન છે. (યતિશિક્ષા અધિકાર–વિંશિકા ૧૨ પૃ. ૮૭, ૮૮,૮૯ માં આ ચારે અનુષ્ઠાનોનું સ્વરૂપ કહેવાઈ ગયું છે.) ભાવશુદ્ધિની તરતમતાને લઈને એક જ અનુષ્ઠાનના આ ચાર ભેદો પડે છે. યોગના કુલ ૮૦ ભેદો છે.

સ્થાનાદિ ૫ × ૪ ઈચ્છા, પ્રવૃતિ, સ્થિરતા અને સિદ્ધિ = ૨૦, એ ૨૦ × ૪ પ્રીતિ–ભક્તિ–વચન અને અસંગાનુષ્ઠાન = કુલ ૮૦.

आलंबणं पि एयं रू[१]विमरूवी य इत्थ परमु त्ति ।
तग्गुणपरिणइरूवो सु[२]हुमोऽणालंबगो नाम ॥ १९ ॥
आलम्बनमप्येतद् रूप्यरूपी चात्र परम इति ।
तद्गुणपरिणतिरूपः सूक्ष्मोऽनालम्बनो नाम ॥ १९ ॥

આલંબનરૂપી – સમવસરણસ્થ જિનેશ્વરદેવનું રૂપ અથવા તેમની પ્રતિમા વગેરે અને અરૂપી પરમ એવા સિદ્ધાત્મા, એમ બે પ્રકારે છે. એ અરૂપી (સિદ્ધપરમાત્મારૂપ) આલંબનના કેવળજ્ઞાનાદિ ગુણોની સાથે સમાપત્તિરૂપ જે ધ્યાન તે સૂક્ષ્મ – અતીન્દ્રિય વિષયક હોવાથી અનાલંબન યોગ કહેવાય છે. (ટી.) સમાપત્તિ = ધ્યાતા – અંતરાત્મા, ધ્યેય–સિદ્ધાત્માના અરિહંત પરમાત્માના કેવળજ્ઞાનાદિગુણો ધ્યાન–વિજાતીયજ્ઞાનના અંતર રહિત સજાતીય જ્ઞાનની ધારા એ ત્રણેની એકતા. યોગ અને ધ્યાન એ બે શબ્દો જૈન પરિભાષામાં ઘણે ભાગે એક જ અર્થમાં વપરાય છે. ધ્યાનના મુખ્યતઃ બે ભેદઃ સાલંબન અને નિરાલંબન – આલંબન (ધ્યેય વિષય) મુખ્યતયા બે પ્રકારે હોવાથી ધ્યાનના પણ ઉક્ત બે ભેદ સમજવા. વસ્તુને રૂપી (સ્થૂલ) અને ઇન્દ્રિય અગમ્ય વસ્તુને અરૂપી (સૂક્ષ્મ) કહેવાય છે – સ્થૂલ આલંબનનું ધ્યાન સાલંબન યોગ અને સૂક્ષ્મ આલંબનનું ધ્યાન નિરાલંબન યોગ છે. અર્થાત્ વિષયની અપેક્ષાએ બે ધ્યાનોમાં ફરક એ છે કે – પ્રથમ ધ્યાનનો વિષય આંખોથી જોઈ શકાય છે. જ્યારે બીજા ધ્યાનનો વિષય આંખોથી જોઈ શકાતો નથી. જો કે બન્ને ધ્યાન

१ ख रूवमरूवी २ अ घ सुहुमो आलंबणो णाम

છઠ્ઠા ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનક સુધીના મહાત્માઓને હોય છે આસનારૂઢ શ્રીવીતરાગપ્રભુનું કે તેમની પ્રતિમાનું જે ધ્યાન કરવામાં આવે છે તે – સાલંબન અને પરમાત્માના જ્ઞાનાદિ ગુણોનું અથવા સંસારી આત્માના ઔપાધિક સ્વરૂપને છોડીને તેના સ્વાભાવિક રૂપનું પરમાત્માની સાથે તુલનાપૂર્વક ધ્યાન કરવું તે નિરાલંબન ધ્યાન છે. અર્થાત્ નિરાલંબન ધ્યાન એ આત્માના તાત્ત્વિક સ્વરૂપને જોવાની નિસર્ગ (કોઈપણ બાહ્ય આલંબન વિના) અને અખંડ લાલસારૂપ – પરતત્ત્વ દર્શનેચ્છા કે આત્મસાક્ષાત્કારની ઈચ્છારૂપ છે. એ યોગ ક્યાં હોય ? ક્ષપકશ્રેણિના દ્વિતીય અપૂર્વકરણમાં – क्षपकश्रेणिद्वितीयापूर्वकरणभाविक्षायोपशमिकक्षान्त्यादिधर्म-संन्यासरुपसामर्थ्ययोगतो निःसंगानवरतप्रवृत्ता या परतत्त्वदर्शनेच्छा तल्लक्षणो मन्तव्यः (अनालम्बनयोगः) – પરતત્ત્વનો સાક્ષાત્કાર કેવળજ્ઞાનથી થાય છે. અર્થાત્ કેવલજ્ઞાન પ્રાપ્તિની પૂર્વક્ષણ સુધી આ અનાલંબન યોગ હોય છે. સંપૂર્ણ નિરાલંબન યોગ–ધ્યાન ક્ષપકશ્રેણિમાં હોય છે. એ ધ્યાનનો અંશ અપ્રમત્ત ગુણસ્થાનકે હોઈ શકે. જો કે મુખ્યતયા તો પરતત્ત્વલક્ષ્યવેધાભિમુખ જે સામર્થ્યયોગ એ જ નિરાલંબન યોગ છે તો પણ તેની પહેલાંનું પરમાત્મગુણનું ધ્યાન પણ મુખ્ય નિરાલંબન ધ્યાનનું પ્રાપક હોવાથી, તેમજ **एकध्येयाकारपरिणतिशक्तियोगाच्च**–પરતત્ત્વદર્શનેચ્છારૂપ એક જ પરિણતિરૂપ શક્તિના કારણે અનાલંબન યોગ જ છે. અર્થાત્ શ્રેણિના પ્રારંભથી જ શુક્લધ્યાનના અંશરૂપ નિરાલંબન યોગ હોય. એટલું જ નહિ પણ સાતમા ગુણસ્થાનકે પણ તે હોય છે. (અવસ્થાત્રયનું ભાવન કરતાં, રૂપાતીત એવા સિદ્ધ પરમાત્માના ગુણોના પ્રણિધાન વખતે.)

| ક્ષપક | ક્ષપકશ્રેણિ | પરતત્ત્વદર્શન | ધ્યાનાન્તરિકા શુક્લ ધ્યાનનો બીજો પાયો |
|---|---|---|---|
| ધનુર્ધર | ધનુર્દણ્ડ | લક્ષ્ય | બાણમોચન |

| અનાલંબન યોગ | ઈષુપાત |
|---|---|
| બાણ | સાલંબન કેવળજ્ઞાન પ્રકાશ |

કેવલજ્ઞાન થતાં અનાલંબન યોગ નહિ. કારણ કે ત્યાં પરતત્ત્વનું દર્શન થાય છે, તેમાં કેવલજ્ઞાનનું આલંબન છે. શંકા : પરતત્ત્વનું દર્શન હોવાથી કેવલજ્ઞાન પછી અનાલંબન યોગ ભલે ન હોય, પરંતુ હજી મોક્ષ સાથે યોગ થવાનો બાકી હોવાથી આલંબન યોગની પ્રવૃત્તિ તો ખરી ને ?

**ઉત્તર** : ના, કારણ કે : કેવળીને હજી મોક્ષ સાથેનો યોગ થવાનો બાકી છે. પરંતુ 'મારો મોક્ષ સાથે યોગ થાઓ' એવી આકાંક્ષા કેવળીને નથી. તેથી તે અવસ્થા સાલંબન યોગની નથી. તેથી આવર્જીકાકરણ પછી યોગનિરોધનો પ્રયત્ન ન કરે ત્યાં સુધીના કેવલીના વ્યાપારને ધ્યાન ન કહી શકાય.

સંસારી આત્માના વ્યવહારનયસિદ્ધ ઔપાધિક સ્વરૂપને બાજુએ મૂકી શુદ્ધનિશ્ચયનયકલ્પિત શુદ્ધ આત્મસ્વરૂપની વિભાવના એ પણ નિરાલંબન ધ્યાન છે જ. આત્મજ્ઞાન એ નિરાલંબનધ્યાનનો એક અંશ છે અને નિરાલંબન ધ્યાન જ મોહક્ષય કરવા સમર્થ છે. કહ્યું છે કે –

जो जाणइ अरिहंतो दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणइ अप्पाणं मोहो खलु जाइ तस्स लयं ॥

અર્થ : જે અરિહંતોને દ્રવ્ય ગુણ અને પર્યાયો વડે જાણે છે તે આત્માને જાણે અને તેનો મોહ નાશ પામે છે.

एयम्मि मोहसागरतरणं सेढी य केवलं चेव ।
तत्तो अजोगजोगो कमेण परमं च निव्वाणं ॥ २० ॥

एतस्मिन्मोहसागरतरणं श्रेणिश्च केवलं चैव ।
ततोऽयोगयोगः क्रमेण परमं च निर्वाणम् ॥ २० ॥

આ નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિથી મોહરૂપ સાગર તરી જવાય છે અને ક્ષપકશ્રેણી, કેવલજ્ઞાન, અયોગ–યોગ (૧૪મું ગુણસ્થાનક) અને પરમ નિર્વાણ અનુક્રમે પ્રાપ્ત થાય છે. (નિરાલંબન ધ્યાનનું ફળ કહ્યું)

(ટી.) પાતંજલ યોગ સૂત્રમાં અનાલંબન યોગને જ – 'સંપ્રજ્ઞાત–સમાધિ' કહી છે. જ્યારે સયોગિ–અયોગિ કેવળી અવસ્થા તે – 'અસંપ્રજ્ઞાતસમાધિ' છે. કારણ કે – સયોગીકેવળી અવસ્થામાં મનોવૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ છે, અને અયોગિઅવસ્થામાં કાયાના પરિસ્પંદોનો (સૂક્ષ્મ હલન–ચલન) સંપૂર્ણ નિરોધ છે. આ અયોગ–યોગને શ્રીપતંજલિએ – 'धर्ममेघ' અને અન્ય દર્શનકારોએ 'अमृतात्मा' 'भवशत्रु' – 'शिवोदय' 'सत्त्वानन्द' વગેરે નામો આપ્યા છે.

॥ इति योगविधानविंशिका सप्तदशी ॥

# 18. કેવલજ્ઞાન

केवलनाणमणंतं जीवसरूवं तयं निरावरणं ।
लोगालोगपगासगमेगविहं निच्चजोइ त्ति ॥ १ ॥
केवलज्ञानमनन्तं जीवस्वरूपं तन्निरावरणम् ।
लोकालोकप्रकाशकमेकविधं नित्यज्योतिरिति ॥ १ ॥

કેવલજ્ઞાન (અનંત વસ્તુ વિષયક અને વસ્તુના અનંત પર્યાય વિષયક હોવાથી) અનંત છે, તે જીવનું નિરાવરણ સ્વરૂપ છે, સમગ્ર લોક અને અલોકનું પ્રકાશક છે, (સર્વ વસ્તુવિષયક છે.) એક પ્રકારનું છે, (મતિજ્ઞાનાદિની પેઠે તેના અનેક પ્રકારો નથી.) અને નિત્ય જ્યોતિર્મય છે – કદી પણ ન બૂઝાય એવી જ્ઞાનજ્યોતિર્મય છે, અથવા તેની જ્યોતિ પ્રકાશ–નિત્ય (શાશ્વત) છે.

मणपज्जवनाणंतो नाणस्स य दंसणस्स य विसेसो[1] ।
केवलनाणं पुण दंसणं ति नाणं ति य समाणं ॥ २ ॥
मनःपर्यवज्ञानान्तो ज्ञानस्य च दर्शनस्य च विशेषः ।
केवलज्ञानं पुनर्दर्शनमिति ज्ञानमिति च समानम् ॥ २ ॥

મનઃપર્યવજ્ઞાન સુધી જ (કેવલજ્ઞાનની પૂર્વે) જ્ઞાન અને દર્શનમાં ભેદ છે. પરંતુ કેવલજ્ઞાનમાં દર્શન અને જ્ઞાન બન્ને સમાન છે. (ટી.) આની વિસ્તારથી ચર્ચા માટે જુઓ સમ્મતિતર્ક દ્વિતીયકાંડ ગાથા 3 થી.

संभिन्नं पासंतो लोगमलोगं च सव्वओ नेयं ।
तं नत्थि जं न पासइ भूयं भव्वं भविस्सं च ॥ ३ ॥
संभिन्नं पश्यंल्लोकमलोकं च सर्वतो ज्ञेयम् ।
तन्नास्ति यन्न पश्यति भूतं भव्यं भविष्यच्च ॥ ३ ॥

(સરખાવો – જીતકલ્પભાષ્ય ગાથા ૯૧)

કેવલી લોક અને અલોકના સર્વ જ્ઞેય પદાર્થોને એકીસાથે અખંડ જુવે છે. ભૂત, ભાવી કે વર્તમાન એવું કંઈ નથી. (એવી કોઈ વસ્તુ કે એવો કોઈ ભાવ પર્યાય નથી) કે જે તે ન જોતા હોય. (ટી.) સંભિન્નં सम् = एकीभावेन द्रव्यपर्यायै र्भिन्नं व्याप्तं लोकमलोकं च । (આવ. નિ. દીપિકા. ગા. ૧૨૭)

---

१. ख, ग, विसेसे

भूअं भूअत्तेणं भव्वं वेएण तह भविस्सं च ।
पासइ भविस्सभावेण जं इमं नेयमेवं ति ॥ ४ ॥
भूतं भूतत्वेन भव्यमप्येतेन तथा भविष्यच्च ।
पश्यति भविष्यद्भावेन यदिदं ज्ञेयमेवमिति ॥ ४ ॥

(બધું જ એક સાથે ભાસે તો જેમ ઘણા અવાજ એક સાથે સાંભળતા કોઈ પણ અવાજનો સ્પષ્ટ બોધ થતો નથી, ઘોંઘાટરૂપે સંભળાય છે, તેમ જ્ઞાનમાં પણ કશુંય સ્પષ્ટરૂપે નહિ જણાય.) 'એક જ વસ્તુના ભૂત-વર્તમાન સ્પષ્ટરૂપે પર્યાયોનો એક ઝુમખો જ્ઞાનમાં ભાસશે.' એવી શંકા કોઈને ઉઠે, એના ઉત્તરમાં ગ્રન્થકાર કહે છે કે –

જે જ્ઞેય જેવી રીતે છે તેવી રીતે કેવળી તેને જુએ છે, ભૂતને ભૂતત્વેન, વર્તમાનને પણ તેજ (વર્તમાન) રૂપે અને ભાવીને ભવિષ્યભાવપણે જાણે છે.

नेयं च विसेसेणं विगमइ केणावि इहरथा नेयं ।
नेयं ति तओ चित्तं एयमिणं[1] जुत्तिजुत्तं त्ति ॥ ५ ॥
ज्ञेयं च विशेषेण विगमयति केनापीतरथा नैतत् ।
ज्ञेयमिति ततश्चित्रं एवमेतद्युक्तियुक्तमिति ॥ ५ ॥

તે જ્ઞેયને કોઈ પણ વિશેષ વડે – સર્વ પર્યાય વડે જાણે છે. જો તે કેવળજ્ઞાન સર્વ પર્યાયોને ન જાણે તો તે કેવળજ્ઞાન જ નથી. જ્ઞેય અનેક પ્રકારનું (અનેક સૂક્ષ્મ પર્યાયોવાળું છે.) છે. તેથી એ યુક્તિયુક્ત છે કે કેવલજ્ઞાન સર્વપર્યાય ને જાણે કારણ કે જો અનેક પર્યાયવાળા જ્ઞેયના સર્વપર્યાયો તે ન જાણે તો તેમાં સર્વજ્ઞતા ન આવે. (જુઓ. પા. ૧૩૫ અર્થાન્તર માટે)

सागाराणागारं नेयं जं नेयमुभयहा सव्वं ।
अणुमाइयं पि नियमा सामन्नविसेसरूवं तु ॥ ६ ॥
साकारानाकारं ज्ञेयं यज्ज्ञेयमुभयथा सर्वम् ।
अण्वादिकमपि नियमात्सामान्यविशेषरूपं तु ॥ ६ ॥

સર્વ જ્ઞેય સાકાર અને નિરાકાર ઉભય સ્વરૂપ છે, માટે (સર્વ) સાકાર (વિશેષ) અને નિરાકાર (સામાન્ય) એમ ઉભયપણે જાણવું જોઈએ. અણુ વગેરે પણ નિયમા સામાન્ય-વિશેષ (ઉભયરૂપ) છે. (ટી.) 'અમુકનો અણુ' એમ કહીયે ત્યારે એ અણુ વિશેષ છે અને અણુત્વેન અણુ કહીયે ત્યારે તે સામાન્ય છે.

ता एयं पि तह च्चिय तग्गाहगभावओ उ नायव्वं ।
आगारोऽवि य एयस्स नवरं तग्गहणपरिणामो[2] ॥ ७ ॥

१ घ एवियमिणं २ अ परिणामा

तदेतदपि तथैव तद्ग्राहकभावतस्तु ज्ञातव्यम् ।
आकारोपि चैतस्य केवलं तद्ग्रहणपरिणामः ॥ ७ ॥

માટે, કેવલજ્ઞાન પણ વસ્તુ ગ્રાહક હોવાથી સાકાર અને નિરાકાર છે. એનો આકાર તે બીજું કંઈ નહિ પણ વસ્તુ ગ્રહણ પરિણામ સ્વરૂપ જ છે. (અર્થાત્ વસ્તુના જ્ઞાનરૂપે આત્માનું પરિણમન તે જ જ્ઞાનનો આકાર.)

इहरा उ अमुत्तस्सा[1] को वाऽऽगारो न यावि पडिबिंबं ।
आदरिसगिव्व विसयस्स एस तह जुत्तिजोगाओ ॥ ८ ॥
इतरथा त्वमूर्तस्य को वाऽऽकारो न चापि प्रतिबिम्बम् ।
आदर्शक इव विषयस्यैष तथा युक्तियोगात्तु ॥ ८ ॥

નહિતર ('વસ્તુગ્રહણ પરિણામ એજ જ્ઞાનનો આકાર' એમ ન માનો તો) અમૂર્ત એવા એ (કેવલજ્ઞાન)નો વળી આકાર શો ? અરિસામાં જેમ વસ્તુનું પ્રતિબિંબ પડે છે. તેમ "જ્ઞાનનો આકાર એ વસ્તુનું પ્રતિબિંબ" એમ નથી. (અરિસાની જેમ વિષયના પ્રતિબિંબરૂપ જ્ઞાનનો આકાર કહેવાય છે તે તો કેવળ બાળ જીવોને સમજાવવા માટે યુક્તિ દૃષ્ટાંત છે.) એમ ન માનવામાં યુક્તિ પણ મળે છે.

सामा उ दिया छाया अभासरगया निसिं तु कालाभा ।
स[2] च्चेय भासरगया सदेहवन्ना मुणेयव्वा ॥ ९ ॥
श्यामा तु दिवा छाया अभास्वरगता निशि तु कालाभा ।
सैव भास्वरगताः स्वदेहवर्णा ज्ञातव्या ॥ ९ ॥

અભાસ્વર પદાર્થ ઉપર પડતી વસ્તુ (દેહ વગેરે)ની છાયા દિવસે શ્યામ હોય છે અને રાત્રે તો એકદમ કાળી હોય છે. ભાસ્વર પદાર્થ ઉપર પડતી તે જ છાયા વસ્તુના વર્ણવાળી હોય છે.

जे[3] आरिसस्स अंतो देहावयवा हवंति संकंता ।
तेसिं तत्थुवलद्धी पयासजोगा ण इयरेसिं ॥ १० ॥
ये आदर्शस्यान्तर्देहावयवा भवन्ति संक्रान्ता ।
तेषां तत्रोपलब्धिः प्रकाशयोगान्नेतरेषाम् ॥ १० ॥

પ્રકાશના યોગથી દેહના જે અવયવો અરિસામાં સંક્રમે છે, તેમનું જ ત્યાં દર્શન–ઉપલબ્ધિ થાય છે, અન્ય અવયવો – જે સંક્રાન્ત થતા નથી તેમનું દર્શન અરિસામાં થતું નથી.

१ क अमुत्तस्स २ च सव्वे य ३ क जे आयरिसस्संतो; घ च आयरियसस्संतो

छायाणुवेहओ खलु जुज्जइ आयरिसगे पुण इमं ति ।
सिद्धम्मि तेजच्छायाणुजोगविरहा अदेहाओ ॥ ११ ॥
छायानुवेधतः खलु युज्यत आदर्शके पुनरिदमिति ।
सिद्धे तेजश्छायानुयोगविरहाददेहात् ॥ ११ ॥

છાયાના અનુવેધ (સંક્રમ) ના કારણે અરિસામાં આ બધું ઘટી શકે છે, પણ સિદ્ધાત્મા તો અદેહ છે. તેથી ત્યાં પ્રકાશનો યોગ કે છાયાણુઓનો સંક્રમ-અનુવેધ ઘટતો નથી. (છાયાપુદ્ગલોનું પ્રતિબિંબ ઝીલનાર આદર્શ જેવું કોઈ મૂર્ત દ્રવ્ય જોઈએ. સિદ્ધો તો દેહ વિનાના અમૂર્ત છે, એટલે એ છાયા પુદ્ગલો કોઈ મૂર્ત દ્રવ્ય વિના સંક્રમે શામાં ?)

छायाणूहिं न जोगोऽसंगत्ताओ उ हंदि सिद्धस्स ।
छायाणवोऽवि सव्वेवि[1] णाऽणुमाईण विज्जंति ॥ १२ ॥
छायाणुभिर्न योगोऽसङ्गत्वात्तु हन्त सिद्धस्य ।
छायाणवोऽपि सर्वेऽपि नाण्वादीनां विद्यन्ते ॥ १२ ॥

સિદ્ધાત્મા-અસંગ હોવાથી તેમને છાયાણુઓનો યોગ ન હોય. વળી, અણુ વગેરેના છાયાણુઓ હોતા પણ નથી. (અણુ વગેરે ધર્માસ્તિકાયાદિ એ તો અમૂર્ત છે, તેથી તેમના છાયાણુ ન હોય, જ્યારે એમનું જ્ઞાન તો કેવળીને હોય જ.) (પ્રશ્ન : અણુ એટલે તો અવિભાજ્ય અંશ, એટલે એને છાયાણુઓ ક્યાંથી હોય ? અને જેના છાયાણુઓ ન હોય તેનું પ્રતિબિંબ પણ ન હોય અને કેવળજ્ઞાનમાં તો અણુ પણ જણાય છે, માટે એ જ્ઞાનમાં આકાર તે પ્રતિબિંબરૂપ ન ઘટી શકે.)

तंमित्तवेयणं तह ण सेसगहणमणुमाणओ वा वि ।
तम्हा सरूवनिययस्स एस तग्गहणपरिणामो ॥ १३ ॥
तन्मात्रवेदनं तथा न शेषग्रहणमनुमानतो वाऽपि ।
तस्मात्स्वरूपनियतस्यैष तद्ग्रहणपरिणामः ॥ १३ ॥

"જે અણુઆદિકની છાયા સિદ્ધાત્મારૂપ અરિસામાં પડે છે તેમનું જ તેમને જ્ઞાન અનુમાનથી થાય છે" એમ કહેવું પણ યુક્ત નથી. (કારણ કે સિદ્ધાત્માને તો છાયાણુઓથી પ્રતિબદ્ધ કે અપ્રતિબદ્ધ સર્વવસ્તુઓનું જ્ઞાન હાથમાં રહેલા આમળાની જેમ પ્રત્યક્ષ જ હોય છે. માટે જ્ઞાનના આકારને પ્રતિબિંબરૂપ કહેવું એ પણ યુક્ત નથી.) તેથી સ્વરૂપ-નિયત (સ્વાત્મપ્રદેશપરિમિતક્ષેત્રમાં રહેનાર) એવા કેવલજ્ઞાનનો આકાર એ વસ્તુ ગ્રહણ પરિણામ રૂપ જ છે.

१ घ सव्वे वि याणुमाईण

चंदाइच्चगहाणं पहा पयासेइ परिमियं खित्तं ।
केवलियनाणलंभो लोयालोयं पयासेइ ॥ १४ ॥
चन्द्रादित्यग्रहाणां प्रभा प्रकाशयति परिमितं क्षेत्रम् ।
कैवलिकज्ञानलाभो लोकालोकं प्रकाशयति ॥ १४ ॥

ચંદ્ર, સૂર્ય અને ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને જ પ્રકાશિત કરે છે જ્યારે કેવલજ્ઞાનનો પ્રકાશ લોકાલોકને પ્રકાશે છે.

तह सव्वगयाभासं भणियं सिद्धंतमम्मनाणीहिं[१] ।
एयसरूवनियत्तं एवमिणं जुज्जए कह णु ? ॥ १५ ॥
तथा सर्वगाताभासं भणितं सिद्धान्तमर्मज्ञानिभिः ।
एतत्स्वरूपनियतमेवमिदं युज्यते कथं नु ॥ १५ ॥

સિદ્ધાન્તના મર્મજ્ઞોએ કેવલજ્ઞાનને સર્વગત આભાસવાળું કહ્યું છે, વળી તે સ્વરૂપનિયત પણ છે. આ કેમ ઘટે ? (ચન્દ્રની પ્રભા ગૃહને છોડીને અન્યત્ર પણ જાય છે, એમાં વિરોધ નથી. કારણ કે – પ્રભા એ દ્રવ્યાન્તર છે, જ્યારે જ્ઞાન એ ગુણ હોવાથી આત્મપ્રદેશોને છોડીને તે એકલું અન્યત્ર ન જઈ શકે.)

"ण च अदव्वा तु गुणा संकमगा चेव जुज्जति ॥" ધર્મસંગ્રહણી ૧૩૩૦

आभासो गहणं चिय जम्हा तो किं न जुज्जए इत्थं ।
चंदप्पभाइणायं तु णायमित्तं मुणेयव्वं[२] ॥ १६ ॥
आभासो ग्रहणमेव यस्मात् तत्किं न युज्यतेऽत्र ? ।
चन्द्रप्रभादिज्ञातं तु ज्ञातमात्रं ज्ञातव्यम् ॥ १६ ॥

અર્થ : આભાસનો અર્થ ગ્રહણ કરીયે તો તે સર્વગતત્વ અને સ્વરૂપનિયતત્વરૂપ કેમ ન ઘટે ? (કેવલજ્ઞાનમાં 'સર્વગતાભાસત્વ' અપેક્ષાએ છે. આભાસ એટલે ગ્રહણ. કેવલજ્ઞાન વડે સર્વવસ્તુઓનું જ્ઞાન થાય છે. એ અપેક્ષાયે તેને 'સર્વગતાભાસ' કહી શકાય. અહીં સર્વગતાભાસનો અર્થ સર્વવિષયક–ગ્રહણ કરવો. કેટલાક આચાર્યો પરિચ્છેદક ભાવથી કેવળજ્ઞાનનો સર્વવસ્તુ સાથે સંબંધ હોવાથી તેને સર્વગત કહે છે.) પરિચ્છેદ્ય ચન્દ્રભાદિનું દૃષ્ટાંત તો દૃષ્ટાન્તમાત્ર છે, તે અહીં સર્વ રીતે લાગુ પડવું જોઈએ' – એવો આગ્રહ ન રાખી શકાય. (ટી.) चन्द्रादिकमतिक्रम्य अन्यत्रापि सा (चन्द्रप्रभा) गच्छन्तीति न विरुध्यते, न तु ज्ञानमात्मानमतिरिच्य, तस्य गुणत्वात् । आत्मस्थस्यैव केवलज्ञानस्य सकलवस्तुपरिच्छेदशक्तिमत्त्वात् । ધર્મસંગ્રહણી–૧૩૩૨

१ अ सम्म २ घ सुणेयव्वं

अन्ये आचार्याः स्याद्वादसुदृष्टपरमार्थाः केवलज्ञानं सर्वगतमपि सद्भावतो विश्वगतमपि खलु जल्पन्ति । कथमित्याह परिच्छेद्यपरिच्छेदकभावेन अशेषवस्तुयोगत इति । ધર્મસંગ્રહણી – ગા. ૧૩૩૫

**जम्हा पुग्गलरूवा चंदाईणं पभा ण तद्धम्मो ।**
**नाणं तु जीवधम्मो ता तं नियओ अयं नियमा ॥ १७ ॥**

**यस्मात्पुद्गलरूपा चन्द्रादीनां प्रभा न तद्धर्मः ।**
**ज्ञानं तु जीवधर्मः ततस्तन्नियतोऽयं नियमात् ॥ १७ ॥**

ચન્દ્રાદિની પ્રભા પુદ્ગલરૂપ છે, તે ચન્દ્રાદિનો ધર્મ નથી, જ્યારે જ્ઞાન તો જીવનો ધર્મ છે. તેથી તે નિયમા આત્મનિયત છે.

**जीवो य ण सव्वगओ ता तद्धम्मो कहं भवइ बाही ? ।**
**कह[1] वाऽलोओे धम्माइविरहओ गच्छइ अणंते ॥ १८ ॥**

**जीवश्च न सर्वगतस्तत्तद्धर्मः कथं भवति बहिः ? ।**
**कथं वाऽलोके धर्मादिविरहतो गच्छत्यनन्ते ॥ १८ ॥**

જીવ (સત્તારૂપે) સર્વગત નથી. તો તેનો ધર્મ (કેવલજ્ઞાન) જીવપ્રદેશોની બહાર શી રીતે હોઈ શકે ? વળી, અનંત એવા અલોકમાં (ધર્માસ્તિકાયાદિ જ્યાં નથી ત્યાં) તે જઈ પણ શી રીતે શકે ?

(જો સત્તારૂપે કેવલજ્ઞાન સર્વગત (લોકગત) માનવામાં આવે તો તે મૂર્ત બને. એને ગતિ કરવા માટે ધર્માસ્તિકાયાદિ જોઈએ. જ્યારે ધર્માસ્તિકાયાદિ તો અલોકમાં છે જ નહિ. તેથી કેવલજ્ઞાન ત્યાં શી રીતે જઈ શકે ? અને જો ન જાય તો તે અલોક પ્રકાશક બની શકે નહિ, તેથી તેને (કેવલજ્ઞાન) સત્તારૂપે સર્વગત માનવામાં આ રીતે અનેક આપત્તિઓ આવે છે, માટે તેને સ્વરૂપનિયત જ માનવું ઈષ્ટ છે.)

**પ્રશ્ન** :– શું કેવળજ્ઞાન આત્મવિષયક હોઈને લોકાલોકના બધા પદાર્થો પર જઈને (સર્વગત થઈને) પાછું આત્મામાં આવે છે ?

**ઉત્તર** :– ના, કેવળજ્ઞાન એ ગુણ છે, ગુણનું સ્વદ્રવ્યને છોડીને અન્યત્ર ગમન ન ઘટે.

**तम्हा सरुवनिययस्स चेव जीवस्स केवलं धम्मो[2] ।**
**आगारो वि य एयस्स साहु तग्गहणपरिणामो ॥ १९ ॥**

**तस्मात्स्वरूपनियतस्यैव जीवस्य केवलं धर्मः ।**
**आकारोऽपि चैतस्य साधु तद्ग्रहणपरिणामः ॥ १९ ॥**

१ क घ कह वालाओ धम्माइविरहओ २ क धम्मा

માટે સ્વરૂપનિયત એવા જીવનો જ તે ધર્મ છે, તેથી તેવો આકાર તે વસ્તુગ્રહણ (કેવલજ્ઞાન) પરિણામ એમ કહ્યું એ જ સંગત છે.

एयम्मि भवोवग्गाहिकम्मखयओ उ होइ सिद्धत्तं ।
नीसेससुद्धधम्मासेवणफलमुत्तमं नेयं ॥ २० ॥

एतस्मिन्भवोपग्राहिकर्मक्षयतस्तु भवति सिद्धत्वम् ।
निःशेषशुद्धधर्माऽऽसेवनफलमुत्तमं ज्ञेयम् ॥ २० ॥

કેવલજ્ઞાનાવસ્થામાં ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થતાં સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે, સર્વ શુદ્ધધર્મના આસેવનનું આ ઉત્તમ ફળ સમજવું.

॥ इति केवलज्ञानविंशिका अष्टादशी ॥

# 19. સિદ્ધવિભક્તિ વિંશિકા

सिद्धाणं च विभती तहेगरूवाण वीअंतत्तेण[1]
पनरसहा पन्नत्तेह भगवया ओहभेएण[2] ॥ १ ॥
सिद्धानां च विभक्तिस्तथैकरूपाणां विदिततत्त्वेन ।
पञ्चदशधा प्रज्ञप्तेह भगवतौघभेदेन ॥ १ ॥

(સિદ્ધાવસ્થામાં) સર્વ સિદ્ધો એકરૂપ છે. (તેમના કોઈ ભેદો નથી) છતાં એમનું જે બીજતત્ત્વ - સિદ્ધિ પૂર્વેની જે સંસારી અવસ્થા-તેની અપેક્ષાએ જ તેમના ઓઘથી પંદર ભેદો વીર પ્રભુએ બતાવ્યા છે.

तित्थाइसिद्धभेया संघे सइ हुंति तित्थसिद्ध त्ति ।
तदभावे जे सिद्धा अतित्थसिद्धा उ ते नेया ॥ २ ॥
तीर्थादिसिद्धभेदाः सङ्घे सति भवन्ति तीर्थसिद्धा इति ।
तदभावे ये सिद्धा अतीर्थसिद्धास्तु ते ज्ञेयाः ॥ २ ॥
तित्थगरा तस्सिद्धा हुंति तदन्ने अतित्थगरसिद्धा ।
[3]संगबुद्धा तस्सिद्धा एवं पत्तेयबुद्धा वि ॥ ३ ॥
तीर्थकरास्तत्सिद्धा भवन्ति तदन्येऽतीर्थकरसिद्धाः ।
स्वकबुद्धास्तत्सिद्धा एवं प्रत्येकबुद्धा अपि ॥ ३ ॥
इय बुद्धबोहिया वि हु इत्थी पुरिसे णपुंसगे चेव ।
एवं सलिंगगिहिअन्नलिंगसिद्धा मुणेयव्वा ॥ ४ ॥
इति बुद्धबोधिता अपि खलु स्त्री पुरुषो नपुंसकश्चैव ।
एवं स्वलिङ्गगृह्यन्यलिङ्गसिद्धा ज्ञातव्याः ॥ ४ ॥
एगाणेगा य तहा तदेगसमयम्मि हुंति तस्सिद्धा ।
सेढी केवलिभावे [4]सिद्धी एते उ भवभेया ॥ ५ ॥

---

१ क वीउतत्तेण; च बीउतत्तेणं; घ बीओतत्तेण २ च ओहिसेएण; घ ओहिभेएण ३ क घ च सयंबुद्धा ४ घ सिद्धा एते उ भवे भेया

एकानेकाश्च तथा तदेकसमये भवन्ति तत्सिद्धाः ।
श्रेणिः केवलिभावे सिद्धिरेते तु भवभेदात् ॥ ५ ॥

**અર્થ :–** તીર્થસિદ્ધ આદિ પંદર ભેદો આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. | સંઘની (તીર્થની) સ્થાપના થયા પછી જે સિદ્ધ થાય તે | **તીર્થસિદ્ધ.** |
| ૨. | સંઘની બીનહયાતિમાં જે સિદ્ધ થાય તે | **અતીર્થસિદ્ધ.** |
| ૩. | તીર્થંકરો જે સિદ્ધ થાય તે | **તીર્થંકર સિદ્ધ.** |
| ૪. | જે તીર્થંકર થયા વિના સિદ્ધ થાય તે | **અતીર્થંકરસિદ્ધ.** |
| ૫. | સ્વયંબુદ્ધ સિદ્ધ થાય તે | **સ્વયંબુદ્ધ સિદ્ધ.** |
| ૬. | પ્રત્યેકબુદ્ધો સિદ્ધ થાય તે | **પ્રત્યેક બુદ્ધ સિદ્ધ.** |
| ૭. | બુદ્ધ–આચાર્યાદિથી બોધ પામી સિદ્ધ થાય તે | **બુદ્ધબોધિત સિદ્ધ.** |
| ૮. | સ્ત્રીલિંગમાં વર્તમાન સિદ્ધ થાય તે | **સ્ત્રીલિંગ સિદ્ધ.** |
| ૯. | પુરુષલિંગમાં વર્તમાન સિદ્ધ થાય તે | **પુરુષલિંગ સિદ્ધ.** |
| ૧૦. | નપુંસકલિંગમાં વર્તમાન સિદ્ધ થાય તે | **નપુંસક લિંગસિદ્ધ.** |
| ૧૧. | સાધુ લિંગમાં વર્તમાન સિદ્ધ થાય તે | **સ્વલિંગસિદ્ધ.** |
| ૧૨. | ગૃહસ્થવેષમાં વર્તમાન સિદ્ધ થાય તે | **ગૃહીલિંગ સિદ્ધ.** |
| ૧૩. | તાપસાદિના લિંગમાં સિદ્ધિ પામે તે | **અન્યલિંગ સિદ્ધ.** |
| ૧૪. | એક સમયમાં એક જ સિદ્ધ થાય તે | **એક સિદ્ધ.** |
| ૧૫. | એક સમયમાં અનેક સિદ્ધ થાય તે | **અનેક સિદ્ધ.** |

(ટી.) બાહ્ય–નિમિત્ત જાતિસ્મરણ જ્ઞાનથી જેઓ પ્રતિબોધ પામે છે તેમને સ્વયંબુદ્ધ કહેવાય છે અને જેઓ ગુરુના ઉપદેશ વિના માત્ર કોઈ બાહ્ય નિમિત્તથી પ્રતિબોધ પામે છે તેઓ પ્રત્યેકબુદ્ધ કહેવાય છે. તેઓ એકલા વિહરે છે. આ પંદર ભેદો તેમની સંસારી અવસ્થાની અપેક્ષાએ જાણવા. પ્રથમ ક્ષપકશ્રેણિ માંડે પછી કેવલજ્ઞાન પામે અને પછી સિદ્ધિ પામે. આ ક્રમ છે.

पडिबंधगा ण उत्थं सेढीए हुंति चरमदेहस्स ।
थीलिंगादीया वि हु भावा समयाविरोहाओ ॥ ६ ॥
प्रतिबन्धका नाऽत्र श्रेण्यां भवन्ति चरमदेहस्य ।
स्त्रीलिङ्गादिका अपि खलु भावाः समयाविरोधात् ॥ ६ ॥

ચરમશરીરના સ્ત્રીલિંગાદિ ભાવો ક્ષપકશ્રેણિમાં પ્રતિબન્ધક બનતા નથી. આગમનો પણ આ વાતમાં અવિરોધ છે. અર્થાત્ આગમો પણ આ મુદ્દાનું સમર્થન કરે છે.

नवमगुणठाणविहाणा इत्थीपमुहाण होइ अविरोहो ।
समएण सिद्धसंखाभिहाणओ चेव नायव्वा[1] ॥ ७ ॥

नवमगुणस्थानविधानात् स्त्रीप्रमुखाणां भवत्यविरोधः ।
समयेन सिद्धसंख्याऽभिधानत चेव ज्ञातव्या ॥ ७ ॥

"સ્ત્રી વગેરેને પણ નવમું ગુણસ્થાન હોઈ શકે" – એ વિધાન આગમો કરે છે ને સિદ્ધના ભેદોમાં પણ "સ્ત્રીલિંગ સિદ્ધ" વગેરે નામપૂર્વક ભેદો ગણાવ્યા છે. તેથી સ્ત્રી પણ ક્ષપકશ્રેણિ માંડે એ વાતને આગમોનો ટેકો મળી રહે છે.

अणियट्टिबायरो सो सेढिं नियमेणमिह समाणेइ ।
तीए य केवलं केवले य जम्मक्खए सिद्धि ॥ ८ ॥

अनिवृत्तिबादरः स श्रेणिं नियमेनेह समानयति ।
तस्याश्च केवलं केवले च जन्मक्षये सिद्धिः ॥ ८ ॥

(કારણ કે) સ્ત્રીઓને અનિવૃત્તિબાદર (નવમું ગુણસ્થાનક) ગુણસ્થાનવાળા કહ્યા એથી એ નિશ્ચય જ થાય છે કે તેણે શ્રેણી માંડેલી છે અને ક્ષપકશ્રેણી માંડી એટલે કેવલજ્ઞાન થવાનું અને કેવલજ્ઞાન થયું એટલે આયુષ્ય પૂર્ણ થયે સિદ્ધિ મળવાની જ.

पुरिसस्स वेयसंकमभावेणं इत्थ गमणिगाऽजुत्ता ।
इत्थीण वि तब्भावो होइ तया सिद्धिभावाओ ॥ ९ ॥

पुरुषस्य वेदसंक्रमभावेनात्र गमनिकाऽयुक्ता ।
स्त्रीणामपि तद्भावो भवति तदा सिद्धिभावात् ॥ ९ ॥

लिंगमिह भावलिंगं पहाणमियरं तु होइ देहस्य ।
सिद्धि पुण जीवस्स तम्हा एयं न किंचिदिह ॥ १० ॥

लिङ्गमिहभावलिङ्गं प्रधानमितरं तु भवति देहस्य ।
सिद्धिः पुनर्जीवस्य तस्मादेतन्न किंचिदिह ॥ १० ॥

"સ્ત્રીને જે નવમું ગુણસ્થાન કહ્યું છે, તે તો પુરુષને જ વેદનો સંક્રમ થઈ જતાં ભાવથી સ્ત્રીવેદનો ઉદય થયો હોય તેની અપેક્ષાયે કહ્યું" એમ જો તમે ઘટાવતા હો તો એ અયુક્ત છે, કારણ કે એ રીતે તો સ્ત્રીને પણ વેદનો સંક્રમ થશે અને તેથી પુરુષ વેદનો ઉદય થતાં તેની મુક્તિ પણ થઈ જવાની.

---

१ घ च णायव्वो

(ટી.) એ સ્ત્રીને ભાવથી પુરુષવેદનો ઉદય થતાં એની મુક્તિ થવામાં તમારા પક્ષે પણ વાંધો નહિ રહે. મુક્તિમાં બાધક તો તમારી માન્યતા મુજબ પણ ભાવવેદ જ કહી શકાય, નહિ કે દ્રવ્યલિંગ. સાથે એ રીતે એક આપત્તિ દૂર કરતાં (દ્રવ્ય સ્ત્રીલિંગે મુક્તિ) બીજી આપત્તિ તમારે ગળે વળગે છે.

[१]सत्तममहिपडिसेहो उ रुद्दपरिणामविरहओ तासिं ।
सिद्धीए इट्ठफलो न साहुणित्थीण पडिसेहो ॥ ११ ॥
सप्तममहीप्रतिषेधस्तु रौद्रपरिणामविरहतस्तासाम् ।
सिध्या इष्टफलो न साध्वीनां स्त्रीणां प्रतिषेध : ॥ ११ ॥

સ્ત્રીઓને સાતમી નરકનો નિષેધ આગમમાં કહ્યો છે, પણ તેનું કારણ તો એ છે કે – તેમને તેવા રૌદ્ર પરિણામ નથી થઈ શકતા. પરંતુ મુક્તિની પ્રાપ્તિમાં તો રૌદ્ર પરિણામનો અભાવ એ ઈષ્ટ છે. (અને એવો કોઈ નિયમ નથી કે જેને તીવ્ર રૌદ્ર પરિણામ થઈ શકે તેને જ ઉચ્ચ શુભ પરિણામ આવી શકે. શ્રાવક કુળમાં જન્મેલ અને એજ વાતાવરણમાં ઉછરેલ બાળકને હિંસાના તેવા તીવ્ર અધ્યવસાય નથી જાગતા, જેવા કોઈ મ્લેચ્છ બાળકને જાગે. છતાં શુભ અધ્યવસાયોમાં તો શ્રાવકકુળના સંસ્કાર પામેલ બાળક જ આગળ આવે છે.) માટે રૌદ્ર પરિણામના અભાવના કારણે સાધ્વી સ્ત્રીઓને સિદ્ધિનો પ્રતિષેધ ન હોઈ શકે.

[२]उत्तमपयपडिसेहो उ तासिं सहगारिजोगयाऽभावे ।
नियवीरिएण उ तहा केवलमवि हंदि अविरूद्धं ॥ १२ ॥
उत्तमपदप्रतिषेधस्तु तासां सहकारियोग्यताऽभावे ।
निजवीर्येण तु तथा केवलमपि हन्त अविरूद्धम् ॥ १२ ॥

તીર્થંકરપદ, ચક્રવર્તિપણું, ગણધર પદ વગેરે ઉત્તમ પદોનો સ્ત્રીઓને નિષેધ કહ્યો છે, તે તો પ્રાયઃ તેમને તેવી તેવી સહકારી સામગ્રીનો યોગ ન થાય એ કારણે છે. બાકી તો તેઓ પોતાના વીર્યોલ્લાસથી કેવલજ્ઞાનની પણ પ્રાપ્તિ કરે એમાં કોઈ વિરોધ નથી. (ટી.) આચાર્યાદિ પદો, અનુત્તર વિમાનની પ્રાપ્તિ, ઈન્દ્રપણું વગેરે. ઉપરના કલ્પોમાં તથા સ્વભાવે જ દેવીની ઉત્પત્તિ નથી અને લોકવ્યવહાર પ્રાયઃ પુરુષપ્રધાન છે, તેથી ગણધર–આચાર્યાદિ પદો કે ચક્રવર્તિપદ સ્ત્રીઓને પ્રાપ્ત નથી થતું.

वीसित्थिगा उ पुरिसाण अट्ठसयमेगसमयओ सिज्झे ।
दस चेव नपुंसा तह उवरिं समएण पडिसेहो ॥ १३ ॥

---

१ घ च सत्तममहिपडिसेहे २ क घ च उत्तमसिवपडिसेहो;

विंशतिः स्त्रियस्तु पुरुषाणामष्टशतमेकसमयतः सिध्येत् ।
दशैव नपुंसास्तथोपरि समयेन प्रतिषेधः ॥ १३ ॥

એકી સાથે એક સમયમાં સ્ત્રીઓ મોક્ષે જાય તો ઉત્કૃષ્ટથી વીસ, પુરુષો જાય તો એક સમયમાં વધુમાં વધુ એકસો આઠ અને નપુંસકો દસ, એથી વધુ એક સમયમાં મુક્તિમાં ન જાય.

इय चउरो[१] गिहिलिंगे सलिंगसिद्धे सयं च अट्ठहियं ।
विन्नेयं तु सलिंगे समएणं सिज्झमाणाणं ॥ १४ ॥
इति चत्वारो गृहिलिङ्गे स्वलिङ्गसिद्धाः शतं चाष्टधिकम् ।
विज्ञेयं तु स्वलिङ्गे समयेन सिद्ध्यमानानाम् ॥ १४ ॥
दो चेवुक्कोसाए चउरो जहन्नाइ मज्झिमाए य ।
अट्ठाहिगं सयं खलु सिज्झइ ओगाहणाइ तहा ॥ १५ ॥
द्वावेवोत्क्रोशतश्चत्वारो जघन्यतो मध्यमया च ।
अष्टाधिकं शतं खलु सिध्यत्यवगाहनया तथा ॥ १५ ॥

એવી જ રીતે એક સમયમાં ગૃહિલિંગે સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી ચાર, (અન્યલિંગે ઉત્કૃષ્ટથી દશ) અને સ્વલિંગે ઉત્કૃષ્ટથી એકસો આઠ સિદ્ધ થઈ શકે. સ્વલિંગે એક સમયે સિદ્ધિ પામનારાઓ અંગે આટલું વિશેષ સમજવું. ઉત્કૃષ્ટ અવગાહનાએ સિદ્ધિ પામનાર તો એક સમયે વધુમાં વધુ બે જ હોય, જઘન્ય અવગાહનવાળા ચાર અને મધ્યમ અવગાહનાવાળા ૧૦૮ હોઈ શકે. (ટી.) ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય કે સાધિક ૫૦૦ ધનુષ્ય, જઘન્ય અવગાહના બે હાથ – બાકીની બધી મધ્યમ અવગહના છે.

चत्तारि उड्ढलोए दुए समुद्दे तओ जले चेव ।
बावीसमहोलोए तिरिए अट्ठुत्तरसयं तु ॥ १६ ॥
चत्वार ऊर्ध्वलोके द्वौ समुद्रे त्रयो जले चैव ।
द्वाविंशदधोलोके तिरश्च्यष्टोत्तरशतं तु ॥ १६ ॥

એક સમયે ઊર્ધ્વલોક (મેરુની તલેટીથી ૯૦૦ યોજન ઉપરનો પ્રદેશ) માંથી ચાર, સમુદ્રમાંથી બે, જળ ઉપરથી ૩, અધોલોક–કુબડીવિજયમાંથી બાવીશ અને તિર્યંગ્લોકમાંથી એકસો આઠ ઉત્કૃષ્ટથી સિદ્ધિ પામે. (ટી.) સમુદ્ર સિવાયના જલ ઉપરથી ત્રણ મતાંતરે –

बत्तीसा अडयाला सट्ठी बावत्तरी उ बोद्धव्वा ।
चुलसीईछन्नउई दुरहियमट्ठुत्तरसयं च । १७ ॥

१ य – दसन्नलिंग इयचउरो गिहिलिंगे सयं च अट्ठहियं

द्वात्रिंशदष्टचत्वारिंशत्षष्टिद्विसप्ततिस्तु बोद्धव्याः ।
चतुरशीतिः षण्णवतिद्विरधिकमष्टोतरशतं च ॥ १७ ॥

એકથી ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨ અને ૧૦૮ સુધીની સંખ્યામાં જીવો મોક્ષે જાય તો ક્રમશઃ (નિરન્તર) ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨ અને ૧ સમય સુધી નિરંતર જઈ શકે. પછી અવશ્ય સમયાદિનું અંતર પડે.

एवं सिद्धाणं पि हु उवाहिभेएण होइ इह भेओ ।
तत्तं पुण सव्वेसिं भगवंताणं समं चेव ॥ १८ ॥
एवं सिद्धानामपि खलूपाधिभेदेन भवतीह भेदः ।
तत्त्वं पुनः सर्वेषां भगवतां सममेव ॥ १८ ॥
सव्वे वि य सव्वन्नू सव्वे वि य सव्वदंसिणो एए ।
निरुवमसुहसंपन्ना सव्वे जम्माइरहिया य ॥ १९ ॥
सर्वेऽपि च सर्वज्ञाः सर्वेऽपि च सर्वदर्शिन एते ।
निरुपमसुखसंपन्नाः सर्वे जन्मादिरहितश्च ॥ १९ ॥

એ રીતે સિદ્ધોના પણ ઉપાધિભેદે (પૂર્વાવસ્થાના ભેદના કારણે) ભેદો જાણવા. તત્ત્વથી ચૈતન્યરૂપે (કર્મોપાધિરહિત) તો સર્વ સિદ્ધભગવંતો સમાન જ છે. (૧૮) તે બધા જ સર્વજ્ઞ–સર્વદર્શી છે, નિરુપમ સુખથી યુક્ત છે અને જન્માદિક્લેશથી રહિત છે. (૧૯)

जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का ।
अन्नुन्नमणाबाहं चिट्ठंति सुही[1] सुहं पत्ता ॥ २० ॥
यत्र चैकः सिद्धस्तत्रानन्ता भवक्षयविमुक्ताः ।
अन्योन्यमनाबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः ॥ २० ॥

જે આકાશપ્રદેશમાં એક સિદ્ધ છે, એજ આકાશપ્રદેશોમાં ભવક્ષયના કારણે વિમુક્ત એવા અનંત સિદ્ધો પરસ્પર બાધા પહોંચાડ્યા વિના સુખને પામેલા સુખમાં રહે છે. (ટી.) જેમ દિવાનો પ્રકાશ પરસ્પર બાધા પહોંચાડ્યા વિના રહે છે તેમ.

॥ इति सिद्धविभक्तिविंशिका एकोनविंशी ॥

१ अ सुहं सुही

# 20. સિદ્ધસુખ વિંશિકા

नमिऊण तिहुयणगुरुं परमाणंतसुहसंगयं[1] पि सया ।
अविमुक्कसिद्धिविलयं च वीयरागं महावीरं ॥ १ ॥
नत्वा त्रिभुवनगुरुं परमानन्तसुखसंपदमपि सदा ।
अविमुक्तसिद्धिविलयं च वीतरागं महावीरम् ॥ १ ॥
वुच्छं लेसुद्देसा सिद्धाण सुहं परं अणोवम्मं ।
नायागमजुत्तीहिं मज्झिमजणबोहणट्ठाए ॥ २ ॥
वक्ष्यामि लेशोद्देशात्सिद्धानां सुखं परमनौपम्यम् ।
ज्ञातागमयुक्तिभिर्मध्यमजनबोधनार्थम् ॥ २ ॥

ત્રણ જગતના ગુરુ, હંમેશા અનંત અને પરમ સુખથી યુક્ત, સિદ્ધિપુરીને કદી પણ ન છોડનાર, છતાં વીતરાગ એવા શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરીને મધ્યમ જનોના (બીલકુલ અજાણપણા નહિ – અને પ્રસ્તુત વિષયના જ્ઞાનવાળા પણ નહિ – મધ્યમ કક્ષાવાળા) બોધ માટે દૃષ્ટાંત અને આગમોક્ત યુક્તિઓ વડે (અથવા આગમ અને યુક્તિઓ વડે) સિદ્ધોના પરમ અને અનુપમ સુખને કંઈક અંશે હું કહીશ. (ટી.) મુક્તાવસ્થામાં પણ આત્મા સુખ-જ્ઞાન આદિ, ગુણોથી યુક્ત જ હોય છે, નહિ કે ન્યાયદર્શનની માન્યતા મુજબ જ્ઞાનાદિથી રહિત એ વાત 'परमाणंतसुह' વિશેષણથી સૂચવી છે 'अविमुक्कसिधिविलयं' થી 'મુક્તાત્મા પુનરવતાર લે' એ માન્યતાનું નિરસન કર્યું છે. "સદા સુખમાં લીન છે અને સિદ્ધિપુરીને છોડતા નથી તો જરૂર ત્યાં તેમને રાગ હશે ?" એવી શંકાનું નિરાકરણ કરવા માટે કહ્યું કે – આમ હોવા છતાં તેઓ વીતરાગ છે.

जं सव्वसत्तु तह सव्ववाहि सव्वत्थ सव्वमिच्छाणं ।
खयविगमजोगपत्तीहिं होइ तत्तो अणंतमिणं ॥ ३ ॥
यत्सर्वशत्रूणां तथा सर्वव्याधीनां सर्वार्थानां सर्वेच्छानाम् ।
क्षयविगमयोगप्राप्तिभिर्भवति ततोऽनन्तमिदम् ॥ ३ ॥

---

१ क घ संपयं पि.

रागाईया सत्तू कम्मुदया वाहिणो इहं नेया ।
लद्धीओ[1] परमत्था इच्छा णिच्छेच्छमो य तहा ॥ ४ ॥
रागादिकाशत्रवः कर्मोदया व्याधय इह ज्ञेयाः ।
लब्धयः परमार्था इच्छा नित्येच्छा च तथा ॥ ४ ॥

સર્વ શત્રુઓના નાશથી, સર્વવ્યાધિઓના વિગમથી, સર્વ અર્થોના યોગથી અને સર્વ ઈચ્છાઓની પૂર્તિથી જે સુખ થાય તેના કરતાં પણ સિદ્ધનું સુખ અનંતગણું છે. (૩) અહીં શત્રુ તરીકે રાગાદિ, વ્યાધિઓ તરીકે કર્મના ઉદયો, શ્રેષ્ઠ એવા અર્થો તરીકે લબ્ધિઓ તથા ઈચ્છા તરીકે અનિચ્છપણું સમજવું. (નિત્ય ઈચ્છા કોઈ વસ્તુની ન હોઈ શકે. ઈચ્છિતની પ્રાપ્તિ થતાં ઈચ્છા ન રહે. અનિચ્છપણું જ સદા ટકી શકે.) (ટી.) કદી પણ ઈચ્છા જ ન થાય તેવી સ્થિતિ –

'अणिच्छेच्छा इच्छा' – પંચસૂત્ર – પાંચમું સૂત્ર

अणुहवसिद्धं एयं नारुग्गसुहं व रोगिणो नवरं ।
गम्मइ इयरेण[2] तहा सम्ममिणं चिंतियव्वं तु ॥ ५ ॥
अनुभवसिद्धमेतन्नाऽऽरोग्यसुखमिव रोगिणः केवलम् ।
गम्यत इतरेण तथा सम्यगिदं चिन्तयितव्यं तु ॥ ५ ॥

જેમ રોગી માણસ આરોગ્યના સુખને ન માણી શકે. પણ નીરોગી માણસ જ તેને (આરોગ્ય સુખને) સમજી શકે છે, તેમ સિદ્ધનું સુખ પણ અનુભવ ગમ્ય જ છે. એમ બરાબર સમજી લેવું. (ટી.) અહીં જે જન્મથી જ રોગી છે – જેણે નીરોગીપણું કદી અનુભવ્યું નથી એવો રોગી સમજવો. સંસાર પરિભ્રમણમાં સિદ્ધના જેવું સુખ જીવે કોઈ ઠેકાણે કદી પણ અનુભવ્યું જ નથી. તેને તો સારું ખાવાનું, પીવાનું, પહેરવાનું વગેરે મળે તેમાં, નીરોગી અવસ્થામાં, સંપત્તિમાં, શત્રુ વિના કેવળ મિત્રો સંબંધીઓ – ચાહકોથી વિંટળાયેલા રહેવામાં જ સુખ ભાસે છે. પરંતુ 'જોઈએ તે મળી રહે' તેના કરતાં 'કશું જોઈએ જ નહિ' જેવી અવસ્થામાં વધારે સુખ છે, એનું એને સંવેદન થયું જ નથી. 'કંઈક જોઈએ' એ તો દુઃખ છે. 'अविक्खा अणानंदो' અપેક્ષા એજ દુઃખ છે આવો અનુભવ નિત્ય હોવા છતાં નિરપેક્ષતાનું સુખ કેવું હોય એની એને સાચી કલ્પના પણ નથી આવી શકતી – અનુભવ તો દૂર રહો.

१ घ लद्धीओ परहत्थी इच्छाणिच्छेच्छमो; च लद्धीओ परहत्थी इच्छा णिच्चचछमो य तहा २ क इयरेणं

सिद्धस्स सुक्खरासी सव्वद्धापिंडिओ[1] जह हविज्जा ।
सोऽणंतवग्गभइओ सव्वागासे ण माइज्जा ॥ ६ ॥

सिद्धस्य सौख्यराशिः सर्वाद्धापिण्डितो यदि भवेत् ।
सोऽनन्तवर्गभाजितः सर्वाकाशे न मायात् ॥ ६ ॥

**એક સિદ્ધના સુખરાશિને (સિદ્ધાવસ્થાના) સર્વકાલના સમયોથી ગુણીને પછી એના અનંત વર્ગમૂળ કાઢવામાં આવે તો (છેલ્લું આવેલું વર્ગમૂળ) પણ (લોકાકાશના) સર્વ આકાશ પ્રદેશોમાં (પણ) ન સમાય. (ટી.)** सिद्धस्य सुखराशिः सर्वाद्धापिंडितः सिद्धसंबंधिसाद्यन्तसर्वकालसमयगुणितो यदि भवेत्, सोऽनन्तवर्गभक्तो अनन्तवर्गापवर्त्तितः सन् समीभूतः सिद्धत्वाद्यसमयभाविसुखरुपतां प्राप्त इत्यर्थः । एतावानपि सर्वलोकाकाशप्रदेशेषु न माति । यदत्र लोके सुखमस्ति ततस्तारतम्येन अनन्तगुणसिद्धैकसमयसुखम् । ततः लोकसुखसिद्धसुखयोरन्तरा ये सुखभेदाः सन्ति तेऽपि सर्वाकाशप्रदेशेषु न मान्ति, शेषस्तु सर्वसमयसुखराशि दुरापास्त एव इति ज्ञप्त्यै पिंडयित्वा अपवर्त्तितः समीकृतः । **અર્થ = લોકસુખ અને સિદ્ધના પ્રથમ સમયના સુખની વચ્ચે જે સુખભેદો છે અર્થાત્ બે વચ્ચે જે અંતર છે તે પણ સર્વ આકાશ પ્રદેશોમાં ન માઈ શકે, તો પછી સિદ્ધનું સમગ્ર સુખ તો ક્યાંથી માય ? એ બતાવવા માટે આ મુજબ ગણિત બતાવ્યું છે. (આવ. નિ. ગા ૯૭૬ની ટીકામાંથી)**

वाबाहक्खयसंजायसुक्खलवभावमित्थमासज्ज ।
तत्तो अणंतरुत्तरबुद्धीए रासि परिकप्पो ॥ ७ ॥

व्याबाधक्षयसंजातसौख्यलवभावमत्रासद्य ।
ततोऽनन्तरमुत्तरोत्तरबुद्धया राशिः परिकल्प्यः ॥ ७ ॥

**(સિદ્ધના સુખની કંઈક કલ્પના આવી શકે તે માટે એને જુદી રીતે બતાવે છે.) વ્યાબાધના (વિઘ્નના) ક્ષયથી ઉત્પન્ન થતા સુખના એક લવની કલ્પના કરવી. (દા.ત, આર્થિક મુશ્કેલી ટળી ગઈ કે ભૂખ વખતે સારું ભોજન મળી ગયું કે બહાર જવાનું છે તે વખતે સુખપૂર્વક ઈચ્છિત સ્થાને પહોંચાડી દે તેવું વાહન મળી ગયું તો માણસને તેથી કાંઈક સુખનો અનુભવ થાય છે આવા સુખના અંશોની કલ્પના કરી) તે સુખલવોને અનંતર (વચમાં બીજા કોઈ દુઃખના અંશ વિના) અને ઉત્તરોત્તર (ઉપરાઉપરિ) ગોઠવી (બુદ્ધિથી) એકરાશિ કલ્પવો. (અર્થાત્ ઘણા સુખ અંશો - વચમાં કોઈ પણ દુઃખના અંશ વિનાનાનો એકરાશિ કલ્પવો.)**

---

१ घ सव्वद्धापिद्धिओ

एसो पुण सव्वो वि हु निरइसओ एगरूवमो[1] चेव ।
सव्वाबाहाकारणखयभावाओ तहा नेओ ॥ ८ ॥
एष पुनः सर्वोऽपि हि निरतिशय एकरूपश्चैव ।
सर्वाऽऽबाधाकारणक्षयभावात्तथा ज्ञेयः ॥ ८ ॥

હવે, આ જે સિદ્ધસુખ છે તે, સુખમાં વિઘ્નભૂત સર્વ પ્રકારની બાધાઓના ક્ષયથી ઉત્પન્ન થયેલું હોવાથી એકરૂપ, (વિવિધ સુખલવોના સંગ્રહરૂપ નહિ) અને નિરતિશય (જેની સરખામણીમાં બીજું કોઈ સુખ ન આવી શકે તેવું (અથવા જેમાં એવો વિભાગ ન પાડી શકાય કે આ અમુક વિઘ્ન દૂર થવાથી ઉત્પન્ન થયેલું છે અને આ અમુક વિઘ્નના વિગમથી નીપજેલું)) છે.

न उ तह भिन्नाणं चिय सुक्खलवाणं तु एस समुदाओ ।
ते तह भिन्ना संतो खओवसम जाव जं हुंति ॥ ९ ॥
न तु तथा भिन्नानामेव सौख्यलवानां त्वेष समुदायः ।
ते तथा भिन्नाः सन्तः क्षयोपशमं यावद् यद्भवन्ति ॥ ९ ॥
न य तस्स इमो भावो न य सुक्खं पि हु परं तहा होइ ।
बहु विसलवसंविद्धं अमयं पि न केवलं अमयं ॥ १० ॥
न च तस्यायं भावो न च सौख्यमपि खलु परं तथा भवति ।
बहु विषलवसंविद्धममृतमपि न केवलममृतम् ॥ १० ॥

ભિન્ન-ભિન્ન વિઘ્નોના નાશથી ઉત્પન્ન થયેલા જુદા જુદા સુખલવોનો એ રાશિ (ઢગલો) છે. એમ પણ નથી. તે સુખલવો ભિન્ન-ભિન્ન ત્યાં સુધી જ રહી શકે છે, જ્યાં સુધી તેમની ઉત્પત્તિ કર્મના ક્ષયોપશમ ઉપર નિર્ભર છે. (જેટલા પ્રમાણમાં તે ક્ષયોપશમ તેટલું સુખ મળે, એવું જ્યાં સુધી છે ત્યાં સુધી જ સુખમાં ભિન્નતા રહી શકે છે.)

સિદ્ધનું સુખ ક્ષયોપશમભાવનું નથી. વળી, તે પ્રકારે (ક્ષયોપશમથી) શ્રેષ્ઠ-પરમ સુખ થઈ શકતું જ નથી. (અર્થાત્ ક્ષાયિક ભાવ વિના પરમ સુખ થઈ શકતું નથી.) વિષના કણિયા સાથે એકરસ થયેલું ભલે અમૃત પણ હોય, તો પણ તે અમૃત નથી રહેતું. (તેમ ક્ષયોપશમ ભાવનું સુખ દુઃખ સંવિદ્ધ – એની સાથે દુઃખ વળગેલું જ હોવાથી તે પરમસુખ નથી બની શકતું.)

---

१ क एगरूवगो

सव्वद्धासंपिंडणमणंतवग्गभयणं च जं इत्थ ।
सव्वागासामाणं[१] चऽणंततद्दंसणत्थं तु ॥ ११ ॥
सर्वाद्धासंपिण्डनमनन्तवर्गभाजनं च यदत्र ।
सर्वाकाशामानं चानन्ततद्दर्शनार्थं तु ॥ ११ ॥

સિદ્ધસુખને તેના સર્વકાળના સમય વડે ગુણવાનું જે અહીં બતાવ્યું અને તેને અનંત વર્ગમૂળ કરી કરીને ભાગવાનું જે કહ્યું તથા સર્વાકાશપ્રદેશમાં પણ તે ન માય એમ જે જણાયું તે બધું તે (સિદ્ધસુખ)ની અનંતતા બતાવવા માટે જ છે.

तिन्नि वि पएसरासी एगाणंता तु ठाविया हुंति ।
हंदि विसेसेण तहा अणंतया णं तया सम्मं ॥ १२ ॥
त्रयोऽपि प्रदेशराशय एकानन्तास्तु स्थापिता भवन्ति ।
हन्त विशेषेण तथा अनन्तता ननु तदा सम्यक् ॥ १२ ॥

(જીવો, પુદ્ગલો અને આકાશ) એ ત્રણેના પ્રદેશોની રાશિ કરવામાં આવે તો કદાચ પૂર્વોક્ત રીત કરતાં વધારે સારી રીતે (સિદ્ધ સુખની) અનંતતા બતાવી શકાય. (ટી.) અનંતતામાં પણ તારતમ્ય છે, એટલે માત્ર 'અનંત' કહેવાથી એટલી સ્પષ્ટતા ન થઈ શકે. જીવો આઠમે અનંતે છે, એ સઘળા જીવોના પ્રદેશો તથા પુદ્ગલ અને આકાશના પ્રદેશો એકત્ર કરીયે તો અનંતતા પણ કેવી જંગી થાય ? સિદ્ધ સુખની અનંતતા આવી છે. સર્વ સુરોનાં સર્વકાળના સુખના અનંતવાર વર્ગ કરવામાં આવે તો પણ તે સુખ, સિદ્ધના પ્રથમ સમયના સુખની તુલનામાં ન આવે. (આવ. નિ૦ ગાથા. ૯૭૫)

तुल्लं च सव्वहेयं सव्वेसिं होई कालभेए वि ।
जह जं कोडीसत्तं तह छणभेए वि सुहुममिणं ॥ १३ ॥
तुल्यं च सर्वथेदं सर्वेषां भवति कालभेदेऽपि ।
यथा यत्कोटिसक्तं तथा क्षणभेदेऽपि सूक्ष्ममिदम् ॥ १३ ॥ ★

જો કે સિદ્ધોમાં કાલભેદ છે, અમુક પહેલાં સિદ્ધ થયા, અમુક પછી થયાં, છતાં તેમના સુખમાં કંઈ પણ ભેદ નથી, સુખ તો સર્વથા દરેકનું સરખું જ છે, જેમ

१ अ सव्वागासमपमाणं चणंतं, क, सव्वायासामाणं च णंततद्दंसणत्थं तु । घ च सव्वागासामाणं च णं तद्दंसणत्थं तु ॥

★ त णासइसुभमिणं પ્રતિમાશતક શ્લોક ૧૦૧ ટીકા પાન નં. ૩૦૯

કોઈ દશ વર્ષ પહેલાં ક્રોડાધિપતિ થયેલો હોય કે કોઈ છ મહિના પહેલાં થયો હોય છતાં આજે તો એ બન્ને સરખા જ છે.

सव्वं पि कोडिकप्पियमसंभवठवणाइ जं भवे ठवियं ।
तत्तो तस्सुहसामी न होई इह भेयगो कालो ॥ १४ ॥
सर्वमपि कोटिकल्पितसंभवस्थापनया यद्भवेत्स्थापितम् ।
ततस्तत्सुखस्वामी न भवतीह भेदकः कालः ॥ १४ ॥

અસત્કલ્પનાએ (જુદા જુદા ક્રોડાધિપતિઓનું) કરોડ સોનામહોરથી ઉત્પન્ન થતું સુખ જો ક્રમસર ગોઠવવામાં આવે તો તે સુખના સ્વામીઓમાં કાલભેદે કોઈ ભેદ પડતો નથી. (ટી.) જુદા જુદા ક્રોડાધિપતિઓના સુખમાં આરોગ્ય વગેરેની હિનાધિકતા આદિ બીજી કોઈ વિશેષતાઓથી ભેદ પડે એ સંભવિત છે, પરંતુ કોઈ પહેલાં કોટ્યાધિપતિ થયો, કોઈ પછી થયો એટલા જ માત્રથી તેમના સુખમાં કોઈ ભેદ નથી. વર્તમાનમાં તો કોટિધનના આધિપત્યનું સુખ તો બન્નેનું (બીજી બધી વસ્તુઓ જો સમાન હોય તો) સરખું જ છે. સુખની ભિન્નતા બીજી – કાળ સિવાયની કોઈ ભિન્નતાને લીધે હોઈ શકે, પરંતુ એ ન લેવાય તે માટે કહ્યું કે 'इह भेयगो कालो ।' કાલની ભિન્નતાની દૃષ્ટિ એ જ અહીં વિચાર છે. હવે સિદ્ધોના વિષયમાં તો ક્રોડાધિપતિઓની જેમ આરોગ્ય, સંતતિ, સંબંધિવર્ગ વગેરેની ભિન્નતા તો છે જ નહિ. કોઈ પહેલાં સિદ્ધ થયા તો કોઈ પછી સિદ્ધ થયા એટલી જ એક ભિન્નતા છે. અને ઉપર્યુક્ત રીતે કાળ ભેદે તો સુખભેદ નથી થતો, માટે બધા સિદ્ધોનું સુખ સરખું જ છે.

जइ तत्तो अहिगं खलु होई सरूवेण किंचि तो भेओ ।
★न[1] वि अज्जवासकोडीमयाण माणम्मि सो होइ ॥ १५ ॥
यदि ततोऽधिकं खलु भवति स्वरूपेण किंचित्ततो भेदः ।
नाप्यार्यवासकोटिमृगाणां माने स भवति ॥ १५ ॥

જો એક કરતાં બીજાનું સુખ કાંઈક અધિક હોય તો જ ભેદ પડે. વળી, તે (સિદ્ધસુખ)ને આર્ય દેશમાં વસતા કરોડો મૃગોના સુખની સાથે પણ ન સરખાવી શકાય.

(કોઈ કદાચ એમ સરખામણી કરવા લલચાય કે જેમ સિદ્ધને કોઈ ઉપદ્રવ નથી, તેથી સુખ છે, તેમ ધર્મભાવનાવાસિત આર્યદેશમાં જે કરોડો મૃગ–હરણો વસે છે એમને પણ ઉપદ્રવ થવાનો ભય નથી તેથી એ પણ સિદ્ધની જેમ સુખી છે, એ કલ્પના બરાબર નથી – કારણ કે –)

---

१ घ, च, न हि अज्जावासकोडीमयाणंमि सो होइ ।

★ ण हु अज्जवासकोडीसयाणंपिसो होइ । પ્રતિમાશતક પાન નં. ૩૦૧

**किरिया फलसाविक्खा[1] जं तो तीए ण सुक्खमिह परमं ।**
**तम्हा मुगाइभावो लोगिगमिव जुत्तिओ सुक्खं ॥ १६ ॥**
**क्रिया फलसापेक्षा यत् ततस्तस्यां न सौख्यमिह परमम् ।**
**तस्मान्मृगादिभावो लौकिकमिव युक्तितः सौख्यम् ॥ १६ ॥**

ક્રિયા એ ફલસાપેક્ષ છે. (આર્ય દેશમાં મૃગોનો વાસ તેમને સુખ કરે તો ત્યારે જ–જો એથી એમને કોઈ ઉપદ્રવની પ્રાપ્તિ ન થાય – આર્ય દેશના વાસનું ફળ નિરુપદ્રવતા છે. તેથી ક્રિયામાં પરમસુખ ન હોઈ શકે. માટે જેમ મૃગાદિ અવસ્થા લૌકિક છે તેમ તેનું સુખ પણ લૌકિક છે – એ યુક્તિયુક્ત છે. (સિદ્ધ અવસ્થા લોકોત્તર છે – નિરાકાર અવસ્થા છે – તેમ તેનું સુખ પણ લોકોત્તર છે. અહીંની કોઈ ઉપમાઓ કે સરખામણીઓ તેમાં કામ લાગે નહિ.) (ટી.) કોઈ અનાર્ય માણસને હાથે શિકારાદિના ભોગ બની જાય તો આર્યદેશમાં એમનો વાસ એમને સુખકર ન બને.

સિદ્ધાવસ્થાની લોકોત્તરતા "न इमीए जम्मो, न जरा, न मरणं, न इट्ठवियोगो, नाणिट्ठसंपओगो, न खुहा, न पिवासा, न अण्णो कोइ दोसो, सव्वहा अपरतंतं जीवावत्थाणं, असुभरागाइरहिअं संतं सिवं अव्वाबाहं ति" – ચોથું સૂત્ર પંચસૂત્ર.

परमबंभे मंगलालए जम्मजरामरणरहिए पहिणासुहे अणुबंधसत्तिवज्जिए संपत्तनिअसरुवे अकिरिए सहावसंट्ठिए अणंतनाणे अणंतदंसणे । से न सद्दे न रूवे न गंधे न रसे न फासे । अरुवी सत्ता अणित्थंत्थसंठाणा अणंतकिरिया कयकिच्चा सव्वाबाहविवज्जिआ सव्वहा निरविक्खा थिमिआ पसंता, असंजोगिए एसाणंदे अओ चेव परे मए, अविक्खा अणाणंदे संजोगो विओगकारणं । પંચસૂત્ર – પાંચમું સૂત્ર.

**सव्वूसगवावित्ती जत्थ तयं पंडिएहिं जत्तेण ।**
**सुहुमाभोगेण तहा निरुवणीयं अपरतंतं[2] ॥ १७ ॥**
**सर्वोपसर्गव्यावृत्तिर्यत्र तत्पण्डितैर्यत्नेन ।**
**सूक्ष्माऽऽभोगेण तथा निरूपणीयमपरतन्त्रम् ॥ १७ ॥**

જ્યાં સર્વ ઉપદ્રવોની વ્યાવૃત્તિ છે, એવું સિદ્ધનું સુખ, જે અ-પરતન્ત્ર છે. (સ્વતન્ત્ર છે.) સુખ માટે બીજી કોઈ વસ્તુની જેમાં અપેક્ષા નથી. તેની પંડિતોએ યત્નથી અને સૂક્ષ્મમતિથી નિરુપણા કરવી.

**जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का ।**
**अन्नुन्नमणाबाहं चिट्ठंति सुही सुहं पत्ता ॥ १८ ॥**

---

१ क फलसाविक्खं; घ साविक्ख २ अ, घ, अपरितंत ।

यत्र चैकः सिद्धस्तत्रानन्ता भवक्षयविमुक्ताः ।
अन्योन्यमनाबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः ॥ १८ ॥

જ્યાં એક સિદ્ધ છે, ત્યાં જ ભવક્ષયના કારણે વિમુક્ત અને સુખી એવા અનંત સિદ્ધો પરસ્પર એકબીજાને બાધા પહોંચાડ્યા વિના સુખમાં રહે છે.

एमेव[1] लवो इहरा ण जाउ सन्ना तयंतरमुवेइ ।
एगेए[2] तह भावो सुख्खसहावो कहं स भवे ? ॥ १९ ॥
एवमेव लव इतरथा न जातु संज्ञा तदन्तरमुपैति ।
एकैकस्तथा भावः सौख्यस्वभावः कथं स भवेत् ॥ १९ ॥

જેમ એક જ અવગાહનામાં અનંત સિદ્ધો રહેવા છતાં પરસ્પરને બાધા પહોંચતી નથી અને બધા જ પૂર્ણ સુખમાં રહે છે પણ લોકમાં તો એના કરતા જુદી જ સ્થિતિ દેખાય છે - જ્યાં એક હોય ત્યાં બીજા અનેક આવીને ભરાય તો સંકડામણ અને બાધા થયા વિના રહેતી નથી, તેવી જ રીતે (બધી બાબતોમાં) સંસાર મોક્ષાવસ્થાથી જુદો છે. એવી કોઈ સંજ્ઞા (દૃષ્ટાંત-ઉપમા વગેરે) નથી કે - જેનાથી એ બે (સંસાર અને મોક્ષનું અથવા એ બેના સુખ) નું અંતર બતાવી શકાય. કારણ કે તેવા ભાવવાળા(ઔદયિક અને ક્ષાયોપશમિકભાવવાળો) તે સંસાર સાથે જ પરમ સુખસ્વભાવવાળો (ક્ષાયિકભાવ) શી રીતે હોઈ શકે ? (સંસાર તો ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવવાળો છે. જો સંસારમાં ક્ષાયિકભાવનું સુખ હોય તો પરમસિદ્ધસુખ (કે જે હંમેશા ક્ષાયિકભાવે જ હોઈ શકે) અને સાંસારિક સુખનું અંતર તરતમતા બતાવી શકાય. બન્ને સુખ (સિદ્ધિસુખ અને સાંસારિક સુખ) જુદા જુદા ભાવે છે તેથી તે બે વચ્ચેનું અંતર કોઈ રીતે બતાવી શકાય તેવું નથી.) (ટી.) विवरीओ संसारो इमीए अणवट्ठियसहावो इत्थ खलु सुही वि असुही, संतमसंतं सुविणुव्व सव्वमालमालं ति ।" પંચસૂત્ર - સૂત્ર ત્રીજું અર્થ : ઉપર્યુક્ત સિદ્ધાવસ્થાથી સંસાર વિપરીત છે, તે અનવસ્થિત - બદલાતા સ્વભાવવાળો છે, તેમાં સુખી દેખાતા પણ ખરેખર સુખી નથી. દેખીતું સત્ પણ અસત્ છે. બધી આળપંપાળ સ્વપ્નતુલ્ય છે. ૧૯મી ગાથાનું ઉત્તરાર્ધ બીજી રીતે .... કારણ કે જો ભવસુખ કરતાં સિદ્ધસુખની તરતમતાનું માપ નીકળી શકતું હોય તો એકેક સિદ્ધાત્મા તેવા ભાવવાળો (અર્થાત્) પરમસુખસ્વભાવવાળો શી રીતે ઘટી શકે ? ( (અર્થાત્) ભવસુખ કરતાં સિદ્ધસુખ આટલું વધુ એમ કહીએ તો - એકેક સિદ્ધનું પ્રથમ સમયનું સુખ એટલું બધું છે કે સર્વ સુરોના સર્વકાળના સુખના અનંતવાર વર્ગ કરવામાં આવે તો પણ તે એની તુલનામાં ન આવે" - એમ આગમોમાં જે કહ્યું છે તે ન ઘટે !)

---

१ घ, च, एमेव भवो २ घ, एगए तहभावो

तम्हा तेसि सरूवं सहावणिययं जहा उण स मुत्ती ।
परमसुहाइसहावं नेयं एगंतभवरहियं ॥ २० ॥

तस्मात्तेषां स्वरूपं स्वभावनियतं यथा पुनः सा मुक्तिः ।
परमसुखादिस्वभावं ज्ञेयमेकान्तभवरहितम् ॥ २० ॥

॥ इति सिद्धसुखविंशिका विंशी समाप्ता ॥

कृतिः सिताम्बराचार्यहरिभद्रसूरेर्धर्मतो याकिनीमहत्तरासूनोः ॥

માટે તેમનું (સિદ્ધોનું) સ્વરૂપ કે જે મુક્તિ છે તે સ્વભાવમાં (આત્મસ્વભાવમાં) નિયત, પરમસુખાદિ સ્વભાવવાળું અને એકાંતે ભવરહિત સમજવું (અથવા સિદ્ધોનું સ્વરૂપ કે, જે મુક્તિ છે, સ્વભાવમાં (આત્મસ્વભાવમાં) નિયત છે અને પરમ-સુખાદિવાળું છે. તે એકાંતે ભવરહિતનું સમજવું (કારણ કે – ભવ તો આ ત્રણે બાબતોમાં એનાથી ભિન્ન છે.)

काऊण पगरणमिणं जं कुसलमुवज्जियं मए तेण ।
भव्वा भवविरहत्थं लहंतु जिणसासणे बोहिं ॥

इति श्रीविंशतिविंशिकाप्रकरणं समाप्तम् ॥ ग्रन्थाग्रं ५०० श्लोका : ॥

कृत्वा प्रकरणमिदं यत्कुशलमुपार्जितं मया तेन ।
भव्या भवविरहार्थं लभन्तां जिनशासने बोधिम् ।

इति श्रीमद्धरिभद्राचार्यकृता विंशतिविंशिकाप्रकरणस्य
अभ्यंकरकुलोत्पन्नवासुदेवात्मजकाशीनाथेन रचिता
गीर्वाणभाषाच्छाया समाप्ता ॥

આ પ્રકરણની રચના વડે મેં જે પુણ્ય ઉપાર્જ્યું હોય તેના વડે ભવ્યજીવો ભવવિરહાર્થે જિનશાસનમાં બોધિને પામો (ટી.) કેટલી ઉદાત્તભાવના ! પોતાના સુકૃતનું ફળ પણ બીજાને મળો, પોતા માટે કશું જ નહિ. – ભવવિરહની તેઓશ્રીની ઝંખના તેમની પ્રત્યેક કૃતિમાં પ્રાયઃ દેખાય છે. ચારિત્ર જીવનનું પ્રણિધાન અને સંવેગની ઉત્કટતા એનાથી સૂચિત થાય છે.

આ વિંશિકાનો અનુવાદ મુનિશ્રી અમરેન્દ્રવિજયજીની નોટ ઉપરથી ઉતાર્યો છે.

સુરેન્દ્રનગર ૨૦૧૫ – વિજયાદશમી.

हरिभद्रसूरिवर्यैः कृतविंशतिविंशिकाप्रकरणस्य ।
ग्रन्थस्य मयाऽऽरब्धा च्छाया गीर्वाणभाषायाम् ॥ १ ॥
अब्धीषुवसुक्ष्मामितशाके पुण्याख्यपत्तने सैषा ।
कार्तिकशुक्लप्रतिपदि पूर्णाभूद्भास्करस्य दिने ॥ २ ॥
स्वल्पाक्षरैतिमहान् संहब्धोऽर्थोऽत्र साखान् कविना ।
गाढत्वाद्दुरधिगमोऽनवधानाल्लेखकानां च ॥ ३ ॥
स्पष्टीकृतो मयाऽऽगटीकाग्रन्थावलोकनापूर्वम् ।
परिभाव्यतां बुधजनै : सूच्यन्तां चार्थदास्तु ॥ ४ ॥

# आदर्शपुस्तकोल्लेखसंज्ञाः

**अ** 'इन्दोर' नगरे मुद्रितं पुस्तकम् ।

**क** सुरतपत्तनस्थ-श्रीजैनआनन्दपुस्तकालयादुपलब्धं संवत् १९५४ माघ शुद्ध ६ गुरुवासरे लिखितम् ।

**ख** पण्डितखुखलालजीमहाशयैर्मुद्रितं योगविंशिका मात्रमुपाध्याययशोविजय-कृतटीकासहितम् ।

**ग** पुण्यपत्तन-राजकीयपाठशाला-संग्रहालयस्थम् ।

**घ** 'लिमडी' पुरीस्थानन्दजीकल्याणजीजैनभाण्डारादुपलब्धं संवत् १८३६ माघशुद्ध १३ भृगुवासरे राजनगरे लिखितम् ।

**च** राजनगर-(अहमदाबाद) स्थ-डेहलाउपाश्रयदुपलब्धम् ।

**छ** श्रीतां पुण्यविजयजीमहाशयीनां सकाशादुपलब्धं तैरेव लिखितम् ।

**ज** 'पट्टण' नगरीभाण्डागारस्थम्

**य** आचार्यकुलचन्द्रसूरिकृत सटीकं मुद्रित पुस्तकम् ।

નામ કરતા કામથી જેઓ વધુ વિખ્યાત છે
રાજનીતિ નહીં, પણ સૌમ્યનીતિથી જેઓ વધુ પ્રખ્યાત છે
શાસન, સમુદાય અને સંઘના સફળ સંચાલક તરીકે જેઓ સુપ્રસિદ્ધ છે
એવા પરમશ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાની**
પાવન સ્મૃતિમાં આ સંસ્થાની સ્થાપના થઈ છે.
પરમશ્રદ્ધેય ગુરુદેવે પ્રારંભ કરેલા કાર્યોને સમાપ્તિ
સુધી પહોંચાડવાની જવાબદારી તેમનો શિષ્ય પરિવાર
તથા ભક્ત પરિવાર સંભાળી રહ્યો છે.
શિષ્ય પરિવારનું કાર્યક્ષેત્ર જ્ઞાનક્ષેત્રે પ્રવચન ગ્રંથ આદિના
સંકલન સુધીનું છે. સંકલિત એ ગ્રંથોને પ્રકાશિત
અને પ્રસારિત કરવાનું આ કર્તવ્ય અમે
પરમશ્રદ્ધેય પ્રકાશનનાં નામે અદા કરીએ છીએ.
પ્રત્યેક પ્રકાશનોને સ્વચ્છ, સુઘડ અને સૌંદર્યમય
બનાવવાની અમારી ભાવના છે.
જિનશાસનના અમુલ્ય ખજાના સ્વરૂપ
આ વારસાને અમે સતત
પ્રકાશિત અને પ્રસારિત
કરતા રહીએ એવી
મનોકામના છે.

**પરમશ્રદ્ધેય પ્રકાશન**
અમદાવાદ

પરમશ્રદ્ધેય પ્રકાશન
અમદાવાદ